

# આગમ મનીષી
# શ્રી તિલોકચંદ જૈન દ્વારા
# સંપાદિત
# જૈનાગમ નવનીત પ્રશ્નોતર
# ભાગ – ૭

# પ્રજ્ઞાપના સૂત્ર : પરિચય

**પ્રશ્ન–૧ : આ સૂત્રનો પરિચય કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** સ્થાનકવાસી જૈનો દ્વારા માન્ય ઉપાંગ સૂત્રોમાં આ ચોથું ઉપાંગ સૂત્ર છે. નંદી સૂત્રની આગમસૂચિમાં આ સૂત્રનું નામ અંગબાહ્ય ઉત્કાલિક આગમોમાં મળે છે. નંદીસૂત્રમાં ઉલ્લેખ હોવાથી સમસ્ત શ્વેતાંબર જૈન સમાજમાં આ સર્વ સમ્મત શાસ્ત્ર છે. આ શાસ્ત્રના રચનાકારે પોતે પોતાના નામનો ઉલ્લેખ કરેલ નથી તેમ છતાં આ શાસ્ત્રની પ્રારંભિક પ્રાસ્તાવિક ગાથામાં રચનાકારનું જે નામ મળે છે, તે બે ગાથાઓ અન્ય શ્રદ્ધેય શિષ્યકૃત છે અને તેમાં આ શાસ્ત્રની રચના કરનાર શ્યામાચાર્ય(કાલકાચાર્ય)ને બતાવવામાં આવેલ છે.

કાલકાચાર્યનું નામ સૂચિત કરતી આ બંને ગાથાઓને લગભગ બધા વિદ્વાનો, પૂર્વાચાર્યો તેમજ ટીકાકારોએ પ્રક્ષિપ્ત(ઉમેરેલ) સ્વીકારેલ છે અર્થાત્ આગમ રચનાકારની પોતાની રચેલી આ ગાથાઓ નથી. પ્રક્ષિપ્ત ગાથાઓને એક તરફ રાખીને વિચારવાથી આ આગમ પણ કોઈ અજ્ઞાત રચનાકારે રચેલ શાસ્ત્રના રૂપમાં હોવાથી, વર્તમાન ૧૨ ઉપાંગ શાસ્ત્રો બધા અજ્ઞાતનામી બહુશ્રુત રચિત આગમ છે. આ એકરૂપતા સ્પષ્ટ થાય છે.

શાસ્ત્રની પ્રાચીનતા દર્શાવવાના હેતુથી શ્રદ્ધા જગતમાં–ગ્રંથો અને વ્યાખ્યાઓમાં દેવર્ધિગણિના સમય પહેલાંના કાલકાચાર્યના નામ સાથે જોડવામાં આવે છે. જ્યારે હકીકતમાં ઈતિહાસના અનુભવ–અનુપ્રેક્ષણથી આ શાસ્ત્રના રચનાકાર દેવર્ધિગણિના સમયના મોજુદ કાલકાચાર્ય માનવા અધિક સંગત ગણાય છે. કારણ કે અંગસૂત્રોના લેખન પછી જ ઉપાંગસૂત્રોના લેખનની જરૂરિયાત ઉભી થઈ ગણાય. તેની પહેલાં તો તાત્ત્વિક વિષયો પૂર્વોના જ્ઞાન સાથે જોડાયેલા હતા. પૂર્વોના જ્ઞાનનું લખાણ દેવર્ધિગણિના સમયમાં સંભવ નહીં હોવાથી આચાર્યોના પરસ્પરની વિચારણાઓના આધારે અનેક અંગબાહ્ય આગમોનું લેખન સંકલન કરવામાં આવ્યું એમ માનવું વધારે ઉચિત ગણાય છે. તેથી એક ઐતિહાસિક ચિંતનથી આ શાસ્ત્ર દેવર્ધિગણિના સમયમાં સંકલિત અનેક આગમોમાંથી એક આગમ છે એવું સ્પષ્ટ થાય છે. તેમજ એ બધા સૂત્રોની જેમ જ આ સૂત્રની પ્રામાણિકતા સર્વ સંમત છે.





**પ્રશ્ન–૨ : આ આગમનો વિષય અને વ્યાખ્યા–પરિચય કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** લગભગ ઉપાંગસૂત્રો ઉપર જે સંસ્કૃત ટીકા વ્યાખ્યા પ્રાપ્ત થાય છે તે મહાન ટીકાકાર શ્રી મલયગિરિ આચાર્ય દ્વારા વિક્રમની તેરમી-ચૌદમી શતાબ્દી આસપાસ લખવામાં આવી છે. ઉપાંગસૂત્રોમાં આ સૌથી મોટું–વિશાળ આગમ છે. જેના મૂળપાઠનું પરિમાણ ૭૮૮૭ શ્લોક જેટલું માનવામાં આવે છે. આ શાસ્ત્રના પાઠો લગભગ ગદ્યમય સંકલનના રૂપમાં છે. ક્યારેક વિષય સંકલન આદિ રૂપમાં શ્લોક–ગાથાઓ આપવામાં આવેલ છે.

**વિષય–** આ આગમમાં જીવ-અજીવ; આ બંને તત્ત્વોના ભેદ-પ્રભેદ અને તેની પર્યાયોનું (ગુણોનું) તાત્ત્વિક વિવેચનાત્મક વર્ણન છે. અહીં અધ્યયનોને **પદની** સંજ્ઞા આપવામાં આવી છે. તે અનુસાર આ આગમના અધ્યયન રૂપ **પદ ૩૬** છે. તેમજ કોઈ **પદમાં** ઉદ્દેશક રૂપ પ્રતિવિભાગ પણ કરવામાં આવેલ છે. આ શાસ્ત્રની એ પણ વિશેષતા છે કે તેના પ્રત્યેક અધ્યયન–પદમાં પ્રાયઃ એક એક વિષયની ચર્ચા કરવામાં આવી છે. ટૂંકમાં એમ પણ સમજી શકાય કે અહીં કોઈ ઉપદેશ, આચાર, ખગોળ વગેરે વિષયોનો સંગ્રહ કરવામાં આવેલ નથી, માત્ર જીવ–અજીવનું તાત્ત્વિક વર્ણન છે. ૩૬મા અધ્યયન–**પદમાં** સાત સમુદ્‌ઘાતોનું તેમજ ચાર કષાય સમુદ્‌ઘાતોનું વર્ણન પૂર્ણ કરીને મોક્ષ તત્ત્વનું વર્ણન કરતાં કેવળી, કેવળી સમુદ્‌ઘાત અને સિદ્ધોના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવેલ છે.

**ઉપલબ્ધ સાહિત્ય–** પ્રજ્ઞાપના સૂત્ર ઉપરની આચાર્ય મલયગિરિજી રચિત સંસ્કૃત ટીકા તથા ટીકાનો હિંદી , ગુજરાતીમાં અનુવાદ પ્રકાશિત થયેલ છે. લુધિયાના, સૈલાના, બ્યાવર તેમજ રાજકોટથી આ શાસ્ત્ર, વિવેચન સાથે પ્રકાશિત થયેલ છે. અમારા આગમ સારાંશ અને પ્રશ્નોત્તરના આયોજનમાં આ શાસ્ત્રનું એક સ્વતંત્ર પુસ્તક પ્રકાશિત થયેલ છે અને પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે. આ સૂત્ર ઉપરના થોકડાં ત્રણ ભાગમાં બીકાનેરથી પ્રકાશિત થયેલ છે. ત્યાર પછી બ્યાવરથી તેનું પુનઃ પ્રકાશન થયેલ છે.

**પ્રશ્ન–૩ : આ શાસ્ત્રના દરેક અધ્યયન–પદનો વિષય–પરિચય શું છે ?**

**ઉત્તર– (૧)** પ્રજ્ઞાપનાપદ– જીવ-અજીવના ભેદ-પ્રભેદ. **(૨)** સ્થાપના પદ– જીવોના સ્વસ્થાન, ઉત્પત્તિ સ્થાનોનું એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય તેમજ નારકીથી દેવપર્યંત તથા સિદ્ધ આમ ક્રમિક વર્ણન છે. **(૩)** અલ્પબહુત્વ–

જીવોની અનેક દ્વારોથી–અપેક્ષાઓથી તથા દિશા અને ક્ષેત્રથી અલ્પબહુત્વ દર્શાવવામાં આવેલ છે. ૬ દ્રવ્યોની તેમજ તેની પર્યાયની, આયુષ્યના બંધક આદિ ૧૪ બોલની તથા ઉત્કૃષ્ટ ૯૮ બોલોમાં જીવના ભેદોની અલ્પબહુત્વ દર્શાવવામાં આવેલ છે. **(૪)** સ્થિતિપદ–દંડકના ક્રમથી દરેક જીવોનું આયુષ્ય–સ્થિતિ બતાવવામાં આવેલ છે. **(૫)** પર્યાયપદ– જીવ પર્યાયમાં અવગાહના સ્થિતિ વર્ણાદિ તેમજ જ્ઞાનાદિ પર્યાયોની (છ પ્રકારની ભિન્નતાઓથી) **છટ્ઠાણ વડિયા**થી સરખામણી કરવામાં આવી છે. અજીવ દ્રવ્યની પ્રદેશ, અવગાહના, સ્થિતિ, વર્ણાદિથી પર્યાયોથી સરખામણી કરવામાં આવેલ છે. **(૬)** વ્યુત્ક્રાંતિ પદ– જીવોની ગતાગત, ઉત્પત્તિ-મરણનો વિરહકાળ તેમજ આયુષ્યબંધ સંબંધી વર્ણન છે. **(૭)** ઉશ્વાસપદ– શ્વાસોશ્વાસના કાલમાન સંબંધી વર્ણન ૨૪ દંડકના ક્રમથી આપેલ છે. **(૮)** સંજ્ઞાપદ–૧૦ સંજ્ઞા અને ૪ સંજ્ઞા સંબંધી વર્ણન છે. **(૯)** યોનિપદ–જીવોની ત્રણ-ત્રણ યોનિ સંબંધી વર્ણન છે. **(૧૦)** ચરમપદ–રત્નપ્રભા આદિ તથા પરમાણુ આદિના ચરમ, અચરમનું વર્ણન ૨૬ ભંગો સાથે દર્શાવવામાં આવેલ છે. **(૧૧)** ભાષાપદ–વિવિધ પ્રકારની ભાષાનું સ્વરૂપ અને વર્ણન છે. **(૧૨)** શરીરપદ–બદ્ધેલક, મુક્કેલગ શરીરોનું વર્ણન ૨૪ દંડકમાં કરેલ છે. **(૧૩)** પરિણામપદ–જીવ-અજીવના પરિણમન–પ્રકારોનું વર્ણન છે. **(૧૪)** કષાયપદ–ચાર કષાય સંબંધી સ્વરૂપ, વિવિધ પ્રકારથી બતાવેલ છે. **(૧૫)** ઈન્દ્રિયપદ–ઈન્દ્રિય સંબંધી દ્રવ્ય, ભાવ વર્ણન બે ઉદ્દેશકમાં કરેલ છે. **(૧૬)** પ્રયોગપદ–૧૫ યોગને જ પ્રયોગ કહીને ચોવીસ દંડકમાં વર્ણન કરેલ છે. **(૧૭)** લેશ્યાપદ–૬ ઉદ્દેશકો દ્વારા લેશ્યા સંબંધી વિવિધ વર્ણન છે. **(૧૮)** કાયસ્થિતિ પદ–૨૨ દ્વારોથી ૧૯૫ બોલોની કાયસ્થિતિ કહેલ છે. **(૧૯)** સમ્યક્ત્વ–૨૪ દંડકમાં ત્રણ દૃષ્ટિ સંબંધી કથન છે. **(૨૦)** અંતક્રિયા પદ–એક સમયમાં કોણ કેટલા સિદ્ધ થાય છે તથા તીર્થંકર, ચક્રવર્તી પદ, ૧૪ રત્ન, ભવી, દ્રવ્યદેવ આદિની આગત કે ગત કહેવામાં આવેલ છે અને અસંજ્ઞીના આયુષ્યનું કથન કરેલ છે. **(૨૧)** અવગાહના-સંસ્થાન–પાંચ શરીરની દંડક વિભાગ પ્રમાણે અવગાહના આદિનું વર્ણન છે. **(૨૨)** ક્રિયાપદ–કાયિકિ આદિ પાંચ અને આરંભિકી આદિ પાંચ ક્રિયાઓનું અનેક પ્રકારે નિરૂપણ કરેલ છે. **(૨૩–૨૭)** કર્મપદ–કર્મોની પ્રકૃતિ, બંધ, ઉદય આદિની વિચારણા વિસ્તારથી કરવામાં આવી છે. **(૨૮)** આહારપદ–૨૪ દંડકમાં આહાર સંબંધી વર્ણન, પ્રથમ ઉદ્દેશકમાં તેમજ બીજા ઉદ્દેશકમાં આહારક-અનાહારકનું વર્ણન અનેક





દ્વારોથી કરેલ છે. **(૨૯)** ઉપયોગપદ–૨૪ દંડકમાં ૧૨ ઉપયોગ સંબંધી વર્ણન છે. **(૩૦)** પશ્યતાપદ– વિશેષ ઉપયોગરૂપ, નવ પશ્યતાનું વર્ણન છે. **(૩૧)** સંજ્ઞી પદ–દંડકના ક્રમ પ્રમાણે સંજ્ઞી, અસંજ્ઞીનું વર્ણન છે. **(૩૨)** સંયતપદ–સંયત-અસંયત જીવોનું વર્ણન છે. **(૩૩)** અવધિજ્ઞાનપદ–અવધિજ્ઞાનના ભેદ-પ્રભેદ સંબંધી વિસ્તૃત વર્ણન છે. **(૩૪)** પરિચારણાપદ–પાંચ પ્રકારની પરિચારણા સંબંધી નિરૂપણ છે. **(૩૫)** વેદનાપદ–વેદનાના અનેક પ્રકારે ભેદ દર્શાવેલ છે. **(૩૬)** સમુદ્‌ઘાતપદ–સાત સમુદ્‌ઘાત અને ચાર કષાય સમુદ્‌ઘાત સંબંધી વિસ્તૃત વર્ણન છે.

## પદ–૧ : પ્રજ્ઞાપના

**પ્રશ્ન–૧ : આ પ્રથમ પદ અનુસાર જીવના વધુમાં વધુ ૫૬૩ ભેદ અને અજીવના ૫૩૦ ભેદ કયા પ્રકારે થાય છે ?**

**ઉત્તર– જીવના ૫૬૩ ભેદ–** નારકીના ૧૪, તિર્યંચના ૪૮, મનુષ્યના ૩૦૩, દેવના ૧૯૮ ભેદ કુલ ૫૬૩ ભેદ છે.

**નારકીના ૧૪ ભેદ–** સાત નારકીના પર્યાપ્તા અને અપર્યાપ્તા, કુલ ૧૪.

**તિર્યંચના ૪૮ ભેદ–**પૃથ્વીકાયના ૪ ભેદ–(૧) સૂક્ષ્મના અપર્યાપ્તા (૨) સૂક્ષ્મના પર્યાપ્તા (૩) બાદરના અપર્યાપ્તા (૪) બાદરના પર્યાપ્તા. આ પ્રકારે અપ્કાય ના ૪ ભેદ, તેઉકાયના ચાર, વાઉકાયના ચાર અને વનસ્પતિકાયના છ ભેદ થાય છે. (૧) સૂક્ષ્મ (૨) સાધારણ (૩) પ્રત્યેક ,આ ત્રણેયના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી ૬ ભેદ થાય. આમ એકેન્દ્રિયના કુલ ૪+૪+૪+૪+૬=૨૨ ભેદ થાય.

બેઈન્દ્રિયના બે ભેદ છે– (૧) અપર્યાપ્તા અને (૨) પર્યાપ્તા. આ રીતે તેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિયના બે ભેદ થાય. આમ આ ત્રણ વિકલેન્દ્રિયના ૨+૨+૨=૬ ભેદ થાય. પંચેન્દ્રિયના ૨૦ ભેદ થાય છે– (૧) જલચર (૨) સ્થલચર (૩) ખેચર (૪) ઉરપરિસર્પ (૫) ભુજપરિસર્પ. આ પાંચ પ્રકાર છે. તે દરેકના ચાર ચાર ભેદ– (૧) અસંજ્ઞી અપર્યાપ્તા (૨) અસંજ્ઞી પર્યાપ્તા (૩) સંજ્ઞી અપર્યાપ્તા અને (૪) સંજ્ઞી પર્યાપ્તા. આમ કુલ ૫×૪=૨૦ ભેદ પંચેન્દ્રિય તિર્યંચના થયા. બધા મળીને કુલ ૨૨+૬+૨૦=૪૮ ભેદ તિર્યંચના થયા.

**મનુષ્યના ૩૦૩ ભેદ–** પાંચ ભરત, પાંચ એરવત, પાંચ મહાવિદેહ આ પંદર કર્મભૂમિના ક્ષેત્ર છે. પાંચ દેવકુઢ, પાંચ ઉત્તરકુઢ,પાંચ હરિવર્ષ, પાંચ રમ્યક-વર્ષ, પાંચ હેમવય, પાંચ હેરણ્યવય, આમ ૩૦ અકર્મભૂમિના ક્ષેત્ર છે. ૫૬ અંતરદ્વીપ ક્ષેત્ર છે. આમ કુલ ૧૫+૩૦+૫૬=૧૦૧ મનુષ્યના ક્ષેત્ર છે અને તેમાં રહેતા મનુષ્યોના ૧૦૧ ભેદ થાય. આ દરેકના ત્રણ–ત્રણ ભેદ (૧) અસંજ્ઞી અપર્યાપ્તા(સંમુચ્છિંમ મનુષ્ય) (૨) સંજ્ઞી અપર્યાપ્તા (૩) સંજ્ઞી પર્યાપ્તા. આ રીતે ૧૦૧×૩=૩૦૩ કુલ મનુષ્યના ભેદ થયા. સમુચ્છિંમ મનુષ્ય પર્યાપ્તા થતા નથી, અપર્યાપ્ત અવસ્થામાં જ મૃત્યુ પામે છે.

પાંચ ભરત ક્ષેત્ર આ રીતે છે– જંબુદ્વીપમાં એક, ઘાતકી ખંડમાં ૨, અને અર્ધપુષ્કર દ્વીપમાં ૨, આમ ભરતક્ષેત્ર–૫, તે જ રીતે એરવત ક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્ર ગણતાં ૧૫ ક્ષેત્ર કર્મભૂમિના થાય છે.

| | જંબુદ્વીપમાં | ધાતકીખંડ | અર્ધપુષ્કર દ્વીપ |
|---|---|---|---|
| ભરતક્ષેત્ર | ૧ | ૨ | ૨ |
| એરવતક્ષેત્ર | ૧ | ૨ | ૨ |
| મહાવિદેહક્ષેત્ર | ૧ | ૨ | ૨ |
| **કુલ** | **૩ +** | **૬ +** | **૬ = ૧૫** |

અંતર્દ્વીપના ૫૬ ક્ષેત્રો લવણસમુદ્રમાં આવેલા છે, તેનું વર્ણન જીવાભિગમ સૂત્ર પ્રશ્નોત્તર પ્રતિપત્તિ–૩માં આપેલ છે. જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર પ્રશ્નોત્તરમાં ભરત, એરવત આદિ ક્ષેત્રોનું વર્ણન આપેલ છે.

**દેવના ૧૯૮ ભેદ–** દેવના ૪ મુખ્ય ભેદ આ પ્રમાણે છે– (૧) ભવનપતિ (૨) વાણવ્યંતર (૩) જ્યોતિષી અને (૪) વૈમાનિક. તેમાં ભવનપતિના–૨૫, વાણવ્યંતરના–૨૬, જ્યોતિષિના–૧૦, વૈમાનિકના–૩૮. આમ કુલ ૨૫+૨૬+ ૧૦+૩૮=૯૯ના પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતા ૯૯×૨=૧૯૮ ભેદ દેવના થયા.

**૨૫ ભવનપતિના નામ–** (૧) અસુરકુમાર (૨) નાગકુમાર (૩) સુવર્ણકુમાર (૪) વિદ્યુતકુમાર (૫) અગ્નિકુમાર (૬) દ્વીપકુમાર (૭) ઉદધિકુમાર (૮) દિશાકુમાર (૯) પવનકુમાર (૧૦) સ્તનિતકુમાર. ૧૫ પરમાધામી દેવો છે જે અસુરકુમાર જાતિના જ છે. આ દેવો નરકના નારકી જીવોને દુઃખ આપે છે.





તેઓ પરમ અધર્મી અને ક્રૂર હોય છે અને તેથી તેને પરમાધામી દેવો કહે છે, તેના આ પ્રમાણે ૧૫ પ્રકાર છે– (૧) અંબ (૨) અંબરીશ (૩) શ્યામ (૪) શબલ (૫) રૌદ્ર (૬) મહારૌદ્ર (૭) કાલ (૮) મહાકાલ (૯) અસિપત્ર (૧૦) ધનુષ (૧૧) કુંભ (૧૨) બાલુકા (૧૩) વૈતરણી (૧૪) ખરસ્વર (૧૫) મહાઘોષ. આ ૧૦ ભવનપતિ + ૧૫ પરમાધામી મળી કુલ ૨૫ ભેદ થયા.

**૨૬ વાણવ્યંતરના પિશાચ આદિ આઠ–** (૧) પિશાચ (૨) ભૂત (૩) યક્ષ (૪) રાક્ષસ (૫) કિન્નર (૬) કિંપુઢષ (૭) મહોરગ (૮) ગંધર્વ. આણપણ્ણે આદિ આઠ– (૧) આણપણ્ણે (૨) પાણપણ્ણે (૩) ઈસીવાઈ (૪) ભૂયવાઈ (૫) કંદે (૬) મહાકંદે (૭) કુહ્માંડે (૮) પયંગ દેવ. જૃંભક દશ– (૧) અન્ન જૃંભક (૨) પાન જૃંભક (૩) લયન જૃંભક (૪) શયન જૃંભક (૫) વસ્ત્ર જૃંભક (૬) ફળ જૃંભક (૭) પુષ્પ જૃંભક (૮) ફલ-પુષ્પ જૃંભક (૯) વિદ્યા જૃંભક (૧૦) અગ્નિ જૃંભક. આ રીતે ગણતા ૮ પિશાચ આદિ+ ૮ આણપણ્ણે આદિ+૧૦ જૃંભક=૨૬ વાણવ્યંતર દેવના ભેદ થયા.

**જ્યોતિષી દશ–**(૧) ચંદ્ર (૨) સૂર્ય (૩) ગ્રહ (૪) નક્ષત્ર (૫) તારા. આ પાંચના બે ભેદ ચલ અને અચલ એટલે કુલ ૧૦ જ્યોતિષીના દેવ થયા. અઢી દ્વીપમાં ચલ જ્યોતિષી દેવો હોય છે અને અઢીદ્વીપ બહાર સ્થિર–અચલ જ્યોતિષી હોય છે.

**વૈમાનિકના ૩૮ ભેદ–**૧૨ દેવલોક, ૩ કિલ્વિષી, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તરવિમાન. કુલ મળી ૩૮ ભેદ થાય.

**૧૨ દેવલોકના નામ–** (૧) સૌધર્મ (૨) ઈશાન (૩) સનત્કુમાર (૪) મહેન્દ્ર (૫) બ્રહ્મલોક (૬) લાંતક (૭) મહાશુક્ર (૮) સહસ્રાર (૯) આણત (૧૦) પ્રાણત (૧૧) આરણ અને (૧૨) અચ્યુત દેવલોક.

**૩ કિલ્વિષી–**(૧) ત્રણપલ્યોપમવાળા (૨) ત્રણ સાગરોપમવાળા (૩) ૧૩ સાગરોપમવાળા. **૯ લોકાંતિક–**(૧) શારસ્વત (૨) આદિત્ય (૩) વન્હિ (૪) વઢણ (૫) ગર્દતોયક (૬) તુષિત (૭) અવ્યાબાદ (૮) આગ્નેય(મઢત) (૯) અરિષ્ટ. **૯ ગ્રૈવેયક–**(૧) ભદ્ર (૨) સુભદ્ર (૩) સુજાત (૪) સુમનસ (૫) સુદર્શન (૬) પિયદર્શન (૭) આમોઘ (૮) સુપ્રતિબદ્ધ (૯) યશોધર.

**પાંચ અનુત્તર વિમાન–**(૧) વિજય (૨) વૈજયંત (૩) જયંત (૪) અપરાજિત (૫) સર્વાર્થસિદ્ધ.

**નોંધ**–આ સૂત્રમાં ભવનપતિના અસુર આદિ દશ, વાણવ્યંતરના પિશાચ આદિ આઠ ભેદ કહ્યા છે. પંદર પરમાધામી, આઠ આણપણ્ણે આદિ અને ૧૦ જૃંભક. આ નામ અને ભેદ અન્ય સૂત્રોમાંથી લીધેલ છે. તેવી જ રીતે વૈમાનિકમાં ૯, લોકાંતિક, ૩ કિલ્વિષીના નામ અને ભેદ પણ અન્ય સૂત્રોમાંથી લીધેલ છે.

**અજીવના ભેદ**-પ્રભેદ ૫૩૦ અને સિદ્ધોના ૧૫ ભેદ વગેરે વર્ણન જીવાભિગમ પ્રશ્નોત્તર ભાગ–૬, પેઈજ નં.૭૮ થી ૮૨ માં બતાવવામાં આવેલ છે.

**પ્રશ્ન–૨ : પિશાચ આદિ વ્યંતરદેવોના ભેદ-પ્રભેદ, વ્યાખ્યામાં કઈ રીતે બતાવેલ છે ?**

**ઉત્તર–** મૂળપાઠમાં આપેલા વ્યંતર દેવોના મુખ્ય આઠ પ્રકારનું સ્વરૂપ બતાવતા વ્યાખ્યાકારે તેના ભેદાનુભેદોનું કથન કર્યું છે.

**(૧) પિશાચ**–તે સ્વાભાવિક રીતે અત્યંત સ્વરૂપવાન અનેસૌમ્ય હોય છે. તે હસ્ત–કંઠાદિમાં રત્નમય આભૂષણો ધારણ કરે છે. તેના સોળ પ્રકાર છે– (૧) કુષ્માંડ (૨) પટક (૩) સુજોષ (૪) આહ્નિક (૫) કાલ (૬) મહાકાલ (૭) ચોક્ષ (૮) અચોક્ષ (૯) તાલ–પિશાચ (૧૦) મુખરપિશાચ (૧૧) અધસ્તારક (૧૨) દેહ (૧૩) વિદેહ (૧૪) મહાવિદેહ (૧૫) તૃષ્ણીક અને (૧૬) પિશાચ.

**(૨) ભૂત–** તે સુંદર રૂપવંત, સૌમ્ય મુખાકૃતિવાળા અને વિવિધ પ્રકારની રચના અને વિલેપન કરનારા હોય છે, તેના નવ પ્રકાર છે– (૧) સુરૂપ (૨) પ્રતિરૂપ (૩) અતિરૂપ (૪) ભૂતોત્તમ (૫) સ્કંદ (૬) મહાસ્કંદ (૭) મહાવેગ (૮) પ્રતિચ્છિન્ન (૯) આકાશગ.

**(૩) યક્ષ**–તે દેવો સ્વભાવે ગંભીર, પ્રિયદર્શનવાળા, સપ્રમાણ શરીરવાળા, મસ્તક ઉપર દેદીપ્યમાન મુકુટ તથા ચિત્ર–વિચિત્ર રત્નના આભૂષણોને ધારણ કરનારા હોય છે. તેના ૧૩ પ્રકાર છે– (૧) પૂર્ણભદ્ર (૨) મણિભદ્ર (૩) શ્વેત ભદ્ર (૪) હરિતભદ્ર (૫) સમનોભદ્ર (૬) વ્યતિપાતકભદ્ર (૭) સુભદ્ર (૮) સર્વતોભદ્ર (૯) મનુષ્ય યક્ષ (૧૦) વનાધિપતિ (૧૧) વનાહાર (૧૨) રૂપ યક્ષ (૧૩) યક્ષોત્તમ. **(૪) રાક્ષસ–** તે ભયંકર રૂપને ધારણ કરનાર, વિકરાળ રૂપોની વિકુર્વણા કરનાર, તેજસ્વી આભૂષણો પહેરનાર હોય છે, તેના સાત ભેદ છે– (૧) ભીમ (૨) મહાભીમ (૩) વિઘ્ન (૪) વિનાયક (૫) જલરાક્ષસ (૬) યક્ષરાક્ષસ (૭) બ્રહ્મરાક્ષસ.





**(૫) કિન્નર**–તે શાંત આકૃતિ અને પ્રકૃતિવાળા હોય છે અને મસ્તક ઉપર ઝળહળતા મુગટને ધારણ કરે છે. તેના ૧૦ પ્રકાર છે– (૧) કિન્નર (૨) કિંપુરુષ (૩) કિંપુરુષોત્તમ (૪) કિન્નરોત્તમ (૫) હૃદયંગમ (૬) રૂપશાલી (૭) અનિન્દિત (૮) મનોરમ (૯) રતિપ્રિય (૧૦) રતિશ્રેષ્ઠ.

**(૬) કિંપુરુષ–** તે દેવો અત્યંત સુંદર અને મનોહર મુખાકૃતિવાળા હોય છે. વિવિધ પ્રકારની માળા અને આભૂષણો ધારણ કરે છે., તેના ૧૦ પ્રકાર છે– (૧) પુરુષ (૨) સત્પુરુષ (૩) મહાપુરુષ (૪) પુરુષ વૃષભ (૫) પુરુષોત્તમ (૬) અતિપુરુષ (૭) મહાદેવ (૮) મરુત (૯) મેરુપ્રજા (૧૦) યશવંત.

**(૭) મહોરગ**–તે દેવો મહાવેગવાળા, મહાશરીરવાળા, વિસ્તૃત અને મજબૂત ડોકવાળા, ચિત્ર–વિચિત્ર આભૂષણોથી વિભૂષિત હોય છે, તેના ૧૦ પ્રકાર છે– (૧) ભુજગ (૨) ભોગશાલી (૩) મહાકાય (૪) અતિકાય (૫) સ્કંધશાલી (૬) મનોરમ (૭) મહાવેગ (૮) મહાયક્ષ (૯) મેરુકાંત (૧૦) ભારવંત.

**(૮) ગંધર્વ**–તે દેવો પ્રિયદર્શનવાળા, સુંદર રૂપવાળા, ઉત્તમ લક્ષણયુક્ત, મસ્તક ઉપર મુગટ ધારણ કરનારા અને કંઠમાં હાર પહેરે છે. તેના બાર પ્રકાર છે– (૧) હાહા (૨) હૂહૂ (૩) તુમ્બ (૪) નારદ (૫) રૂષિવાદ (૬) ભૂતવાદિકા (૭) કદંબ (૮) મહાકદંબ (૯) રૈવત (૧૦) વિશ્વાસવ (૧૧) ગીતરતિ (૧૨) ગીતયશ.

**પ્રશ્ન–૩ : સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્ત તથા સાધારણ-પ્રત્યેકનું સ્પષ્ટ સ્વરૂપ શું છે ?**

**ઉત્તર– સૂક્ષ્મ-બાદર–** સૂક્ષ્મ અને બાદર એવા નામ કર્મના ઉદયના કારણે જીવ સૂક્ષ્મ-બાદર રૂપે જન્મે છે. સૂક્ષ્મમાં પાંચ સ્થાવર છે જે ચર્મચક્ષુથી જોઈ શકાતા નથી અને સંપૂર્ણ લોકમાં ઠસોઠસ–ખીચોખીચ ભરેલા છે એમની ગતિ સ્થૂલ પુદ્ગલો તેમજ ઔદારિક શરીર તથા કોઈ પણ શસ્ત્ર આદિથી રોકી શકાતી નથી. પ્રસ્તુત સૂત્રના બીજા પદમાં તેમજ ઉત્તરાધ્યયન સૂત્રમાં આ સૂક્ષ્મ જીવો સર્વ લોકમાં હોવાનું કહ્યું છે. **બાદરજીવ** પાંચ સ્થાવર રૂપ અને ત્રસકાય રૂપ એમ બંને પ્રકારના હોય છે. તેમનું શરીર સ્થૂળ હોય છે. શસ્ત્ર વગેરેથી પ્રતિહત–મારી શકાય તેવા હોય છે. બાદરના આ સ્થાવર અને ત્રસ જીવ લોકમાં ક્યાંક હોય છે અને ક્યાંક હોતા નથી. બાદરમાં પણ કોઈ કોઈ

એક જીવ ચર્મચક્ષુથી જોઈ શકાય છે અને કોઈ અનેક સંખ્ય, અસંખ્ય કે અનંત એકઠા થાય ત્યારે જોઈ શકાય છે.

**પર્યાપ્ત-અપર્યાપ્ત–** સમુચ્છિંમ મનુષ્યોને છોડીને બાકીના સૂક્ષ્મ કે બાદર બધા જીવના ભેદ-પ્રભેદમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બંને ભેદ હોય છે.

પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા જીવ પર્યાપ્તા કહેવામાં આવે છે અને અપર્યાપ્ત નામ કર્મવાળા જીવને અપર્યાપ્તા કહેવામાં આવે છે અથવા જે જીવની જેટલી પર્યાપ્તિ પૂર્ણ કરવાની હોય તે શરૂઆતના સમયમાં જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી તે અપર્યાપ્તા કહેવામાં આવે છે. આ પર્યાપ્તિઓ પૂર્ણ કરવામાં બધા જીવોને જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સમય લાગે છે.

પર્યાપ્તિ ૬ છે. જેમાં આહાર પર્યાપ્તિનો અપર્યાપ્તા એક કે બે સમય જ રહે છે. અર્થાત્ જીવને આહાર પર્યાપ્તિ બાંધતા ૧ કે ૨ સમય જ લાગે છે. બાકીની પાંચ પર્યાપ્તિ બંધાવામાં દરેક પર્યાપ્તિને અસંખ્ય સમયનો અંતર્મુહૂર્ત લાગે છે. અને બધી મળીને પણ અંતર્મુહૂર્ત લાગે છે. કયા જીવને કેટલી પર્યાપ્તિ હોય તેનું વર્ણન જીવાભિગમ સૂત્ર પ્રથમ પ્રતિપત્તિમાં વર્ણવેલ છે.

**સાધારણ-પ્રત્યેક–** બાદર વનસ્પતિમાં જ સાધારણ અને પ્રત્યેક એમ બે ભેદ પડે છે. એક શરીરમાં એક જીવનું હોવું એ પ્રત્યેક વનસ્પતિનું લક્ષણ છે. બીજી રીતે કહીએ તો દરેક જીવને સ્વતંત્ર એક શરીર હોવું એ **પ્રત્યેકજીવી**નું લક્ષણ છે. અનંત જીવોનું એક જ શરીરમાં હોવું અર્થાત્ એક જ શરીરમાં અનંત જીવોનું રહેવું અને તેમાં દરેક જીવનું કોઈ સ્વતંત્ર કે વ્યક્તિગત અસ્તિત્વ ન હોય તેવા જીવને **સાધારણજીવી** કહે છે.

એમ તો પ્રત્યેક શરીરીના એક શરીરમાં અનેક જીવ જોવામાં આવે છે પરંતુ તે તેમનું એક પિંડ માત્ર હોય છે અને તેમાં રહેલા દરેક જીવનું પોતાનું સ્વતંત્ર શરીર તો હોય જ છે. જેમ કે તલપાપડી કે બુંદીનો લાડવો. જેમ તલ-પાપડી એ અનેક તલોનો બનેલો એક પિંડ છે. પરંતુ તેમાં પ્રત્યેક તલ એક બીજા સાથેચોંટીને તલપાપડીનો પિંડ બને છે. છતાં દરેક તલનું પોતાનું સ્વતંત્ર શરીર તો છે જ. તેવી રીતે પ્રત્યેક વનસ્પતિમાં અનેક જીવોનો સમૂહ રહે છે તેમ સમજવું જોઈએ. જ્યારે સાધારણ વનસ્પતિની બાબતમાં આમ હોતું નથી તેમાં તો એક શરીરમાં અનેક જીવ ભાગીદાર બનીને રહે છે. સાધારણનું સ્વરૂપ અને લક્ષણ આ પ્રકારે છે–





**પ્રશ્ન– અનંતકાયનો શો અર્થ છે ?**

**જવાબ**–જેમાં એક નાના શરીરમાં અનંત જીવ રહે છે અને પ્રતિક્ષણ જન્મ મરણ કરે છે, તેને અનંતકાયના પદાર્થ કહે છે.

**પ્રશ્ન–નાના શરીરનો શો અર્થ છે ?**

**જવાબ–** એક સોયની અણી જેટલા અંશ ઉપર(સોયની અણી જેટલી જગ્યામાં) અસંખ્ય ગોળા(વૃત) હોય છે. આ અસંખ્ય ગોળાના પ્રત્યેક ગોળામાં અસંખ્ય પ્રતર(ભાગ-વિભાગ) હોય છે. આ પ્રત્યેક પ્રતરમાં અસંખ્ય શરીર હોય છે અને આ પ્રત્યેક(દરેક) શરીરમાં અનંતા જીવ હોય છે.

**પ્રશ્ન–શું કંદમૂળ જ અનંતકાય છે ?**

**જવાબ–** કંદમૂળ તો અનંતકાય હોય જ છે. આ ઉપરાંત પણ અનેક અનંતકાય હોય છે, જેમ કે (૧) જ્યાં પણ અને જેમાં પણ ફુગ હોય તે અનંતકાય છે. (૨) જે વનસ્પતિના પાંદડા વગેરેમાં કે બીજા કોઈ ભાગમાંથી દૂધ જેવો પદાર્થ નીકળતો હોય, જેમ કે આકડાના પાન, કાચી મગફળીના બી વગેરે. (૩) કોઈ પણ વનસ્પતિ કે શાકભાજીના કોઈ પણ ભાગને તોડવાથી કટ અવાજ થાય અને તૂટી જાય, કપાય જાય. જેમ કે ભીંડો, તુરીયા, કાકડી. (૪) જે વનસ્પતિને ચાકુ વડે ગોળ કાપવાથી તેની સપાટી ઉપર રજકણ જેવા પાણીના બિંદુ ઉપસી આવે તે. (૫) જે વનસ્પતિની છાલ અંદરના ભાગથી પણ જાડી હોય. (૬) જે પાંદડામાં નસ દેખાય નહીં. (૭) જે કંદ અથવા મૂળ જમીનની અંદર પાકીને નીકળે. (૮) દરેક વનસ્પતિના કાચા મૂળિયા. (૯) દરેક વનસ્પતિની કાચી કૂંપળો. (૧૦) કોમળ અને જેમાં નસ ન દેખાતી હોય તેવી પાંખડીવાળા ફૂલ. (૧૧) પલાળેલા અનાજના તુરતના નીકળેલા ફણગા અર્થાત્ ફણગાવેલા કઠોળ વગેરે. (૧૨) કાચા કોમળ ફલ જેમ કે આંબલી, મંજરી વગેરે.

ઉપર મુજબના જે લક્ષણો કોઈપણ વનસ્પતિના વિભાગમાં દેખાતા હોય તે વિભાગ બધા અનંતકાય છે. વધુ જાણકારી માટે આગળ જુઓ.

કંદમૂળના કેટલાક નામો નીચે મુજબ છે– (૧) બટેટા (૨) રતાળુ (૩) સૂરણકંદ (૪) વજ્રકંદ (૫) હળદર (૬) આદુ (૭) ડુંગળી(કાંદા) (૮) લસણ (૯) ગાજર (૧૦) મૂળા (૧૧) અરવીકંદ–અળવીના પાંદડાના મૂળની ગાંઠ (૧૨) શકરકંદ વગેરે.

આ અનંતજીવીના એક શરીરને નિગોદ કહેવામાં આવે છે અને તેમાં રહેતા અનંત જીવોને નિગોદના જીવ કહેવામાં આવે છે. આવા અનંતજીવો મળીને એક શરીર બનાવે છે. એક સાથે જન્મે છે, એક સાથે મરે છે, એક સાથે જ પર્યાપ્તિ પૂર્ણ કરે છે અને શ્વાસોશ્વાસ પણ એક સાથે જ લે છે. અર્થાત્ તેમનો આહાર, શ્વાસોશ્વાસ, પુદ્ગલ ગ્રહણ કરવું વગેરે સાધારણ જ હોય છે. આ તેમની સાધારણપણાની લાક્ષણિકતા છે.

આ નિગોદ, સૂક્ષ્મ અને બાદર બંને પ્રકારના હોય છે. જેમાં સૂક્ષ્મ તો ચર્મચક્ષુથી જોઈ શકાતા નથી અને બાદરમાં પણ અસંખ્ય નિગોદ ભેગા થાય ત્યારે કોઈ ગ્રાહ્ય થાય છે અને કોઈ ગ્રાહ્ય થઈ શકતા નથી. તેમને જાણવામાં, સમજવામાં તો વીતરાગના વચન જ પ્રમાણભૂત હોય છે. આ અનંત જીવોના ઔદારિક શરીર એક હોય છે પરંતુ તૈજસ અને કાર્મણ શરીર તો દરેકના અલગ અલગ જ હોય છે.

**પ્રશ્ન–૪ : પૃથ્વીકાય આદિ પાંચ જીવોના ઉદાહરણ શું છે ?**

**ઉત્તર– શ્લક્ષણ(કોમળ)પૃથ્વી**–કોમળ માટીને શ્લક્ષણ પૃથ્વી કહે છે. તેના સાત પ્રકાર છે– (૧) કાળી માટી (૨) લીલી (૩) લાલ (૪) પીળી (૫) સફેદ (૬) પંડુ–મટમેલા રંગની (૭) પપડી–પરપડીમાટી. આ સાત પ્રકારમાં બીજી બધા પ્રકારની કોમળ માટીનો સમાવેશ થઈ જાય છે.

**ખર**–કઠોર પૃથ્વી– (૧) સામાન્ય પૃથ્વી (૨) કંકર–મુરડ (૩) રેત (૪) પથ્થર (૫) શિલા (૬) લવણ (૭) ખાર (૮) લોઢું (૯) તાંબુ (૧૦) તઢઆ (૧૧) શીશુ (૧૨) ચાંદી (૧૩) સોનું (૧૪) વજ (૧૫) હડતાલ (૧૬) હિંગોળ (૧૭) મૈનશિલ (૧૮) પારદ(પારો) (૧૯) સુરમો (૨૦) પ્રવાલ (૨૧) અભ્રરક (૨૨) અભ્રરજ.

૧. ગોમેદરત્ન ૨. ઢચકરત્ન ૩. અંકરત્ન ૪. સ્ફટિકરત્ન ૫. લોહિતાક્ષ-રત્ન ૬. મરકતરત્ન ૭. મસારગલ્લરત્ન ૮. ભુજમોચકરત્ન ૯. ઈન્દ્રનીલરત્ન ૧૦. ચંદનરત્ન ૧૧. ગેઢરત્ન ૧૨. હંસગર્ભરત્ન ૧૩. પુલકરત્ન ૧૪. સૌગંધિક-રત્ન ૧૫. ચંદ્રપ્રભરત્ન ૧૬. વૈડૂર્યરત્ન ૧૭. જલકાંતમણી ૧૮. સૂર્યકાંત મણી. આમ કુલ ૪૦ નામ શાસ્ત્રમાં પ્રાપ્ત થાય છે.

**ટિપ્પણી–** ***આ ૪૦ ભેદોને ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬મા અધ્યયનમાં ૩૬ સંખ્યાના કથનથી કહેલ છે જેનું કારણ જાણી શકાતું નથી. સંભવતઃ અર્થ કે ગણત્રીની કોઈ ભિન્નતા હોઈ શકે.***





**અપ્કાય–**(૧) ઓસ (૨) બરફ (૩) ધૂંઅર (૪) ગડા–કરા (૫) વનસ્પતિ માંથી ઝરતું પાણી (૬) શુદ્ધ જળ (૭) શીતોદક (૮) ઉષ્ણોદક (૯) ખારોદક (૧૦) ખટ્ટોદક (૧૧) અમ્લોદક (૧૨) લવણસમુદ્રનું પાણી (૧૩) વઢણોદક (૧૪) ક્ષીરોદક (૧૫) ઘૃતોદક (૧૬) ક્ષોદોદક(શેરડીના રસ જેવું) (૧૭) રસોદક (પુષ્કર સમુદ્રના પાણી)

**તેઉકાય–**(૧) અંગારા (૨) જાજલ્યમાન જ્વાળા (૩) ભોભર(રાખવાળી અગ્નિ) (૪) ટૂટતી જાલ (૫) કુંભારના નિભાડાનો અગ્નિ કે સળગતા લાકડાનો અગ્નિ (૬) શુદ્ધ અગ્નિ (લોઢાના ગોળાનો અગ્નિ) (૭) ઉલ્કા (ચકમક)નો અગ્નિ (૮) વિજળી (૯) અશનિ–આકાશમાંથી પડતા અગ્નિકણ કે અરણિના લાકડામાંથી ઉત્પન્ન થતો અગ્નિ (૧૦) નિર્ઘાત– કડાકાથી થતો અગ્નિ (૧૧) ઘર્ષણથી થતો અગ્નિ–સિંગ,લાકડા આદિના ઘર્ષણથી થતો અગ્નિ (૧૨) સૂર્યકાન્તમણિ–આઈગ્લાસથી ઉત્પન્ન થતો અગ્નિ (૧૩) દાવાનળનો અગ્નિ (૧૪) વડવાનલનો અગ્નિ.

**વાયુકાય–** (૧) પૂર્વીવાત (૨) પશ્ચિમ (૩) ઉત્તર (૪) દક્ષિણ (૫) ઉપર (૬) નીચે (૭) તિરછા (૮) વિદિશાનો વાયુ (૯) અનવસ્થિત વાયુ (૧૦) તોફાની પવન (૧૨) મંડલિકવાયુ(વાતોલી) (૧૩) ગોળ ચક્રાવાત વાયુ (૧૪) સનસનાટી–ગાજતો વાયુ (૧૫) પવન સાથે વરસાદની હવા–વંટોળિયો (૧૬) પ્રલયકાળમાં ચાલતી હવા (૧૭) ઘનવાયુ (૧૮) તનવાયુ (૧૯) શુદ્ધવાયુ (ધીમે ધીમે ચાલતી હવા)

**વનસ્પતિકાય–**(૧) વૃક્ષ–આંબો, લીંબડો, જાંબુડો, પીલુ, શેલુ, હરડા, બેરડા, આંબળા, અરીઠા, મહુઆ, રાયણ, ખજુર આદિ એક બીજ–ગોટલીવાળા ફળોના વૃક્ષ છે. જામફળ, સીતાફળ, દ્રાક્ષ, બિલ્લા, કપીઠ, કૈર, લીંબુ, ટીંબરૂ, વડ, પીપળ, બિજોરા, અનાનસ વગેરે બહુબીજવાળા ફળોના વૃક્ષો છે. (૨) ગુચ્છ–નાના અને ગોળ વૃક્ષોને ગુચ્છ–પૌધા કહે છે(રોપા કહી શકાય) રીંગણા, તુલશી, જવાસા, માતુલિંગ(બિજોરા) વગેરે. (૩) ગુલ્મ– ફૂલોના વૃક્ષોને ગુલ્મ કહે છે, જેમકે ચંપા, મોગારા, મઢવા, કેતકી, કેવડા વગેરે. (૪) લતા– વૃક્ષોપર ચડતી વેલીને લતા કહે છે. ચંપકલતા, નાગલતા, અશોકલતા વગેરે. (૫) વેલ–જમીન ઉપર ફેલાઈને લાંબી થતી વેલ કહેવાય. કાકડી, તુરિયા, તરબૂચ, દુધી વગેરેના વેલા. (૬) પર્વક–ગાંઠવાળા છોડ. જેમકે શેરડી,વાંસ, વેંત આદિ. (૭) તૃણ–કુશ, ધ્રો આદિ. (૮) વલય–સોપારી, ખારેક, ખજૂર, કેળા, તજ,

ઈલાયચી, લવિંગ, તાડ, નારિયેલ વગેરે. (૯) હરિતકાય– પાંદડાવળા શાક-ભાજી, મેથી, સુવા, પાલક, બથુઆ આદિ. (૧૦) ધાન્ય– ઘઉં, ચોખા, જુવાર, જવ, ચણા, મસુર, તલ, મગ, અડદ, બાજરો, નિષ્ફાલ, કુલત્થ, મકાઈ, તુવેર, વટાણા આદિ. (૧૧) જલવૃક્ષ–કમલ, સિંઘાડે, સેવાળ, કસેઢકા, પુંડરીક આદિ. (૧૨) કુહણા– સર્પછત્રા, ભૂખોડા, આય, કાય, કુહણ વગેરે.

**પ્રશ્ન–૫ : યોનિભૂત બીજ અને અયોનિભૂત બીજ તેનો શો અર્થ છે?**

**ઉત્તર–** જેનામાં ઉગવાની શક્તિ હોય છે તેને યોનિભૂત બીજ કહે છે. તે સચેત અને અચેત બંને પ્રકારના હોય છે અર્થાત્ જીવ નીકળી જવા છતાં તેનામાં ઉગવાની શક્તિ રહે છે. આ અવિધ્વંસ યોનિના બીજ કહેવામાં આવે છે. શક્તિ સંપન્ન અખંડબીજ યોનિભૂત હોય છે. આવા બીજ સામાન્યરીતે પૂર્ણાયુવાળા હોય છે. અયોનિભૂત બીજ પૂર્ણ પરિપક્વ નથી હોતા અથવા અલ્પ શક્તિવાળા હોય છે. તે અલ્પ ઉંમરવાળા હોય છે. જલ્દી જ અચેત થઈ જાય છે, સચેત અને અચેત એમ બંને અવસ્થામાં તેઓ ઉગતા નથી.

**વનસ્પતિના ઉત્પાદક બીજ–** વૃક્ષની ઉત્પત્તિનું મૂળ કારણ હોવાને કારણે છેલ્લા દશમા ભાગને બીજ કહેવામાં આવે છે. કોઈ કોઈ વનસ્પતિમાં બીજ સિવાય બીજું પણ ઉત્પત્તિનું કારણ બને છે. તેને આગમમાં માત્ર બીજ ન કહેતા બીજ શબ્દની આગળ તેનો સૂચક શબ્દ લગાડવામાં આવે છે. જેમકે અગ્ગબીયા, મૂલબીયા, પોરબીયા, ખંદબીયા વનસ્પતિઓ.

વનસ્પતિના આ સ્થાન બીજ રૂપ ન હોવા છતાં પણ અર્થાત્ ખંદ, મૂલ, પર્વ હોવા છતાં બીજનું કાર્ય (વૃક્ષ ઉત્પતિરૂપ) કરનારા હોય છે. આ ચાર પ્રકારની વનસ્પતિના ફળ અને બીજ સ્વતંત્ર પણ હોઈ શકે છે. આમ છતાં તેમનો આ વિભાગ બીજનું કાર્ય કરતો હોવાથી તેમને બીજરૂપ કહેવામાં આવે છે. એટલે જ કેટલાક વૃક્ષો કલમથી ઉગે છે. તેમ છતાં બધી વનસ્પતિ પોતાના બીજથી તો ઉગે જ છે, તેમાં કોઈ શંકા નથી.

સાધારણ રીતે ઉગનારો વિભાગ બીજ છે અને કોઈ કોઈ વનસ્પતિ ખંદ, પર્વ આદિથી ઉગે છે. ખંદ, પર્વ વગેરે સૂકાઈ ગયા પછી ઉગતા નથી. તેથી તે સચેત અને ભીનાશમાં જ ઉગે છે પરંતુ બીજ વિભાગ પાકી જાય અને સુકાઈ જાય પછી જ ઉગે છે, ભીની અવસ્થામાં ઉગતા નથી.

બીજોનો સચેતકાળ(આયુષ્ય)–ઠાણાંગસૂત્ર અને ભગવતીસૂત્રમાં ધાન્યોની





૩ વર્ષ, દ્વિદલની પાંચ વર્ષ અને બાકીની અન્ય બીજોની ૭ વર્ષની ઉત્કૃષ્ટ સ્થિતિ બતાવવામાં આવી છે. ત્રણ પ્રકારની સ્થિતિઓમાં બધા પ્રકારની વનસ્પતિ બીજોનો સમાવેશ થઈ જાય છે અર્થાત્ સાત વર્ષથી વધુ સમય કોઈ પણ બીજ સચેત રહેતું નથી. તેમની આ સ્થિતિ વૃક્ષ ઉપર તો બહુ જ ઓછી વીતે છે પરંતુ વૃક્ષથી અલગ થયા પછી અને સૂકાઈ ગયા બાદ વધારે વીતે છે. આ રીતે ૧૦ વિભાગમાં આ બીજ વિભાગ જ એવો છે કે સૂકાઈ ગયા પછી પણ વર્ષો સુધી સચેત રહે છે અને ઉગવાની શક્તિ ધારણ કરી રાખે છે.

**વિકસિત અને પરિપક્વ અવસ્થા–** ફળ અને બીજમાં પહેલા પૂર્ણ વિકાસની સ્થિતિ આવ્યા પછી જ તેમાં પરિપક્વતાની અવસ્થા આવે છે.

જ્યારે ફળની પૂર્ણ વિકસીત અવસ્થા થઈ જાય ત્યારે બીજની પણ પૂર્ણ વિકસીત અવસ્થા થઈ જાય છે. કોઈ ફળો વૃક્ષ ઉપર જ પૂર્ણ પાકી ગયા પછી તોડવામાં આવે છે અને કોઈ પૂરા પાકી ગયા પહેલા તોડી લેવામાં આવે છે અને બીજી કોઈ રીતે તેને પકવવામાં આવે છે. વૃક્ષ ઉપર જ પાકતા ફળોના બીજમાં તો ઉગવાની યોગ્યતા હોય જ છે પરંતુ બીજી રીતે પકાવેલ ફળોના બીજમાં ઉગવાની શક્તિ કોઈમાં હોય છે કોઈમાં હોતીનથી(રહેતી નથી) એક ફળમાં અનેક બીજ હોય તેવા ફળોના બીજમાં પણ કોઈ બીજમાં પરિપક્વતા હોય છે તો કોઈનામાં હોતી નથી.

**ઉત્પાદક શક્તિ(ઉગવાની શક્તિ)–** વૃક્ષ ઉપર કે ત્યાર પછી જે બીજ પૂર્ણ પરિપક્વ નથી બનતા તેમાં પૂર્ણ વિકસીત અવસ્થા હોવા છતાં પણ ઉગવાની યોગ્યતા હોતી નથી. જે પૂર્ણ પરિપક્વ થઈ જાય છે તે જ ઉગી શકે છે. ફળની પૂર્ણ વિકસીત અવસ્થા થઈ જાય એટલે બીજની પણ પૂર્ણ વિકસીત અવસ્થા થઈ જાય છે. તે લાંબી સ્થિતિ સુધી સચેત રહી શકે છે પરંતુ ઉગવાની યોગ્યતા તો પૂર્ણ પરિપક્વ થયા પછી જ આવે છે. તેથી કોઈ બીજમાં ઉગવાની યોગ્યતા રહે છે, કોઈમાં નથી રહેતી. જેનામાં ઉગવાની યોગ્યતા છે તે ૩–૫–૭ વર્ષની સ્થિતિ પૂરી થયા પછી અને અચેત થઈ જાય તોપણ ઉગે છે. તેથી ફળની પૂર્ણ વિકસીત અવસ્થાના પૂર્ણ વિકસીત બીજ પોતાની સ્થિતિ પર્યંત સચેત રહી શકે છે અને ફળની પૂર્ણ પરિપક્વતાની અવસ્થાના પૂર્ણ પરિપક્વ બીજ પોતાની સ્થિતિ પર્યંત તેમજ ત્યાર બાદ અચેત થઈ જાય તો પણ અખંડ રહે ત્યાં સુધી તે ઉગી શકે છે.

આ ઉપરથી એમ સમજવું જોઈએ કે ઉગવાનું કારણ અલગ છે અને

સચેત રહેવાનું લક્ષણ અલગ છે. બંનેને કંઈક સંબંધ છે પરંતુ અવિનાભાવ– અભિન્ન સંબંધ કરી શકાતો નથી.

**પ્રશ્ન–૬ : બેઈન્દ્રિય આદિ ત્રસ જીવોના ભેદ અને ઉદાહરણ રૂપ નામ કયા પ્રકારે દર્શાવવામાં આવેલ છે ?**

**ઉત્તર– બેઈન્દ્રિય**–શંખ, કોડી, છીપ, જલોક, કીડા, પોરા, લટ, અળશિયા, કૃમી, ચરમી, કાતર(જળજંતુ)વારા, લાલિ(લાર) આદિ.

**તેઈન્દ્રિય**–જૂ, લીખ, માકડ, ચાંચડ, કંથવા, ધનેડા, ઉધઈ, ઈયળ, મકોડા, જીંઘોડા–ગીંગોળા(પશુની ચામડીને ચોંટી રહેતી ગિંગોલી),જુઆ, ગધૈયા, કાનખજુરા, સવા, મમોલા આદિ.

**ચૌરેન્દ્રિય**– ભમરા, ભમરી, માખી, મચ્છર, વીંછી, ડાંસ, ટીડ, પતંગીયા, કંસારી, ફુંદી, કરચલા, બગ, રૂપેલી વગેરે.

**પંચેન્દ્રિય–સ્થલચર**– (૧) એક ખરીવાળા– ઘોડા, ગધેડા, ખચ્ચર આદિ. (૨) બે ખરી વાળા– ગાય, બળદ, ભેંસ, બકરી, હરણ, સસલા વગેરે. (૩) ગંડીપગ– (ગાદીવાળા પગ)ઉંટ, ગેંડા, હાથી આદિ. (૪) નખવાળા– સિંહ, વાઘ, ચિત્તા, કુતરા, બિલાડા, રીંછ, વાંદરા વગેરે.

**ઉરપરિસર્પ**–(૧) અહિ–સર્પ, ફેણવાળા અને ફેણ વગરના (૨) અજગર (૩) અસાલિયા–ચક્રવર્તીની સેનાનો પણ નાશ કરી નાખે એવા ઉત્કૃષ્ટ ૧૨ યોજન શરીરવાળા (૪) મહોરગ– જમીન ઉપર ઉત્પન્ન થાય, જળ-સ્થળ બંને જગ્યાએ ચાલી શકે. અઢીદ્વીપની બહાર હોય છે અને મહાકાય હોય છે.

**ભૂજ પરિસર્પ**– નોળિયા, ગોહા, ચંદન ઘો, ઉંદર, ગરોળી, કાકીડા વગેરે.

**ખેચર**– આકાશમાં ઉડનારા પંખી– (૧) ચર્મપક્ષી– બગલા, ચામાચીડીયા આદિ (૨) રોમપક્ષી(પીંછાવાળા)– કાગડા, કબૂતર, ચકલી, મેના, પોપટ, કુકડા, મોર, કોયલ, બતક, તેતર, બાજ, હંસ વગેરે (૩) સમુદગપંખી– ડબા જેવી ભિડાયેલી ગોળ પાંખવાળા, આ અઢીદ્વીપની બહાર થાય છે (૪) વિતત-પક્ષી– પાંખો ફેલાવી રાખનારા કે લાંબી પાંખોવાળા, આ પણ અઢીદ્વીપની બહાર હોય છે.

**પ્રશ્ન–૭ : આર્ય-અનાર્ય મનુષ્ય કયા કયા પ્રકારે સમજવા ?**

**ઉત્તર**– મનુષ્ય બે પ્રકારના હોય છે–(૧) આર્ય (૨) અનાર્ય(મ્લેચ્છ). અનાર્ય





(મ્લેચ્છ)–શક, યવન, કિરાત શખર, બર્બર, મઢડ, ગૌડ, સિંહલ, આંધ્ર, તમિલ, પુલિંદ, ડોંબ, કોકણ, માલવ, ચીના, બકુશ, અરખક, કૈકેય, ઢષક, ચિલાત આદિ.

**આર્ય**–(૧) ઋદ્ધિપ્રાપ્ત– અરિહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, ચારણ, વિદ્યાધર, (૨) ઋદ્ધિ અપ્રાપ્ત– (૧) ક્ષેત્રાર્ય–૨૫ાા દેશ આર્ય છે જેમાં જન્મ લેનાર મનુષ્ય ક્ષેત્રાર્ય છે. (૨) જાતિઆર્ય– બ્રાહ્મણ, વૈશ્ય જાતિવાળા આર્ય કહેવાય છે. (૩) કુળઆર્ય–ઉગ્રકુળ, ભોગકુળ, ઈક્ષ્વાકુકુળ, જ્ઞાતકુળ વગેરે. (૪) કર્મઆર્ય– સુથાર, કુંભાર આદિ (૫) શિલ્પ આર્ય– દરજી, જિલ્દસાજ– ચોપડી બાંધનાર આદિ. (૬) ભાષાર્ય– હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી આદિ ભાષા અને જેની બ્રાહ્મીલિપિ હોય તે બધા ભાષાર્ય છે. (૭થી૯) વીતરાગના માર્ગે જ્ઞાન અને શ્રદ્ધા સાથે પ્રવૃત્તિ કરનારા જ્ઞાન દર્શન ચારિત્ર આર્ય છે. અર્થાત્ પાંચ જ્ઞાન અને સમ્યકદર્શનવાળા જ્ઞાનાર્ય, દર્શનાર્ય છે. શ્રાવક, સાધુ એ ચારિત્ર આર્ય છે અથવા પાંચે ય સંયત ચારિત્રાર્ય છે.

**સાડા પચ્ચીસ આર્ય દેશ અને પ્રમુખ નગરી :–**

| ક્રમ | દેશ નામ | નગરી |
|---|---|---|
| ૧ | મગધ | રાજગૃહી નગર |
| ૨ | અંગ | ચંપાનગરી |
| ૩ | બંગ | તામ્રલિપ્તી |
| ૪ | કલિંગ | કાંચનપુર |
| ૫ | કાશી | વારાણસી નગરી |
| ૬ | કૌશલ | સાકેત નગર |
| ૭ | કુઢ | હસ્તિનાપુર |
| ૮ | કુશાવર્ત | સૌર્યપુર |
| ૯ | પંચાલ | કામ્પિલ્ય નગર |
| ૧૦ | જાંગલ | અહિછત્રા નગરી |
| ૧૧ | સૌરાષ્ટ્ર | દ્વારિકા નગરી |
| ૧૨ | વિદેહ | મિથિલા નગરી |
| ૧૩ | વત્સ | કોશાંબી |
| ૧૪ | શાંડિલ્ય | નન્દિપુર |
| ૧૫ | મલય(માલવ) | ભદ્દિલપુર |

| ક્રમ | દેશ નામ | નગરી |
|---|---|---|
| ૧૬ | મત્સ્ય | વૈરાટ નગર |
| ૧૭ | વરણ | અચ્છાપુરી |
| ૧૮ | દશાર્ણ | મૃત્તિકાવતી નગરી |
| ૧૯ | ચેદી | શુક્તિમતી–શૌક્તિકાવતી |
| ૨૦ | સિંધુ–સૌવીર | વીતભય નગર |
| ૨૧ | શૂરસેન | મથુરા નગરી |
| ૨૨ | ભંગ | પાવાપુરી (અપાપા) |
| ૨૩ | પુરિવર્ત | માસાપુરી |
| ૨૪ | કુણાલ | શ્રાવસ્તિ નગરી |
| ૨૫ | લાઢ | કોટિવર્ષનગર |
| ૨૬ | કૈકયાર્દ્ધ | શ્વેતાંબિકા નગરી |

આ ઉપરાંત સેંકડો હજારો દેશ છે જે ક્ષેત્રની અપેક્ષાએ અનાર્ય કહેવાયેલ છે.છતાં જાતિ, કુળની અપેક્ષા આર્ય કહેલ છે. તે સિવાયના અનાર્ય જાતિ, કુળ, સમજવા જોઈએ. ક્ષેત્ર, કુળ, જાતિથી અનાર્ય ગણાયેલ વ્યક્તિ પણ જ્ઞાન, દર્શન, ચારિત્રથી અર્થાત્ ધર્મ આરાધનાથી સાચા આર્ય બની શકે છે. તેમજ સાચો આર્ય કહી શકાય છે. અને આર્યની ગતિને એટલે કે મોક્ષને પ્રાપ્ત કરી શકે છે. તેથી ક્ષેત્ર, જાતિ, કુળ વગેરે જે આર્યના પ્રથમ ૬ પ્રકાર કહ્યા છે તે માત્ર વ્યવહારથી પરિચયની અપેક્ષાએ સમજવા જોઇએ. હકીકતમાં છેલ્લા ત્રણ પ્રકારની સ્થિતિ પ્રાપ્ત થઈ જાય તોપણ જીવન સફળ છે. પહેલાની ૬ અવસ્થા મળી ગઈ તોપણ ધર્મ ન કરવામાં આવે તો ક્ષેત્ર વગેરેનું આર્યપણું દુર્ગતિમાં જતાં બચાવી શકાતું નથી. તેથી કર્મ અને ધર્મથી આર્ય બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**પ્રશ્ન–૮ : સમુચ્છિંમ મનુષ્ય સંબંધી જાણકારી અને તેનો વિવેક કયા પ્રકારે થઈ શકે ?**

**ઉત્તર–** સંમૂચ્છિંમ મનુષ્યના ૧૪ પ્રકાર છે– (૧) ઝાડામાં (૨) પેશાબમાં (૩) કફમાં (૪) શ્લેષ્મ(નાકની લીટ)માં (૫) વમનમાં (૬) પિત્તમાં (૭) રસી(પઢ)માં(૮) લોહીમાં (૯) વીર્યમાં (૧૦) વીર્યના શુષ્ક પુદ્ગલ પુનઃ ભીના થાય પછી (૧૧) મૃત શરીરમાં (૧૨) સ્ત્રી–પુઢષ સંયોગમાં (૧૩)





નગર નાળા-ગટરમાં (૧૪) મનુષ્ય સંબંધી સર્વ અશુચિ સ્થાનોમાં. મનુષ્ય સંબંધી આ ૧૪ સ્થાનોમાં ૧૨ તો સ્વતંત્ર માનવ શરીરના અશુચિ સ્થાન છે ૧૩મા ગટરના બોલમાં અનેક બોલ અશુચિ સ્થાન સંગ્રહિત છે ૧૪મા બોલમાં પણ અનેક બોલ સ્થાનોના સંયોગી ભંગ અર્થાત્ મિશ્રણ કહેલ છે. આ બધા સ્થાનોમાં પરસેવો, થૂંક નથી આવતા તેથી આ બંનેમાં સંમૂચ્છિંમ મનુષ્ય ઉત્પન્ન થતા નથી.

**ઉત્પત્તિકાળ :–** આ ૧૪ સ્થાનોમાં આત્મ પ્રદેશોથી એટલે શરીરથી અલગ થઈ ગયા પછી અંતર્મુહૂર્ત બાદ સંમૂચ્છિંમ અસંજ્ઞી મનુષ્ય ઉત્પન્ન થાય છે.

અંતર્મુહૂર્ત શબ્દનો અર્થ વિશાળ છે. વ્યાખ્યાકારોએ પણ એનો ખુલાસો કર્યો નથી. અતઃ પ્રાપ્ત પરંપરાનુસાર ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અર્થાત્ વ્યવહારથી લગભગ ૪૭ મિનિટનો સમય મનાય છે. ૪૭ મિનિટ એક અંતિમ સીમા સમજવી જોઈએ; ત્યારપછી ૪૮મી મિનિટ થાય ત્યારે અંતર્મુહૂર્ત નહીં કહેવાય પરંતુ મુહૂર્ત થઈ જાય છે. ઓછામાં ઓછો સમય એક ઘડી ૨૪ મિનિટ સુધી એમાં જીવોત્પતિ સંમૂચ્છિંમ મનુષ્ય થવા સંભવ લાગતો નથી. ૨૪ થી ૪૭ મિનિટની વચ્ચેનો સમય જીવોત્પત્તિનો સમજવો જોઈએ, વિરહની અપેક્ષા ક્યારેક કેટલા ય મુહૂર્તો સુધી જીવોત્પત્તિ થતી નથી.

**સ્વરૂપ :–** આ જીવોની ઉત્કૃષ્ટ અવગાહના પણ અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે. તે ચર્મ ચક્ષુથી જોઈ શકાતા નથી. આયુષ્ય–ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત (લગભગ બે મિનિટ)નું હોય છે. અર્થાત્ બે મિનિટમાં એક ભવ પૂરો કરી લે છે. સમય-સમયમાં જઘન્ય ૧-૨-૩ તથા ઉત્કૃષ્ટ અસંખ્ય જીવ જન્મે છે અને મરે છે. આ સર્વે અપર્યાપ્તા જ મરે છે. અપર્યાપ્ત નામ કર્મવાળા જ હોય છે. તેઓ પંચેન્દ્રિય અને મનુષ્ય ગતિક કહેવાય છે.

**પશુની અશુચિ :–** પશુના અશુચિ સ્થાનોમાં થવાવાળા કૃમિ આદિ અન્ય જીવ તિર્યંચ બેઈન્દ્રિય આદિ હોય છે, તેને પણ સંમૂચ્છિંમ કહી શકાય છે પરંતુ સંમૂચ્છિંમ મનુષ્ય ન કહી શકાય. એ જીવ ચર્મ ચક્ષુથી જોઈ શકાય છે. સંક્ષેપમાં પશુઓના મળ મૂત્ર વગેરે અશુચિ સ્થાનોમાં કાળાંતરથી સંમૂચ્છિંમ ત્રસ જીવ ઉત્પન્ન થાય છે. પરંતુ તે સંમૂચ્છિંમ મનુષ્ય હોતા નથી.

ગાય આદિનું છાણ સાધુને માટે ઉપયોગમાં લેવા માટે શાસ્ત્રમાં કહેવાયેલ છે, તે આધારથી તેમાં કેટલાક કલાકો સુધી જીવોની ઉત્પત્તિ થતી નથી, એમ સમજવું જોઈએ.

**ફ્લશ દોષ :–** ભૂમિગત(અંડર ગ્રાઉન્ડ ફ્લશ) શૌચાલયમાં સંમૂર્ચ્છિમ મનુષ્યની અને અન્ય ત્રસ જીવોની વિપુલ માત્રામાં ઉત્પત્તિ, જન્મ, મરણ થતા રહે છે. આ જીવોની ઉત્પત્તિની અપેક્ષાએ ભૂમિગત શૌચાલય–સંડાસો મહાદોષ પાપનું સ્થાન છે. ભવભીરૂ ધર્મી આત્માઓએ એનો ઉપયોગ ન કરવો જોઈએ. માનવ શરીરના અશુચિ પદાર્થ શીઘ્ર સુકાઈ જાય એવો વિવેક રાખવો જોઈએ.

**મૃત કલેવર :–** માનવના મૃત કલેવરમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થવાનો સમય પણ અંતર્મુહૂર્ત છે. આથી વધારે સમય સુધી મૃત કલેવર રાખવાથી આ જીવોની વિરાધનાનો દોષ થાય છે. શ્રમણોએ મુહૂર્ત પૂર્વ મૃત કલેવરનું વ્યુત્સર્જન કરી દેવું જોઈએ. ***[મહાન પ્રખ્યાત સાધુ-સાધ્વીના મૃત કલેવરને ભક્ત સમુદાય ૧-૨ દિવસ રાખે છે. આ પ્રવૃત્તિ ઉચિત ગણાતી નથી. તેથી આ પ્રવૃત્તિનું અંધાનુકરણ ન કરવું જોઈએ.]***

પશુઓના મૃત શરીરમાં વિવિધ પ્રકારના જીવોની ઉત્પત્તિ થઈ જાય છે, અત્યંત દુર્ગંધ પણ આવી જાય છે તેથી તેમનું વિસર્જન જેમ બને તેમ જલ્દી કરવું જોઈએ. આગમમાં એ ઉક્ત જીવોત્પત્તિના ૧૪ સ્થાન મનુષ્ય સંબંધી અને સંમૂર્ચ્છિમ મનુષ્યોત્પત્તિ સંબંધી કહ્યા છે. અતઃ પશુઓના શરીરમાં તિર્યંચ યોનિક બેઈન્દ્રિય ***યાવત્*** પંચેન્દ્રિય જીવોની ઉત્પત્તિ હોવાનું અલગથી સમજવુંજોઈએ.

# ❋ પદ–ર : સ્થાન ❋

## પ્રશ્ન–૧ : આ પદમાં જીવોના રહેવાના સ્થળો, સંપૂર્ણ લોકની અપેક્ષાએ કયા પ્રકારે નિરૂપણ કરવામાં આવેલ છે ?

**ઉત્તર–** એકેન્દ્રિયમાં પૃથ્વીકાયથી વર્ણન શરૂ કરી પંચેન્દ્રિયમાં વૈમાનિક દેવ સુધી જીવોના સ્થાન, નિવાસ સ્થાનોનું સ્વસ્થાન રૂપથી નિરૂપણ કરવામાં આવેલ છે.

આ વર્ણન કોઈ એક જીવને અનુલક્ષીને કરવામાં આવેલ નથી પરંતુ પૃથ્વીકાયના પર્યાપ્તા કે અપર્યાપ્તા આદિ સામુહિક જીવોને ધ્યાનમાં રાખીને નિર્દેશ કરેલ છે. આ વાત આ પદના તમામ વર્ણનમાં વિશેષ રૂપથી ધ્યાનમાં રાખીને સમજવી.

**પૃથ્વીકાય :–** નરક,દેવલોકના પૃથ્વી પિંડ, સિદ્ધ શિલા, વિમાન, ભવન, નગર,





છત, ભૂમિ, ભીંત, તિરછાલોકના ક્ષેત્ર, પૃથ્વી, નગર, મકાન, દ્વીપ સમુદ્રોની ભૂમિ, પર્વત, કૂટ, વેદિકા, જગતી આદિ શા✓ત અશા✓ત પૃથ્વીમય સ્થળોમાં પૃથ્વીકાયના સ્વસ્થાન છે અર્થાત્ અહીં તે જીવ ઉત્પન્ન થાય છે અને મૃત્યુ પર્યન્ત રહે છે. બાદર પૃથ્વીના પર્યાપ્ત અને અપર્યાપ્ત સર્વેનું આ જ સ્વસ્થાન સમજવા. સૂક્ષ્મ પૃથ્વીકાય તો સર્વ લોકમાં છે.

**અપ્કાય :–** ઘનોદધિ અને ઘનોદધિવલય, પાતાળકળશ, સમુદ્ર, નદી, કુંડ, દ્રહ, ઝીલ, ઝરણા, તળાવ, સરોવર, નાળા, વાવડી, પુષ્કરણી, કુવા, હૌદ, ખાડા, ખાઈ વગેરે અન્ય નાના-મોટા જળ સંગ્રહના શા✓ત કે અશા✓ત સ્થળોમાં બાદર અપ્કાયના સ્વસ્થાન છે. સૂક્ષ્મ અપ્કાય સર્વ લોકમાં છે.

**તેઉકાય :–** અઢીદ્વીપમાં ૧૫ કર્મભૂમિ ક્ષેત્ર છે, તે જ બાદર તેઉકાયના સ્વ-સ્થાન છે. વ્યાઘાતની અપેક્ષા ફક્ત પાંચ મહાવિદેહ ક્ષેત્ર જ તેમના સ્વસ્થાન છે અર્થાત્ છઠ્ઠા અને પહેલા આરામાં તેમજ યુગલિક કાળમાં પાંચ ભરત અને પાંચ એરવત ક્ષેત્રમાં અગ્નિ હોતી નથી.

લવણ સમુદ્રમાં વડવાનલ હોવાથી ત્યાં બાદર અગ્નિકાયની ઉત્પત્તિ થાય છે. સૂક્ષ્મ અગ્નિકાય સર્વ લોકમાં છે.

**વાયુકાય :–** ઘનવાય, તનુવાય, ઘનવાયવલય, તનુવાયવલય અને પાતાળ કળશ, ભવન, નરકાવાસ, વિમાન અને લોકના સમસ્ત આકાશીય પોલાણવાળા સ્થાનો બાદર વાયુકાયના સ્વસ્થાન છે. સૂક્ષ્મ વાયુકાય સર્વલોકમાં છે.

**વનસ્પતિકાય :–** ત્રણે લોકના સર્વે જળમય સ્થાનોમાં અને તિરછા લોકના જળમય, સ્થળમય સર્વ સ્થાનોમાં બાદર વનસ્પતિકાયના સ્વસ્થાન છે. સૂક્ષ્મ વનસ્પતિ સર્વ લોકમાં છે.

**બેઈન્દ્રિયાદિ :–** ઊર્ધ્વ લોકમાં આવેલા તિરછા લોકના પર્વતો પર, અધો-લોકમાં આવેલ સમુદ્રી જળમાં અને તિરછા લોકના સર્વે જલીય સ્થલીય સ્થાનોમાં બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચના સ્વસ્થાન છે.

**નરક :–** સાતે નરકોમાં જે ૩૦૦૦ યોજનના પાથડા છે, એમાં ૧૦૦૦ યોજન ઉપર ૧૦૦૦ યોજન નીચે છોડીને વચ્ચેના જે એક હજાર યોજનનું પોલાણ છે તેમાં નારકી જીવોના રહેવાના નરકાવાસ છે, તે જ તેમના સ્વસ્થાન છે.

**મનુષ્ય :–** મનુષ્યના ૧૦૧ ક્ષેત્ર છે, તે જ તેમના સ્વસ્થાન છે.

**ભવનપતિ :–** પ્રથમ નરકના ત્રીજા આંતરામાં ભવનપતિના ભવનાવાસ

છે, જે સમ ભૂમિથી ૪૦,૦૦૦ યોજન નીચે છે. ત્યાં અસુરકુમાર જાતિના ભવનપતિ દેવોના સ્વસ્થાન છે. પ્રથમ નરકના ચોથા આંતરામાં નાગકુમાર જાતિના ભવનપતિ દેવોના સ્વસ્થાન છે. પાંચમા આંતરામાં સુવર્ણકુમાર જાતિના ભવનપતિ દેવોના સ્વસ્થાન છે, એ જ ક્રમથી બારમા આંતરામાં સ્તનિતકુમાર જાતિના ભવનપતિ દેવોના સ્વસ્થાન છે.

**વ્યંતર :–** પ્રથમ નરક પૃથ્વીની ઉપરની છત ૧૦૦૦ યોજનની છે. તેની ઉપરની સપાટી આપણી સમભૂમિ છે, આ પ્રથમ નરકની ઉપરી છતના ૧૦૦૦ યોજનમાં ૧૦૦ યોજન નીચે અને ૧૦૦ યોજન ઉપરના છોડીને વચ્ચે જે ૮૦૦ યોજનનું ક્ષેત્ર છે, ત્યાં ભોમેય નગરાવાસ છે. તેમાં ૧૬ જાતિના વ્યંતર દેવોના સ્વસ્થાન છે. જૃંભક દેવોના સ્વસ્થાન તિરછા લોકમાં વૈતાઢ્ય પર્વતોની શ્રેણી ઉપર છે. કાંચનક પર્વતના શિખરતલ ઉપર કે અન્ય પર્વતો ઉપર છે.

**જ્યોતિષી :–** તિરછા લોકની સમભૂમિથી ઉપર ૭૯૦ યોજનથી લઈને ૯૦૦ યોજન સુધીનું ક્ષેત્ર તેમજ અસંખ્ય દ્વીપસમુદ્રોમાં સ્થિત જ્યોતિષીઓની રાજધાનીઓ અને દ્વીપો, આ જ્યોતિષી દેવોના સ્વસ્થાન છે.

**વૈમાનિક :–** ૧૨ દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અણુત્તર વિમાન એ વૈમાનિક દેવોના સ્વસ્થાન છે.

**પ્રશ્ન–૨ : દેવોની ઋદ્ધિનું વર્ણન અહીં કઈ રીતે કરવામાં આવેલ છે?**

**ઉત્તર–** દેવોના નિવાસ સ્થાનોની સાથે તેની શોભા, ગુણો, વગેરેનું ક્રમશઃ વર્ણન છે. ૬૪ ઈન્દ્રોના નામ અને તેમની ઋદ્ધિનુ વર્ણન છે. દેવોની ઋદ્ધિમાં તેમની શારીરિક સંપદા, પરિવાર સંપદાનું અનેક વિશેષણો સાથે વર્ણન કરવામાં આવેલ છે. ૬૪ ઈન્દ્રોના એકી સાથે વર્ણન અમે સ્થાનાંગ પ્રશ્નોત્તર પૃષ્ટ–૨૭માં આપેલ છે. શક્રેન્દ્ર, ઈશાનેન્દ્રના અનેક નામ તેમજ વિશેષણ ભગવતી સૂત્રમાં આપેલ છે. અહીં દેવોના આભૂષણ આ પ્રકારે આપેલ છે– છાતી ઉપર હાર, હાથમા કડા, બાજુબંધ, કાનમાં અંગદ, કુંડલ, કર્ણપીઠ, વિચિત્ર હસ્તાભરણ, પુષ્પમાલા, માથા ઉપર મુગટ, ઉત્તમ વસ્ત્ર, શ્રેષ્ઠ અનુલેપન, લાંબી વનમાળા આદિથી સુસજ્જિત દેવ તેમના દિવ્ય તેજથી દશે દિશાઓને પ્રકાશિત કરે છે.

**પ્રશ્ન–૩ : દેવલોકમાં તિર્યંચ–પશુ આદિ હોતા નથી તો પછી તેના નામ ઠેકઠેકાણે શા માટે આવે છે ?**

**ઉત્તર–** દેવોના વિમાન અને તેમની વેશભૂષાને જુદી પાડવા માટે તિર્યંચોના





નામ–ભેદ ગણાવવા જરૂરી બની જાય છે. માનવની અને દેવની આકૃતિ એક જ પ્રકારની હોય છે. જ્યારે પશુઓની વિભિન્ન જાતિઓ હોય છે. તેથી વિભિન્નતા સૂચક ચિન્હો બતાવવા માટે દેવોના વિમાન અને મુગટોમાં વિભિન્ન પશુઓના ચિન્હો બતાવવામાં આવેલ છે. સાત પ્રકારની દેવોની સેનામાં પણ ચાર પ્રકાર તો તિર્યંચના કહેલ છે. તે દેવો પણ તેવા તેવા સ્વરૂપની વિકુર્વણા કરીને તેવી સેના દેખાડે છે. અનેક દેવોના વાહન રૂપમાં પણ તિર્યંચોને ગણવામાં આવેલ છે. આ બધાનું કારણ પણ એ જ છે કે તિર્યંચોમાં જે વિભિન્નતા હોય છે તેનાથી બધા દેવોની અલગ-અલગ ઓળખાણ નક્કી થાય છે.

**પ્રશ્ન–૪ : પૃથ્વી આદિ જીવોના નિવાસ સ્થાન–સ્વસ્થાન લોકની તુલનામાં કયા પ્રકારે હોય છે ?**

**ઉત્તર–** બાદર પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયના પર્યાપ્તા અને અપર્યાપ્તા બંને જીવોના સ્વસ્થાન ક્ષેત્ર લોકના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. બાદર તેઉકાયના સ્વસ્થાન માત્ર અઢીદ્વીપમાં જ હોવાથી તે લોકના અત્યંત નાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. બાદર તેઉકાયના પર્યાપ્તા અને અપર્યાપ્તા બંનેનું આટલું જ ક્ષેત્ર સમજવું. બાદર વાયુકાયના જીવ લોકના સમસ્ત પોલાણમાં આવેલ હોવાથી લોકના ઘણા અસંખ્યાતમા ભાગ પ્રમાણ ક્ષેત્રમાં તેમનું સ્વસ્થાન હોય છે. બાકીના ત્રસ જીવ બેઈન્દ્રિયથી લઈને વૈમાનિક દેવ સુધીના બધા પર્યાપ્તા અને અપર્યાપ્તા જીવોનું સ્વસ્થાન લોકના અસંખ્યાતમા ભાગનું હોય છે. સૂક્ષ્મ પાંચેયના પર્યાપ્તા અને અપર્યાપ્તાના સ્વસ્થાન સંપૂર્ણ લોકપ્રમાણ હોય છે. જન્મથી લઈને મૃત્યુ સુધી જ્યાં જીવો રહે છે ત્યાં તેનું સ્વસ્થાન કહેવાય છે.

**પ્રશ્ન–૫ : પૃથ્વી આદિ જીવ મારણાંતિક સમુદ્ઘાત અવસ્થામાં લોકક્ષેત્રની અપેક્ષાએ કયા પ્રકારે હોય છે ?**

**ઉત્તર–** પૃથ્વી આદિના ઘણા જીવ, આયુષ્ય પૂર્ણ થયા પહેલા પ્રાયઃ **મારણાંતિક સમુદ્ઘાત** કરે છે. ત્યારે સમુદ્ઘાત ગત બાદર પૃથ્વીકાય, અપ્કાયના પર્યાપ્તા જીવ લોકના અસંખ્યાતમા ભાગમાં મળે છે. તેઉકાયના પર્યાપ્તા જીવ નાના (થોડા) અને વાયુકાયના પર્યાપ્તા જીવ ઘણા અસંખ્યાતમા ભાગમાં મળે છે અને વનસ્પતિ પર્યાપ્તા જીવ મારણાંતિક સમુદ્ઘાતની અપેક્ષાએ સર્વલોકમાં મળે છે.

બાદર પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના અપર્યાપ્તા

સમુદ્ઘાતની અપેક્ષાએ સર્વલોકમાં હોય છે. સૂક્ષ્મ પણ સર્વલોકમાં હોય છે. ત્રસ જીવો સર્વલોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

**પ્રશ્ન-૬ : પૃથ્વી આદિ ઉપપાત અવસ્થાઓમાં અર્થાત્ વાટેવહેતા અવસ્થામાં લોકક્ષેત્રની તુલનામાં કયા પ્રકારે હોય છે ?**

**ઉત્તર–** બાદર અપર્યાપ્ત પૃથ્વી, પાણી, અગ્નિ અને વનસ્પતિ આદિ ચારે ય સર્વલોકનું અવગાહન કરે છે પરંતુ તેઉકાયના અપર્યાપ્તા જીવ બે ઉર્ધ્વકપાટ લોક પ્રમાણ તથા તિરછાલોક રૂપ તટ પ્રમાણ ક્ષેત્રનું અવગાહન જન્મ સમયની અપેક્ષાએ કરે છે. મારણાંતિક સમુદ્ઘાતમાં અસંખ્ય સમય હોવાથી તેઉકાયના અપર્યાપ્ત સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત થઈ જાય છે. પરંતુ ઉપપાતમાં તો જીવને ત્રણ સમય જ મળે છે તેથી સંપૂર્ણલોક કહ્યો નથી. જેથી પહેલા સમયમાં દંડ કરે છે અને બીજા સમયમાં બે ઉર્ધ્વ કપાટ જેવું ક્ષેત્ર બને છે અને ત્રીજા સમયમાં તો સ્થાન પર પહોંચી જાય છે. તેથી મંથાન પૂરણવાળું ક્ષેત્ર બનતું નથી.

બધા જ ત્રસ જીવ બેઈન્દ્રિયથી વૈમાનિક સુધી ઉપપાત ક્ષેત્રની અપેક્ષા પર્યાપ્ત કે અપર્યાપ્ત લોકના અસંખ્યાતમા ભાગમાં મળે છે.

**જીવોના ઉત્પાત–સમુદ્ઘાત ક્ષેત્રનું ટેબલ :–** [***સંક્ષિપ્તાક્ષર ઓળખાણ :*** *વિકલે૰ = વિકલેન્દ્રિય, પંચે૰ = તિર્યંચ પંચેન્દ્રિય, અસં૰ ભાગ = અસંખ્યાતમો ભાગ.*]

| ક્રમ | જીવ | સ્વસ્થાન | ઉત્પાત | સમુદ્ઘાત |
|---|---|---|---|---|
| ૧ | પાંચે ય સૂક્ષ્મ | સર્વલોક | સર્વલોક | સર્વલોક |
| ૨ | બાદર વાયુ પર્યાપ્ત | લોકનો ઘણો અસં૰ ભાગ | લોકનો ઘણો અસં૰ ભાગ | લોકનો ઘણો અસં૰ ભાગ |
| ૩ | બાદર વાયુ અપર્યાપ્ત | લોકનો ઘણો અસં૰ ભાગ | સર્વલોક | સર્વલોક |
| ૪ | બાદર વનસ્પતિ અપર્યાપ્ત, પર્યાપ્ત | લોકનો અસં૰ ભાગ | સર્વલોક | સર્વલોક |
| ૫ | બાદર તેઉકાય પર્યાપ્ત | મનુષ્ય લોક | લોકનો અસં૰ ભાગ | લોકનો અસં૰ ભાગ |
| ૬ | બાદર તેઉકાય અપર્યાપ્ત | મનુષ્ય લોક | લોક મંથાન, તિરછા લોકતટ્ટ | સર્વલોક |





| ક્રમ | જીવ | સ્વસ્થાન | ઉત્પાત | સમુદ્ઘાત |
|---|---|---|---|---|
| ૭ | બાદર પૃથ્વી પાણી પર્યાપ્ત | લોકનો અસં૰ ભાગ | લોકનો અસં૰ ભાગ | લોકનો અસં૰ ભાગ |
| ૮ | બાદર પૃથ્વી, પાણી અપર્યાપ્ત | લોકનો અસં૰ ભાગ | સર્વલોક | સર્વલોક |
| ૯ | વિકલે૰, પંચે૰ દેવ, નારક | લોકનો અસં૰ ભાગ | લોકનો અસં૰ ભાગ | લોકનો અસં૰ ભાગ |
| ૧૦ | મનુષ્ય | મનુષ્યલોક | લોકનો અસં૰ ભાગ | સર્વલોક |

# પદ-૩ : અલ્પબહુત્વ

**પ્રશ્ન-૧ : ક્ષેત્રની અપેક્ષાએ ચારે ય દિશાઓ સરખી હોય છે, તો તેમાં જીવોની અલ્પતા અને બહુલતા કેમ હોય છે ?**

**ઉત્તર–** લોકની રચનામાં સર્વત્ર સમાનતા ન હોવાને લીધે ભિન્નતા બને છે, જેમકે– (૧) ગૌતમદ્વીપ લવણ સમુદ્રમાં પશ્ચિમ દિશામાં છે, બીજી દિશામાં નથી (૨) સૂર્ય ચંદ્રના દ્વીપ પૂર્વ-પશ્ચિમમાં છે, ઉત્તર દક્ષિણમાં નહીં (૩) ભવનપતિ દેવોના ભવન ઉત્તર દક્ષિણમાં વધારે છે, પૂર્વ-પશ્ચિમમાં ઓછા છે (૪) નરકમાં કૃષ્ણપક્ષી જીવ દક્ષિણમાં વધારે ઉત્પન્ન થાય છે અને નરકાવાસા પણ એ દિશામાં વધારે છે (૫) પશ્ચિમ મહાવિદેહ ૧૦૦૦ યોજન ઉંડા ગોઘાટ જેવા ઢાળવાળો છે, પૂર્વમાં આમ નથી તે સમતલ છે. આથી પશ્ચિમ મહાવિદેહની લંબાઈ વધારે છે. (૬) ઉત્તર દિશામાં એક વિશાળ માનસ સરોવર છે જે અન્ય દિશાઓમાં નથી.

આ પ્રકારની લોકની રચનાની ભિન્નતાને કારણે જીવોનું વધતા-ઓછાપણું આ રીતે હોય છે. (૧) સમુદ્રમાં દ્વીપો વધવાથી પાણી ઓછું હોય છે અને પાણી ઓછું હોવાથી વનસ્પતિના અનંતકાય જીવ ઓછા હોય છે. (૨) માનસ સરોવરને કારણે એ દિશામાં પાણી, વનસ્પતિ જીવ વધારે હોય છે. (૩) પશ્ચિમ મહાવિદેહના ઢોળાવને કારણે અને ક્ષેત્ર વિસ્તાર વધારે હોવાને કારણે માનવ અને અગ્નિના જીવો વધારે હોય છે. (૪) ભરત એરવત ક્ષેત્ર ઉત્તર દક્ષિણમાં નાના, મહાવિદેહ પૂર્વ-પશ્ચિમમાં મોટા હોવાથી માનવ અને

અગ્નિ જીવ વધારે હોય છે. (૫) ભવન વધારે હોવાથી પોલાણ વધારે હોય છે. (કેમ કે ભવન સિવાયની પૃથ્વી નક્કર ઠોસ હોય છે. ) તેથી પૃથ્વી જીવ ઓછા અને વાયુ જીવ વધારે થાય છે. (૬) સમુદ્રમાં દ્વીપ વધવાથી એ દિશામાં પૃથ્વી જીવ વધે છે. ઇત્યાદિ કારણોથી ચારે દિશાઓ ક્ષેત્રની અપેક્ષા સમાન હોવા છતાં બધા પ્રકારના જીવોમાં કોઈકને કોઈક કારણથી અલ્પતા કે અધિકતા હોય છે.

## પ્રશ્ન–ર : પૃથ્વીકાય આદિ જીવોની ચારે ય દિશાઓમાં ન્યૂનાધિકતા કયા પ્રકારે છે ?

**ઉત્તર–** પૃથ્વીકાય આદિ પાંચે ય સૂક્ષ્મ જીવ લોકમાં સર્વત્ર સમાન હોવાથી તેમની અલ્પબહુતા કરવામાં આવતી નથી. બાદરમાં વનસ્પતિ જીવ સૌથી વધુ હોય છે તેથી સમુચ્ચય જીવ અને વનસ્પતિના બોલ એક સરખા હોય છે તથા વનસ્પતિ પણ જ્યાં પાણી વધારે હોય ત્યાં નિગોદની અપેક્ષાએ વધારે હોય છે. બેઇન્દ્રિય આદિ વિકલેન્દ્રિય જીવો પણ પાણીમાં વધારે હોય છે. તેથી તેમનો બોલ પણ અપ્કાયની જેમ જ સરખો થાય છે.

(૧) આ રીતે સમુચ્ચય જીવ, અપ્કાય જીવ, વનસ્પતિકાય જીવ તેમજ વિકલેન્દ્રિય ત્રસજીવ આ બધા પશ્ચિમમાં સૌથી ઓછા છે, કારણ કે અહીં ગૌતમદ્વીપ હોવાથી પાણી ઓછું છે. **તેનાથી** પૂર્વમાં વિશેષ વધારે હોય છે કારણ કે ત્યાં ગૌતમદ્વીપ નથી અને તેથી પાણી વધારે છે. **તેનાથી** દક્ષિણમાં જીવ વિશેષ અધિક હોય છે. કારણ અહીં સૂર્ય ચંદ્રના દ્વીપ નથી તેથી પાણી વધારે છે. **તેનાથી** ઉત્તરમાં વિશેષાધિક જીવ છે કારણ કે અહીં માનસ સરોવર છે અને પાણી વધારે છે.

(૨) પૃથ્વીકાયના જીવ સૌથી થોડા દક્ષિણમાં છે, ભવનપતિના ભવનો વધારે હોવાથી પોલાણ વધારે છે તેથી પૃથ્વીકાય જીવ ઓછા છે. તેનાથી ઉત્તરમાં પૃથ્વીકાયના જીવ વિશેષાધિક છે, કારણ કે દક્ષિણની અપેક્ષાએ ઉત્તરમાં ભવનો ઓછા છે તેથી પોલાણ ઓછું છે ને પૃથ્વીની ઘનતા–નક્કરતા વધારે છે. **તેનાથી** પૂર્વમાં પૃથ્વીકાયના જીવ વિશેષાધિક છે, કારણ કે અહીં સૂર્ય ચંદ્રના દ્વીપો છે. **તેનાથી** પશ્ચિમમાં પૃથ્વી જીવ વિશેષાધિક છે, કારણ કે અહીં ગૌતમ દ્વીપ આવવાથી પૃથ્વી વધારે થઈ અને સમુદ્રનું પાણી ઓછું થયું.

(૩) તેઉકાયના જીવ ઉત્તર દક્ષિણમાં સૌથી થોડા છે, કારણ કે અહીં ભરત–





એરવત ક્ષેત્ર નાના છે. **તેનાથી** પૂર્વમાં સંખ્યાતગણા હોય, કારણ કે અહીં મહાવિદેહ ક્ષેત્રની વિશાળતા છે. **તેનાથી** પશ્ચિમમાં વિશેષાધિક, પશ્ચિમ મહાવિદેહ મોટું છે ઢોળાવવાળું હોવાને કારણે.

(૪) વાયુકાયના જીવ સૌથી થોડા પૂર્વમાં છે, કારણ કે ભવન ઓછા છે તેથી પોલાણ ઓછું છે. **તેનાથી** પશ્ચિમમાં વિશેષાધિક છે, કારણ કે અહીં મહાવિદેહ ૧૦૦૦ યોજન ઉંડાઈથી ઢોળાવવાળો છે તેથી પોલાણ વધે અને તેથી પોલાણમાં વાયુકાય જીવ વધારે હોય. **તેનાથી** ઉત્તરમાં વિશેષાધિક–ભવનો વધારે હોવાથી. **તેનાથી** દક્ષિણમાં વિશેષાધિક, કારણ કે ઉત્તરની અપેક્ષાએ ભવનો અહીં વધારે છે તેથી પોલાણ વધારે છે.

(૫) સાતે ય નરકોના જીવ ત્રણ દિશામાં ઓછા છે. **તેનાથી** દક્ષિણમાં અસંખ્ય ગુણા છે, કારણ કે લોકસ્વભાવથી કૃષ્ણપક્ષી જીવ દક્ષિણમાં વધારે હોય છે તેમજ આ દિશામાં નરકાવાસા પણ વધારે છે.

(૬) તિર્યંચ પંચેન્દ્રિય જલચરની પ્રમુખતાને લીધે પશ્ચિમમાં સૌથી ઓછા, **તેનાથી** પૂર્વમાં વિશેષાધિક, **તેનાથી** દક્ષિણમાં વિશેષાધિક અને **તેનાથી** ઉત્તરમાં વિશેષાધિક છે. કારણ અપ્કાયની જેમ ગણવું.

(૭) મનુષ્ય ઉત્તર દક્ષિણમાં સૌથી ઓછા, કારણ કે ક્ષેત્ર નાના છે. **તેનાથી** પૂર્વમાં સંખ્યાતગણા. **તેનાથી** પશ્ચિમમાં વિશેષાધિક છે, કારણ કે પશ્ચિમ મહાવિદેહનું ક્ષેત્ર વિશાળ અને ઢોળાવવાળું છે.

(૮) ભવનપતિ દેવ પૂર્વ-પશ્ચિમમાં અલ્પ છે, કારણ કે ભવનો ઓછા છે. **તેનાથી** ઉત્તરમાં અસંખ્યાતગણા, **તેનાથી** દક્ષિણમાં અસંખ્યાતગુણા.

(૯) વ્યંતરદેવ સૌથી ઓછા પૂર્વમાં. **તેનાથી** પશ્ચિમમાં વિશેષાધિક, પશ્ચિમ વિદેહક્ષેત્ર મોટું છે. **તેનાથી** ઉત્તરમાં વિશેષાધિક. **તેનાથી** દક્ષિણમાં વિશેષાધિક.

(૧૦) જ્યોતિષી દેવ સૌથી ઓછા પૂર્વ-પશ્ચિમમાં, **તેનાથી** દક્ષિણમાં વિશેષાધિક **તેનાથી** ઉત્તરમાં વિશેષાધિક કારણ કે ઉત્તરમાં માનસ સરોવર છે.

(૧૧) વૈમાનિક ૪ દેવલોકના દેવ પૂર્વ–પશ્ચિમમાં ઓછા, **તેનાથી** ઉત્તરમાં અસંખ્યગુણા, **તેનાથી** દક્ષિણમાં વિશેષાધિક. દેવલોક ૫ થી ૮ના દેવો ત્રણ દિશામાં ઓછા, દક્ષિણમાં અસંખ્યગુણા. ત્યાર પછીના દેવલોકના દેવો લગભગ ચારે ય દિશામાં સરખા હોય છે.

વધારે કે ઓછા હોવાના કારણો ઉપર બતાવ્યા છે. તે સિવાય સ્વભાવિકપણે

ઓછા-વધતા હોય છે. જેમ કે વ્યંતર, જ્યોતિષી પૂર્વ-પશ્ચિમમાં સ્વભાવથી જ ઓછા અને ઉત્તર દક્ષિણમાં સ્વભાવથી જ વધારે હોય છે.

(૧૨) સિદ્ધના જીવ સૌથી ઓછા ઉત્તર દક્ષિણમાં, કારણ કે ભરત, એરવત ક્ષેત્ર નાના છે. **તેનાથી** પૂર્વમાં સંખ્યાતગુણા. **તેનાથી** પશ્ચિમમાં વિશેષાધિક. થોકડામાં આ દિશા સંબંધી અલ્પબહુત્વ **દિશાણુવાઈના થોકડા** રૂપે પ્રસિદ્ધ છે.

**પ્રશ્ન–૩ : ઉંચાલોક આદિ ૬ ક્ષેત્ર કયા પ્રકારે કહેવામાં આવ્યા છે ?**

**ઉત્તર–** અહીં ક્ષેત્ર સંબંધી ૬ બોલ આ પ્રમાણે કહ્યા છે– **(૧) ઊંચો લોક–** સમભૂમિથી ૯૦૦ જોજન ઉપર ગયા પછીથી લઈને ઉપર લોકના અંત સુધીનો ભાગ ઊંચો કે ઉર્ધ્વલોક કહેવાય છે.

**(૨) નીચોલોક–** સમભૂમિથી ૯૦૦ યોજન નીચે ગયા પછી શરૂ કરીને નીચે લોકના અંત સુધીનો ભાગ નીચોલોક કે અધોલોક કહેવાય છે.

**(૩) તિરછાલોક–** સમભૂમિથી ૯૦૦ યોજન નીચે અને ૯૦૦ યોજન ઉપર આમ કુલ ૧૮૦૦ યોજન ઉપર નીચે તથા ચારે દિશામાં લોકાંત સુધીનો ભાગ તિરછાલોક કહેવાય છે.

**(૪) ત્રૈલોક–** જ્યારે જ્યારે ઉપરથી નીચે અને નીચેથી ઉપર જીવના આત્મ-પ્રદેશોથી ત્રણેલોકનો સ્પર્શ થાય છે અર્થાત્ વાટેવહેતા જીવ અને મરણ સમુદ્દ્ઘાતમાં રહેલા જીવો ત્રણે લોકને એક સાથે સ્પર્શ કરે છે. આ આત્મ-પ્રદેશોથી અવગાહિત ક્ષેત્રને ત્રૈલોક કહેવામાં આવે છે.

**(૫) અધોલોક તિરિયલોક–** અધોલોકનો ઉપરનો પ્રતર અને તિરછાલોકના નીચેનો છેલ્લો પ્રતર એમ બંને મળીને અધોલોક તિરિયલોક કહેવાય છે.

**(૬) ઉર્ધ્વલોક તિરિય લોક–** ઉર્ધ્વલોકના નીચેનો એક પ્રતર અને તિરછા લોકનો ઉપરનો છેલ્લો એક પ્રતર એમ બંને મળીને ઉર્ધ્વલોક તિરિયલોક કહેવાય છે.

**વિશેષ**–(૧) ઉર્ધ્વલોક સાત રાજુથી કંઈક ઓછો છે અને અધોલોક સાત રાજુથી કંઈક અધિક છે. (૨) ત્રૈલોકમાં તિરછાલોકનું સંપૂર્ણ ક્ષેત્ર આવી જાય છે. બાકીના બંને ઊર્ધ્વ–અધોલોકનો એક દેશ અથવા સંપૂર્ણ પણ હોઈ શકે છે.

**પ્રશ્ન–૪ : આ ૬ ક્ષેત્રોમાં જીવનું અલ્પબહુત્વ કયા પ્રકારે છે ?**





**ઉત્તર–** ચાર દિશાઓની જેમ આ ૬ ક્ષેત્ર સરખા નથી પરંતુ વિભિન્ન ક્ષેત્રફળ વાળા છે. તેથી આ અલ્પબહુત્વમાં સૂક્ષ્મ જીવોને પણ સામેલ ગણવામાં આવ્યા છે. જેનાથી (૧) સમુચ્ચયજીવ (૨) સમુચ્ચય તિર્યંચ (૩) સમુચ્ચય એકેન્દ્રિય (૪થી૮) પાંચ સ્થાવર. આ આઠ બોલોનું અલ્પબહુત્વ એક સરખું (સૂક્ષ્મની મુખ્યતાથી) છે.

**સમુચ્ચયજીવ આદિ આઠ– ૧.** સૌથી ઓછા ઉર્ધ્વલોક તિરિયલોકને સ્પર્શતા જીવ. **૨.** તેનાથી અધોલોક તિરિયલોકને સ્પર્શતા જીવ વિશેષાધિક છે, અધોલોક કંઈક મોટો છે તેથી. **૩.** તેનાથી તિરછા લોકમાં રહેતા જીવ અસંખ્યગુણા કારણ કે ક્ષેત્ર મોટું છે તેથી સ્વસ્થાનગત જીવ વધારે હોય છે. **૪.** તેનાથી ત્રણે લોકને સ્પર્શતા જીવ અસંખ્યગુણા–કેમ કે ઉર્ધ્વલોક અને અધોલોક ઘણા મોટા છે તેના વાટેવહેતા અને સમુદ્દ્ઘાતવાળા બધા જીવ ગણેલ છે. **૫.** તેનાથી ઉર્ધ્વ-લોકના જીવ અસંખ્યગણા કારણ કે તેમાં સ્વસ્થાનગત જીવ પૂરા ઉર્ધ્વલોકમાં સમાયેલ છે. **૬.** તેનાથી નીચાલોકના જીવ વિશેષાધિક કેમ કે સ્વસ્થાન સ્થિતનું અધોલોક ક્ષેત્ર ઉર્ધ્વલોકથી કંઈક મોટું છે.

**ત્રણ વિકલેન્દ્રિય જીવ– ૧.** સૌથી ઓછા ઉર્ધ્વ લોકમાં, કારણ કે દેવલોકમાં વિકલેન્દ્રિય હોતા નથી તેથી સ્વસ્થાન ઓછા હોય છે. **૨.** તેનાથી ઉર્ધ્વલોક તિરિયલોકમાં અસંખ્યાતગુણા, કારણ કે તિરછાલોકમાં સ્વસ્થાન ઉત્પત્તિ સ્થાન વધારે હોય છે. **૩.** તેનાથી ત્રૈલોકના સ્પર્શવાળા અસંખ્યાતગુણા કારણ કે ઉર્ધ્વલોક અને અધોલોકના ક્ષેત્ર વિશાળ છે. જેનાથી વાટેવહેતા અને સમુદ્દ્ઘાત ગત જીવ એકેન્દ્રિયમાં આવવા–જવાવાળા(ગતાગત)વધારે હોય છે. **૪.** તેનાથી અધોલોક તિરિયલોકના સ્પર્શવાળા અસંખ્યાતગુણા, કારણ કે તિરછાલોકમાં સમુદ્રો હોવાથી સ્વસ્થાનગત વિકલેન્દ્રિય જીવ વધારે છે. તેમજ વાટેવહેતા અને સમુદ્દ્ઘાતગત જીવ પણ અધોલોકથી આવવાવાળા વધુ હોય છે. **૫.** તેનાથી અધોલોકમાં રહેતા વિકલેન્દ્રિય જીવ સંખ્યાતગુણા, કારણ કે સમુદ્રોના ૧૦૦ યોજન ક્ષેત્ર નીચાલોકમાં આવેલા છે. **૬.** તેનાથી તિરછા લોકમાં વિકલેન્દ્રિય જીવ સંખ્યાતગણા, કારણ કે ૯૦૦ યોજનમાં સમુદ્રી જળ વધારે છે.

**ત્રસ અને સમુચ્ચય પંચેન્દ્રિય–** અહીં ચારે ગતિના પંચેન્દ્રિય જીવોનો સમાવેશ થાય છે. **૧.** સૌથી ઓછા ત્રણે લોકને સ્પર્શ કરનારા. કારણ કે આવા સમુદ્દ્ઘાત કરનારા અને વાટેવહેતા પંચેન્દ્રિય અથવા ત્રસ થોડા હોય છે. **૨.**તેનાથી

ઉર્ધ્વલોક તિરિયલોકને સ્પર્શ કરનારા ત્રસ કે પંચેન્દ્રિય સંખ્યાતગુણા **૩.** તેનાથી અધોલોક તિરિયલોકને સ્પર્શ કરનારા સંખ્યાતગણા **૪–૫.** તેનાથી ઉર્ધ્વલોક અધોલોકના સ્વસ્થાનગત ત્રસ કે પંચેન્દ્રિય ક્રમશઃ સંખ્યાતગણા **૬.** તેનાથી તિરછાલોકમાં રહેતા સ્વસ્થાનગત પંચેન્દ્રિય કે ત્રસ અસંખ્યાતગુણા.

**તિર્યંચાણી– ૧.** સૌથી ઓછા ઉર્ધ્વલોકમાં **૨.** તેનાથી ઉર્ધ્વલોક તિરિયલોકમાં અસંખ્યાતગુણા, ઉર્ધ્વલોકના એકેન્દ્રિય આદિ તિર્યંચાણીમાં ઉત્પન્ન થતા હોય ત્યારે વાટેવહેતા જીવ તેમજ તિર્યંચાણી જીવ ઉર્ધ્વલોકમાં ઉત્પન્ન થતા પહેલાં સમુદ્દ્ઘાતમાં આ બંને પ્રતરોને સ્પર્શ કરે છે. **૩.** તેનાથી ત્રણે લોકને સ્પર્શ કરનારા ઉપપાત અને સમુદ્દ્ઘાત અવસ્થાવાળી તિર્યંચાણી સંખ્યાતગુણી હોય છે. **૪.** તેનાથી અધોલોક અને તિરિયલોકને સ્પર્શ કરનારી તિર્યંચાણી સંખ્યાત ગણી હોય છે. ઉર્ધ્વલોક તિરિય લોકની સમાન સમજવું. **૫.** તેનાથી સ્થાનસ્થિત અધોલોકમાં સંખ્યાતગણી ૧૦૦ યોજન સમુદ્ર નીચાલોકમાં હોવાથી. **૬.** તેનાથી સ્થાનસ્થિત તિરછાલોકમાં તિર્યંચાણી સંખ્યાતગણી. ૯૦૦ યોજન ઊંડા સમુદ્ર હોવાથી.

**મનુષ્ય–મનુષ્યાણી– ૧.** સૌથી ઓછા ત્રણે લોકને સ્પર્શ કરનારા મનુષ્ય સમુદ્દ્ઘાતની અપેક્ષાએ **૨.** તેનાથી ઉર્ધ્વલોક તિરિયલોકમાં સંખ્યાતગણા **૩.** તેનાથી અધોલોક તિરિયલોકમાં સંખ્યાતગણા. **૪.** તેનાથી ઉર્ધ્વલોકમાં સંખ્યાત ગણા **૫.** તેનાથી અધોલોકમાં સંખ્યાતગણા **૬.** તેનાથી તિરછાલોકમાં સંખ્યાત ગણા. મનુષ્યાણી સર્વત્ર સંખ્યાતગણી હોય છે. મનુષ્યના બોલમાં સમુચ્છિંમ મનુષ્ય સમાવિષ્ટ હોવાથી બીજા નંબરે ઉર્ધ્વલોક–તિરિયલોકમાં અસંખ્યાત ગણા, બાકીના બધા બોલ મનુષ્ય–મનુષ્યાણીના એક સરખા છે.

**નારકી–૧.** સૌથી ઓછા ત્રણે લોકને સ્પર્શ કરનારા **૨.** તેનાથી અધોલોક તિરિયલોકમાં અસંખ્યાતગણા **૩.** તેનાથી અધોલોકમાં અસંખ્યાતગણા.

**દેવ–દેવી સમુચ્ચય– ૧.** સૌથી ઓછા ઉર્ધ્વલોકમાં **૨.** તેનાથી ઉર્ધ્વલોક-તિરિયલોકમાં સંખ્યાતગણા **૩.** તેનાથી ત્રણેય લોકને સ્પર્શનારા સંખ્યાતગણા **૪.** તેનાથી અધોલોક તિરિયલોકને સ્પર્શનારા સંખ્યાતગણા, વ્યંતર અને ભવનપતિની આવાગમનની અપેક્ષાએ **૫.** તેનાથી અધોલોકમાં સંખ્યાતગણા, કેમકે અહીં ભવનપતિ દેવના સ્વસ્થાન છે. **૬.** તેનાથી તિરછાલોકમાં દેવ સંખ્યાતગુણા, વ્યંતર જ્યોતિષી બંને પ્રકારના દેવોના સ્વસ્થાન છે.





**ભવનપતિદેવ– ૧.** સહુથી ઓછા ઉર્ધ્વલોકમાં **૨.** તેનાથી ઉર્ધ્વલોક-તિરિયલોકને સ્પર્શનારા અસંખ્યાતગણા, તિરછાલોકના અસંખ્ય દ્વીપસમુદ્રોમાં રહેનારા માલિકદેવોના ઉપપાત–સમુદ્દ્ઘાતની અપેક્ષાએ **૩.** તેનાથી ત્રણે લોકને સ્પર્શનારા સંખ્યાતગુણા, ઉપપાત સમુદ્દ્ઘાતની અપેક્ષાએ. **૪.** તેનાથી અધોલોક તિરિયલોકના બે પ્રતરોને સ્પર્શનારા અસંખ્યાતગણા, આ પણ ઉપપાત–સમુદ્દ્ઘાતની અપેક્ષાએ. **૫.** તેનાથી તિરછાલોકના સ્વસ્થાનગતની અપેક્ષા અસંખ્યાતગણા. **૬.** તેનાથી નીચાલોકના સ્વસ્થાનગતની અપેક્ષાએ અસંખ્યાતગણા.

**નોટ**–અહીં ક્ષેત્રની અપેક્ષાથી આ અલ્પબહુત્વમાં સંખ્યાતગણા કે અસંખ્યાત ગણા જે મૂળપાઠ મળે છે તેને જ પ્રમાણભૂત માનીને સ્વીકાર કરવો રહ્યો. કેમકે ક્યાંક આ સંબંધી તર્કનું સમાધાન થાય છે અને ક્યાંક કોઈ સમાધાન થતું નથી.

**વ્યંતરદેવ– ૧.** સૌથી ઓછા ઉર્ધ્વલોકમાં. **૨.** તેનાથી ઉર્ધ્વલોક તિરિયલોકમાં અસંખ્યાતગણા. **૩.** તેનાથી ત્રણ લોકને સ્પર્શનારા સંખ્યાતગણા. ૪. તેનાથી અધોલોક–તિરિયલોકને સ્પર્શનારા અસંખ્યાતગણા. **૫.** તેનાથી અધોલોકમાં સંખ્યાતગણા. **૬.** તેનાથી તિરછાલોકના સ્વસ્થાનગત સંખ્યાતગુણા.

**નોંધ**–તિરછાલોક તેના માટે ખાસ સ્વસ્થાન છે છતાં તેને માટે અસંખ્યાત ગણાનો પાઠ મળતો નથી.

**જ્યોતિષી દેવ– ૧.** સૌથી ઓછા ઉર્ધ્વલોકમાં. **૨.** તેનાથી ઉર્ધ્વલોક તિરિયલોકને સ્પર્શનારા અસંખ્યાતગણા. તિરછા લોકના સીમાંતવર્તી તેમજ ગમનાગમન કરનારા દેવોની અપેક્ષાએ. **૩.** તેનાથી ત્રણે લોકને સ્પર્શનારા સંખ્યાતગણા. **૪.** તેનાથી અધોલોક તિરિયલોકને સ્પર્શનારા જ્યોતિષી અસંખ્યાતગણા. ઉપપાત સમુદ્દ્ઘાતની અપેક્ષાએ સમુદ્રના પંચેન્દ્રિય જીવોમાં. **૫.** તેનાથી અધોલોકમાં રહેતા જ્યોતિષી દેવ સંખ્યાતગણા. [**નોંધ**–આ બોલ કોઈ રીતે સમજમાં આવે તેમ નથી. તર્ક કે કલ્પનાથી આ પાંચમો બોલ સૌથી પહેલા અર્થાત્ ઉર્ધ્વલોકથી પણ પહેલા હોવો જોઈએ. કેમ કે ઉર્ધ્વલોક તો જ્યોતિષી વિમાનોથી નજીક છે. સેંકડો, હજારો, અસંખ્ય દેવ ભ્રમણ કરી શકે છે પરંતુ સ્વતંત્ર અધોલોક અને જ્યોતિષી દેવોનો એવો કોઈ સંબંધ જામતો નથી. માત્ર સલીલાવતી અને વિપ્રા આ વિજયોમાં ક્યારેક પ્રસંગોપાત સંખ્યાત દેવ મળી શકે છે જે ઉર્ધ્વલોકના પ્રથમ બોલથી ઓછા જ હોવાની શક્યતા

છે.] ૬. તેનાથી તિરછાલોકમાં સ્વસ્થાનગત જ્યોતિષી દેવ અસંખ્યાતગણા.

**વૈમાનિકદેવ– ૧.** સૌથી ઓછા ઊર્ધ્વલોક-તિરછાલોકને સ્પર્શનારા ઉપપાત-સમુદ્ઘાત(ગમનાગમન)ની અપેક્ષા. **૨.** તેનાથી ત્રણે લોકને સ્પર્શનારા સંખ્યાતગણા. **૩.** તેનાથી અધોલોક તિરિયલોકને સ્પર્શતા સંખ્યાતગણા. **૪.** તેનાથી અધોલોકમાં રહેલા વૈમાનિક સંખ્યાતગણા. **૫.** તેનાથી તિરછાલોકમાં રહેલા વૈમાનિક સંખ્યાતગુણા. ૬. તેનાથી ઉર્ધ્વલોકમાં સ્વસ્થાન સ્થિત વૈમાનિક અસંખ્યાતગણા.

**નોંધ–**આ વૈમાનિક દેવોનું અલ્પબહુત્વ આગમ પ્રમાણથી પણ સમજવામાં આવે તેમ નથી. કારણ કે ઉપપાત સમુદ્ઘાતવાળા જીવ ઉપર કહ્યા પ્રમાણે પહેલા અને બીજા બોલમાં અસંખ્ય હોઈ શકે છે. તથા ત્રીજા, ચોથા અને પાંચમા બોલમાં સંખ્યાત દેવો જ સંભવ હોઈ શકે છે. તેથી ત્રીજા, ચોથા, પાંચમા બોલને પહેલા બીજા અને ત્રીજા બોલ કહેવામાં આવે, પછી બીજાને ચોથો અને પહેલાને પાંચમો બોલ કહેવામાં આવે તો તર્ક સંગત થાય છે. જેમકે– (૧) સૌથી ઓછા અધોલોક તિરિયલોકને સ્પર્શનારા દેવ(સંખ્યાતા). ૨. તેનાથી અધોલોકમાં આવેલા દેવ સંખ્યાતગણા. ૩. તેનાથી તિરછાલોકમાં આવેલ વૈમાનિક દેવ સંખ્યાતગણા. ૪. તેનાથી ત્રણે લોકને સ્પર્શ કરનારા ઉપપાત-સમુદ્ઘાતવાળા અસંખ્યાતગણા. ૫. તેનાથી ઉર્ધ્વલોક તિરિયલોકને સ્પર્શ કરનારા ઉપપાત-સમુદ્ઘાતવાળા સંખ્યાતગણા. ૬. તેનાથી ઉર્ધ્વલોકના વૈમાનિક સ્વસ્થાન હોવાથી અસંખ્યાતગણા.

આ રીતે જ્યોતિષી અને વૈમાનિકમાં ક્ષેત્રની અપેક્ષાવાળી અલ્પબહુત્વ સંબંધી મૂળપાઠ અનુસાર સત્યાર્થ પરંપરા ઉપલબ્ધ થતી નથી અથવા તો ક્યારેક મૂળપાઠમાં લિપિ–પ્રમાદ દોષ થયો હોય તેવું સ્વીકારી શકાય. તત્ત્વ કેવલીગમ્ય. ***તમેવ સચ્ચં ણિસંકં જં જિણેહિ પવેઈયં*** આ વાક્યથી છદ્મસ્થોએ અનાગ્રહભાવ રાખી જિનવચનો પ્રતિ શ્રદ્ધા દ્રઢ રાખવી જોઈએ.

## પ્રશ્ન–૫ : આ ક્ષેત્રીય અલ્પબહુત્વ સંબંધી સંક્ષિપ્તમાં કેવી રીતે સમજી શકાય ?

**ઉત્તર–** ક્ષેત્રલોકના ૬ બોલોમાં જીવોનું અલ્પબહુત્વ સંક્ષેપમાં નીચે મુજબ છે–[**સૂચના :–** *કોષ્ટકમાં સૂચવેલા આંકડા અલ્પબહુત્વના ક્રમ નંબર છે. જેમ કે– (૧) સમુચ્ચય તિર્યંચ સહુથી થોડા ઊર્ધ્વલોક-તિરિયલોકમાં (૨) તેનાથી અધોલોક-તિરિયલોકમાં વિશેષાધિક (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યગણા*





*(૪) તેનાથી ત્રણે લોકમાં અસંખ્યગણા (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યગણા (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક]*

***સંક્ષિપ્ત અક્ષરોની ઓળખાણ :*** *અસં૦ = અસંખ્યાતગણા, સં૦, સંખ્ય૦ = સંખ્યાતગણા, વિશે૦ = વિશેષાધિક. ઉર્ધ્વ-તિરિય૦ = ઉર્ધ્વલોક તિરછાલોક, અધો-તિરિય૦ = અધોલોક તિરછાલોક*

## ક્ષેત્રલોકમાં જીવોનું અલ્પબહુત્વ :–

| ક્રમ | જીવ | ઉર્ધ્વલોક | અધોલોક | તિરછાલોક | ઉર્ધ્વ-તિરિય | અધો-તિરિય | ત્રણે લોક |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સમુચ્ચય–તિર્યંચ, એકેન્દ્રિય, ૫ સ્થાવર | ૫ અસં૦ | ૬ વિશે૦ | ૩ અસં૦ | ૧ અલ્પ | ૨ વિશે૦ | ૪ અસં૦ |
| ૨ | ત્રણ વિકલે૦ | ૧ અલ્પ | ૫ સંખ્ય૦ | ૬ અસં૦ | ૨ અસં૦ | ૪ અસં૦ | ૩ અસં૦ |
| ૩ | પંચેન્દ્રિય | ૪ સં૦ | ૫ સં૦ | ૬ અસં૦ | ૨ સં૦ | ૩ સં૦ | ૧ અલ્પ |
| ૪ | ત્રસ | ૪ સં૦ | ૫ સં૦ | ૬ અસં૦ | ૨ સં૦ | ૩ સં૦ | ૧ અલ્પ |
| ૫ | તિર્યંચાણી | ૧ અલ્પ | ૫ સંખ્ય૦ | ૬ સં૦ | ૨ અસં૦ | ૪ અસં૦ | ૩ સં૦ |
| ૬ | મનુષ્ય | ૪ સં૦ | ૫ સંખ્ય૦ | ૬ સં૦ | ૨ અસં૦ | ૩ અસં૦ | ૧ અલ્પ |
| ૭ | મનુષ્યાણી | ૪ સં૦ | ૫ સંખ્ય૦ | ૬ સં૦ | ૨ સંખ્ય | ૩ સં૦ | ૧ અલ્પ |
| ૮ | નારકી | — | ૩ અસં૦ | — | — | ૨ અસં૦ | ૧ અલ્પ |
| ૯ | દેવ-દેવી | ૧ અલ્પ | ૫ સંખ્ય૦ | ૬ સં૦ | ૨ અસં૦ | ૪ સં૦ | ૩ સં૦ |
| ૧૦ | ભવનપતિ | ૧ અલ્પ | ૬ અસં૦ | ૫ અસં૦ | ૨ અસં૦ | ૪ અસં૦ | ૩ સં૦ |
| ૧૧ | વાણવ્યંતર | ૧ અલ્પ | ૫ સં૦ | ૬ સં૦ | ૨ અસં૦ | ૪ અસં૦ | ૩ સં૦ |
| ૧૨ | જ્યોતિષી | ૧ અલ્પ | ૫ સં૦ | ૬ અસં૦ | ૨ અસં૦ | ૪ અસં૦ | ૩ સં૦ |
| ૧૩ | વૈમાનિક | ૬ અસં૦ | ૪ સં૦ | ૫ સંખ્ય૦ | ૧ અલ્પ | ૩ સં૦ | ૨ સં૦ |

## પ્રશ્ન–૬ : દ્રવ્યોનું તેમજ આયુષ્ય કર્મબંધક આદિ ૧૪ બોલોનું અલ્પ–બહુત્વ કયા પ્રકારે છે. ?

**ઉત્તર– ષટ્દ્રવ્ય–** (૧) સૌથી થોડા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય દ્રવ્યથી, ત્રણે એક-એક હોવાથી સમાન છે. (૨) તેનાથી ધર્માસ્તિકાય અધર્માસ્તિકાયના પ્રદેશ અસંખ્યગણા અને પરસ્પર તુલ્ય (સમાન) છે. (૩) તેનાથી જીવાસ્તિકાય દ્રવ્ય અનંતગણા (૪) તેનાથી જીવાસ્તિકાયના પ્રદેશ અસંખ્યગણા (૫) તેનાથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય અનંતગણા (૬) અને તેના

જ પ્રદેશો અસંખ્યગણા (૭) તેનાથી અદ્ધા સમય અપ્રદેશાર્થ અનંતગણા (૮) તેનાથી આકાશાસ્તિકાયના પ્રદેશ અનંતગણા.

(૧) સૌથી થોડા જીવ દ્રવ્ય (૨) પુદ્ગલ દ્રવ્ય અનંતગણા (૩) અદ્ધા સમય અનંતગણા (૪) સર્વ દ્રવ્ય વિશેષાધિક (૫) સર્વ પ્રદેશ અનંતગણા (૬) સર્વ પર્યાય અનંતગણા છે.

**(૪) આયુષ્ય કર્મ બંધક આદિ ૧૪ બોલ :–** (૧) સૌથી થોડા આયુષ્યના બંધક (૨) તેનાથી અપર્યાપ્ત સંખ્યગણા (૩) તેનાથી સુપ્ત જીવ સંખ્યાતગણા (૪) તેનાથી સમુદ્ઘાતવાળા સંખ્યાતગણા (૫) તેનાથી સાતાવેદક સંખ્યાત ગણા (૬) તેનાથી ઈન્દ્રિયોપયુક્ત સંખ્યાતગણા (૭) તેનાથી અનાકારોપયુક્ત સંખ્યાતગણા (૮) તેનાથી સાકારોપયુક્ત સંખ્યાતગણા (૯) તેનાથી નોઈન્દ્રિ-યોપયુક્ત વિશેષાધિક (૧૦) તેનાથી અશાતા વેદક વિશેષાધિક (૧૧) તેનાથી સમુદ્ઘાત રહિત વિશેષાધિક (૧૨) તેનાથી જાગૃત વિશેષાધિક (૧૩) તેનાથી પર્યાપ્ત જીવ વિશેષાધિક (૧૪) તેનાથી આયુષ્યના અબંધક જીવ વિશેષાધિક.

**પ્રશ્ન–૭ : સમસ્ત જીવોનું સમ્મિલિત અલ્પબહુત્વ કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** સર્વ પ્રકારના જીવોના વિકલ્પ ૯૪ અને ૪ નિગોદશરીર એમ કુલ ૯૮ બોલોનું અલ્પબહુત્વ આ પદમાં કહેવામાં આવેલ છે. જેને **મહાદંડક** થોકડાના નામથી પણ કહેવાય છે.

**મહાદંડક : ૯૮ બોલોનું અલ્પબહુત્વ :–**

૧. સૌથી થોડા ગર્ભજ મનુષ્ય ૨. મનુષ્યાણી સંખ્યાતગણી ૩. બાદર તેઉકાયના પર્યાપ્ત અસંખ્યાતગણા ૪. અણુત્તર વિમાનના દેવ અસંખ્યગણા ૫. ઉપરી ગ્રૈવેયક ત્રિકના દેવ સંખ્યાતગણા ૬. મધ્યમ ત્રિકના દેવ સંખ્યાતગણા ૭. નીચેની ત્રિકના દેવ સંખ્યાતગણા ૮. બારમા દેવલોકના દેવ સંખ્યાતગણા ૯. અગિયારમા દેવલોકના દેવ સંખ્યાતગણા ૧૦. દસમા દેવલોકના દેવ સંખ્યાતગણા ૧૧. નવમા દેવલોકના દેવ સંખ્યાતગણા

૧૨. સાતમી નરકના નારકી અસંખ્યાતગણા ૧૩. છઠ્ઠી નરકના નારકી અસંખ્યાતગણા ૧૪. આઠમા દેવલોકના દેવ અસંખ્યાતગણા ૧૫. સાતમા દેવલોકના દેવ અસંખ્યાતગણા ૧૬. પાંચમી નરકના નૈરયિક અસંખ્યાતગણા ૧૭. છઠ્ઠા દેવલોકના દેવ અસંખ્યાતગણા ૧૮. ચોથી નરકના નૈરયિક અસંખ્યાત ગણા ૧૯. પાંચમા દેવલોકના દેવ અસંખ્યાતગણા ૨૦. ત્રીજી નરકના નૈરયિક





અસંખ્યાતગણા ૨૧. ચોથા દેવલોકના દેવ અસંખ્યાતગણા ૨૨. ત્રીજા દેવલોકના દેવ અસંખ્યાતગણા ૨૩. બીજી નરકના નૈરયિક અસંખ્યગણા ૨૪. સંમૂર્ચ્છિમ મનુષ્ય અસંખ્યાતગણા.

૨૫. બીજા દેવલોકના દેવ અસંખ્યાતગણા ૨૬. બીજા દેવલોકની દેવીઓ સંખ્યાતગણી ૨૭. પહેલા દેવલોકના દેવ સંખ્યાતગણા ૨૮. પહેલા દેવલોકની દેવીઓ સંખ્યાતગણી ૨૯. ભવનપતિ દેવ અસંખ્યાતગણા ૩૦. ભવનપતિ દેવીઓ સંખ્યાતગણી ૩૧. પહેલી નરકના નૈરયિક અસંખ્યાતગણા.

૩૨. ખેચર તિર્યંચ પુરુષ અસંખ્યાતગણા ૩૩. ખેચર તિર્યંચાણી સંખ્યાતગણી ૩૪. સ્થળચર તિર્યંચ પુરુષ સંખ્યાતગણા ૩૫. સ્થળચર તિર્યંચાણી સંખ્યાતગણી ૩૬. જળચર તિર્યંચ પુરુષ સંખ્યાતગણા ૩૭. જળ ચર તિર્યંચાણી સંખ્યાતગણી.

૩૮. વાણવ્યંતર દેવ સંખ્યાતગણા ૩૯. વાણવ્યંતર દેવીઓ સંખ્યાત ગણી ૪૦. જ્યોતિષી દેવ સંખ્યાતગણા ૪૧. જ્યોતિષી દેવીઓ સંખ્યાતગણી.

૪૨. ખેચર સંજ્ઞી નપુંસક સંખ્યાતગણા ૪૩. સ્થળચર સંજ્ઞી નપુંસક સંખ્યાતગણા ૪૪. જળચર સંજ્ઞી નપુંસક સંખ્યાતગણા.

૪૫. ચૌરેન્દ્રિયના પર્યાપ્ત સંખ્યાતગણા ૪૬. પંચેન્દ્રિયના પર્યાપ્ત વિશેષાધિક ૪૭. બેઈન્દ્રિયના પર્યાપ્ત વિશેષાધિક ૪૮. તેઈન્દ્રિયના પર્યાપ્ત વિશેષાધિક ૪૯. પંચેન્દ્રિયના અપર્યાપ્ત અસંખ્યાતગણા ૫૦. ચૌરેન્દ્રિયના અપર્યાપ્ત વિશેષાધિક ૫૧. તેઈન્દ્રિયના અપર્યાપ્ત વિશેષાધિક ૫૨. બેઈન્દ્રિયના અપર્યાપ્ત વિશેષાધિક.

૫૩. પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિ પર્યાપ્ત અસંખ્યાતગણા ૫૪. બાદર નિગોદ શરીર પર્યાપ્તા અસંખ્યાતગણા ૫૫. બાદર પૃથ્વીકાયના પર્યાપ્તા અસંખ્યાતગણા ૫૬. બાદર અપ્કાયના પર્યાપ્તા અસંખ્યાતગણા ૫૭. બાદર વાયુકાયના પર્યાપ્તા અસંખ્યાતગણા.

૫૮. બાદર તેઉકાયના અપર્યાપ્તા અસંખ્યાતગણા ૫૯. પ્રત્યેક શરીરી વનસ્પતિના અપર્યાપ્તા અસં.ગણા ૬૦. બાદર નિગોદ અપર્યાપ્તા અસંખ્યાત ગણા ૬૧. બાદર પૃથ્વીકાયના અપર્યાપ્તા અસંખ્યાતગણા ૬૨. બાદર અપ્કાયના અપર્યાપ્તા અસંખ્યાતગણા ૬૩. બાદર વાયુકાયના અપર્યાપ્તા અસંખ્યાતગણા.

૬૪. સૂક્ષ્મ તેઉકાયના અપર્યાપ્તા અસંખ્યાતગણા ૬૫. સૂક્ષ્મ પૃથ્વી-કાયના અપર્યાપ્તા વિશેષાધિક ૬૬. સૂક્ષ્મ અપ્કાયના અપર્યાપ્તા વિશેષાધિક ૬૭. સૂક્ષ્મ વાયુકાયના અપર્યાપ્તા વિશેષાધિક ૬૮. સૂક્ષ્મ તેઉકાયના પર્યાપ્તા સંખ્યાતગણા ૬૯. સૂક્ષ્મ પૃથ્વીકાયના પર્યાપ્તા વિશેષાધિક ૭૦. સૂક્ષ્મ અપ્કાયના પર્યાપ્તા વિશેષાધિક ૭૧. સૂક્ષ્મ વાયુકાયના પર્યાપ્તા વિશેષાધિક ૭૨. સૂક્ષ્મ નિગોદ(શરીર) અપર્યાપ્તા અસંખ્યાતગણા ૭૩. સૂક્ષ્મ નિગોદ (શરીર) પર્યાપ્તા સંખ્યાતગણા.

૭૪. અભવી અનંત ગણા ૭૫. પડિવાઈ સમ્યગ્દષ્ટિ અનંતગણા ૭૬. સિદ્ધ અનંત ગણા.

૭૭. બાદર વનસ્પતિના પર્યાપ્તા અનંત ગણા ૭૮. બાદરના (ત્રસ-સ્થાવર બધા બાદર) પર્યાપ્તા વિશેષાધિક ૭૯. બાદર વનસ્પતિના અપર્યાપ્તા અસંખ્યાતગણા ૮૦. બાદરના અપર્યાપ્તા વિશેષાધિક ૮૧. બાદર(પર્યાપ્તા–અપર્યાપ્તા બંને) વિશેષાધિક.

૮૨. સૂક્ષ્મ વનસ્પતિના અપર્યાપ્તા અસંખ્યાતગણા ૮૩. સૂક્ષ્મના (પાંચ સ્થાવરના) અપર્યાપ્તા વિશેષાધિક ૮૪. સૂક્ષ્મ વનસ્પતિના પર્યાપ્તા સંખ્યાતગણા ૮૫. સૂક્ષ્મના પર્યાપ્તા વિશેષાધિક ૮૬. સૂક્ષ્મ (પર્યાપ્તા-અપર્યાપ્તા બંને) વિશેષાધિક.

૮૭. ભવી જીવ વિશેષાધિક ૮૮. નિગોદના જીવ વિશેષાધિક ૮૯. વનસ્પતિ જીવ વિશેષાધિક ૯૦. એકેન્દ્રિય જીવ વિશેષાધિક ૯૧. તિર્યંચ જીવ વિશેષાધિક.

૯૨. મિથ્યા દષ્ટિ જીવ વિશેષાધિક ૯૩. અવિરત જીવ વિશેષાધિક ૯૪. સકષાયી જીવ વિશેષાધિક ૯૫. છદ્મસ્થ જીવ વિશેષાધિક ૯૬. સયોગી જીવ વિશેષાધિક ૯૭. સંસારી જીવ વિશેષાધિક ૯૮. સર્વ જીવ વિશેષાધિક

**અલ્પબહુત્વ સંબંધી વિશેષ જ્ઞાતવ્ય :–** (૧) મનુષ્યથી મનુષ્યાણી ઉત્કૃષ્ટ ૨૭ ગણી ૨૭ અધિક હોય છે. દેવથી દેવી ઉકૃષ્ટ ૩૨ ગણી ૩૨ વધુ હોય છે અને સંજ્ઞી તિર્યંચથી તિર્યંચાણી ૩ ગુણી ૩ અધિક હોય છે.

(૨) વૈમાનિક તથા ભવનપતિ દેવ નારકીથી ઓછા છે પરંતુ વ્યંતર અને જ્યોતિષી દેવ નારકીથી વધારે છે. તેથી નારકીથી દેવ વધારે હોય છે.

(૩) સંજ્ઞી તિર્યંચ પુઢષ તેમજ સ્ત્રીથી વ્યંતર જ્યોતિષી દેવ અધિક છે પરંતુ





સંજ્ઞી તિર્યંચ નપુંસકના જીવ દેવોથી અધિક છે. માટે દેવોથી સમુચ્ચય સંજ્ઞી તિર્યંચ વધારે છે, કારણ કે દેવોનો અંતિમ બોલ ૪૧મો છે અને સંજ્ઞી તિર્યંચ નપુંસકનો અંતિમ બોલ ૪૪મો છે.

(૪) સંમૂચ્છિર્મ મનુષ્ય અને બાદર તેઉકાયને છોડીને ૪૪ બોલ સુધી સર્વે બોલ સંજ્ઞીના છે. ૪૫મા બોલથી અસંજ્ઞી જીવ છે. ૪૬ અને ૪૯માં અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય તેમજ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય બંનેનો સમાવેશ છે.

(૫) બાદરમાં અપર્યાપ્ત અસંખ્યાત ગણા અધિક હોય છે અને સૂક્ષ્મમાં પર્યાપ્ત સંખ્યાતગણા અધિક હોય છે.

(૬) ૫૪,૬૦,૭૨,૭૩ એ ચાર બોલમાં નિગોદ શરીર અપેક્ષિત છે, જીવ નહીં. ૮૮મા બોલમાં નિગોદના જીવ અપેક્ષિત છે. અર્થાત્ ૯૮ બોલમાં ૯૪ બોલ જીવના અને ૪ બોલ શરીરના અપેક્ષિત છે.

(૭) બાદર તેઉકાયના પર્યાપ્ત બહુ જ ઓછા હોય છે, એનો બોલ ત્રીજો છે અને અપર્યાપ્તનો બોલ ૫૮મો છે.

(૮) શરૂના બે બોલમાં સંખ્યાતા જીવ છે. ત્રીજાથી ૭૩મા બોલ સુધી અસંખ્યાત જીવ છે અર્થાત્ દેવોમાં જે સંખ્યાતગણા કહેવામાં આવેલ છે તે પૂર્વના બોલની અપેક્ષાથી છે પરંતુ દેવ તો તે બોલમાં અસંખ્યાતા જ સમજવા.

(૯) અનંતના બોલ ૭૪થી પ્રારંભ થાય છે. અર્થાત્ ૭૩ બોલમાં ૭૧ બોલ અસંખ્યાતના છે. બે બોલ સંખ્યાતના છે. અભવી ચોથા અનંતા જેટલા છે. પડિવાઈ સમદષ્ટિ પાંચમા અને સિદ્ધ આઠમા અનંત જેટલા છે. ભવી આઠમા અનંતમાં છે. સર્વ જીવ પણ આઠમા અનંતમાં છે.

(૧૦) ૨૪,૯૫,૯૭ બોલ અશા✓ત છે. તે ક્રમશઃ સંમૂચ્છિર્મ મનુષ્ય, ૧૨મા ગુણસ્થાન તેમજ ૧૪મા ગુણસ્થાન સાથે સંબંધિત છે. આ બંને ગુણસ્થાન પણ અશા✓ત છે. અર્થાત્ જ્યારે ૧૨મા ગુણસ્થાનમાં કોઈ જીવ ન હોય ત્યારે ૯૫મો બોલ બનતો નથી અને જ્યારે ૧૪મા ગુણસ્થાનમાં કોઈ જીવ ન હોય ત્યારે ૯૭મો બોલ બને નહીં.

**અલ્પબહુત્વ ઉપર અનુપ્રેક્ષા :–** સંસારમાં સૌથી અલ્પ મનુષ્યોની સંખ્યા છે. આવડી લાંબી સૂચિમાં મનુષ્યનું સ્થાન સર્વપ્રથમ છે. આ જ કારણે આગમમાં મનુષ્ય ભવ દુર્લભ કહેવામાં આવેલ છે.

નરકમાં નીચે નીચે જીવોની સંખ્યા ઓછી ઓછી હોય છે. તો દેવોમાં

ઉપર ઉપર જીવોની સંખ્યા ઓછી હોય છે. સાતમી નરકમાં જીવો ઉપરની બધી નરકોથી ઓછા છે. તો અણુત્તર દેવ પણ બધા દેવોથી ઓછા હોય છે. અર્થાત્ લોકમાં અત્યંત પુણ્યશાળી જીવ ઓછા હોય છે તો અત્યંત પાપી જીવ પણ ઓછા હોય છે. ઇન્દ્રિયો ઓછી હોય છે, તેમ જીવ વધારે હોય છે. અર્થાત્ પંચેન્દ્રિયથી ચૌરેન્દ્રિય અધિક છે. એકેન્દ્રિય સર્વાધિક છે. એટલે કે વિકાસ પ્રાપ્ત જીવ ઓછા હોય છે. બાવન બોલ સુધી ત્રસ જીવોનું અલ્પબહુત્વ છે. ફક્ત ત્રીજો બોલ સ્થાવરનો છે.

૫૩ થી ૮૯ બોલ સુધી સ્થાવર જીવોનું અલ્પબહુત્વ છે; માત્ર ૭૪, ૭૫, ૭૬ બોલને છોડીને. ૩૮ થી ૪૪ સુધીના બોલ સંખ્યાત ગણા છે, તે અત્યધિક સંખ્યાતગણા છે. માટે એકાધિક બોલ મળવાથી અસંખ્ય ગણા બની જાય છે. જેમ કે– તિર્યંચાણી ૩૭મા બોલથી દેવી(૪૧મો બોલ) અસંખ્યગણી છે. દેવથી (૪૦-૪૧મા બોલથી) સંજ્ઞી તિર્યંચ(૪૪મો બોલ) અસંખ્યગણા છે.

**નોંધ :–** આ વિશાળ અલ્પબહુત્વમાં અનેક લઘુ અલ્પબહુત્વોનો સમાવેશ થઈ જાય છે અને કેટલાક અલ્પબહુત્વ જીવાભિગમ સૂત્રમાં અને આ સૂત્રમાં એક સરખા છે. તે જીવાભિગમમાં દેવાનું ધ્યાન રાખેલ છે. એટલે કે છઠ્ઠા ભાગમાં આપેલ અલ્પબહુત્વનું અહીં પ્રજ્ઞાપના સૂત્રના પ્રશ્નોત્તરમાં પુનઃ કથન કરવામાં આવેલ નથી. તે સિવાય પુદ્ગલ સંબંધી અમુક અલ્પબહુત્વ પ્રજ્ઞાપના સૂત્રમાં જોઈ લેવું.

# પદ–૪ : સ્થિતિ

**પ્રશ્ન–૧ : આ પદમાં સ્થિતિનું વર્ણન કયા પ્રકારે કરવામાં આવેલ છે ?**

**ઉત્તર–** સ્થિતિ–આયુષ્ય. આ પદમાં ચાર ગતિ ૨૪ દંડકના જીવોના ભેદ–પ્રભેદોથી સ્થિતિનું વર્ણન કરેલ છે. જેમાં પહેલા સમુચ્ચય સ્થિતિ જઘન્ય–ઉત્કૃષ્ટ કહેલ છે અને પછી અપર્યાપ્ત–પર્યાપ્તની પણ જઘન્ય–ઉત્કૃષ્ટ સ્થિતિ કહેલ છે.

પાંચ સ્થાવર જીવોમાં પહેલા સમુચ્ચય પૃથ્વી વગેરેની પછી સૂક્ષ્મ બાદરની તેમજ તેના પર્યાપ્તા અપર્યાપ્તાની અલગ અલગ સ્થિતિ કહેલ છે જેમાં– (૧) જઘન્ય બધાની અંતર્મુહૂર્તની છે. (૨) સૂક્ષ્મના પર્યાપ્તા અપર્યાપ્તા





બંનેની ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત છે. (૩) બાદરમાં અપર્યાપ્તોની જઘન્ય-ઉત્કૃષ્ટ બંને સ્થિતિ અંતર્મુહૂર્ત છે. (૪) બાદરમાં સમુચ્ચયની અને પર્યાપ્તની જઘન્ય અંતર્મુહૂર્ત છે.

સમુચ્ચય બાદર પૃથ્વી આદિની ઉત્કૃષ્ટ અને તેના પર્યાપ્તની ઉત્કૃષ્ટ સ્થિતિ અલગ અલગ કહેલ છે, જેમ કે–

| જીવ | બાદરની ઉત્કૃષ્ટ | પર્યાપ્તા બાદરની ઉત્કૃષ્ટ |
|---|---|---|
| પૃથ્વીકાય | ૨૨૦૦૦વર્ષ | ૨૨૦૦૦વર્ષમાં અંતર્મુહૂર્ત ન્યૂન |
| અપ્કાય | ૭૦૦૦વર્ષ | ૭૦૦૦ વર્ષમાં અંતર્મુહૂર્ત ન્યૂન |
| તેઉકાય | ૩ અહોરાત્રિ | ૩ અહોરાત્રિમાં અંતર્મુહૂર્ત ન્યૂન |
| વાયુકાય | ૩૦૦૦વર્ષ | ૩૦૦૦ વર્ષમાં અંતર્મુહૂર્ત ન્યૂન |
| વનસ્પતિકાય | ૧૦૦૦૦વર્ષ | ૧૦૦૦૦ વર્ષમાં અંતર્મુહૂર્ત ન્યૂન |

**નોંધ–**અહીં પર્યાપ્તાની સ્થિતિ કરણ પર્યાપ્તાની અપેક્ષાએ કહેવામાં આવેલ છે. તેથી બધી જગ્યાએ અંતર્મુહૂર્ત કરણ અપર્યાપ્ત અવસ્થાનું ઘટાડવામાં આવેલ છે. અપર્યાપ્તામાં લબ્ધિ અપર્યાપ્ત અને કરણ અપર્યાપ્ત બધાની જઘન્ય-ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સ્થિતિ હોય છે. લબ્ધિ પર્યાપ્તની સ્થિતિ પૃથ્વી આદિની ૨૨૦૦૦ વર્ષ આદિ પરિપૂર્ણ જ હોય છે. તેમાં અંતર્મુહૂર્ત ઘટાડવાની જરૂર રહેતી નથી પરંતુ અહીં શાસ્ત્રકારે પર્યાપ્તના કથનમાં કરણ પર્યાપ્તને લક્ષમાં રાખીને દરેકમાં કરણ અપર્યાપ્તાના અંતર્મુહૂર્ત ઘટાડીને સ્થિતિ કહી છે. આ પદ્ધતિથી ૨૪ દંડકમાં સ્થિતિ કહેતા થકા દેવોમાં પણ પર્યાપ્તની સ્થિતિ જઘન્ય ૧૦૦૦૦ વર્ષમાં અંતર્મુહૂર્ત ઘટાડીને, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમમાં અંતર્મુહૂર્ત ઓછું, એમ આ પદમાં કહેલ છે.

**પ્રશ્ન–૧ : દેવોને 'અમર' કહેવામાં આવે છે તો પછી તેની સ્થિતિ–ઉંમર શા માટે કહી છે ?**

**ઉત્તર–** દેવોને અપેક્ષા વિશેષથી અમર કહેલ છે. જેમ બીજા પ્રાણી ૨–૪ વર્ષની નાની ઉંમરમાં કે ૧૦૦–૫૦ વર્ષની ઉંમરમાં મૃત્યુ પામતા જોવામાં આવે છે તે રીતે દેવો નાની ઉંમરમાં મરતા નથી. માનવ, દેવોના જે નામ સાંભળે છે–ઓળખે છે તે દેવો માનવની કંઈ કેટલીએ પેઢી સુધી ચાલે છે–રહે છે. કારણ કે દેવોમાં સામાન્ય, નાના દેવોનું પણ ઓછામાં ઓછું આયુષ્ય ૧૦

હજાર વર્ષનું હોય છે જે વર્તમાનના માનવની દષ્ટિએ ઘણું જ વધારે હોય છે. તેથી લાંબા આયુષ્યની અપેક્ષાએ દેવોને અમર કહેવામાં આવેલ છે. દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય તો અસંખ્ય વર્ષોનું પણ હોય છે. જેની ગણતરી અરબો-ખર્વો વર્ષમાં નથી કરી શકાતી. તેને ઉપમાથી જ કહી શકાય છે. જેમકે પલ્યોપમ, સાગરોપમ. અર્થાત્ કેટલાએ ૠદ્ધિવંત દેવ-દેવીનું ઉત્કૃષ્ટ આયુષ્ય હોય છે તે અનેક(૫૫) પલ્યોપમ સુધી તેમજ ૩૩ સાગરોપમ સુધીનું પણ હોય છે.

**પ્રશ્ન–૩ : પલ્યોપમ કે સાગરોપમની આ ઉપમાવાળી સ્થિતિને આપણે કેવી રીતે સમજી શકીએ ?**

**ઉત્તર–** પલ્યોપમ-સાગરોપમની ઉપમાનું નિરૂપણ વિસ્તારથી અનુયોગદ્વાર સૂત્રમાં કરવામાં આવેલ છે. જેને ટૂંકમાં આ રીતે સમજી શકાય– એક યોજન (૪ કોશ) લાંબો પહોળો અને તેટલો જ ઉંડો ખાડો યુગલિયાના બાલાગ્ર ખંડ– એક વાળના અસંખ્ય ખંડથી ઠસોઠસ ભરવામાં આવે અને એ ખાડો પૂરેપૂરો ભરાઈ ગયા પછી તેમાંથી એક એક બાલાગ્રને ૧૦૦–૧૦૦ વરસે કાઢવામાં આવે. આ રીતે બાલાગ્ર કાઢતા કાઢતા જ્યારે જેટલા વર્ષોમાં આ ખાડો પૂરેપૂરો ખાલી થઈ જાય તેમાં એક પણ બાલાગ્ર બાકી ન રહે તેટલા વર્ષોને એક પલ્યોપમ સમજવું. ૧૦ ક્રોડાક્રોડ પલ્યોપમનો કાળ વીતી જાય ત્યારે તેને એક સાગરોપમનો કાળ કહે છે. આવા ૩૩ સાગરોપમની સ્થિતિ નારકી અને દેવોમાં ઉત્કૃષ્ટ હોય છે. જે સાતમી નરક અને અનુત્તર વિમાનના દેવોની હોય છે.

**પ્રશ્ન–૪ : દંડકના જીવોની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** જીવાભિગમસૂત્રની પ્રથમ પ્રતિપત્તિમાં ૨૩ દ્વારોના બોલથી ૨૪ દંડકના જીવોનું વર્ણન છે. જેમાં ૨૦મું દ્વાર સ્થિતિનું છે. તેના વર્ણનમાં બધા જીવોની સ્થિતિનું વર્ણન ખુલાસાવાર કરી દેવામાં આવ્યું છે. જેમાં યુગલિક મનુષ્ય–તિર્યંચની તેમજ દેવ–દેવીની સ્થિતિ પણ ખુલાસાપૂર્વક કરેલ છે. જે પ્રશ્નોત્તર ભાગ–૬, પૃષ્ઠ–૮૬ થી ૧૦૬ સુધીમાં જોઈ શકાય છે.

# પદ–૫ : પર્યવ(વિશેષ)

**પ્રશ્ન–૧ : આ પદમાં પર્યવ=પર્યાયોનું વર્ણન કયા ક્રમથી કરવામાં આવેલ છે ?**





**ઉત્તર–** જીવ કે અજીવની વિશેષ–ખાસ અવસ્થાઓને સિદ્ધાંતમાં પર્યવ–પર્યાય શબ્દથી કહેવામાં આવે છે. જીવ સામાન્યની અનંત પર્યાયો હોય છે તેમ અજીવ સામાન્યની પણ અનંતપર્યાયો હોય છે. કેમકે ૨૪ દંડક અને સિદ્ધના જીવ મળીને લોકમાં કુલ અનંત જીવ છે. તેમાં અવગાહના, સ્થિતિ, વર્ણાદિ, જ્ઞાનાદિની કોઈ ને કોઈ ભિન્નતા હોય છે. આજ રીતે અજીવ પુદ્ગલો પણ લોકમાં અનંત પ્રકારના(સ્કંધ) હોય છે. તેમના પણ પ્રદેશ, અવગાહના, સ્થિતિ તથા વર્ણાદિની ભિન્નતા હોય છે. આ રીતે સમુચ્ચય જીવ અને અજીવના અનંત પર્યવ–પર્યાયો હોય છે.

આ પદમાં પહેલા જીવના પર્યવનું વિસ્તારથી વર્ણન કરેલ છે પછી અજીવ પર્યાયોનું પણ વિસ્તારથી વર્ણન છે.

**જીવપર્યવમાં**–(૧) નારકીથી લઈને વૈમાનિક દેવો સુધીના જીવોનું દંડકના ક્રમમાં, સામાન્ય રૂપથી દરેકની અનંતપર્યવોનું, તેમની અવગાહના, સ્થિતિ, વર્ણાદિ તેમજ જ્ઞાનાદિ પર્યવોની સ્પષ્ટતા સાથે વર્ણન કરવામાં આવેલ છે. ત્યાર પછી (૨) જઘન્ય, ઉત્કૃષ્ટ અને અજઘન્ય–અનુત્કૃષ્ટ=મધ્યમ **અવગાહનાવાળા** આમ ત્રણ વિશેષણથી નારકીના અલગ અલગ પર્યવો, તેમની અવગાહના, સ્થિતિ, વર્ણાદિ તેમજ જ્ઞાનાદિની અપેક્ષાથી કહેલ છે. (૩) પછી જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ **સ્થિતિ**વાળા નારકીના પર્યવોનું વર્ણન તેમની અવગાહના, સ્થિતિ, વર્ણાદિ, જ્ઞાનાદિની અપેક્ષાથી કરેલ છે. (૪) ત્યાર પછી જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ **કાલા ગુણ(વર્ણ)**વાળા નારકીના પર્યવોનું કથન છે. આમ ૨૦ વર્ણાદિવાળા નૈરયિકનું કથન જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ગુણના વિકલ્પથી કરવામાં આવેલ છે. (૫) ત્યાર પછી જઘન્ય **મતિજ્ઞાન** તેમજ મધ્યમ મતિજ્ઞાન તેમજ ઉત્કૃષ્ટ મતિજ્ઞાન-વાળા નૈરયિકના પર્યાયોનું કથન, તેમની અવગાહના, સ્થિતિ, વર્ણાદિ અને જ્ઞાનાદિની અપેક્ષાથી કરવામાં આવેલ છે. મતિજ્ઞાનની જેમ જ ત્રણે જ્ઞાન, ત્રણે અજ્ઞાન અને ત્રણે ય દર્શનોના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ વિકલ્પથી અવગાહના, સ્થિતિ, વર્ણાદિ તેમજ જ્ઞાનાદિની અપેક્ષાએ વર્ણન કરવામાં આવેલ છે. આ રીતે સમુચ્ચય નૈરયિકના એક દંડકનું જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ વિભાગો દ્વારા બધી અપેક્ષાઓથી પર્યાયો–પર્યવોનું વર્ણન પૂરું થાય છે. (૬) આ જ રીતે દંડકના ક્રમથી ૨૪ દંડકમાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ વિભાગો દ્વારા વર્ણન કરેલ છે. છેવટે વૈમાનિક દેવોના દંડકમાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટના ત્રણેય વિકલ્પોથી અવગાહના, સ્થિતિ આદિ બધી અપેક્ષાથી વર્ણન કરીને જીવપર્યવનું વર્ણન પૂરું કરેલ છે.

**નોંધ–** નારકીમાં જ્ઞાનાદિ ૯ ઉપયોગનું કથન છે. બીજા દંડકોમાં જ્યાં જેટલા જ્ઞાનાદિ ઉપયોગ હોય છે તેટલું કથન હોય છે. આ વિશેષતા સર્વત્ર સમજી લેવી.

**અજીવપર્યવમાં–**(૧) અરૂપી અજીવના ૧૦ ભેદોના ૧૦ પર્યાય કહીને સંક્ષેપમાં કથન પૂર્ણ કરી દીધેલ છે. (૨) રૂપી અજીવના સમુચ્ચય રૂપથી અનંત પર્યવના કથન પરમાણુથી લઈને અનંતપ્રદેશી સ્કંધોની અનંતતા દ્વારા કરવામાં આવેલ છે. અર્થાત્ લોકમાં પરમાણુ પણ અનંત છે, દ્વિપ્રદેશી સ્કંધ પણ અનંત છે. આમ અનંતપ્રદેશી સ્કંધ પણ અનંત છે. (૩) ત્યાર પછી પરમાણુની અનંત પર્યવોનું કથન તેમની અવગાહના,સ્થિતિ તેમજ વર્ણાદિની અપેક્ષાથી કરેલ છે. (૪) તેવી જ રીતે દ્વિપ્રદેશી સ્કંધથી લઈને અનંત પ્રદેશી સ્કંધ સુધીની પર્યવોનું કથન તેના પ્રદેશ, અવગાહના, સ્થિતિ, વર્ણાદિની અપેક્ષાથી કરેલ છે. (૫) ત્યાર પછી ફરીથી જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટના વિકલ્પથી પરમાણુ આદિ અનંતપ્રદેશી સુધીનું વર્ણન છે. જેમાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ અવગાહના, જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ સ્થિતિ અને જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ગુણ કાલા આદિ ૨૦ વર્ણાદિ બોલોની અપેક્ષાથી પર્યવોનું કથન છે. (૬) ત્યાર બાદ પરમાણુ આદિના ભેદ વિના સમુચ્ચય રૂપથી જઘન્ય **પ્રદેશી** સ્કંધ, ઉત્કૃષ્ટ પ્રદેશી સ્કંધ અને મધ્યમ પ્રદેશી સ્કંધ, જઘન્ય **અવગાહનાવાળા** સ્કંધ, મધ્યમ અવગાહનાવાળા સ્કંધ, ઉત્કૃષ્ટ અવગાહના-વાળા સ્કંધ, આ રીતે જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સ્કંધ તથા જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ગુણ કાલા વર્ણ આદિ ૨૦ બોલોવાળા **સ્કંધોની** પર્યાયનું કથન તેના દ્રવ્ય, પ્રદેશ, અવગાહના, સ્થિતિ તેમજ વર્ણાદિ બોલોની અપેક્ષાથી કરવામાં આવેલ છે.

**પ્રશ્ન–૨ : નારકીના અનંત પજ્જવાના–પર્યાયોના(અવસ્થાઓનું) કથન અવગાહના આદિથી કયા પ્રકારે હોય છે ?**

**ઉત્તર–** અહીં નારકી–નારકી વચ્ચે અસરપરસની તુલના કરીને તેમનામાં રહેલી ભિન્નતાનો આધાર લઈ, અનંત વિભિન્નતાઓ–વિશેષતાઓ સિદ્ધ કરીને અનંત પર્યવ સમજાવવામાં આવેલ છે. આ તુલનામાં પણ એક નારકીની વિવક્ષા ન કરતા જાતિવાચક નારકી અર્થાત્ અનેક પ્રકારના નારકીની વિવક્ષા કરીને સંભવિત અનેક વિભિન્નતાઓ દર્શાવવામાં આવેલ છે.

**નૈરયિક–નૈરયિકની તુલના–**એક નૈરયિક બીજા કોઈપણ નૈરયિકથી **દ્રવ્યની** અપેક્ષાએ સમાન હોય છે. કારણ કે આત્મદ્રવ્ય દરેકનું એક સમાન હોય છે. **પ્રદેશની** અપેક્ષાએ પણ દરેકના આત્મપ્રદેશ અસંખ્ય હોવાથી એક સમાન છે.





**અવગાહના**ની અપેક્ષાએ સમાન પણ હોઈ શકે છે અને પરસ્પર હીનાધિક– વધતા ઓછા પણ હોઈ શકે છે. હીનાધિક હોય તો તે ચાર પ્રકારે હોય છે, જેમકે–(૧) એક અસંખ્યાતમા ભાગનો હીન તો બીજો અસંખ્યાતમા ભાગનો અધિક હોય (૨) એક સંખ્યાતમા ભાગનો હીન તો બીજો સંખ્યાતમા ભાગનો અધિક હોય (૩) એક સંખ્યાતગણો હીન હોય તો બીજો સંખ્યાતગણો અધિક હોય (૪) એક અસંખ્યગણા હીન અવગાહનાવાળો હોય તો બીજો અસંખ્યગણા અધિક અવગાહનાવાળો હોય. પૂરા દંડકની અપેક્ષા નૈરયિક નૈરયિકમાં આ ચાર પ્રકારની હીનાધિકતા અવગાહનામાં હોઈ શકે છે. આને આગમની ભાષામાં **ચૌઠાણવડિયા** કહેવામાં આવે છે.

અવગાહનાનું ઉદાહરણ સહિત ચૌઠાણવડિયા હીનાધિકતાનો તફાવત આ પ્રકારે છે– (૧) એક નૈરયિક ૫૦૦ ધનુષનો છે તો બીજો નૈરયિક ૫૦૦ ધનુષમાં આંગળનો અસંખ્યાતમો ભાગ ઓછો હોય તો બંનેમાં પરસ્પર અસંખ્યાતમા ભાગની હીનાધિકતા થઈ. (૨) એક નૈરયિક ૫૦૦ ધનુષનો છે અને બીજો નૈરયિક ૫૦૦ ધનુષમાં એક ધનુષ ઓછો ૪૯૯ ધનુષની અવગાહનાવાળો છે તો પરસ્પર સંખ્યાતમા ભાગની હીનાધિકતા છે. (૩) એક નૈરયિક ૫૦૦ ધનુષનો હોય અને બીજો ૧૦૦ ધનુષનો હોય તો પરસ્પર સંખ્યાતગણી(પાંચગણી)હીનાધિકતા થઈ. (૪) એક નૈરયિક આંગળના અસંખ્યાતમા ભાગનો છે અને બીજો ૫૦૦ ધનુષનો છે તો બંને પરસ્પર અસંખ્યાતગણા હીનાધિક છે. આ પ્રકારે નૈરયિક અવગાહનાની અપેક્ષાએ કોઈ પરસ્પર સમાન કે પરસ્પર હીનાધિક હોઈ શકે છે. જેનાથી અસંખ્યાત ભિન્નતાઓ હોવાથી અવગાહનાની અપેક્ષાએ નૈરયિકોના અસંખ્ય પર્યવ હોય છે.

**સ્થિતિની અપેક્ષા–**નૈરયિક પરસ્પર સમાન પણ હોય શકે છે અને હીનાધિક પણ હોઈ શકે છે. જો હીનાધિક હોય તો અવગાહનાની જેમ ચાર પ્રકારે હીનાધિક હોય છે અર્થાત્ ચૌઠાણવડિયા ભિન્નતા પરસ્પર હોઈ શકે છે.

સ્થિતિના ઉદાહરણ સહિત ચૌઠાણવડિયામાં ભિન્નતા આ પ્રકારે હોઈ શકે– (૧) એક નૈરયિક ૩૩ સાગરોપમની સ્થિતિનો છે અને બીજો ૩૩ સાગરો-પમમાં અંતર્મુહૂર્ત ઓછી સ્થિતિવાળો છે તો આ બંનેમાં પરસ્પર અસંખ્યાતમા ભાગની હીનાધિકતા થઈ. (૨) એક નૈરયિક ૩૩ સાગરોપમની સ્થિતિવાળો અને બીજો નૈરયિક ૩૨ સાગરોપમની સ્થિતિવાળો હોય તો બંને વચ્ચે પરસ્પર સંખ્યાતમા ભાગની હીનાધિકતા થઈ. (૩) એક નૈરયિક ૩૩ સાગરોપમવાળો

અને બીજો ત્રણ સાગરોપમની સ્થિતિવાળો હોય તો બંને વચ્ચે પરસ્પર ૧૧ ગણા અર્થાત્ સંખ્યાતગણી હીનાધિકતા છે. (૪) એક નૈરયિક ૩૩ સાગરોપમની સ્થિતિ-વાળો અને બીજો ૧૦ હજાર વર્ષની સ્થિતિવાળો હોય તો બંને વચ્ચે પરસ્પર અસંખ્યગણી હીનાધિક સ્થિતિ થઈ કહેવાય. આ પ્રકારે નૈરયિકની સ્થિતિની અપેક્ષાએ કોઈ સમાન તો કોઈ ચૌઠાણવડિયા હીનાધિક હોઈ શકે છે. જેમાં અસંખ્યાત ભિન્નતા હોવાથી સ્થિતિની અપેક્ષાએ નૈરયિકના અસંખ્ય પર્યવો હોય છે.

**કાલાવર્ણ**ની અપેક્ષા નૈરયિક પરસ્પર સમાન હોઈ શકે અને ૬ પ્રકારથી હીનાધિક હોઈ શકે. ચાર પ્રકાર તો અવગાહનાની જેમ હોય છે. વધારાની બે પ્રકારની ભિન્નતા કાલા–વર્ણવાળા નૈરયિકમાં વિશેષ હોય છે. જેમ કે (૧) એક નૈરયિક અનંતમા ભાગે ઓછો કાળો હોય તો બીજો અનંતમા ભાગે વધારે કાળા વર્ણવાળો હોય. (૨) એક અનંતગણો હીન તો બીજો અનંતગણો વધારે કાળા વર્ણનો હોય. પૂરા દંડકની અપેક્ષાએ નૈરયિક નૈરયિકમાં પરસ્પર છ પ્રકારની ભિન્નતાઓ કાળાવર્ણની અપેક્ષાએ હોઈ શકે છે. જેને શાસ્ત્રની ભાષામાં છઠ્ઠાણ-વડિયા કહેવામાં આવે છે. કાળાવર્ણની જેમજ વર્ણાદિ ૨૦ બોલ નૈરયિકના પરસ્પર છઠ્ઠાણવડિયા હોઈ શકે છે.

કાળા વર્ણના ઉદાહરણ સહિત છઠ્ઠાણવડિયામાં તફાવત આ પ્રકારે છે. ચાર સ્થાનનો તફાવત તો અવગાહનામાં કહ્યા તે પ્રમાણે સમજવા. (૫) એક નૈરયિક **અનંતગુણ** કાળો છે તો બીજો અનંતમાં એક ગુણ કાળો ઓછો છે તો બંનેમાં પરસ્પર **અનંતમા ભાગની** હીનાધિકતા થઈ. (૬) એક નૈરયિક અનંતગણો કાળા વર્ણવાળો છે તો બીજો તેનાથી અનંતમાં ભાગનો કાળાવર્ણનો હોય તોબંને વચ્ચે પરસ્પર **અનંતગણા હીનાધિકતા** થઈ. જેને લઈને અનંત ભિન્નતાઓ હોવાથી કાળાવર્ણની અપેક્ષા નૈરયિકોના અનંત પર્યવો હોય છે.

કાળા વર્ણની જેમ વર્ણાદિ ૨૦ બોલ અને ૯ ઉપયોગની અપેક્ષાએ નારકીઓમાં પરસ્પર છઠ્ઠાણવડિયા ભિન્નતાઓ હોવાથી, એ બધાની અપેક્ષાએ નારકીઓના અનંત પર્યવ હોય છે.

આમ ટૂંકમાં નારકીના **દ્રવ્યની** અપેક્ષા એક પર્યવ, આત્મદ્રવ્ય બધાનો સમાન (એક) હોય છે. પ્રદેશની અપેક્ષાએ પણ એક પર્યવ, આત્મપ્રદેશ સમાન હોવાથી. અવગાહનાની અપેક્ષા અસંખ્ય પર્યવ ભિન્નતાઓ. સ્થિતિની અપેક્ષાએ પણ અસંખ્ય પર્યવ અને વર્ણાદિ ૨૦ બોલ, ૯ ઉપયોગની અપેક્ષાએ અનંત પર્યવ નારકીના હોય છે. આથી બધા મળીને નારકીના અનંત પર્યવ (ભિન્નતાઓ)પર્યાય કહેલ છે.





**પ્રશ્ન–૩ : અસુરકુમાર આદિ દેવોની અવગાહના આદિથી અનંત પર્યવ–પજજવાનું કથન કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** એક અસુરકુમારદેવ બીજા કોઈ અસુરકુમાર દેવની અપેક્ષા પરસ્પર દ્રવ્યની અપેક્ષા સમાન છે. પ્રદેશની અપેક્ષાએ પણ સમાન છે. અવગાહનાની અપેક્ષા ચૌઠાણવડિયા અને સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા ભિન્નતા હોય છે. તેમજ વર્ણાદિ ૨૦ બોલ અને ૯ ઉપયોગની અપેક્ષા પરસ્પર છઠ્ઠાણવડિયા ભિન્નતા હોય છે. જેનાથી બધા મળીને અસુરકુમાર દેવોની અનંત પર્યાય ભિન્નતાઓ હોય છે. આ પ્રકારે નાગકુમાર આદિ નવનિકાય દેવોના પણ અનંત પર્યવ સમજવા.

એ જ રીતે વ્યંતરદેવ, જ્યોતિષી તેમજ વૈમાનિક દેવોના પણ **અવગાહના આદિની** અપેક્ષા બધા મળીને અનંત પજજવા–પર્યાય હોય છે. જેમાં જ્યોતિષી અને વૈમાનિક દેવોની **સ્થિતિની** અપેક્ષાએ ત્રણ પ્રકારની ભિન્નતા હોય છે. ચોથી અસંખ્યગણી હીનાધિકતા તેમાં બનતી નથી. કેમ કે પલ્યોપમ અને સાગરો-પમમાં પરસ્પર સંખ્યાતગણો જ તફાવત–અંતર હોય છે. તેથી એક પલ્યોપમ અને ૩૩ સાગરોપમ પણ પરસ્પર સંખ્યાતગણા જ થાય છે. બાકીના બધા કથન નારકી સમાન સમજવા.

**પ્રશ્ન–૪ : પૃથ્વીકાય વગેરેના અવગાહના આદિની અપેક્ષા અનંતપર્યવ–પજજવા કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** એક પૃથ્વીકાય બીજા કોઈ પણ પૃથ્વીકાયની અપેક્ષા પરસ્પર (૧) **દ્રવ્યથી** સમાન (બધાના આત્મદ્રવ્ય એક-એક છે.)(૨) **પ્રદેશથી** પણ સમાન (બધાના આત્મપ્રદેશ એક સરખા અસંખ્યાત જ હોય છે. ) (૩) **અવગાહનાથી** પરસ્પર ચૌઠાણવડિયા, અસંખ્ય પ્રકારની અવગાહના પૃથ્વીકાયને હોય છે. તોપણ પૃથ્વીકાયની અવગાહના જઘન્ય આંગળના અસંખ્યાતમા ભાગની હોય છે અને ઉત્કૃષ્ટ પણ કથનની અપેક્ષા આંગળના અસંખ્યાતમા ભાગની હોય છે. પરંતુ જઘન્ય અને ઉત્કૃષ્ટની વચમાં અસંખ્ય પ્રકાર આવી જાય છે અને તેથી જ અવગાહનાની અપેક્ષાએ પૃથ્વીકાયમાં ચૌઠાણવડિયા(ચાર પ્રકારની ભિન્નતા) હોય છે.(૪) **સ્થિતિની** અપેક્ષાએ પરસ્પર તિઠ્ઠાણવડિયા–ત્રણ પ્રકારની ભિન્નતાવાળા હોય છે કારણ કે પૃથ્વીકાયની સ્થિતિમાં સંખ્યાતગણો જ ફેર (અંતર) હોય છે, અસંખ્યાતગણો હોતો નથી.

સ્થિતિની અપેક્ષા ત્રણ પ્રકારની હીનાધિકતા હોય તેના ઉદાહરણ–(૧)

એક પૃથ્વીકાય ૨૨૦૦૦ વર્ષની સ્થિતિવાળો હોય અને બીજો કોઈપણ પૃથ્વીકાય ૨૨હજાર વર્ષની સ્થિતિમાં ૧ સમય ઓછો હોય તો આ બંને વચ્ચે પરસ્પર અસંખ્યાતમા ભાગની હીનાધિકતાવાળી સ્થિતિ બને છે. (૨) એક પૃથ્વીકાય ૨૨ હજાર વર્ષની સ્થિતિ વાળો અને બીજો કોઈ ૨૨ હજાર વર્ષની સ્થિતિમાં ૧ વર્ષ ઓછી સ્થિતિવાળો છે તો આ બંનેમાં પરસ્પર સંખ્યાતમા ભાગની હીનતા અને સંખ્યાતમા ભાગની અધિકતાવાળી સ્થિતિ બને છે. (૩) એક પૃથ્વીકાય ૨૨ હજાર વર્ષની સ્થિતિવાળો છે, બીજો એક હજાર વર્ષની સ્થિતિવાળો છે તો બંને વચ્ચે પરસ્પર સંખ્યાતગણી(૨૨ ગણી) હીન તેમજ ૨૨ ગણી અધિક સ્થિતિ બને છે. આ રીતે તેમનામાં તિટ્ઠાણવડિયા–ત્રણ પ્રકારે ભિન્નતા હોવાથી સ્થિતિની અપેક્ષાએ પૃથ્વીકાયના સંખ્યાત પર્યવ(સંખ્યાત ભિન્નતા) બને છે. (૪) વર્ણાદિ ૨૦ બોલ અને ૩ ઉપયોગ(૨ અજ્ઞાન ૧ દર્શન)ની અપેક્ષા છટ્ઠાણવડિયા–છ પ્રકારનો ફરક નારકીના વર્ણાદિ તેમજ ઉપયોગની સમાન હોય છે.

વર્ણાદિ તેમજ જ્ઞાનાદિની અપેક્ષા છટ્ઠાણવડિયા તફાવત હોવાથી પૃથ્વીકાયમાં અનંત પ્રકારની ભિન્નતા હોવાથી અનંત પર્યવ બને છે. આમ દ્રવ્ય, અવગાહના આદિના એક, સંખ્યાત, અસંખ્યાત, અનંત પર્યવ મળીને કુલ અનંત પર્યવ પૃથ્વીકાયના થઈ જાય છે.

પૃથ્વીકાયની જેમજ બાકીના ચાર સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિયની અવગાહના આદિ બધી અપેક્ષાએ મળીને અનંતપર્યવ થાય છે. ઉપયોગ (જ્ઞાનાદિ) બેઈન્દ્રિય, તેઈન્દ્રિયમાં પાંચ અને ચૌરેન્દ્રિયમાં ૬ ઉપયોગ હોય છે.

તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યનું કથન પણ પૃથ્વીકાયની સમાન ગણવાનું પરંતુ આ બંનેમાં ૩ પલ્યોપમનું આયુષ્ય યુગલિયાનું હોવાથી, સ્થિતિમાં અસંખ્ય વિભિન્નતાઓ થઈ જાય છે. તેથી સ્થિતિની અપેક્ષા તિટ્ઠાણવડિયાની જગ્યાએ ચૌઠાણવડિયા કહેવું. ઉપયોગ પણ તિર્યંચના ૯ અને મનુષ્યના ૧૦ની અપેક્ષાએ છટ્ઠાણવડિયા બને છે. મનુષ્યમાં કેવળજ્ઞાન કેવળદર્શન બે ઉપયોગમાં કોઈ ફરક હોતો નથી. બાકીનું બધું વર્ણન તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યનું પૃથ્વીકાયની સમાન ગણવું.

આ પ્રકારે પૃથ્વી આદિ દશે ય ઔદારિક દંડકોના દ્રવ્ય, પ્રદેશ, અવગાહના, સ્થિતિ, વર્ણાદિ અને જ્ઞાનાદિની અપેક્ષા કુલ મળીને અનંતપર્યવ થાય છે.

આ પ્રકારે ૨૪ દંડકના જીવના સમુચ્ચય રૂપથી અવગાહના આદિની અપેક્ષા અનંત પજજવાનું કથન વિસ્તારથી કરવામાં આવ્યું છે. સંક્ષેપમાં–





**૨૪ દંડકના જીવોના પજજવા–પર્યવ :–** દ્રવ્ય અને પ્રદેશથી બધા સમાન હોય છે, અવગાહના આદિ આ પ્રકારે છે–

| જીવ | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી | જ્ઞાનાદિથી |
|---|---|---|---|---|
| નારકી ભવનપતિ વ્યંતર | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગમાં છટ્ઠાણવડિયા |
| જ્યોતિષી વૈમાનિક | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગમાં છટ્ઠાણવડિયા |
| પાંચ સ્થાવર | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૩ ઉપયોગમાં છટ્ઠાણવડિયા |
| ત્રણ વિકલે. | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૫/૬ ઉપયોગમાં છટ્ઠાણવડિયા |
| તિર્યંચ પંચેન્દ્રિય | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગમાં છટ્ઠાણવડિયા |
| મનુષ્ય | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૧૦ ઉપયોગમાં છટ્ઠાણવડિયા ૨–તુલ્ય |

**પ્રશ્ન–૫ : જઘન્ય, ઉત્કૃષ્ટ તેમજ મધ્યમ અવગાહના સ્થિતિ, આદિ વાળા વિશિષ્ટ નૈરયિક આદિ ૨૪ દંડકના જીવોના અનંત પર્યવ કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** જઘન્ય આદિ ૩–૩ બોલ અવગાહનાથી લઈને ૨૦ વર્ણ અને ૯ ઉપયોગ બધાના હોવાથી ૩+૩+૬૦(૨૦×૩)+૨૭(૯×૩)=૯૩ બોલોની વિગત નરક સંબંધી થાય છે.(અવગાહના જ.મ.ઉ=૩) તે રીતે સ્થિતિ, વર્ણ અને ઉપયોગ મળીને કુલ ૯૩ બોલ થાય). જેમાં જે બોલની વિગત હોય તેમાં ખુદ તેના જઘન્ય, ઉત્કૃષ્ટમાં સમાન કહેવા, મધ્યમમાં ચૌઠાણવડિયા કહેવા. બાકી બધામાં ત્રણ ત્રણ બોલોમાં સમુચ્ચય નારકીના પૂર્વ પ્રશ્નમાં(ચાર્ટમાં) બતાવ્યા અનુસાર ચૌઠાણ, તિટ્ઠાણ, છટ્ઠાણવડિયા આદિ કહેવું. જેમાં માત્ર એક વિશેષ ફેર એ છે કે **ઉત્કૃષ્ટ અવગાહના**વાળા બોલમાં સ્થિતિ ચૌઠાણવડિયાની જગ્યાએ દ્વિઠાણવડિયા કહેવું તેનું કારણ એ છે કે ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષની અવગાહનાવાળા નૈરયિકોની સ્થિતિમાં બે પ્રકારની ભિન્નતા હોય છે. જેમ કે અસંખ્યાતમા ભાગની હીનાધિકતા અને **સંખ્યાતમા ભાગની**

હીનાધિકતા. બાકીના બે **સંખ્યાતગણી** હીનાધિક અને અસંખ્યાતગણી હીનાધિક હોતી નથી. કારણ કે ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષવાળા નૈરયિકોમાં ૨૨ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ સુધીની સ્થિતિ હોય છે. જેમાં (૨૨ અને ૩૩)માં બે ગણો અને ત્રણગણો ફેર બની શકતો નથી. તેથી સંખ્યાતગણા કે અસંખ્યાતગણા હીનાધિકતાનો બોલ થઈ શકે નહીં. તેથી ચૌઠાણવડિયા ફેર–ભિન્નતા ન થતા દુટ્ઠાઠવડિયા બને છે.

આ પ્રકારેબધા પર્યાયોની અપેક્ષા કુલ મળીને અનંતગણો ફેર થઈ જાય છે. તેથી આ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ **અવગાહનાવાળા** નારકીના પણ અનંત-અનંત પર્યાય છે.

આ રીતે જઘન્ય,મધ્યમ,ઉત્કૃષ્ટ **સ્થિતિવાળા** નારકીની પણ અનંત-પર્યાય સમજવી જોઈએ. પોતાના જઘન્ય, ઉત્કૃષ્ટ બોલમાં સમાન હોય છે અને મધ્યમમાં સ્થિતિ ચૌઠાણવડિયા થાય છે.

આ રીતે જઘન્ય તેમજ ઉત્કૃષ્ટગુણ કાલામાં દ્રવ્ય, પ્રદેશ સમાન હોય છે. અવગાહના, સ્થિતિ ચૌઠાણવડિયા, વર્ણાદિ ૧૯ બોલ ૯ ઉપયોગ છટ્ઠાણ-વડિયા કાલા વર્ણની અપેક્ષાએ સમાન હોય છે. મધ્યમ ગુણ કાલામાં વર્ણાદિ ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા છે.

આ રીતે જઘન્ય, ઉત્કૃષ્ટ, મધ્યમ મતિજ્ઞાન આદિ સમજવા. વિશેષતા એ છે કે જ્ઞાન અજ્ઞાનમાં ઉપયોગ ૬ કહેવા, દર્શનમાં ૯ ઉપયોગ કહેવા. જઘન્ય ઉત્કૃષ્ટમાં ખુદ–પોતાને છોડીને બાકીના છટ્ઠાણવડિયા કહેવા, મધ્યમમાં ખુદ–પોતા સહિત છટ્ઠાણવડિયા કહેવા.

આ પ્રકારે ૨૪ દંડકમાં કહેવા. બાકીનું વર્ણન સંક્ષેપમાં સમજવા કોષ્ટક–ટેબલ જુઓ. જેનો ખુલાસો પહેલા પ્રશ્ન–૨ માં કરી દેવામાં આવેલ છે. તે ધ્યાનમાં રાખવું.

**ચાર્ટ સૂચના :–** જીવના પર્યવ, દ્રવ્ય અને પ્રદેશની અપેક્ષા સર્વત્ર તુલ્ય જ હોય છે. જે વર્ણની પૃચ્છા થાય છે, તેના જઘન્ય અને ઉત્કૃષ્ટમાં ખુદની અપેક્ષા તુલ્ય હોય છે, શેષ ૧૯ની અપેક્ષા છઠાણવડિયા હોય છે. જઘન્ય-ઉત્કૃષ્ટ જ્ઞાન, અજ્ઞાન, દર્શનમાં પણ જેની પૃચ્છા છે, તેની સ્વયંની અપેક્ષા તુલ્ય હોય છે. શેષ જ્ઞાન, અજ્ઞાન, દર્શન જે પણ જ્યાં લાભે છે તે છઠાણવડિયા હોય છે. મધ્યમમાં સ્વયંના પણ છઠાણવડિયા હોય છે. ચાર્ટમાં દ્રવ્ય અને પ્રદેશનું કોલમ નથી તેમજ વર્ણાદિ અને જ્ઞાનાદિમાં તુલ્યનું કોલમ નથી, તેને સ્વતઃ સમજી લેવું જોઈએ.





## નારકી જીવોના પર્યવ :–

| નારકી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ૦ | જ્ઞાનાદિથી છઠાણ વ૦ |
|---|---|---|---|---|
| જઘન્ય અવગાહના | તુલ્ય | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | દુઠાણ વડિયા[1] | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| મધ્યમ અવગાહના | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| જઘન્ય સ્થિતિ | ચૌઠાણ વડિયા | તુલ્ય | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| ઉત્કૃષ્ટ સ્થિતિ | ચૌઠાણ વડિયા | તુલ્ય | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| મધ્યમ સ્થિતિ | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| જઘન્ય ગુણ કાળો | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૧૯ બોલ | ૯ ઉપયોગ |
| ઉત્કૃષ્ટ ગુણ કાળો | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૧૯ બોલ | ૯ ઉપયોગ |
| મધ્યમ ગુણ કાળો | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| જઘન્ય મતિજ્ઞાની | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૩ દર્શન |
| ઉત્કૃષ્ટ મતિજ્ઞાની | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૩ દર્શન |
| મધ્યમ મતિજ્ઞાની | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ દર્શન |
| જઘન્ય ચક્ષુ દર્શની | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૮ ઉપયોગ |
| ઉત્કૃષ્ટ ચક્ષુ દર્શની | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૮ ઉપયોગ |
| મધ્યમ ચક્ષુ દર્શની | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૯ ઉપયોગ |

[**નોંધ :–** *કાળા વર્ણની સમાન શેષ વર્ણાદિનું વર્ણન છે. મતિજ્ઞાનની જેમ શેષ જ્ઞાન-અજ્ઞાનનું વર્ણન છે. અજ્ઞાનમાં ત્રણ જ્ઞાન નથી હોતા. ચક્ષુ દર્શનની જેમ શેષ દર્શન પણ છે. વ૦ = વડિયા*]

***નારકીની જેમ ૧૦ ભવનપતિનું*** સંપૂર્ણ વર્ણન છે, પરંતુ ઉત્કૃષ્ટ અવગાહનામાં નારકીની સ્થિતિ દુઠાણવડિયા છે, ભવનપતિમાં ચૌઠાણ વડિયા છે.

## પૃથ્વી આદિ પાંચ સ્થાવરના પર્યવ :–

| પૃથ્વીકાયાદિ ૫ | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ૦ | જ્ઞાનાદિથી છઠાણ વ૦ |
|---|---|---|---|---|
| જઘન્ય અવગાહના | તુલ્ય | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| મધ્યમ અવગાહના | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |

| | | | | |
|---|---|---|---|---|
| જઘન્ય સ્થિતિ | ચૌઠાણ વડિયા | તુલ્ય | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| ઉત્કૃષ્ટ સ્થિતિ | ચૌઠાણ વડિયા | તુલ્ય | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| મધ્યમ સ્થિતિ | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| જઘન્ય ગુણ કાળો | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૧૯ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| ઉત્કૃષ્ટ ગુણ કાળો | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૧૯ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| મધ્યમ ગુણ કાળો | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| જઘન્ય મતિ અજ્ઞાની | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૧ અજ્ઞાન ૧ દર્શન |
| ઉત્કૃષ્ટ મતિ અજ્ઞાની | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૧ અજ્ઞાન ૧ દર્શન |
| મધ્યમ મતિ અજ્ઞાની | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |

## બેઇન્દ્રિય જીવોના પર્યવ :–

| બેઇન્દ્રિય | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ૦ | જ્ઞાનાદિથી છઠાણ વ૦ |
|---|---|---|---|---|
| જઘન્ય અવગાહના | તુલ્ય | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૫ ઉપયોગ |
| ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન[૨] |
| મધ્યમ અવગાહના | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૫ ઉપયોગ |
| જઘન્ય સ્થિતિ | ચૌઠાણ વડિયા | તુલ્ય | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન[૩] |
| ઉત્કૃષ્ટ સ્થિતિ | ચૌઠાણ વડિયા | તુલ્ય | ૨૦ બોલ | ૫ ઉપયોગ |
| મધ્યમ સ્થિતિ | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૫ ઉપયોગ |
| જઘન્ય ગુણ કાળો | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૦ | ૧૯ બોલ | ૫ ઉપયોગ |
| ઉત્કૃષ્ટ ગુણ કાળો | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૦ | ૧૯ બોલ | ૫ ઉપયોગ |
| મધ્યમ ગુણ કાળો | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૫ ઉપયોગ |
| જઘન્ય મતિ જ્ઞાની | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૧ જ્ઞાન ૧ દર્શન |
| ઉત્કૃષ્ટ મતિ જ્ઞાની | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૧ જ્ઞાન ૧ દર્શન |
| મધ્યમ મતિ જ્ઞાની | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૩ ઉપયોગ |
| જઘન્ય અચક્ષુ દર્શની | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૨ અજ્ઞાન |
| ઉત્કૃષ્ટ અચક્ષુ દર્શની | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૨ અજ્ઞાન |
| મધ્યમ અચક્ષુ દર્શની | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૫ ઉપયોગ |

એવી જ રીતે **તેઇન્દ્રિય** અને **ચૌરેન્દ્રિય**નું વર્ણન છે, પરંતુ ચૌરેન્દ્રિયમાં ચક્ષુ દર્શન અધિક હોય છે. તેથી ૫ ઉપયોગની જગ્યાએ ૬ ઉપયોગ સમજવા; ૨,૩,૪ ઉપયોગના સ્થાને ક્રમશ ૩,૪,૫ ઉપયોગ સમજવા.





## તિર્યંચ પંચેન્દ્રિયના પર્યવ :–

| તિર્યંચ પંચેન્દ્રિય | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ૦ | જ્ઞાનાદિથી છઠાણ વ૦ |
|---|---|---|---|---|
| જઘન્ય અવગાહના | તુલ્ય | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૨ અજ્ઞાન ૨ દર્શન[૬] |
| ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ અજ્ઞાન ૩ દર્શન |
| મધ્યમ અવગાહના | ચૌ. વ. | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ અજ્ઞાન ૩ દર્શન |
| જઘન્ય સ્થિતિ | ચૌ. વ. | તુલ્ય | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૨ દર્શન[૭] |
| ઉત્કૃષ્ટ સ્થિતિ | ચૌ. વ. | તુલ્ય | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૨ અજ્ઞાન ૨ દર્શન[૮] |
| મધ્યમ સ્થિતિ | ચૌ. વ. | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| જઘન્ય ગુણ કાળો | ચૌ. વ. | ચૌઠાણ વ૦ | ૧૯ બોલ | ૯ ઉપયોગ |
| ઉત્કૃષ્ટ ગુણ કાળો | ચૌ. વ. | ચૌઠાણ વ૦ | ૧૯ બોલ | ૯ ઉપયોગ |
| મધ્યમ ગુણ કાળો | ચૌ. વ. | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| જઘન્ય મતિ જ્ઞાની | ચૌ. વ. | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ | ૧ જ્ઞાન ૨ દર્શન[૯] |
| ઉત્કૃષ્ટ મતિ જ્ઞાની | ચૌ. વ. | તિઠાણ વ૦[૪] | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૩ દર્શન |
| મધ્યમ મતિ જ્ઞાની | ચૌ. વ. | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ દર્શન |
| જઘન્ય અવધિજ્ઞાની | ચૌ. વ. | તિઠાણ વ૦[૫] | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૩ દર્શન |
| ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની | ચૌ. વ. | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૩ દર્શન |
| મધ્યમ અવધિજ્ઞાની | ચૌ. વ. | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ દર્શન |

***નોંધ :– મતિજ્ઞાનની જેમ શ્રુતજ્ઞાન છે. ત્રણ જ્ઞાનની જેમ ત્રણ અજ્ઞાનનું વર્ણન છે. ચક્ષુ, અચક્ષુ દર્શન મતિજ્ઞાનની જેમ છે. અવધિ દર્શન અવધિ જ્ઞાનની જેમ છે. પરંતુ ઉપયોગ ૫ અને ૬ ના સ્થાન પર ૮ અને ૯ છે.***

## મનુષ્યના પર્યવ :– [ચાર્ટમાં ઉપ૦ = ઉપયોગ]

| મનુષ્ય | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ૦ | જ્ઞાનાદિથી છઠાણ વ૦ |
|---|---|---|---|---|
| જઘન્ય અવગાહના | તુલ્ય | તિઠાણ વડિયા[૧૦] | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૨ અજ્ઞાન ૩ દર્શન[૧૪] |
| ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | એકઠાણ વડિયા[૧૧] | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૨ અજ્ઞાન ૨ દર્શન[૧૫] |

| | | | | |
|---|---|---|---|---|
| મધ્યમ અવગાહના | ચૌ. વ. | ચૌઠાણ વ○ | ૨૦ બોલ | ૧૦ ઉપ○ / ૨ તુલ્ય |
| જઘન્ય સ્થિતિ | ચૌ. વ. | તુલ્ય | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૨ દર્શન(૧૬) |
| ઉત્કૃષ્ટ સ્થિતિ | ચૌ. વ. | તુલ્ય | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૨ અજ્ઞાન ૨ દર્શન(૧૭) |
| મધ્યમ સ્થિતિ | ચૌ. વ. | ચૌઠાણ વ○ | ૨૦ બોલ | ૧૦ ઉપ○ / ૨ તુલ્ય |
| જઘન્ય ગુણ કાળો | ચૌ. વ. | ચૌઠાણ વ○ | ૧૯ બોલ | ૧૦ ઉપ○ / ૨ તુલ્ય |
| ઉત્કૃષ્ટ ગુણ કાળો | ચૌ. વ. | ચૌઠાણ વ○ | ૧૯ બોલ | ૧૦ ઉપ○ / ૨ તુલ્ય |
| મધ્યમ ગુણ કાળો | ચૌ. વ. | ચૌઠાણ વ○ | ૨૦ બોલ | ૧૦ ઉપ○ / ૨ તુલ્ય |
| જઘન્ય મતિ જ્ઞાની | ચૌ. વ. | ચૌઠાણ વ○ | ૨૦ બોલ | ૧ જ્ઞાન ૨ દર્શન(૧૮) |
| ઉત્કૃષ્ટ મતિ જ્ઞાની | ચૌ. વ. | તિઠાણ વ○(૧૨) | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ દર્શન |
| મધ્યમ મતિ જ્ઞાની | ચૌ. વ. | ચૌઠાણ વ○ | ૨૦ બોલ | ૪ જ્ઞાન ૩ દર્શન |
| જઘન્ય અવધિજ્ઞાની | ચૌ. વ. | તિઠાણવ○(૧૩) | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ દર્શન |
| ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની | ચૌ. વ. | તિઠાણ વ○ | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ દર્શન |
| મધ્યમ અવધિજ્ઞાની | ચૌ. વ. | તિઠાણ વ○ | ૨૦ બોલ | ૪ જ્ઞાન ૩ દર્શન |
| જઘન્ય વિભંગજ્ઞાની | તિ. વ.(૧૯) | તિઠાણ વ○ | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૩ દર્શન |
| ઉત્કૃષ્ટ વિભંગજ્ઞાની | તિ. વ. | તિઠાણ વ○ | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૩ દર્શન |
| મધ્યમ વિભંગજ્ઞાની | તિ. વ. | તિઠાણ વ○ | ૨૦ બોલ | ૩ અજ્ઞાન ૩ દર્શન |
| કેવલ જ્ઞાન | ચૌ. વ.(૨૦) | તિઠાણ વ○ | ૨૦ બોલ | બે થી તુલ્ય |
| જઘન્ય ચક્ષુ દર્શન | ચૌ. વ. | તિઠાણ વડિયા(૨૧) | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૨ અજ્ઞાન ૧ દર્શન |
| ઉત્કૃષ્ટ ચક્ષુ દર્શન | ચૌ. વ. | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૪ જ્ઞાન ૩ અજ્ઞાન ૨ દર્શન |
| મધ્યમ ચક્ષુ દર્શન | ચૌ. વ. | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૪ જ્ઞાન ૩ અજ્ઞાન ૩ દર્શન |
| જઘન્ય અવધિ દર્શન | ચૌ. વ. | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૪ જ્ઞાન ૩ અજ્ઞાન ૨ દર્શન |
| ઉત્કૃષ્ટ અવધિ દર્શન | ચૌ. વ. | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૪ જ્ઞાન ૩ અજ્ઞાન ૨ દર્શન |
| મધ્યમ અવધિ દર્શન | ચૌ. વ. | તિઠાણ વ○ | ૨૦ બોલ | ૧૦ ઉપયોગ |

***નોંધ :– મતિજ્ઞાનની જેમ શ્રુતજ્ઞાનનું વર્ણન છે. બંને જ્ઞાનની જેમ અજ્ઞાનનું વર્ણન છે. અવધિજ્ઞાનની જેમ મનઃ પર્યવજ્ઞાનનું વર્ણન છે. પરંતુ અવગાહના, સ્થિતિ બંને તિઠાણ વડિયા છે. ચક્ષુ દર્શનની જેમ અચક્ષુ દર્શનનું વર્ણન છે. કેવળ જ્ઞાનની જેમ કેવળ દર્શનનું વર્ણન છે.***





**વાણવ્યંતર-જ્યોતિષી**નું ભવનપતિની જેમ વર્ણન છે. **વૈમાનિક**નું પણ તે જ રીતે વર્ણન છે. પરંતુ સ્થિતિ ચૌઠાણવડિયાના સ્થાન પર તિઠાણ વડિયા છે.

**ચાર્ટમાં આપેલાં ટિપ્પણાંકો સંબંધી સ્પષ્ટીકરણ :–**

**૧.** ઉત્કૃષ્ટ અવગાહના સાતમી નરકમાં ૫૦૦ ધનુષની છે, ત્યાં સ્થિતિ જઘન્ય ૨૨ સાગર, ઉત્કૃષ્ટ તેત્રીસ સાગર છે. જે પરસ્પર બે ગણી (સંખ્યાતગણી) નથી, તેથી અસંખ્યાતમા ભાગ અને સંખ્યાતમા ભાગ; એ બે પ્રકારે અંતર હોવાથી ‘ દુઠાણ વડિયા’ છે.

**૨.** ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બેઇન્દ્રિય મિથ્યાદષ્ટિ જ હોય છે. સાસ્વાદન સમ્યક્ત્વ ત્યાં માત્ર અપર્યાપ્તમાં અંગુલના અસંખ્યાતમા ભાગની જઘન્ય એવં મધ્યમ અવગાહનામાં જ હોય છે. તેથી ઉત્કૃષ્ટમાં જ્ઞાન હોતું નથી.

**૩.** જઘન્ય સ્થિતિ, બેઇન્દ્રિયમાં અપર્યાપ્ત મરનારની હોય છે, સાસ્વાદન સમકિત લઈને આવેલા પર્યાપ્ત થઈને જ મરે છે, તેથી જઘન્ય સ્થિતિમાં જ્ઞાન હોતું નથી.

**૪.** ઉત્કૃષ્ટ મતિજ્ઞાન તિર્યંચના યુગલિયામાં હોતું નથી, માટે સ્થિતિ તિઠાણવડિયા છે, કારણ કે મનુષ્ય તિર્યંચમાં સ્થિતિ ચૌઠાણવડિયા યુગલિકોની અપેક્ષા જ હોય છે.

**૫.** આ જ કારણે અવધિજ્ઞાની, મનઃપર્યવ જ્ઞાની અને વિભંગજ્ઞાની મનુષ્ય-તિર્યંચમાં સ્થિતિ તિઠાણવડિયા જ હોય છે, યુગલિકોમાં તે જ્ઞાન ન હોવાથી.

**૬.** જઘન્ય અવગાહનાવાળા તિર્યંચ અપર્યાપ્ત હોય છે અને અપર્યાપ્ત તિર્યંચમાં અવધિજ્ઞાન, વિભંગજ્ઞાન અને અવધિ દર્શન હોતા નથી.

**૭.** જઘન્ય સ્થિતિના તિર્યંચ પણ અપર્યાપ્ત મરવાવાળા હોય છે. તેમાં સમકિત અને જ્ઞાન હોતા નથી.

**૮.** ઉત્કૃષ્ટ સ્થિતિ તિર્યંચમાં યુગલિયાની હોય છે, તેમાં અવધિ–વિભંગજ્ઞાન હોતા નથી.

**૯.** જઘન્ય મતિજ્ઞાનમાં અવધિ-વિભંગજ્ઞાન હોતા નથી.

**૧૦.** તિર્યંચ-મનુષ્યમાં, જઘન્ય અવગાહના યુગલિયામાં હોતી નથી, તેથી સ્થિતિ તિઠાણવડિયા જ થાય છે.

**૧૧.** ઉત્કૃષ્ટ અવગાહનાનો મનુષ્ય યુગલિયા જ હોય છે. યુગલિયામાં પરસ્પર આયુષ્ય(સ્થિતિ)નું અંતર અત્યંત થોડું જ, અસંખ્યાતમા ભાગ માત્રનું હોય છે. તેથી સ્થિતિ એકઠાણવડિયા હોય છે.

**૧૨-૧૩.** ઉત્કૃષ્ટ મતિજ્ઞાન પણ યુગલિયામાં હોતું નથી. અવધિજ્ઞાન પણ યુગલિયામાં હોતું નથી, તેથી બંનેમાં સ્થિતિ તિઠાણવડિયા જ થઈ શકે છે.

**૧૪.** મનુષ્ય પરભવથી વિભંગજ્ઞાન લાવતા નથી, તેથી જઘન્ય અવગાહનામાં અજ્ઞાન બે જ હોય છે. **૧૫.** ઉત્કૃષ્ટ અવગાહના મનુષ્યમાં યુગલિયાની જ હોય છે. તેથી અવધિ- વિભંગજ્ઞાન નથી.

**૧૬.** જઘન્ય સ્થિતિ મનુષ્યમાં અપર્યાપ્ત મરવાવાળાની હોય છે, તેમાં સમકિત જ્ઞાન હોતું નથી. **૧૭.** ઉત્કૃષ્ટ સ્થિતિ મનુષ્યમાં યુગલિયાની હોય છે. જેથી એમાં અવધિ-વિભંગજ્ઞાન નથી. **૧૮.** જઘન્ય મતિજ્ઞાની મનુષ્યમાં પણ અવધિ વિભંગ હોતું નથી. **૧૯.** ટિપ્પણી નં. ૪–૫ જુઓ. **૨૦.** કેવળી સમુદ્ઘાતની અપેક્ષા કેવળજ્ઞાનીમાં અવગાહના ચૌઠાણ હોય છે. નહિતર તો તે સાત હાથ અને ૫૦૦ ધનુષમાં તિઠાણવડિયા જ થઈ શકે છે.

**૨૧.** જઘન્ય ચક્ષુદર્શન યુગલિયામાં હોતું નથી; તેથી મનુષ્ય, તિર્યંચના જઘન્ય ચક્ષુ દર્શનમાં સ્થિતિ તિઠાણ વડિયા કહેવી જોઈએ. મૂળપાઠમાં મતિજ્ઞાનની ભલામણ હોવાથી એ સ્પષ્ટ નથી કરી શકાયું. જઘન્ય મતિજ્ઞાન તો યુગલિયામાં હોઈ શકે છે, કારણ કે તેનો સંબંધ શરીર સાથે નથી, પરંતુ ચક્ષુ દર્શન(આંખો)નો સંબંધ શરીર સાથે છે. વિશાળ શરીરમાં જઘન્ય ચક્ષુ દર્શન યુગલિયામાં માનવું સંગત નથી. ભલામણમાં આવા સૂક્ષ્મ તત્ત્વો કેટલીક જગ્યાએ સ્પષ્ટ કરવાના રહી જાય છે.

**પ્રશ્ન–૬ : અજીવ પજ્જવામાં પરમાણુ આદિની અનંત પર્યાયોનું કથન તેની અવગાહના આદિથી કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** એક પરમાણુ બીજા કોઈ પણ પરમાણુની અપેક્ષાએ (૧) દ્રવ્યથી સમાન (૨) પ્રદેશથી પણ સમાન (૩) અવગાહનાથી પણ સમાન. કારણ કે પરમાણુ હોવાથી એક આકાશપ્રદેશ ઉપર જ રહેશે. (૪) સ્થિતિથી ચૌઠાણવડિયા–કેમકે એક સમયથી લઈને બધી સ્થિતિ હોવાથી. આ પ્રકારે સ્થિતિના અસંખ્ય પર્યવ હોય છે. વર્ણાદિથી છટ્ઠાણવડિયા અર્થાત્ વર્ણાદિની અનંતપર્યાય હોય છે. આ રીતે કુલ મળીને પરમાણુમાં અનંતપર્યાય–પજ્જવા હોય છે.

આ જ રીતે દ્વિપ્રદેશીથી અનંતપ્રદેશી સુધી પ્રદેશ, અવગાહના, સ્થિતિ, વર્ણાદિ મળીને અનંતપર્યાય હોય છે.

દ્વિપ્રદેશી આદિમાં અવગાહના પોતપોતાના પ્રદેશોની સંખ્યાથી ઓછી થઈ શકે છે. તેથી અવગાહનામાં ભિન્નતા હોય છે. જે કોષ્ટકમાં(ટેબલમાં)





બતાવવામાં આવેલ છે. દશ પ્રદેશી સ્કંધ પણ એક આકાશપ્રદેશ ઉપર રહી શકે છે. સંખ્યાતા, અસંખ્યાતા અનંતપ્રદેશી સ્કંધના પ્રદેશોમાં પણ ખુદ–પોતામાં સંખ્યાતા અસંખ્યાતા અને અનંતા વિકલ્પો હોઈ શકે છે તેથી તેના બોલમાં **પ્રદેશથી** ક્રમશઃ સંખ્યાતપ્રદેશીમાં દુઠાણવડિયા, અસંખ્યાત પ્રદેશીમાં ચૌઠાણ વડિયા અને અનંત પ્રદેશી સ્કંધના બોલમાં **પ્રદેશથી** છઠાણવડિયા તફાવત–ફરક હોઈ શકે છે. આ ત્રણેની અવગાહનામાં પણ સંખ્યાત પ્રદેશીમાં સંખ્યાતા વિકલ્પ હોવાથી દુટ્ઠાણવડિયા કહેવાયછે તેમજ અસંખ્ય પ્રદેશી અને અનંતપ્રદેશીમાં અસંખ્યાતા વિકલ્પ હોવાથી ચૌઠાણવડિયા કહેવાય છે. અવગાહનામાં અનંત વિકલ્પ હોતા નથી કેમ કે લોકમાં આકાશપ્રદેશ અસંખ્યાતા જ હોય છે. અનંત આકાશપ્રદેશ હોતા નથી. આ પ્રકારની અન્ય વિશેષ વિગતો કોષ્ટક(ચાર્ટ)માંથી જાણી લેવી.

***કોષ્ટક સંબંધી સૂચનો :–*** *દ્રવ્યની અપેક્ષા પરમાણુ આદિ બધા પરસ્પર સમાન(એક)હોય છે. તેથી તે કોલમ ચાર્ટમાં આપવામાં આવેલ નથી અને અજીવમાં જ્ઞાનાદિ ન હોવાથી ઉપયોગની કોલમ પણ આપેલ નથી. તેમજ વર્ણાદિના બોલમાં થોડી થોડી વિષમતા–ભિન્નતા હોય છે. તે કોષ્ટકમાં યોગ્ય સ્થાને આપવામાં આવેલ છે. થોડીક નવીન વિશેષતાઓને કોષ્ટક પછી ટિપ્પણના રૂપમાં સમજાવવામાં આવેલ છે.*

| નામ | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ. |
|---|---|---|---|---|
| પરમાણુ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ૰ | ૧૬ બોલ[૧] |
| દ્વિપ્રદેશી | તુલ્ય | ૧ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૰ | ૧૬ બોલ |
| ત્રણપ્રદેશી | તુલ્ય | ૨ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૰ | ૧૬ બોલ |
| ચારથી દસપ્રદેશી | તુલ્ય | ૩ થી ૯ હીનાધિક | ચૌઠાણ વ૰ | ૧૬ બોલ |
| સંખ્યાતપ્રદેશી | દુઠાણ વ૰ | દુઠાણ વ૰[૨] | ચૌઠાણ વ૰ | ૧૬ બોલ |
| અસંખ્યાતપ્રદેશી | ચૌઠાણ વ૰ | ચૌઠાણ વ૰ | ચૌઠાણ વ૰ | ૧૬ બોલ |
| અનંતપ્રદેશી | છઠાણ વ૰ | ચૌઠાણ વ૰ | ચૌઠાણ વ૰ | ૨૦ બોલ |
| એક પ્રદેશ અવ૰ પુ૰ | છઠાણ વ૰ | તુલ્ય | ચૌઠાણ વ૰ | ૧૬ બોલ |
| ૨-૧૦ પ્રદેશ અવ૰ પુ૰ | છઠાણ વ૰ | તુલ્ય | ચૌઠાણ વ૰ | ૧૬ બોલ |
| સંખ્યાત પ્રદેશ અવ૰ પુ૰ | છઠાણ વ૰ | દુઠાણ વ૰ | ચૌઠાણ વ૰ | ૧૬ બોલ |
| અસં૰ પ્રદેશ અવ૰ પુ૰ | છઠાણ વ૰ | ચૌઠાણવ૰ | ચૌઠાણ વ૰ | ૨૦ બોલ |
| ૧ સમય સ્થિતિના પુ૰ | છઠાણ વ૰ | ચૌઠાણ વ૰ | તુલ્ય | ૨૦ બોલ |
| ૨-૧૦ સમય ના પુ૰ | છઠાણ વ૰ | ચૌઠાણ વ૰ | તુલ્ય | ૨૦ બોલ |

| નામ | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ. |
|---|---|---|---|---|
| સંખ્યાત સમયના પુ૦ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | દુઠાણ વ૦ | ૨૦ બોલ |
| અસં૦ સમયના પુ૦ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ |
| એક ગુણ કાળા | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૯ બોલ |
| બે થી દસ ગુણ કાળા | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૯ બોલ |
| સંખ્યાત ગુણ કાળા | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૯/૧ દુઠાણ વ૦ |
| અસંખ્યાત ગણા કાળા | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૯/૧ચૌઠાણ વ૦ |
| અનંત ગુણ કાળા | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ |
| જ૦ ઉ૦ અવ૦ બે પ્રદેશી[૩] | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ મ૦ઉ૦ અવ૦ નાડ પ્રદે૦ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ ઉ૦ અવ૦ના ૪ પ્રદે૦ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| મ૦ અવ૦ ના ૪ પ્રદેશી | તુલ્ય | ૧ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ ઉ૦ અવ૦ના ૧૦ પ્રદે૦ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| મ૦ અવ૦ ના ૧૦ પ્રદેશી | તુલ્ય | ૭ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ ઉ૦ અવ૦ના સં૦ પ્રદે૦ | દુઠાણ વ૦ | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| મ૦ અવ૦ ના સં૦ પ્રદેશી | દુઠાણ વ૦ | દુઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ ઉ૦ અવ૦ અસં૦ પ્રદે૦ | ચૌઠાણ વ૦ | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| મ૦ અવ૦અસં૦ પ્રદેશી | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ અવ૦નાઅનંત પ્રદે૦ | છઠાણ વ૦ | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| ઉ૦ અવ૦ના અનંતપ્રદે૦ | છઠાણ વ૦ | તુલ્ય | તુલ્ય[૯] | ૧૬ બોલ |
| મ૦ અવ૦ ના અનંતપ્રદે૦ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ |
| જ૦ ઉ૦ સ્થિ૦ના પરમાણુ[૪] | તુલ્ય | તુલ્ય | તુલ્ય | ૧૬ બોલ |
| મ૦ સ્થિતિના પરમાણુ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ ઉ૦સ્થિ૦ના દ્વિપ્રદે૦ | તુલ્ય | એક પ્રદેશ હીનાધિક | તુલ્ય | ૧૬ બોલ |
| મ૦ સ્થિ૦ના દ્વિપ્રદેશી | તુલ્ય | એક પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ ઉ૦સ્થિના દસપ્રદે૦ | તુલ્ય | ૯ પ્રદેશ હીનાધિક | તુલ્ય | ૧૬ બોલ |
| મ૦ સ્થિતિના દસપ્રદેશી | તુલ્ય | ૯ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ ઉ૦ સ્થિ૦ સં૦ પ્રદે૦ | દુઠાણ વ૦ | દુઠાણ વ૦ | તુલ્ય | ૧૬ બોલ |
| મ૦ સ્થિતિના સં૦ પ્રદે૦ | દુઠાણ વ૦ | દુઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ ઉ૦ સ્થિ૦ અસં૦ પ્રદે૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | તુલ્ય | ૧૬ બોલ |





| નામ | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ. |
|---|---|---|---|---|
| મ૦ સ્થિ૦ના અસં૦ પ્રદે૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ ઉ૦ સ્થિ૦ના અનં૦ પ્ર૦ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | તુલ્ય | ૨૦ બોલ |
| મ૦સ્થિ૦ના અનંત પ્ર૦ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ |
| જ૦ ઉ૦ ગુણ કાળા પરમાણુ[૫] | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૧/૧ |
| મ૦ ગુણ કાળા પરમાણુ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૨ બોલ |
| જ૦ ઉ૦ ગુણ કાળા દ્વિપ્રદેશી | તુલ્ય | ૧ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૦ | ૧૫ બોલ |
| મ૦ ગુણ કાળા દ્વિપ્રદેશી | તુલ્ય | ૧ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ. ઉ. મ. ગુણ કાળા દસ પ્રદે. | તુલ્ય | ૯ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૦ | ૧૫/૧૬ |
| જ૦ ઉ૦ ગુણ કાળા સં૦ પ્ર૦ | દુઠાણ વ૦ | દુઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૫/૧ |
| મ૦ ગુણ કાળા સં૦ પ્ર૦ | દુઠાણ વ૦ | દુઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ.ઉ.ગુણ કાળા અસં.પ્ર. | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૫/૧ |
| મ૦ ગુણ કાળા અસં૦ પ્રદે૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ. ઉ. ગુણ કાળા અનં. પ્રદે. | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૯/૧ |
| મ૦ ગુણ કાળા અનંત પ્ર૦ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ |
| જ૦ ઉ૦ કર્કશ અનંતપ્ર૦ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૯/૧ |
| મ૦ કર્કશ અનંતપ્રદેશી | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૨૦ |
| જ૦ ઉ૦ મ૦ શીત[૬] પરમાણુ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૪/૧૫ |
| જ૦ ઉ૦મ૦ શીત દ્વિપ્રદેશી | તુલ્ય | ૧ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૦ | ૧૫/૧૬ |
| જ૦ ઉ૦ મ૦ શીત દસ પ્ર૦ | તુલ્ય | ૯ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૦ | ૧૫/૧૬ |
| જ૦ ઉ૦ મ૦ શીત સં૦ પ્ર૦ | દુઠાણ વ૦ | દુઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૫/૧૬ |
| જ૦ ઉ૦ મ૦ શીત અસં૦ પ્ર૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૫/૧૬ |
| જ૦ઉ૦મ૦શીત અનંતપ્ર૦ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૯/૨૦ |
| જ૦ પ્રદેશી સ્કંધ | તુલ્ય | ૧ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ[૭] |
| ઉ૦ પ્રદેશી સ્કંધ | તુલ્ય | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ |
| મધ્યમ પ્રદેશી સ્કંધ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ |
| જ૦ અવ૦ના પુદ્‌ગલ | છઠાણ વ૦ | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ[૮] |
| ઉ૦ અવ૦ના પુદ્‌ગલ | છઠાણ વ૦ | તુલ્ય | તુલ્ય | ૧૬ બોલ |
| મ૦ અવ૦ના પુદ્‌ગલ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ |
| જ૦ ઉ૦ સ્થિતિના પુદ્‌ગલ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | તુલ્ય | ૨૦ બોલ |

| નામ | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ. |
|---|---|---|---|---|
| મ૰ સ્થિતિના પુદ્‌ગલ | છઠાણ વ૰ | ચૌઠાણ વ૰ | ચૌઠાણ વ૰ | ૨૦ બોલ |
| જ૰ ઉ૰ ગુણ કાળા પુદ્‌ગલ | છઠાણ વ૰ | ચૌઠાણ વ૰ | ચૌઠાણ વ૰ | ૧૯/૧ |
| મ૰ ગુણ કાળા પુદ્‌ગલ | છઠાણ વ૰ | ચૌઠાણ વ૰ | ચૌઠાણ વ૰ | ૨૦ બોલ |

***સંક્ષિપ્તાક્ષરઓની વિગત :*** *જ૰ = જઘન્ય, ઉ૰ = ઉત્કૃષ્ટ, મ૰ = મધ્યમ, અવ૰ = અવગાહના, સ્થિ૰ = સ્થિતિ, અનં૰ = અનંત, પ્ર૰, પ્રદે૰ = પ્રદેશી, સં૰ = સંખ્યાત, અસં૰ = અસંખ્યાત, વ૰ = વડિયા. પુ૰ = પુદ્‌ગલ.*

## ચાર્ટમાં આપેલા ટિપ્પણાંક સંબંધી સ્પષ્ટીકરણ :–

**(૧)** સમુચ્ચય પરમાણુમાં સ્પર્શ ૪ હોય છે. વર્ણાદિ ૧૬ બોલ હોય છે. કોઈ પણ એક પરમાણુમાં તો ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ, ૨ સ્પર્શ એમ કુલ ૫ વર્ણાદિ જ હોય છે. પ્રતિપક્ષી વર્ણાદિ હોતા નથી. અહીં તુલના કરવામાં વિવક્ષિત સામાન્ય પરમાણુની પૃચ્છા છે, વ્યક્તિગત એકલા પરમાણુની નથી. અર્થાત્ જીવ-અજીવ પર્યાયવાળા આ પ્રકરણમાં સર્વત્ર વિવક્ષિત સામાન્યની પૃચ્છા છે વ્યક્તિગત એક કે બેની પૃચ્છા નથી, તેથી સમુચ્ચય પરમાણુમાં વર્ણાદિ ૧૬ છે.

**(૨)** અહીં કહેલા સંખ્યાતપ્રદેશીના દુઠાણવડિયામાં અને જીવ પર્યવમાં કહેલા દુઠાણવડિયામાં અંતર છે. જીવ પર્યવમાં અસંખ્યાતમો ભાગ અને સંખ્યાતમો ભાગ એ બે ફરક છે અને અહીં અજીવ પર્યવમાં સંખ્યાતમો ભાગ અને સંખ્યાત ગુણ એ બે અંતર છે. એ અપેક્ષાએ સંખ્યાતપ્રદેશી (૧૧ પ્રદેશથી લાખો, કરોડો પ્રદેશી)માં પ્રદેશ અને અવગાહના દુઠાણવડિયા હોઈ શકે છે તે ઉપરાંત અજીવ પજ્જવામાં ક્યાંય પણ એકઠાણવડિયા અને તિઠાણવડિયા હોતા નથી.

**(૩)** જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાના બે પ્રદેશીની જ પૃચ્છા છે, મધ્યમ અવગાહનાની પૃચ્છા નથી. કારણ કે બે પ્રદેશીમાં મધ્યમ અવગાહના બનતી નથી, તેમજ અહીં પરમાણુની તો પૃચ્છા જ નથી કારણ કે જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટ પૃચ્છામાં તેનો વિષય નથી. જેમ કે કોઈ એક ભાઈ છે, તેને માટે નાના કે મોટાભાઈ કે નાના કે મોટા પુત્રની વાત પૂછવાનો વિષય જ થતો નથી.

**(૪)** જઘન્ય સ્થિતિના પરમાણુમાં વર્ણાદિ ૧૬ સંભવ છે. મૂળપાઠમાં સ્પર્શ બે જ કહ્યા છે પરંતુ તે લિપિ દોષ કે દષ્ટિ દોષ હોવાનો સંભવ છે.

**(૫)** જઘન્ય કાલા ગુણના પરમાણુઓની પૃચ્છામાં શેષ પ્રતિપક્ષી ચાર વર્ણ





હોતા નથી અને જઘન્ય કાળાની પૃચ્છા હોવાથી કાળા વર્ણથી બધા સમાન છે. તેથી વર્ણાદિ ૧૬માંથી પાંચ ઓછા થતાં ૧૧ વર્ણાદિથી છઠાણવડિયા છે. એ જ રીતે ઉત્કૃષ્ટ ગુણ કાળામાં ૧૧ વર્ણાદિથી છઠાણવડિયા છે, પરંતુ મધ્યમમાં કાલા વર્ણને મેળવવાથી ૧૨ વર્ણાદિથી છઠાણ વડિયા છે.

**(૬)** શીત સ્પર્શના પરમાણુઓમાં ત્રણ સ્પર્શ હોય છે, ઉષ્ણ–ગરમ હોતો નથી; તેથી વર્ણાદિ ૧૫ હોય છે. જઘન્ય-ઉત્કૃષ્ટમાં સ્વયંની અપેક્ષા તુલ્ય હોવાથી ૧૪ વર્ણાદિ છઠાણવડિયા અને મધ્યમમાં વર્ણાદિ ૧૫ છઠાણવડિયા કહ્યા છે.

**(૭)** જઘન્ય પ્રદેશી સ્કંધમાં દ્વિપ્રદેશી સ્કંધ વિવક્ષિત છે. તેથી વર્ણાદિ ૧૬ છે.

**(૮)** જઘન્ય અવગાહનાના પુદ્‌ગલમાં અનંતપ્રદેશી પણ હોઈ શકે છે, તોપણ વર્ણાદિ તો ૧૬ જ હોઈ શકે છે. કારણ કે તે ચૌસ્પર્શી જ હોય છે, આઠસ્પર્શી હોતા નથી.

**(૯)** ઉત્કૃષ્ટ અવગાહનાના પુદ્‌ગલમાં અચિત્ત મહાસ્કંધ અથવા કેવળી સમુદ્‌ઘાત ગત શરીર ગ્રહિત છે, જેની સ્થિતિ ૪-૪ સમયની હોય છે. (વાસ્તવમાં એક સમયની હોય છે.) માટે સ્થિતિ સમાન છે.

# પદ–૬ : વ્યુત્ક્રાંતિ

### પ્રશ્ન–૧ : આ પદમાં વિષયોને કયા ક્રમથી વર્ણવેલ છે ?

**ઉત્તર–** વ્યુત્ક્રાંતિનો અર્થ છે– ગમનાગમન, આવવું જવું, જન્મમરણ. આ પદમાં ચાર ગતિ, ૨૪ દંડકના જીવોના જન્મ મરણનો વિરહકાળ, ગતિ-આગતિ, આયુષ્ય બંધનો સમય, જન્મ-મરણની એક સમયની સંખ્યા, છ પ્રકારના આયુષ્યબંધ અને આયુબંધના આકર્ષ (પુદ્‌ગલ ખેંચવાની ગણતરી) વગેરે વિષયો પૂર્ણ કરવામાં આવેલ છે.

### પ્રશ્ન–૨ : જીવોના જન્મ–મરણનો વિરહકાળ તથા તે જીવોની સંખ્યાનું કથન કયા પ્રકારે છે ?

**ઉત્તર–** વિરહ=આંતરા, વિચ્છેદ, ઉત્પન્ન થવાનો અને મૃત્યુનો વિચ્છેદ, અહીં ચાર ગતિ ૨૪ દંડકના જીવોના (૧) ઉત્પત્તિનો વિરહ=અંતરકાલ અને (૨) મરણનો વિરહ=અંતરકાલ દર્શાવેલ છે. આ વિરહ ઓછામાં ઓછો એક સમય બધાનો સરખો હોય છે અને ઉત્કૃષ્ટ અનેક પ્રકારનો હોય છે. ઉપજવાનો ઉત્કૃષ્ટ વિરહ જેટલા સમયનો હોય તેટલો જ મરણનો ઉત્કૃષ્ટ વિરહ હોય છે. તેથી

એકનું કથન કરવાથી તે બંને(જન્મ-મરણ)નું સમજી શકાય છે. તેમાં દંડકના ક્રમથી વર્ણન હોવા છતાં ૭ નરકના, સંજ્ઞી-અસંજ્ઞી, મનુષ્ય, તિર્યંચ બંનેના તેમજ વૈમાનિકના ભેદોનો અલગ અલગ વિરહ દર્શાવેલ છે.

એક સમયમાં ઉપજવા-મરવાની સંખ્યા પણ સરખી હોય છે તથા તે સંખ્યા જઘન્ય ઉત્કૃષ્ટ બંને દર્શાવવામાં આવી છે. જેમાં જઘન્ય લગભગ ૧–૨–૩ સંખ્યા કહી છે. ઉત્કૃષ્ટમાં સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા પણ હોય છે. જેમકે– (૧) સંજ્ઞી મનુષ્યમાં ઉત્કૃષ્ટ સંખ્યાતા (૨) નવમા દેવલોકથી લઈને સર્વાર્થસિદ્ધ સુધીના ઉત્કૃષ્ટ સંખ્યાતા (૩) વનસ્પતિમાં સમય-સમય અનંતા (૪) ચાર સ્થાવરમાં દરેક સમયે અસંખ્યાતા (૫) બાકીના બધામાં ઉત્કૃષ્ટ અસંખ્યાતા અને જઘન્ય ૧–૨–૩ એક સમયમાં ઉત્પન્ન થાય અને મરણ પામે છે. પૃથ્વી આદિ પાંચ સ્થાવરમાં જન્મ અને મરણ સંબંધી વિરહ પડતો નથી. અર્થાત્ ત્યાં નિરંતર જીવોના જન્મ મરણ બંને થતા જ રહે છે. અહીં કહેલ ઉત્કૃષ્ટ વિરહકાલ ક્યારેક જ હોય છે. જઘન્ય અને મધ્યમ વિરહકાલ સાંતર(અંતર સાથે) થતા રહે છે.

સમુચ્ચય ચાર ગતિમાંથી પ્રત્યેક ગતિમાં વિરહકાલ ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્તનો હોય છે. અર્થાત્ અન્ય ગતિમાંથી આવીને ઉત્પન્ન થનારો આ વિરહકાલ છે. તિર્યંચ ગતિમાં અન્ય ત્રણ ગતિમાંથી આવીને ઉત્પન્ન થવાનો વિરહકાલ ૧૨ મુહૂર્તનો હોઈ શકે છે પરંતુ તિર્યંચ ગતિના ખુદનો પોતાનામાં પૃથ્વી આદિ જીવો સમય-સમયે નિરંતર ઉત્પન્ન થતાં જ રહે છે.

**વિરહ અને ઉત્પાત સંખ્યા :–**

| | નામ | વિરહ | | ઉત્પાત સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ૧ | પહેલી નરક | ૧ સમય | ૨૪ મુહૂર્ત | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૨ | બીજી નરક | ૧ સમય | ૭ દિવસ | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૩ | ત્રીજી નરક | ૧ સમય | ૧૫ દિવસ | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૪ | ચોથી નરક | ૧ સમય | ૧ મહિનો | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૫ | પાંચમી નરક | ૧ સમય | ૨ મહિના | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૬ | છઠ્ઠી નરક | ૧ સમય | ૪ મહિના | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૭ | સાતમી નરક | ૧ સમય૬ | મહિના | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૮ | ભવન૦ ૨ દેવલોક | ૧ સમય | ૨૪ મુહૂર્ત | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૯ | ત્રીજો દેવલોક | ૧ સમય | ૯ દિવસ ૨૦ મુ૦ | ૧–૨–૩ | અસંખ્યાત |





| | નામ | વિરહ | | ઉત્પાત સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ૧૦ | ચોથો દેવલોક | ૧ સમય | ૧૨ દિવસ ૧૦ મુ૦ | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૧૧ | પાંચમો દેવલોક | ૧ સમય | ૨૨½ દિવસ | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૧૨ | છઠ્ઠો દેવલોક | ૧ સમય | ૪૫ દિવસ | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૧૩ | સાતમો દેવલોક | ૧ સમય | ૮૦ દિવસ | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૧૪ | આઠમો દેવલોક | ૧ સમય | ૧૦૦ દિવસ | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૧૫ | ૯-૧૦ દેવલોક | ૧ સમય | સંખ્યાતા માસ | ૧–૨–૩ | સંખ્યાતા |
| ૧૬ | ૧૧-૧૨ દેવલોક | ૧ સમય | સંખ્યાતા વર્ષ | ૧–૨–૩ | સંખ્યાતા |
| ૧૭ | પ્રથમ ત્રિક ગ્રૈવેયક | ૧ સમય | સં૦ સો વર્ષ | ૧–૨–૩ | સંખ્યાતા |
| ૧૮ | બીજી ત્રિક ગ્રૈવેયક | ૧ સમય | સં૦ હજાર વર્ષ | ૧–૨–૩ | સંખ્યાતા |
| ૧૯ | ત્રીજી ત્રિક ગ્રૈવેયક | ૧ સમય | સં૦ લાખ વર્ષ | ૧–૨–૩ | સંખ્યાતા |
| ૨૦ | ૪ અનુત્તર વિમાન | ૧ સમય | અસંખ્ય વર્ષ | ૧–૨–૩ | સંખ્યાતા |
| ૨૧ | સર્વાર્થ સિદ્ધ | ૧ સમય | પલ્યનો સં૦ ભાગ | ૧–૨–૩ | સંખ્યાતા |
| ૨૨ | સિદ્ધ | ૧ સમય | ૬ મહિના | ૧–૨–૩ | ૧૦૮ |
| ૨૩ | ચાર સ્થાવર | વિરહ નહીં | વિરહ નહીં | નિરંતર અસં૦ | નિરંતર અસં૦ |
| ૨૪ | વનસ્પતિ | વિરહ નહીં | વિરહ નહીં | સદા અનંત | સદા અનંત |
| ૨૫ | ત્રણ વિકલેન્દ્રિય | ૧ સમય | અંતર્મુહૂર્ત | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૨૬ | અસંજ્ઞી તિર્યંચ પંચે. | ૧ સમય | અંતર્મુહૂર્ત | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૨૭ | સંજ્ઞી તિર્યંચ પંચે. | ૧ સમય | ૧૨ મુહૂર્ત | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૨૮ | સંમૂર્ચ્છિમ મનુષ્ય | ૧ સમય | ૨૪ મુહૂર્ત | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૨૯ | સંજ્ઞી મનુષ્ય | ૧ સમય | ૧૨ મુહૂર્ત | ૧–૨–૩ | સંખ્યાત |

[***સંક્ષેપ્તાક્ષર પરિજ્ઞાન :*** *ભવન૦ = ભવનપતિ, મુ૦ = મુહૂર્ત, અસં૦= અસંખ્યાત, સં૦ = સંખ્યાત, ભા૦ = ભાગ.*]

**વિશેષ :– ૧.** ચાર સ્થાવરમાં ૫ સ્થાવરની અપેક્ષા પ્રત્યેક સમયમાં વિરહ વગર નિરંતર અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. ત્રસની અપેક્ષા જઘન્ય ૧–૨–૩, ઉત્કૃષ્ટ અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. અતઃ કુલ મળીને પ્રતિ સમય અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. વનસ્પતિમાં વનસ્પતિની અપેક્ષા પ્રતિ સમય વિરહ વગર અનંતા ઉત્પન્ન થાય છે; ચાર સ્થાવરમાંથી પ્રતિ સમય અસંખ્યાતા ઉપજે છે; અને ત્રસ કાયમાંથી જઘન્ય ૧–૨–૩ ઉત્કૃષ્ટ અસંખ્યાતા ઉપજે છે. સર્વે

મળીને પ્રતિ સમય ઉત્કૃષ્ટ અનંત ઉપજે છે અને મરે છે.

**પ્રશ્ન–૩ : જીવોની ગતાગત અહીં કયા પ્રકારે દર્શાવેલ છે ?**

**ઉત્તર–** ગતાગતના પ્રસિદ્ધ થોકડામાં ૨૪ દંડકના જીવોની અને તીર્થંકર, ચક્રવર્તી આદિ અનેક બોલોની ગતાગત, જીવના ૫૬૩ ભેદનો આધાર લઈ કહેવામાં આવેલ છે. પ્રસ્તુત શાસ્ત્રમાં ૨૪ દંડકના જીવોમાં ૧૧૦ જીવના ભેદોથી ગતાગત દર્શાવેલ છે. વાસ્તવમાં આ શાસ્ત્રમાં જીવોના ભેદનું કથન સંકલન કરીને ગતિ આગતિ બતાવેલ છે. પરંતુ કુલ જીવોના ભેદની સંખ્યાતી ગણત્રી કરેલ નથી. તે તો ગણિત જ્ઞાનમાં સગવડતા ખાતર થોકડામાં પૂર્વાચાર્યોએ આગમ આધારથી ગણત્રીની સંખ્યા સ્પષ્ટ કહેલ છે. આ કુલ સંખ્યા ૧૧૦ થઈ જાય છે. અહીં આ ગણત્રી આ પ્રકારે છે.

**(૧) નારકીના ૭ ભેદ પર્યાપ્તા**

**(૨) તિર્યંચના ૪૮ ભેદ–નીચેની વિગતે–**

| | |
|---|---|
| પાંચ સ્થાવર, સૂક્ષ્મ, બાદર, અપર્યાપ્તા, પર્યાપ્તા= | ૨૦ |
| ત્રણ વિકલેન્દ્રિયના પર્યાપ્તા અપર્યાપ્તા ભેદ= | ૬ |
| પાંચ તિર્યંચ પંચેન્દ્રિયના સંજ્ઞી, અસંજ્ઞી પર્યાપ્તા અપર્યાપ્તા ભેદ= | ૨૦ |
| સ્થળચર યુગલિયા+ ખેચર યુગલિયા= | ૨ |
| **કુલ ભેદ=** | **૪૮** |

**(૩) મનુષ્યના ૬ ભેદ નીચે મુજબ–**

| | |
|---|---|
| સમુચ્છિંમ મનુષ્ય + કર્મભૂમિના પર્યાપ્તા અને અપર્યાપ્તા= | ૩ ભેદ |
| અસંખ્યાતવર્ષના કર્મભૂમિ, અકર્મભૂમિ અને અંતરદ્વીપના= | ૩ ભેદ |
| **કુલ =** | **૬ ભેદ** |

**(૪) દેવના–૪૯** =૧૦ ભવનપતિ, ૮ વ્યંતર, ૫ જ્યોતિષી, ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર વિમાન=૪૯ ભેદ.

આ રીતે ચાર ગતિના કુલ ૭+૪૮+૬+૪૯=૧૧૦ ભેદ.





**ગતાગત : ૧૧૦ જીવ ભેદોની અપેક્ષાથી :–**

| નામ | આગતિ | | ગતિ | |
|---|---|---|---|---|
| | **સંખ્યા** | **વિવરણ** | **સંખ્યા** | **વિવરણ** |
| પહેલી નરક | ૧૧ | ૫ સંજ્ઞી, ૫ અસંજ્ઞી ૧ મનુષ્ય | ૬ | ૫ સંજ્ઞી ૧ મનુષ્ય |
| બીજી નરક | ૬ | ૫ સંજ્ઞી, ૧ મનુષ્ય | ૬ | આગત પ્રમાણે |
| ત્રીજી નરક | ૫ | ભૂજ પરિસર્પ વર્જ્યા | ૫ | આગત પ્રમાણે |
| ચોથી નરક | ૪ | ખેચર વર્જ્યા | ૪ | આગત પ્રમાણે |
| પાંચમી નરક | ૩ | સ્થળચર વર્જ્યા | ૩ | આગત પ્રમાણે |
| છટ્ઠી નરક | ૨ | ઉરપરિસર્પ વર્જ્યા = ૧ મનુષ્ય, ૧ જળચર | ૨ | આગત પ્રમાણે |
| સાતમી નરક | ૨ | બંનેની સ્ત્રી વર્જી | ૧ | જળચર |
| ભવનપતિ, વ્યંતર | ૧૬ | ૫ સંજ્ઞી, ૫ અસંજ્ઞી ૫ યુગલિયા, ૧ મનુષ્ય | ૯ | ૫ સંજ્ઞી, ૩ સ્થાવર, ૧ મનુષ્ય |
| જ્યોતિષી, પ્રથમ બે દેવલોક | ૯ | ૫ સંજ્ઞી, ૩ યુગલિયા ૧ મનુષ્ય | ૯ | ૫ સંજ્ઞી, ૩ સ્થાવર, ૧ મનુષ્ય |
| ૩ થી ૮ દેવલોક | ૬ | ૫ સંજ્ઞી તિર્યંચ ૧ મનુષ્ય | ૬ | આગતિ પ્રમાણે |
| ૯ થી ૧૨ દેવલોક | ૧ | મનુષ્ય | ૧ | મનુષ્ય |
| ૯ ગ્રૈવેયેક | ૧ | મનુષ્ય | ૧ | મનુષ્ય |
| ૫ અણુત્તર વિમાન | ૧ | અપ્રમત્ત સંયત મનુષ્ય | ૧ | મનુષ્ય |
| પૃથ્વી, પાણી, | ૭૪ | ૪૬ તિર્યંચ, | ૪૯ | ૪૬ તિર્યંચ |
| વનસ્પતિ | | ૩ મનુષ્ય, ૨૫ દેવ ક્રમથી | | ૩ મનુષ્ય |
| તેઉ, વાઉ | ૪૯ | ૪૬ તિર્યંચ ૩ મનુષ્ય | ૪૬ | ૪૬ તિર્યંચ |
| ત્રણ વિકલેન્દ્રિય | ૪૯ | ૪૬ તિર્યંચ ૩ મનુષ્ય | ૪૯ | ૪૬ તિર્યંચ ૩ મનુષ્ય |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૮૭ | ૭૪+૭ નરક+૬ દેવલોક | ૯૨ | ૮૭ + ૫ યુગલિયા |
| મનુષ્ય | ૯૬ | ૩૮ તિર્યંચ, ૩ મનુષ્ય, ૪૯ દેવ, ૬ નરક | ૧૧૧ | સિદ્ધ સહિત ૧૧૦(સર્વત્ર) |

**નોંધ :–** ચાર્ટમાં સંજ્ઞી અને અસંજ્ઞી જ્યાં પણ હોય ત્યાં તેને તિર્યંચ સમજવા

**વિશેષ જ્ઞાતવ્ય :– ૧.** બીજી નારકીથી છટ્ઠી નારકી સુધી આગતની સમાન ગત છે.પહેલી નરકમાં અસંજ્ઞી છોડીને ગત છે. સાતમી નરકમાં મનુષ્ય છોડીને

ગત છે. સાતમીમાં પુરુષ અને નપુંસક જઈ શકે છે. સ્ત્રી કોઈ પણ જાતી નથી.

**૨.** ચાર્ટમાં પાંચ યુગલિયા = બે તિર્યંચ યુગલિયા(ખેચર અને સ્થળચર–ચૌપદ) અને ત્રણ મનુષ્ય યુગલિયા(અસંખ્યાતા વર્ષના કર્મભૂમિ, અકર્મભૂમિજ અને અંતર્દ્વીપજ.)

**૩.** ગતિ આગતિના આ પ્રકરણમાં પર્યાપ્ત નામ કર્મવાળાની અપર્યાપ્ત અવસ્થાને ગણી નથી, તેથી નારકી દેવતાની ગતિમાં પણ આગતિની જેમ પર્યાપ્ત જ લેવામાં આવ્યા છે; પર્યાપ્ત, અપર્યાપ્ત એ બંને ભેદ લેવામાં નથી આવ્યા. અર્થાત્ નારકી, દેવતામાં પર્યાપ્ત જીવ જ આવે છે અને નારકી, દેવતા મૃત્યુ પામીને જ્યાં જન્મે છે ત્યાં પર્યાપ્ત જ બને છે. પર્યાપ્ત બન્યા વિના અપર્યાપ્ત અવસ્થામાં તેઓ ત્યાં મરતા નથી.

**૪.** તિર્યંચ, મનુષ્ય પરસ્પર અપર્યાપ્ત અવસ્થાનું આયુષ્ય બાંધી શકે છે અને અપર્યાપ્ત અવસ્થામાં મરીને અન્યત્ર(મનુષ્ય-તિર્યંચમાં) જન્મી શકે છે.

**૫.** અણુત્તર વિમાનમાં અપ્રમત્ત સંયત સ્વલિંગી જ જાય છે, લબ્ધિવાન પણ અણુત્તર દેવ બને છે તથા લબ્ધિ રહિત હોય તો પણ અણુત્તર દેવ બને છે.

**૬.** નવ ગ્રૈવેયકમાં સ્વલિંગી સમ્યગ્દૃષ્ટિ અને સ્વલિંગી મિથ્યાદૃષ્ટિ જાય છે.

**૭.** ૯ થી ૧૨મા દેવલોક સુધી સાધુ, શ્રાવક, સ્વલિંગી, અન્યલિંગી, મિથ્યા દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ આદિ મનુષ્યો જઈ શકે છે.

**પ્રશ્ન–૪ : જીવનમાં આયુષ્યબંધનો સમય અને તેના આકર્ષ(પુદ્ગલ ગ્રહણ કરવા)તથા છ પ્રકારના આયુષ્યબંધ કયા–કયા છે ?**

**ઉત્તર– આયુબંધ**–નારકી,દેવતા,યુગલિયા અને ચક્રવર્તી આદિ ૬ મહિનાનું આયુષ્ય બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. ૧૦ ઔદારિક દંડકમાં નિરુપક્રમી આયુષ્યવાળા પોતાની ઉંમરનો ૨/૩ ભાગ વીતી ગયા પછી ૧/૩ ભાગ બાકી રહે ત્યારે આયુષ્યનો બંધ કરે છે.

સોપક્રમી આયુષ્યવાળા ત્રીજા, નવમા, સત્યાવીસમા આદિ કોઈપણ ત્રીજા–ત્રીજા ભાગે આયુષ્યનો બંધ કરે છે. (છેલ્લા અંતર્મુહૂર્ત સુધીમાં પણ કરે છે.)

**આકર્ષ**–૨૪ દંડકમાં જઘન્ય ૧–૨–૩ ઉત્કૃષ્ટ આઠ આકર્ષથી એટલે કે આઠ વાર પુદ્ગલ ગ્રહણ કરી આયુષ્યબંધને પૂર્ણ કરે છે અને કોઈને એક આકર્ષમાં પણ આયુ બંધાઈ જાય છે.





આયુબંધ ૬ પ્રકારના છે– (૧) જાતિબંધ (૨) ગતિબંધ (૩) સ્થિતિબંધ (૪) અવગાહનાબંધ (૫) અનુભાગબંધ (૬) પ્રદેશબંધ.

૨૪ દંડકમાં ૬ પ્રકારના આયુબંધ હોય છે અર્થાત્ આયુષ્યની સાથે આ છ બોલનો સંબંધ નિશ્ચિત થાય છે. એન્જીનની સાથે ડબા સમાન ગતિ, જાતિ, અવગાહના ઔદારિક શરીર આદિ રૂપ આ નામકર્મની વિવિધ પ્રકૃતિઓ સ્ટોકમાં રહે છે. જે જીવને મનુષ્ય આયુનો બંધ પડતો હોય તો (૧) મનુષ્ય ગતિ (૨) પંચેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર (૩) અવગાહના. આ બોલ આયુષ્યની સાથે નિયત કરી લે છે. અન્ય અનેક કર્મોની (૪) સ્થિતિ (૫) પ્રદેશ (૬) અનુભાગ, આયુષ્યબંધની સાથે જોડાઈ જાય છે. આ બધાનો આયુબંધને અનુરૂપ **બંધ** થાય છે. આ અપેક્ષાથી આયુબંધ છ પ્રકારે કહ્યા છે. લોકમાં જીવો ભિન્ન–ભિન્ન આકર્ષ સંખ્યાથી આયુબંધ કરે છે તેનું **અલ્પબહુત્વ**–સૌથી થોડા આઠ **આકર્ષવાળા,** સાત આકર્ષવાળા સંખ્યાતગણા આમ ક્રમશઃ એક આકર્ષમાં (એક વાર કર્મ પુદ્ગલ ગ્રહણ કરવામાં) આયુ બાંધનારા સંખ્યાતગણા.

## પદ–૭ : શ્વાસોશ્વાસ

**પ્રશ્ન–૧ : ચારે ય ગતિમાં જીવોની શ્વાસોશ્વાસ ક્રિયા કયા પ્રકારે થાય છે ?**

**ઉત્તર**– શ્વાસોશ્વાસની ક્રિયા, સંસારના જીવોના શરીરનું એક અનિવાર્ય અંગ છે, તેના વિના કોઈ પણ પ્રાણી જીવી શકતું નથી. આ શ્વાસોશ્વાસની ક્રિયા જીવોની ભિન્ન–ભિન્ન રૂપથી મંદ કે તીવ્રગતિથી થતી હોય છે. તેની સ્પષ્ટતા નીચે મુજબ છે–

**૧.** નારકી જીવ સદા તીવ્ર ગતિથી ✓ાસો✓ાસ લે છે અને છોડે છે.

**૨.** તિર્યંચ-મનુષ્ય તીવ્રગતિ, મંદગતિ આદિ વિભિન્ન પ્રકારે (વેમાત્રાથી એટલે નિશ્ચિત કાળ મર્યાદા નથી કહી શકાતી) ✓ાસો✓ાસ લે છે અને છોડે છે.

**૩.** અસુરકુમાર દેવને જઘન્ય સાત થોવ(સ્તોક) ઉત્કૃષ્ટ સાધિક એક પક્ષ ✓ાસો-✓ાસ ક્રિયામાં લાગે છે. ૭ પ્રાણ = ૧ સ્તોક, ૭ સ્તોક = ૧ લવ. પ્રાણ એટલે શ્વાસોશ્વાસ. ૭૭ લવ = ૧ મુહૂર્ત.

**૪.** નાગકુમારાદિ અને વાણવ્યંતર દેવોનું ✓ાસો✓ાસ કાળમાન જઘન્ય સાત સ્તોક, ઉત્કૃષ્ટ અનેક મુહૂર્ત છે.

**૫.** જયોતિષી દેવોનું ✓ાસો✓ાસ કાળમાન જઘન્ય અનેક મુહૂર્ત, ઉત્કૃષ્ટ પણ અનેક મુહૂર્તનું છે. જઘન્યથી ઉત્કૃષ્ટમાં સંખ્યાતગણું અંતર છે.

**૬.** દેવલોકમાં દેવોના ✓ાસો✓ાસ કાળમાન આ પ્રમાણે છે–

| દેવલોક | જઘન્ય કાળમાન | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| પહેલો દેવલોક | અનેક મુહૂર્ત | બે પક્ષ |
| બીજો દેવલોક | સાધિક અનેક મુહૂર્ત | સાધિક બે પક્ષ |
| ત્રીજો દેવલોક | બે પક્ષ | સાત પક્ષ |
| ચોથો દેવલોક | બે પક્ષ સાધિક | સાત પક્ષ સાધિક |
| પાંચમો દેવલોક | ૭ પક્ષ | ૧૦ પક્ષ |
| છઠ્ઠો દેવલોક | ૧૦ પક્ષ | ૧૪ પક્ષ |
| સાતમો દેવલોક | ૧૪ પક્ષ | ૧૭ પક્ષ |
| આઠમો દેવલોક | ૧૭ પક્ષ | ૧૮ પક્ષ |
| નવમો દેવલોક | ૧૮ પક્ષ | ૧૯ પક્ષ |
| દસમો દેવલોક | ૧૯ પક્ષ | ૨૦ પક્ષ |
| અગિયારમો દેવલોક | ૨૦ પક્ષ | ૨૧ પક્ષ |
| બારમો દેવલોક | ૨૧ પક્ષ | ૨૨ પક્ષ |
| નવ ગ્રૈવેયક | ૨૨ પક્ષ | ૩૧ પક્ષ |
| પાંચ અનુત્તર વિમાન | ૩૧ પક્ષ | ૩૩ પક્ષ |

**વિશેષ :–** નવ ગ્રૈવેયકમાં પ્રત્યેકના જઘન્ય ઉત્કૃષ્ટ અલગ-અલગ શ્વાસોશ્વાસ સમજવા જોઈએ. ચાર્ટમાં નવેના એક સાથે કહ્યા છે. માટે જેટલા સાગરોપમની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ જે ગ્રૈવેયકની છે, તેટલા તેટલા જઘન્ય ઉત્કૃષ્ટ પક્ષ સમજવા જોઈએ. એ જ રીતે ચાર અણુત્તર વિમાનમાં પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અનુસાર પક્ષ જાણવા. સર્વાર્થસિદ્ધ દેવોને જઘન્ય ઉત્કૃષ્ટ ૩૩ પક્ષનો એક ✓ાસો✓ાસ હોય છે. આ જ રીતે લોકાંતિક આદિ અન્ય કોઈપણ દેવોના ✓ાસો✓ાસના કાળમાન સમજી શકાય છે.

**પ્રશ્ન–૨ : અહીં જે શ્વાસોશ્વાસનો ઉત્કૃષ્ટ સમય આપેલ છે તે એક શ્વાસોશ્વાસનો લગાતાર સમય છે કે બે શ્વાસોશ્વાસની વચ્ચેના અંતરનો સમય છે ?**

**ઉત્તર–** સંસારના નાના-મોટા સર્વે પ્રાણી ✓ાસો✓ાસ લે છે અને એના આધારે જીવે છે. પ્રસ્તુત પદમાં નારકી આદિ જીવ કેટલા સમયમાં ✓ાસો✓ાસ લે છે





અર્થાત્ તે જીવોને એકવારની ✓ાસો✓ાસની ક્રિયામાં કેટલો સમય લાગે છે તે બતાવ્યું છે.

આ સૂત્ર પદનો અર્થ એમ પણ કરી શકાય છે કે કેટલા સમયના વિરહના અંતરથી ✓ાસો✓ાસ લેવામાં આવે છે, પરંતુ આગમકારે કેટલા કાળનો વિરહ અથવા કેટલા કાળનું અંતર હોય છે એમ પૂછ્યું નથી, અને ઉત્તરમાં પણ અંતર અથવા વિરહના ભાવનો ઉત્તર આપ્યો નથી. જો અંતર અથવા વિરહનો આશય હોત તો નારકી માટે 'અનુસમયં અવિરહિયં' શબ્દનો પ્રયોગ થાત અને અન્ય દંડકમાં પણ સાત થોવ અથવા પંદર પક્ષના અંતરથી ✓ાસો✓ાસ લે છે એવું સ્પષ્ટ કથન કરવામાં આવત, પરંતુ પાઠમાં એવો પ્રયોગ નથી.

આગમમાં શબ્દ પ્રયોગ આ પ્રકારનો છે પ્રશ્ન– **केवइ कालस्स आणमंति** ઉત્તર– **जहण्णेणं सत्त थोवाणं आणमंति उक्कोसेणं साइरेगस्स पक्खस्स आणमंति** અહીં **कालस्स, थोवाणं, साइरेगस्स पक्खस्स** એ ✓ાસો✓ાસના વિશેષણ છે. આનો અર્થ સ્પષ્ટ છે કે કેટલા કાળનો ✓ાસો✓ાસ ? એક થોવ, સાધિક પક્ષનો ✓ાસો✓ાસ લે છે. અતઃ એથી સ્પષ્ટ થાય છે કે તે તે જીવોને એક વારની ✓ાસો✓ાસ ક્રિયામાં થોવ, પક્ષ આદિ સમય લાગે છે.

વ્યવહારિક દષ્ટિથી વિચારીએ તો કોઈ પણ સ્વસ્થ પ્રાણી રોકી-રોકીને ✓ાસ નથી લેતો. આભ્યંતર નાડી સ્પંદન અથવા નાક દ્વારા ✓ાસ ગ્રહણ સ્વાભાવિક કોઈનો પણ રોકાતો નથી પરંતુ પ્રત્યેક પ્રાણીની ✓ાસ લેવાની પદ્ધતિ ભિન્ન હોય છે. કોઈની મંદગતિ તો કોઈની તીવ્રગતિ. મંદતમ ગતિ અને તીવ્ર ગતિથી ✓ાસ લેવાની ક્રિયા હોય છે. તેથી ✓ાસ લેવાની ક્રિયામાં ભિન્નતા સ્પષ્ટ દેખાય છે.

આગમમાં મનુષ્યના ✓ાસો✓ાસ માટે ''વેમાત્રા'' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જો આ પ્રકરણમાં કહેલ કાલમાનને વિરહ સમજી લેવામાં આવશે તો મનુષ્ય માટે અવિરહ નહીં કહેતા વેમાત્રાનું જે કથન કરવામાં આવ્યું છે તેનો અર્થ થશે કે અંતરનું નિશ્ચિત કાલ માન નથી, પરંતુ જુદા પ્રકારનું અંતર હોય છે. જ્યારે પ્રત્યક્ષ વ્યવહારમાં એ દેખાય છે કે નાક દ્વારા ચાલતો ✓ાસ અથવા નાડી સ્પંદન અથવા ધડકન આદિ કોઈની મિનિટ, અડધી મિનિટ કે બે મિનિટ એમ કોઈ પણ વેમાત્રા સુધી ✓ાસ થોભતો નથી, તેમાં(✓ાસમાં) વિરહ–અંતર નથી. અતઃ અવિરહ કહેવું જોઈએ. અગર અંતર માટે વેમાત્રાનો શબ્દ પ્રયોગ હોય તો વિભિન્ન માત્રાઓમાં જુદીજુદી વ્યક્તિઓના ✓ાસની વચ્ચે કોઈને કોઈ અત્યધિક અંતર દેખાવું જોઈએ પરંતુ એવું દેખાતું નથી.

પ્રત્યક્ષમાં એ દેખાય છે કે વિભિન્ન માત્રાનું કાળમાન અલગ-અલગ વ્યક્તિઓની ✓ાસો✓ાસ ક્રિયાનું હોય છે. ભગવતી ટીકામાં પણ સાત લવ આદિ માટે કાલમાન શબ્દનો પ્રયોગ કરાયો છે.

આહારનું અંતર જે રીતે પ્રત્યેક પ્રાણીના જીવનમાં દેખાય છે તે રીતે ✓ાસો✓ાસમાં અંતર દેખાતું નથી.

ભગવતી સૂત્રમાં પાંચ સ્થાવરના આહાર અણુસમય અવિરહ કહેવાયો છે. પરંતુ ✓ાસો✓ાસ માટે વિમાત્રા શબ્દનો જ પ્રયોગ કર્યો છે. આથી સ્પષ્ટ થાય છે કે આગમકારને ✓ાસો✓ાસનો વિરહ નથી બતાવવો પરંતુ એનું કાલમાન બતાવવું છે, જે ઔદારિકમાં વિમાત્રાવાળો છે.

ત્યાં પણ (શ.–૧, ઉ.–૧માં) બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના ✓ાસો✓ાસને માટે ફક્ત વિમાત્રા જ કહ્યું છે. આહાર માટે વિમાત્રા કહેવાની સાથે અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત યાવત્ બે-ત્રણ દિવસે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે. એ પ્રકારે આગમમાં ઔદારિક દંડકોના આહારનું અંતર સ્પષ્ટ છે. વ્યવહારમાં પણ આહારેચ્છામાં અંતર પડતું દેખાય છે. ✓ાસો✓ાસ માટે આવું કાંઈ પણ અંતર ઔદારિક દંડકોમાં આગમમાં બતાવ્યું નથી અને પ્રત્યક્ષમાં પણ કોઈના ✓ાસો-✓ાસમાં એવું કંઈ અંતર દેખાતું નથી. આથી પ્રત્યક્ષ અનુભવાનુસાર પણ ✓ાસનું મંદ હોવું સહજ સમજમાં આવી શકે છે. પરંતુ થોડા થોડા સમયો માટે આહારેચ્છાની સમાન રોકાઈ જવું, થોભી જવું અથવા વિલંબિત થવું, અંતર પડવું, એ સહજ સમજમાં આવી શકતું નથી.

સમવાયાંગ ટીકામાં એવં પ્રજ્ઞાપના ટીકામાં ✓ાસો✓ાસના આ કાલમાનને અંતર યા વિરહ કહેવાયું છે. જેનો આશય એ છે કે ૭ લવ, ૧ પક્ષ કે ૩૩ પક્ષ સુધી દેવ ✓ાસ ક્રિયા વગરના રહે છે. આટલો સમય વિતાવ્યા પછી ✓ાસો✓ાસ લે છે, ફરી પાછો ૩૩ પક્ષ સમય સુધી રોકાઈ જાય છે. આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી પ્રકાશિત વિવેચન યુક્ત પ્રજ્ઞાપના સૂત્રમાં પણ ટીકાનું અનુસરણ કરતાં અર્થ વિવેચન કરાયું છે. એ રીતે ✓ાસ ક્રિયાને આભોગ આહાર ક્રિયાની સમાન પદ્ધતિ રૂપે સ્વીકાર કરાયો છે.

આપણે દેવોનો તો કોઈ પણ અનુભવ કરી શકતા નથી. પરંતુ પૃથ્વી તળ પર રહેલા તિર્યંચ-મનુષ્યોનો અનુભવ કરી શકાય છે અને તે અનુભવથી તો નિઃસંકોચ કહી શકાય છે કે ✓ાસ ક્રિયા આભોગ આહાર ક્રિયાની સમાન અંતરની પદ્ધતિવાળી થઈ શકતી નથી.





આ વ્યવહાર અનુભવ દષ્ટિથી એવં આગમ આશયની ઉપરોક્ત અપેક્ષાએ દેવગણોની એક ✓ાસો✓ાસની ક્રિયા ૭ થોવ, મુહૂર્ત, પક્ષ આદિ સમયમાં પૂર્ણ થાય છે. એટલી શાંત મંદ મંદતમ ગતિથી દેવ ✓ાસ લે છે અને છોડે છે. નારકી જીવ શીઘ્ર શીઘ્રતમ ગતિથી ✓ાસ લે છે તથા છોડે છે. મનુષ્ય-તિર્યંચ મધ્યમ ગતિ યા વિમાત્રા એ(ક્યારેક મંદગતિએ તો ક્યારેક તીવ્ર ગતિએ) ✓ાસ લે છે અને છોડે છે પરંતુ કોઈ પણ જીવ આહારની સમાન થોડા-થોડા સમયના અંતરે ✓ાસ ક્રિયા કરતું નથી.

# પદ–૮ : સંજ્ઞા

**પ્રશ્ન–૧ : સંજ્ઞા કુલ કેટલી હોય છે અને તેનું સ્વરૂપ કેવું છે ?**

**ઉત્તર–** કર્મોના ક્ષયોપશમ કે ઉદયથી ઉત્પન્ન થતી આહાર આદિની ઈચ્છા, રુચિ કે મનોવૃત્તિને સંજ્ઞા કહે છે અને સંજ્ઞાઓ જીવના અનુભવ–વેદન–સંવેદન રૂપ પણ છે. તેનાથી થતી શારીરિક કે માનસિક ક્રિયાને સંજ્ઞા પ્રવૃત્તિ કે સંજ્ઞા ક્રિયા કહે છે. આ સંજ્ઞા દશ પ્રકારની કહેલ છે–

**(૧) આહાર સંજ્ઞા :–** ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી થતી આહારની અભિલાષા, રુચિ.

**(૨) ભય સંજ્ઞા :–** ભય મોહનીય કર્મના ઉદયથી થતા ભયજન્ય ભાવો– અનુભવ.

**(૩) મૈથુન સંજ્ઞા :–** વેદ મોહનીયના ઉદયથી થતી મૈથુન-સંયોગની અભિલાષા અને વિકારરૂપ સૂક્ષ્મ-સ્થૂલ સંકલ્પ.

**(૪) પરિગ્રહ સંજ્ઞા :–** લોભ મોહનીયના ઉદયથી આસક્તિ યુક્ત પદાર્થોના ગ્રહણની અભિલાષા.

**(૫) ક્રોધ સંજ્ઞા :–** ક્રોધ મોહનીયના ઉદયથી કોપ વૃત્તિનો સંકલ્પ, આત્મ પરિણતિ(પરિણામ).

**(૬) માન સંજ્ઞા :–** માન મોહનીયના ઉદયથી ગર્વ અહંકારમય માનસ આત્મ પરિણતિ(પરિણામ).

**(૭) માયા સંજ્ઞા :–** માયા મોહનીયના ઉદયથી મિથ્યા ભાષણ કે છલ પ્રપંચ જનક આત્મ પરિણતિ(પરિણામ).

**(૮) લોભ સંજ્ઞા :–** લોભ મોહનીયના ઉદયથી અનેક પ્રકારની લાલસાઓ, સુખ-સમૃદ્ધિ, યશ-સન્માન તથા પદાર્થોના પ્રાપ્તિની આશાઓ-અભિલાષાઓ.

**(૯) લોક સંજ્ઞા :–** આ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે. દેખાદેખી, પરંપરા, પ્રવાહ અનુસારી પ્રવૃત્તિઓની થતી મનોવૃત્તિ-રુચિ 'લોક સંજ્ઞા' છે.

**(૧૦) ઓઘ સંજ્ઞા :–** આ દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે. આમાં કંઈ પણ વિચાર્યા વિના, સંકલ્પો અને વિવેક વિના, ફક્ત ધૂનમાં ને ધૂનમા પ્રવૃત્તિ કરવાની પાછળ રહેલી મનોદશા-આત્મ પરિણતિ 'ઓઘ સંજ્ઞા' છે. જેમ કે બોલતા તથા બેસતા, વિના પ્રયોજન, વિના સંકલ્પ, શરીર, હાથ પગ હલાવવાની પ્રવૃત્તિ 'ઓઘ સંજ્ઞાની' છે. એની પાછળ જે આત્મ પરિણતિ છે તે 'ઓઘ સંજ્ઞા' છે.

**પ્રશ્ન–૨ : ચાર ગતિમાં આ સંજ્ઞા કઈ રીતે જોવા મળે છે ?**

**ઉત્તર–** આ દશે સંજ્ઞા સંસારના બધા પ્રાણીઓમાં મળે છે અર્થાત્ ૪ ગતિ ૨૪ દંડકના જીવોમાં આ ૧૦ સંજ્ઞા હોય છે. તેમાં વિશેષ રૂપે ક્યાંક પ્રમુખતાએ કે વધારે ઓછી આ સંજ્ઞાઓ નીચે મુજબ જોવા મળે છે.

**ચાર ગતિઓમાં સંજ્ઞાની પ્રમુખતા(મુખ્યત્વે)–** આહાર આદિ ૪ સંજ્ઞા કે ક્રોધ આદિ ૪ સંજ્ઞાની અપેક્ષાએ નિમ્ન વિચારણા છે– લોકસંજ્ઞા કે ઓઘસંજ્ઞાનું કથન સામાન્ય રૂપથી જ હોય છે–

(૧) નારકીમાં ભય સંજ્ઞા અને ક્રોધ સંજ્ઞા અધિક છે.
(૨) તિર્યંચમાં આહારસંજ્ઞા અને માયાસંજ્ઞા વધારે છે.
(૩) મનુષ્યમાં મૈથુનસંજ્ઞા અને માનસંજ્ઞા વધારે છે.
(૪) દેવમાં– પરિગ્રહસંજ્ઞા અને લોભસંજ્ઞા વધારે છે.

**ચારગતિમાં સંજ્ઞાનું અલ્પબહુત્વ–**

**(૧) નારકીમાં–** સર્વથી થોડા મૈથુન સંજ્ઞાવાળા, એનાથી આહાર સંજ્ઞાવાળા સંખ્યાતગણા, એનાથી પરિગ્રહ સંજ્ઞાવાળા સંખ્યાતગણા, એનાથી ભય સંજ્ઞાવાળા સંખ્યાતગણા.

**(૨) તિર્યંચમાં–** સર્વથી થોડા પરિગ્રહ સંજ્ઞાવાળા, એનાથી મૈથુન સંજ્ઞાવાળા સંખ્યાતગણા, એનાથી ભય સંજ્ઞાવાળા સંખ્યાતગણા, એનાથી આહાર સંજ્ઞાવાળા સંખ્યાતગણા.

**(૩) મનુષ્યમાં–** સર્વથી થોડા ભય સંજ્ઞાવાળા, એનાથી આહાર સંજ્ઞાવાળા સંખ્યાતગણા, એનાથી પરિગ્રહ સંજ્ઞાવાળા સંખ્યાતગણા, એનાથી મૈથુન સંજ્ઞાવાળા સંખ્યાતગણા.





**(૪) દેવમાં–** સર્વથી થોડા આહાર સંજ્ઞાવાળા, એનાથી ભય સંજ્ઞાવાળા, સંખ્યાત ગણા, એનાથી મૈથુન સંજ્ઞાવાળા સંખ્યાતગણા, એનાથી પરિગ્રહ સંજ્ઞાવાળા સંખ્યાતગણા. બાકીની ૬ સંજ્ઞાઓની અપેક્ષાએ અલ્પબહુત્વ અહીં કરવામાં આવેલ નથી.

**પ્રશ્ન–૩ : આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞાને આસક્તિની અપેક્ષાએ કઈ રીતે સમજવી ?**

**ઉત્તર–** આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાઓ કર્મના ઉદયજન્ય ઉપરાંત જીવના અનંતકાળના સંસારમાં પરિભ્રમથી દઢ થયેલા તીવ્ર કુસંસ્કાર રૂપ સહજ થતી હોય છે. તેમજ કર્મના ઉદય ઉપરાંત જીવની ગાઢ આસક્તિ તેમાં ભળેલી હોય છે.

**(૧) આહાર સંજ્ઞા–**ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી થતી ક્ષુધાવેદના સાદા–અરસ–વિરસ ખોરાકથી શાંત–ઉપશાંત થઈ શકે પરંતુ આહારસંજ્ઞાને કારણે સ્વાદિષ્ટ ખોરાક લેવાનું થાય. સારી, મીઠી, તીખી તમતમતી, ચટાકેદાર, મસાલેદાર વાનગીઓ ખાવાની અને જ્યારે મળે ત્યારે ખાઈ લેવાની ઈચ્છા આહારસંજ્ઞા રૂપ છે. **(૨) ભયસંજ્ઞા–**પોતાના શરીરના તથા સગાસંબંધીના સંરક્ષણની તીવ્ર આસક્તિની ચિંતા ભય વગેરે ભયસંજ્ઞા રૂપે વેદાય છે. દરેક જીવોને ઓછા વધતા અંશે ભયનો અનુભવ થતો હોય છે પરંતુ તેમાં તીવ્ર તીવ્રતર, તીવ્રતમ ભયના ભાવો એ ભયસંજ્ઞા છે. **(૩) મૈથુનસંજ્ઞા–**વર્તમાન જીવનના કોઈપણ પ્રકારના પૂર્વ અનુભવ વિના વેદમોહનીય કર્મના ઉદયે જીવને વિષયભોગ ભોગવવાની ઈચ્છા થાય છે પરંતુ કેટલાક જીવો વિવિધ પ્રકારે અને વધારે માત્રામાં વિકારી ભાવોથી ઘેરાયેલા રહે, તે મૈથુન સંજ્ઞા છે. **(૪) પરિગ્રહસંજ્ઞા–** પરિગ્રહ સંજ્ઞામાં પણ કેટલાય જીવો અનેક પ્રકારની જરૂરી કે બીનજરૂરી વસ્તુ વિપુલ પ્રમાણમાં ભેગી કર્યા કરતા હોય, ભેગી કરવાની તીવ્ર ઝંખના રાખતા હોય તે પરિગ્રહ સંજ્ઞા રૂપે સમજી શકાય.

# પદ–૯ : યોનિ

**પ્રશ્ન–૧ : યોનિ કોને કહેવામાં આવે છે? અને અહીં તેનું કેટલા પ્રકારે વર્ણન કરેલ છે ?**

**ઉત્તર–** સંસારના જીવ જ્યાં જન્મધારણ કરે છે કે ગર્ભ રૂપે ઉત્પન્ન થાય છે,

જ્યાં ઔદારિક આદિ શરીર તૈયાર થવા માટે પ્રથમ આહાર ગ્રહણ કરે છે તે ઉત્પત્તિ સ્થાનને યોનિ કહે છે. સંખ્યામાં તેને ૮૪ લાખ યોનિ કહે છે. વિશેષ ભેદોની અપેક્ષાએ યોનિ સ્થાન અસંખ્ય છે. આ પ્રકરણ–પદમાં આ બધી યોનિઓને વિશેષ અપેક્ષાએ ત્રણ–ત્રણ પ્રકારોમાં સમાવેશ કરી દેવામાં આવેલ છે, જેમકે–

૧ શીત યોનિ, ૨ ઉષ્ણ યોનિ, ૩ શીતોષ્ણ યોનિ.
૧ સચેત યોનિ, ૨ અચેત યોનિ, ૪ મિશ્ર યોનિ
૧ સંવૃત યોનિ, ૨ વિવૃત યોનિ, ૩ સંવૃત વિવૃત યોનિ.

આ નવ પ્રકારે યોનિ સર્વ જીવોની અપેક્ષાએ કહેલ છે. પ્રત્યેક ત્રણ યોનિમાં બધા પ્રકારના જીવોનો સમાવેશ થઈ જાય છે. કેવળ મનુષ્યની અપેક્ષાએ અન્ય ત્રણ યોનિઓ પણ કહેવામાં આવેલ છે, જેમકે–

**(૧) કૂર્મોન્નતા યોનિ–** તીર્થંકર આદિ ઉત્તમ પુરુષો કૂર્મોન્નતા યોનિમાં ઉત્પન્ન થાય છે અર્થાત્ તેમની માતાઓની યોનિ કૂર્મોન્નતા યોનિ હોય છે.

**(૨) સંખાવર્તા યોનિ–** ચક્રવર્તીના સ્ત્રીરત્નની યોનિ સંખાવર્તા યોનિ હોય છે. આ યોનિમાં જીવ જન્મ ધારણ કરે છે, થોડો સમય યોનિમાં રહે છે પરંતુ પૂર્ણ વિકાસ પામીને ગર્ભની બહાર આવતા પહેલાં જ મૃત્યુ પામે છે અર્થાત્ તે સ્ત્રીરત્નની કામાગ્નિના તાપથી તે જીવો યોનિમાં જ નષ્ટ થઈ જાય છે.

**(૩) વંશીપત્રા યોનિ–** સર્વ સાધારણ મનુષ્યોની વંશીપત્રા યોનિ હોય છે.

**પ્રશ્ન–૨ : આ કહેલ યોનિઓ જીવોમાં કયા કયા પ્રકારે મળે છે ?**

**ઉત્તર–** પૂર્વોક્ત ૯ યોનિઓ જીવમાં આ પ્રકારે મળે છે–

**સંસારી જીવોની યોનિઃ–**

| જીવનામ | શીત આદિ ૩ યોનિ | સચિત્તાદિ ૩ યોનિ | સંવૃત્તાદિ ૩ યોનિ |
|---|---|---|---|
| ત્રણ નરક | શીત | અચિત્ત | સંવૃત |
| ચોથી નરક | શીત એવં ઉષ્ણ બે | અચિત્ત | સંવૃત |
| પાંચમી નરક | શીત એવં ઉષ્ણ બે | અચિત્ત | સંવૃત |
| છઠ્ઠી સાતમી નરક | ઉષ્ણ | અચિત્ત | સંવૃત |
| તેઉકાય | ઉષ્ણ | ત્રણે | સંવૃત |





| જીવનામ | શીત આદિ ૩ યોનિ | સચિત્તાદિ ૩ યોનિ | સંવૃત્તાદિ ૩ યોનિ |
|---|---|---|---|
| ચાર સ્થાવર | ત્રણે | ત્રણે | સંવૃત |
| ત્રણે વિકલેન્દ્રિય | ત્રણે | ત્રણે | વિવૃત |
| અસંજ્ઞી તિર્યંચ મનુષ્ય | ત્રણે | ત્રણે | વિવૃત |
| સંજ્ઞી તિર્યંચ, મનુષ્ય | શીતોષ્ણ | મિશ્ર | સંવૃત–વિવૃત |
| દેવ | શીતોષ્ણ | અચિત્ત | સંવૃત |

**પ્રશ્ન–૩ : સચેત અચેત આદિ યોનિઓનું ખાસ તાત્પર્ય શું છે ?**

**ઉત્તર–** જીવ જન્મ સ્થાનમાં સૌ પ્રથમ જે આહાર ગ્રહણ કરે છે તે સચેત અચેત કે મિશ્ર જે હોય તે અનુસાર યોનિ હોય છે. અર્થાત્ પ્રથમ આહાર સચેત હોય તો તે સચેત યોનિ સમજવી. આ પ્રકારે સંજ્ઞી મનુષ્ય અને તિર્યંચના રજ–વીર્યનો પ્રથમ આહાર હોય છે તેમાં વીર્ય અચેત અને રજ સચેત હોવાથી મિશ્ર આહાર હોય છે તેથી તેની મિશ્રયોનિ કહેલ છે.

ઉત્પત્તિ સ્થાનનો સ્વભાવ ઉષ્ણ, શીત જેવો હોય તે અનુસાર યોનિ હોય છે, જેમકે અગ્નિકાયની ઉષ્ણયોનિ.

ઉત્પત્તિસ્થાન ઢંકાયેલ હોય કે ગુપ્ત હોય તો સંવૃત યોનિ હોય છે, પ્રગટ સ્થાન હોય તો વિવૃત યોનિ હોય છે અને થોડી ઢંકાયેલ, થોડી ખુલ્લી હોય તો સંવૃત–વિવૃત યોનિ હોય છે.

**પ્રશ્ન–૪ : આ યોનિવાળા જીવોનું અલ્પબહુત્વ તુલના કયા પ્રકારે કરવામાં આવી છે ?**

**ઉત્તર–** (૧) સૌથી થોડા શીતોષ્ણ યોનિવાળા, ઉષ્ણયોનિવાળા અસંખ્યાતગણા તેનાથી શીત યોનિવાળા અનંતગણા.

(૨) સૌથી થોડા મિશ્રયોનિવાળા, તેનાથી અસંખ્યાતગણા અચેત યોનિવાળા અને તેનાથી સચેત યોનિવાળા અનંતગણા.

(૩) સૌથી થોડા સંવૃત–વિવૃત, તેનાથી વિવૃત યોનિવાળા અસંખ્યાતગણા, તેનાથી અનંતગણા સંવૃત યોનિવાળા.

# પદ-૧૦ : ચરમ(અંતિમ)

**પ્રશ્ન–૧ : આ પદમાં ચરમ–અચરમનું નિરૂપણ કઈ અપેક્ષાથી કરવામાં આવેલ છે ?**

**ઉત્તર–** રત્નપ્રભા આદિ પૃથ્વીનું દ્રવ્યની અપેક્ષાએ તેમજ કલ્પિત વિભાગો કરીને તે અપેક્ષાએ ચરમ–અચરમના ભાંગા દ્વારા વર્ણન કરેલ છે. રત્નપ્રભા આદિ પૃથ્વી સાત તેમજ સિદ્ધશિલા એમ આઠ પૃથ્વી કહી છે. તે ઉપરાંત દેવલોકો પણ અલગ અલગ કહેલ છે.

પ્રશ્નની શરૂઆતમાં દ્રવ્યની અપેક્ષાએ ઉત્તર આપીને પછી વિભાગની અપેક્ષાએ કથન કરવામાં આવેલ છે–

**દ્રવ્યાપેક્ષયા :–** રત્નપ્રભા આદિ પૃથ્વી એક-એક સ્કંધ છે. તેથી તેમાં **૧.** ચરમ, **૨.** અનેક ચરમ, **૩.** અચરમ, **૪.** અનેક અચરમ, **૫.** ચરમાંતપ્રદેશ, **૬.** અચરમાંતપ્રદેશ. આ ક્રમાંથી એક પણ વિકલ્પ થઈ શકતો નથી. કારણ કે જે **એક** દ્રવ્ય છે, જેની સાથે બીજું કોઈ નથી, ત્યારે બીજા કોઈ દ્રવ્યની વિવક્ષા વિના એ ભંગ થઈ શકતા નથી. અર્થાત્ આ ચરમ(અંતિમ)આદિ ભંગ અનેકની અપેક્ષા રાખે છે.

**વિભાગાપેક્ષયા :–** આ રત્નપ્રભાદિ અસંખ્યપ્રદેશ અવગાહનાત્મક અનેક સ્કંધોથી યુક્ત છે. એના ચરમપ્રદેશ ખૂણાના રૂપમાં છે. આ ખૂણાના વિભાગા–પેક્ષયા અનેક ચરમ સ્કંધ રૂપમાં વિવક્ષિત કરવાથી તેમજ મધ્યમના(વચ્ચેના) પૂરા એક ગોળ ખંડને એક અચરમ વિવક્ષિત કરવાથી રત્ન પ્રભા પૃથ્વી આદિના ચરમ આદિ થઈ શકે છે. આ વિભાગાદેશથી રત્ન પ્રભા પૃથ્વી– **૧.** અચરમ, **૨.** અનેક ચરમ છે, **૩.** અચરમાંતપ્રદેશ, ૪ ચરમાંતપ્રદેશ છે.

**(૧) અચરમ :–** વચ્ચેનો વિવક્ષિત એક દ્રવ્ય સ્કંધ.

**(૨) અનેક ચરમ :–** ખૂણાના રૂપમાં અનેક અસંખ્ય ખંડ અનેક ચરમ દ્રવ્ય છે.

**(૩) અચરમાંતપ્રદેશ :–** અચરમ દ્રવ્ય અવગાહિત પ્રદેશોની અપેક્ષા અસંખ્ય પ્રદેશાત્મક છે. તેથી અસંખ્ય અચરમાંતપ્રદેશ છે.

**(૪) ચરમાંતપ્રદેશ :–** ખૂણાના રૂપમાં રહેલા અસંખ્ય ખંડ અવગાહિત પ્રદેશોની અપેક્ષા અસંખ્ય પ્રદેશાત્મક છે.





આ જ રીતે વિભાગાદેશથી બધી પૃથ્વીઓ અને દેવલોક, લોક તેમજ અલોક આદિના ચાર ચાર ભંગ માન્ય કરાય છે. તેનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે–

**રત્નાપ્રભાથી લઈને લોક સુધીનું અલ્પબહુત્વ :–**

સૌથી અલ્પ એક અચરમ દ્રવ્ય, એનાથી અનેક ચરમ દ્રવ્ય અસંખ્ય ગણા, એનાથી ચરમાંતપ્રદેશ અસંખ્યગણા, એનાથી અચરમાંત પ્રદેશ અસંખ્ય ગણા (અહીં દ્રવ્યમાં ખંડ રૂપ સ્કંધ–ખુણા ગ્રહણ કરેલ છે, ગણતરીમાં લીધેલ છે. અને પ્રદેશમાં આ ખંડોના અવગાહિત **આકાશપ્રદેશ** વિવક્ષિત કર્યા છે. તેથી પ્રદેશોને અસંખ્યાતગણા કહેલ છે, અનંતગણા કહ્યા નથી.)

**લોક અલોકમાં ચાર ભાંગા–** લોકના છેડાના કિનારા પણ દંતાકાર વિભાગ રૂપ છે કારણ કે લોક સમચક્રવાલ નથી, વિષમ ચક્રવાલ છે, તેથી તે દંતાકાર વિભાગોને અનેક ખંડ રૂપમાં વિવક્ષિત કરવાથી લોકના પણ ઉક્ત ચાર ભંગ સ્વીકાર કર્યા છે. લોકના દંતાકારમાં અલોકના દંતાકાર ખંડ પણ એકમેક થઈને રહ્યા છે. ત્યારે જ લોક–અલોક પૂર્ણ રીતે સંલગ્ન થઈને રહ્યા છે. એ જ કારણે અલોકના પણ ઉક્ત ચાર ભંગ સ્વીકાર કરવામાં આવ્યા છે અને તેનું પણ અલ્પબહુત્વ કરવામાં આવેલ છે. લોકના ચારે ભંગનું અલ્પબહુત્વ રત્નપ્રભાની સમાન જ છે. પરંતુ અલોકના ચારભંગોના અલ્પબહુત્વમાં તફાવત છે, કારણ કે તેના આકાશપ્રદેશ અસંખ્ય નથી, અનંત છે. તેનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે–

**અલોકનું અલ્પબહુત્વ–** સર્વેથી થોડા અલોક અચરમ દ્રવ્ય(એક છે), એનાથી ચરમ દ્રવ્ય અસંખ્યગણા, એનાથી ચરમ દ્રવ્યોના પ્રદેશ(આકાશપ્રદેશ) અસંખ્ય ગણા, એનાથી અચરમપ્રદેશ અનંતગણા.

**લોક અલોકનું સાથે અલ્પબહુત્વ–** (૧) સર્વેથી થોડા લોક અચરમ અને અલોક અચરમ દ્રવ્ય(બંને) પરસ્પર સમાન(એક-એક) છે. (૨) એનાથી લોકના ચરમ દ્રવ્ય અસંખ્યગણા. (૩) એનાથી અલોકના ચરમ દ્રવ્ય વિશેષાધિક. (૪) એનાથી લોકના ચરમ પ્રદેશ અસંખ્યગણા. (૫) એનાથી અલોકના ચરમપ્રદેશ વિશેષાધિક. (૬) એનાથી લોકના અચરમપ્રદેશ અસંખ્યાતગણા. (૭) એનાથી અલોકના અચરમપ્રદેશ અનંતગણા.

**નોંધ :–** અહીંયા અલ્પબહુત્વમાં સમુચ્ચય લોક અને સમુચ્ચય અલોકના વિશેષાધિકના બોલ લીધા નથી એને સ્વતઃ સમજી લેવા.

**પ્રશ્ન–ર : પરમાણુ આદિ પુદ્ગલોના ચરમ અચરમનું વર્ણન કેટલા ભાંગાથી (પ્રશ્ન વિશેષથી ) કરેલ છે ?**

**ઉત્તર–** પ્રસ્તુત પ્રકરણમાં(પદમાં) પૃથ્વીઓ અને લોક-અલોકનું સ્થૂળ કથન કર્યા બાદ પરમાણુથી લઈને અનંતપ્રદેશી સ્કંધ સુધીના ચરમ-અચરમની સૂક્ષ્મતમ વિચારણા કરવામાં આવેલ છે. જે ર૬ પ્રશ્નો(વિકલ્પો)ના માધ્યમથી કરેલ છે. આ ર૬ પ્રશ્ન ચરમ, અચરમ, અવક્તવ્ય– આ ત્રણ પદોના અસંયોગી, દ્વિસંયો ગી અને ત્રણ સંયોગી ભાંગાનો આધાર લઈને કરવામાં આવેલ છે.

**ત્રણ પદોનું સ્વરૂપ :–**

(૧) ચરમ– જે પ્રદેશની સમકક્ષમાં(તેના જેવા જ ) એક જ દિશામાં એક કે અનેક (એકથી વધારે) પ્રદેશ હોય તો તેની અપેક્ષાએ આ પ્રદેશ ચરમ(છેલ્લો) હોય છે.

(ર) અચરમ– જે પ્રદેશની સમકક્ષમાં બંને દિશાઓમાં એક-એક કે અનેક પ્રદેશ હોય તો તેની અપેક્ષાએ આ મધ્યમાં રહેલ પ્રદેશ અચરમ(મધ્યમ) છે.

(૩) અવક્તવ્ય– જે પ્રદેશની સમકક્ષમાં બીજા કોઈ પ્રદેશ હોય નહીં અર્થાત્ તેની ઉપર નીચે કે પોતાના પ્રતરમાં એકલું જ હોય તો તે અવક્તવ્ય હોય છે.

**અસંયોગીના ૬ ભાંગા :–**

**૧.** ચરમ, **ર.** અચરમ, **૩.** અવક્તવ્ય, **૪.** અનેક ચરમ, **પ.** અનેક અચરમ, **૬.** અનેક અવક્તવ્ય.

**દ્વિ સંયોગી ૧ર ભાંગા– ૧.** ચરમ એક, અચરમ એક, **ર.** ચરમ એક, અચરમ અનેક, **૩.** ચરમ અનેક, અચરમ એક, **૪.** ચરમ અનેક, અચરમ અનેક; **પ.** ચરમ એક અવક્તવ્ય એક, **૬.** ચરમ એક, અવક્તવ્ય અનેક, **૭.** ચરમ અનેક, અવક્તવ્ય એક, **૮.** ચરમ અનેક, અવક્તવ્ય અનેક; **૯.** અચરમ એક, અવક્તવ્ય એક, **૧૦.** અચરમ એક, અવક્તવ્ય અનેક, **૧૧.** અચરમ અનેક, અવક્તવ્ય એક **૧ર.** અચરમ અનેક, અવક્તવ્ય અનેક.

**ત્રણ સંયોગી ૮ ભાંગા– ૧.** ચરમ એક, અચરમ એક, અવક્તવ્ય એક, **ર.** ચરમ એક, અચરમ એક, અવક્તવ્ય અનેક, **૩.** ચરમ એક, અચરમ અનેક, અવક્તવ્ય એક, **૪.** ચરમ એક અચરમ અનેક, અવક્તવ્ય અનેક; **પ.** ચરમ





અનેક, અચરમ એક, અવક્તવ્ય એક, **૬.** ચરમ અનેક, અચરમ એક, અવક્તવ્ય અનેક, **૭.** ચરમ અનેક, અચરમ અનેક, અવક્તવ્ય એક, **૮.** ચરમ અનેક, અચરમ અનેક, અવક્તવ્ય અનેક.

આ રીતે અસંયોગીના = ૬ ભાંગા, દ્વિ સંયોગીના = ૧ર ભાંગા અને ત્રણ સંયોગીના = ૮ ભાંગા મળી કુલ ૬ + ૧ર + ૮ = ર૬ ભાંગા થાય છે.

**પ્રશ્ન–૩ : આ ર૬ ભાંગાના સ્વરૂપને પુદ્ગલના સ્કંધોના માધ્યમથી કયા પ્રકારે સમજી શકાય ?**

**ઉત્તર– ભાંગાનું સ્વરૂપ :– (૧) ચરમ :–** દ્વિપ્રદેશી સ્કંધ આદિ બે આકાશપ્રદેશ પર સમકક્ષમાં(એક સીધમાં) હોય તો એક ચરમ રૂપ આ ભંગ થાય છે. જો કોઈ એક આકાશપ્રદેશ ઉપર અનેક પ્રદેશ હોય તો પણ અહીં આકાશપ્રદેશની પ્રધાનતા હોવાથી એક જ ચરમ કહેવાય, તેથી બે આકાશપ્રદેશ ઉપર સમકક્ષમાં રહેનારા બધા સ્કંધ, (બે પ્રદેશીથી લઈને અનંતપ્રદેશી સુધીના) આ ભંગમાં ગણાય છે.

**(ર) અચરમ :–** અચરમનો મતલબ છે મધ્યમ, વચેટ; એકલો અચરમ કોઈ ન હોઈ શકે. તેથી આ ભંગ શૂન્ય છે, અર્થાત્ બધા સ્કંધોમાં આ ભંગનો નિષેધ છે.

**(૩) અવક્તવ્ય :–** પોતાની શ્રેણી, કક્ષ, પ્રતરમાં જે એકલો જ હોય તે અવક્તવ્ય છે. પરમાણુ તો સ્પષ્ટ જ અવક્તવ્ય છે. અન્ય સ્કંધોમા પણ શેષ પ્રદેશ સમકક્ષમાં હોય અને એક પ્રદેશ એકલો અન્ય પ્રતરમાં ઉપર યા નીચે હોય તો તે પણ અવક્તવ્ય છે. પરંતુ તેની આ ત્રીજા ભંગમાં ગણતરી નથી. તેનો સંયોગી ભંગોમાં સમાવેશ થાય છે. ત્રીજો ભંગ તો ફક્ત પરમાણુમાં જ હોય છે અથવા કોઈ પણ દ્વિપ્રદેશી સ્કંધ આદિ સંપૂર્ણતઃ એક આકાશપ્રદેશ ઉપર રહે ત્યારે તે પણ અવક્તવ્ય નામક આ ત્રીજા ભંગમાં જ ગણાશે.

**(૪) અનેક ચરમ :–** અચરમ(વચ્ચેના) વિના અનેક ચરમ હોવા સંભવ નથી તેથી આ ભંગ પણ શૂન્ય છે. કોઈ પણ સ્કંધમાં હોતો નથી.

**(પ) અનેક અચરમ :–** ચરમ વગર એક અચરમ પણ થતો નથી, માટે અનેક અચરમ થવાનો સંભવ જ નથી. તેથી આ ભંગ પણ શૂન્ય છે.

**(૬) અનેક અવક્તવ્ય :–** ચરમ અચરમ વિના અવક્તવ્ય અનેક રહેતા નથી.

એક અવક્તવ્ય રૂપ પરમાણુનો ત્રીજો ભંગ તો સફળ છે જ, પરંતુ અનેક અવક્તવ્ય રૂપ આ ભંગ સંભવ નથી.

**(૭) ચરમ એક અચરમ એક :–** જો સમકક્ષ એક પ્રતરની એક શ્રેણીમાં રહેલા પ્રદેશોમાં એક અચરમ છે તો ચરમ અનેક હોય છે. તેથી ચરમ એકનો આ ભંગ સમકક્ષ એક શ્રેણીમાં રહેલા પ્રદેશની અપેક્ષાએ થતો નથી પરંતુ સમકક્ષ ચારે દિશામાં રહેલ પ્રદેશોની અપેક્ષા થાય છે. તેથી આ ભંગ ઓછામાં ઓછા પાંચપ્રદેશી સ્કંધમાં થઈ શકે છે. તેમાં જે એક પ્રદેશ વચમાં હોય છે, તે એક અચરમ બને છે. શેષ ચાર, ચારે તરફથી ઘેરાયેલા રહેવાની અપેક્ષાએ એક ચરમ કહેવાય છે.

**(૮) ચરમ એક અચરમ અનેક :–** સાતમા ભંગની જેમ આ પણ ભંગ છે, એમાં બે પ્રદેશ વચ્ચેના બે આકાશપ્રદેશ ઉપર હોય છે અને ચાર પ્રદેશ ચારે બાજુએ ઘેરાએલા હોય છે, તેથી આ ભંગ ઓછામાં ઓછા ૬ પ્રદેશી સ્કંધમાં હોય છે.

**(૯) ચરમ અનેક અચરમ એક :–** આ ભંગ સમકક્ષમાં એક શ્રેણીમાં રહેલા પ્રદેશોમાં હોય છે. એમાં ઓછામાં ઓછા ત્રણ પ્રદેશ હોવા જરૂરી છે. અર્થાત્ આ ભંગ બે પ્રદેશી સ્કંધમાં નથી હોતો, ત્રણ પ્રદેશી સ્કંધમાં અને એનાથી અધિક પ્રદેશી સ્કંધમાં હોય છે.

**(૧૦) ચરમ અનેક અચરમ અનેક :–** નવમા ભંગની જેમજ આ ભંગમાં પણ બે પ્રદેશ વચ્ચે અને બે પ્રદેશ બંને કિનારે એમ ચાર પ્રદેશ સમકક્ષમાં એક શ્રેણીમાં રહે ત્યારે જઘન્ય ચાર પ્રદેશીમાં આ ભંગ થાય છે.

**(૧૧) ચરમ એક અવક્તવ્ય એક :–** બે પ્રદેશ એક શ્રેણીમાં સમકક્ષમાં હોય અને એક પ્રદેશ ઉપર કે નીચે અન્ય પ્રતરમાં હોય અને સમકક્ષમાં ન હોય તો આ ભંગ થાય છે. એમાં ઓછામાં ઓછો ત્રણ પ્રદેશી સ્કંધ હોવો જરૂરી છે.

**(૧૨) ચરમ એક અવક્તવ્ય અનેક :–** અગિયારમાં ભંગની જેમ જ આ ભંગ છે. પરંતુ તેમાં એક પ્રદેશ ભિન્ન પ્રતરમાં હોય છે અને એમાં બે પ્રદેશ ભિન્ન પ્રતરોમાં હોય અર્થાત્ એક ઉપરના પ્રતરમાં એકલો, એક નીચેના





પ્રતરમાં એકલો અને વચ્ચેના પ્રતરમાં સમકક્ષમાં બે પ્રદેશ હોય છે. તે સમકક્ષવાળા એક ચરમ છે અને ઉપર નીચે વાળા બે અવક્તવ્ય છે. આ પ્રકારે આ ભંગ ઓછામાં ઓછા ચારપ્રદેશી સ્કંધમાં હોય છે.

**(૧૩) ચરમ અનેક અવક્તવ્ય એક :–** બે પ્રદેશ એક પ્રતરમાં સમકક્ષ હોય અને બે બીજા પ્રતરમાં સમકક્ષ હોય અને ત્રીજા પ્રતરમાં એક પ્રદેશ એકલો હોય ત્યારે બે પ્રતરોમાં અનેક ચરમ થાય અને ત્રીજા પ્રતરમાં એકલો રહેલ પ્રદેશ એક અવક્તવ્ય બને છે. આ પ્રકારે આ ભંગ ઓછામાં ઓછા પાંચ પ્રદેશી સ્કંધમાં હોય છે.

**(૧૪) ચરમ અનેક અવક્તવ્ય અનેક :–** આ ભાંગો તેરમા ભાંગાની જેમ છે. ફેર એટલો જ કે તેમાં એકલો એક ત્રીજા પ્રતરમાં હોય છે પરંતુ એમાં એક એકલો ઉપરના પ્રતરમાં અને એક એકલો નીચેના પ્રતરમાં હોય છે; વચ્ચેના બે પ્રતરોમાં બે-બે પ્રદેશ હોય છે. આ પ્રકારે આ ભંગ ન્યૂનતમ ૬ પ્રદેશી સ્કંધમાં હોય છે.

**(૧૫ થી ૧૮) ભંગ :–** આ ચાર ભંગ અચરમ+અવક્તવ્યના છે. એમાં ચરમ નથી અને ચરમ વિના અચરમ બની શકે નહીં, તેથી અચરમ + અવક્તવ્યના આ ચારે ય ભંગ શૂન્ય છે. ભંગ માત્ર છે. અહીંયા તેનો કોઈ ઉપયોગ નથી

**(૧૯) ચરમ એક, અચરમ એક, અવક્તવ્ય એક :–** આ ભાંગો સાતમા ભાંગાની જેમ છે. આમાં વિશેષતા એ છે કે એક પ્રદેશ ઉપર અથવા નીચેના પ્રતરમાં વધારે હોય છે અને તે અવક્તવ્ય હોય છે. ત્યારે આ ભંગ ઓછામાં ઓછા ૬ પ્રદેશી સ્કંધમાં બને છે.

**(૨૦) ચરમ એક અચરમ એક અવક્તવ્ય અનેક :–** આ ભંગ ૧૯મા ભંગની જેમ છે. વિશેષતા એ છે કે એમાં એકલો એક પ્રદેશ ઉપરના પ્રતરમાં તેમજ એક નીચેની પ્રતરમાં એમ બે અવક્તવ્ય હોય છે. તેથી આ ભંગ ઓછામાં ઓછા સાતપ્રદેશી સ્કંધમાં હોય છે.

**(૨૧) ચરમ એક અચરમ અનેક અવક્તવ્ય એક :–** આ ભાંગો પણ ૧૯મા ભંગની જેમ છે. પરંતુ આમાં વચ્ચે બે પ્રદેશ હોય છે, ચારે બાજુ ચાર અને એક ઉપર હોય છે, તેથી વચ્ચેના બે પ્રદેશ અનેક અચરમ બને છે, ચારે તરફના

ચાર પ્રદેશ એક ચરમ બને છે. ભિન્ન પ્રતરમાં ઉપર રહેલ એક પ્રદેશ અવક્તવ્ય બને છે. આ પ્રકારે આ ભંગ ઓછામાં ઓછા સાતપ્રદેશી સ્કંધમાં હોય છે.

**(૨૨) ચરમ એક અચરમ અનેક અવક્તવ્ય અનેક :–** આ ભાંગો ૨૧મા ભંગની જેમ છે. તેમાં વિશેષતા એ છે કે એક ઉપરના પ્રતરમાં અને એક નીચેના પ્રતરમાં એમ બે અવક્તવ્ય હોય છે, બાકીના ૬ સમકક્ષમાં ૨૧મા ભંગની જેમ રહે છે. આ પ્રકારે આ ભંગ ૨ + ૪ + ૨ = ૮ પ્રદેશોથી બને છે અર્થાત્ ઓછામાં ઓછા આઠ પ્રદેશી સ્કંધમાં આ ભંગ મળે છે.

**(૨૩) ચરમ અનેક અચરમ એક અવક્તવ્ય એક :–** એક પ્રદેશ વચમાં, બે પ્રદેશ કિનારે(છેડા ઉપર) એમ ત્રણ પ્રદેશ, એક શ્રેણીમાં હોય અને એક પ્રદેશ જુદા પ્રતરમાં એકલો હોય ત્યારે વચ્ચેનો એક અચરમ, કિનારાના બે ચરમ અને જે એકલો જુદા પ્રતરમાં છે તે એક અવક્તવ્ય બને છે. આ પ્રકારે ન્યૂનતમ ચારપ્રદેશી સ્કંધમાં આ ભંગ બને છે.

**(૨૪) ચરમ અનેક અચરમ એક અવક્તવ્ય અનેક :–** ત્રેવીસમા ભંગની જેમ આ ભંગ છે પરંતુ આમાં અલગ પ્રતરમાં ઉપર એક પ્રદેશ અને નીચે પણ જુદા પ્રતરમાં એક પ્રદેશ હોય તો એ બે અવક્તવ્ય થઈ જાય છે તેથી આ ભંગ ઓછામાં ઓછા પાંચ પ્રદેશી સ્કંધમાં બને છે.







**(૨૫) ચરમ અનેક અચરમ અનેક અવક્તવ્ય એક :–** બે પ્રદેશ વચમાં અને બે પ્રદેશ કિનારે(છેડા ઉપર)એમ ચાર પ્રદેશ સમકક્ષમાં એક શ્રેણીમાં હોય તો બે ચરમ બે અચરમ હોય છે. તેમજ એક પ્રદેશ ઉપર યા નીચેના પ્રતરમાં એકલો હોય તો એક અવક્તવ્ય બને છે. આ પ્રકારે આ ભંગ ઓછામાં ઓછા પાંચપ્રદેશી સ્કંધમાં બને છે.









**(૨૬) ચરમ અનેક અચરમ અનેક અવક્તવ્ય અનેક :–** પચ્ચીસમા ભંગની જેમ આ ભંગ છે. ફરક એટલો જ કે તેમાં અવક્તવ્ય એક છે જ્યારે આ ભાંગામાં અવક્તવ્ય બે હોય છે. એટલે એક ઉપરના પ્રતરમાં અને એક નીચે પ્રતરમાં એકલો પ્રદેશ હોય છે ત્યારે અનેક અવક્તવ્ય બને છે. બાકીના ચાર પ્રદેશ એક શ્રેણીમાં ૨૫મા ભંગની સમાન રહે છે. ત્યારે આ ભંગ ઓછામાં ઓછા ૬ પ્રદેશી સ્કંધમાં બને છે.





## પુદ્ગલના છવ્વીસ ભંગોનો આકૃતિ સાથે ખુલાસો :–

| ક્રમ | ભંગનું નામ | આકૃતિ | ખુલાસો |
|---|---|---|---|
| ૧ | ચરમ એક |  | બે આકાશ પ્રદેશ ઉપર થાય, બે પ્રદેશથી અનંત પ્રદેશી સુધી બધામાં હોય |
| ૨ | અચરમ એક | × | કહેવા માત્રનો ભંગ છે. કોઈપણ પુદ્ગલમાં સંભવતું નથી. |
| ૩ | અવક્તવ્ય એક |  | એક આકાશ પ્રદેશી ઉપર થાય પરમાણુથી અનંતપ્રદેશી સુધી થાય |
| ૪ | ચરમ અનેક | × | કહેવા માત્રનો ભંગ છે. |
| ૫ | અચરમ અનેક | × | કહેવા માત્રનો ભંગ છે. |
| ૬ | અવક્તવ્ય અનેક | × | કહેવા માત્રનો ભંગ છે. |
| ૭ | ચરમ એક<br>અચરમ એક |  | પાંચ આકાશ પ્રદેશ ઉપર – પાંચ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૮ | ચરમ એક<br>અચરમ અનેક |  | છ આકાશ પ્રદેશ ઉપર – છ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૯ | ચરમ અનેક<br>અચરમ એક |  | ત્રણ આકાશ પ્રદેશ ઉપર – ત્રણ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૧૦ | ચરમ અનેક<br>અચરમ અનેક |  | ચાર આકાશ પ્રદેશ ઉપરે – ચાર પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૧૧ | ચરમ એક<br>અવક્તવ્ય એક |  | ત્રણ આકાશ પ્રદેશ બે પ્રતરમાં ત્રણ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૧૨ | ચરમ એક<br>અવક્તવ્ય અનેક |  | ચાર આકાશ પ્રદેશ ત્રણ પ્રતરમાં– ચાર પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૧૩ | ચરમ અનેક<br>અવક્તવ્ય એક |  | પાંચ આકાશ પ્રદેશ ત્રણ પ્રતરમાં – પાંચ પ્રદેશથી અનંત પ્રદેશી સુધી |
| ૧૪ | ચરમ અનેક<br>અવક્તવ્ય અનેક |  | છ આકાશ પ્રદેશ ચાર પ્રતરમાં – છ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૧૫ | અચરમ એક | × | કહેવા માત્રનો ભંગ છે. |
| ૧૬ | અચરમ એક<br>અવક્તવ્ય અનેક | × | કહેવા માત્રનો ભંગ છે. |

| ક્રમ | ભંગનું નામ | આકૃતિ | ખુલાસો |
|---|---|---|---|
| ૧૭ | અચરમ અનેક<br>અવક્તવ્ય એક | × | કહેવા માત્રનો ભંગ છે. |
| ૧૮ | અચરમ અનેક<br>અવક્તવ્ય અનેક | × | કહેવા માત્રનો ભંગ છે. |
| ૧૯ | ચરમ એક<br>અચરમ એક<br>અવક્તવ્ય એક |  | છ આકાશ પ્રદેશ બે પ્રતરમાં– છ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૨૦ | ચરમ એક<br>અચરમ એક<br>અવક્તવ્ય અનેક |  | સાત આકાશ પ્રદેશ ત્રણ પ્રતરમાં– સાત પ્રદેશીથી |
| ૨૧ | ચરમ એક<br>અચરમ અનેક<br>અવક્તવ્ય અનેક |  | સાત આકાશ પ્રદેશ બે પ્રતરમાં – સાત પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૨૨ | ચરમ એક<br>અચરમ બે<br>અવક્તવ્ય બે |  | આઠ આકાશ પ્રદેશ ત્રણ પ્રતરમાં – આઠ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૨૩ | ચરમ બે<br>અચરમ એક<br>અવક્તવ્ય એક |  | ચાર આકાશ પ્રદેશ બે પ્રતરમાં– ચાર પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૨૪ | ચરમ બે<br>અચરમ એક<br>અવક્તવ્ય બે |  | પાંચ આકાશ પ્રદેશ ત્રણ પ્રતરમાં– પાંચ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૨૫ | ચરમ બે<br>અચરમ બે<br>અવક્તવ્ય એક |  | પાંચ આકાશ પ્રદેશ બે પ્રતરમાં– પાંચ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૨૬ | ચરમ બે<br>અચરમ બે<br>અવક્તવ્ય બે |  | છ આકાશ પ્રદેશ ત્રણ સ્તરમાં –છ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |

**નોંધ :–** આ ૨૬ ભંગોના સ્વરૂપ તેમજ આકૃતિને ધ્યાનપૂર્વક સમજી લેવાથી પરમાણુ આદિમાં મળતા ભાંગા સહજ રીતે સમજી શકાય છે.





**પ્રશ્ન–૪ : પરમાણુથી અનંતપ્રદેશી સુધીમાં કેટલા અને કયા કયા ભાંગા મળે છે ?**

**ઉત્તર–** ઉપર કહેલ ૨૬ ભાંગામાંથી કુલ ૧૮ ભાંગા જ પુદ્‌ગલોમાં મળે છે. બાકીના ૮ ભાંગા કોઈ પુદ્‌ગલ સ્કંધમાં હોતા નથી. ૧૮ માંથી પણ પરમાણુમાં એક ભંગ હોય એમ અનંતપ્રદેશી સુધી જુદા જુદા ભાંગા મળે છે, તે આ પ્રકારે છે–

**પરમાણુ આદિમાં ભંગ :–**

| ક્રમ | નામ | ભંગ | વિવરણ |
|---|---|---|---|
| ૧ | પરમાણુમાં | ૧ | (૧) ત્રીજો. |
| ૨ | દ્વિપ્રદેશીમાં | ૨ | (૧) પહેલો (૨) ત્રીજો. |
| ૩ | ત્રણ પ્રદેશીમાં | ૪ | (૧) પહેલો (૨) ત્રીજો (૩) નવમો (૪) અગિયારમો. |
| ૪ | ચાર પ્રદેશીમાં | ૭ | (૧) પહેલો (૨) ત્રીજો (૩) નવમો (૪) દસમો (૫) અગિયારમો (૬) બારમો (૭) ત્રેવીસમો. |
| ૫ | પાંચ પ્રદેશીમાં | ૧૧ | ઉપરોક્ત સાત અને (૮) સાતમો (૯) તેરમો (૧૦) ચોવીસમો (૧૧) પચ્ચીસમો. |
| ૬ | છ પ્રદેશીમાં | ૧૫ | અગિયાર ઉપરોક્ત અને (૧૨) આઠમો (૧૩) ચૌદમો (૧૪) ઓગણીસમો (૧૫) છવ્વીસમો. |
| ૭ | સાત પ્રદેશીમાં | ૧૭ | પંદર ઉપરોક્ત અને (૧૬) વીસમો (૧૭) એકવીસમો. |
| ૮ | આઠ પ્રદેશીમાં | ૧૮ | સત્તર ઉપરોક્ત અને (૧૮) બાવીસમો. |
| ૯ | સંખ્યાતપ્રદેશી | ૧૮ | આઠ પ્રદેશીની સમાન. |
| ૧૦ | અસંખ્યાતપ્રદેશી | ૧૮ | આઠ પ્રદેશીની સમાન. |
| ૧૧ | અનંતપ્રદેશી | ૧૮ | આઠ પ્રદેશીની સમાન. |

**વિશેષ જ્ઞાતવ્ય :– ૧.** અલ્પ પ્રદેશી સ્કંધોમાં મળતા ભાંગા, વધારે પ્રદેશીમાં અવશ્ય મળે છે, પરંતુ વધારે પ્રદેશીમાં મળતા ભાંગા, ઓછા પ્રદેશીમાં કોઈ હોય છે તો કોઈ હોતા નથી. આ વાત ઉપરના વર્ણનમાં અને ટેબલમાંથી સ્પષ્ટ થાય છે.

**૨.** પરમાણુ આદિમાં બતાવવામાં આવેલા આ ભાંગા કોઈ પણ સમજમાં ન આવે તો તે ભંગની પરિભાષા સારી રીતે વાંચી લેવી.

**૩.** ૨૬ ભાંગામાંથી ૧૮ ભાંગા જ પુદ્‌ગલોમાં હોય છે. બાકીના ભાંગા ૮ કોઈપણ સ્કંધમાં હોતા નથી, તે ભાંગા માત્ર વર્ણન માટે જ છે. તે ભાંગા ન મળવાનું કારણ એની પરિભાષામાં સ્પષ્ટ બતાવવામાં આવેલ છે, તે આઠ ભંગ આ પ્રમાણે છે–

**૧.** બીજો, **૨.** ચોથો, **૩.** પાંચમો, **૪.** છઠ્ઠો, **૫.** પંદરમો, **૬.** સોળમો, **૭.** સત્તરમો, **૮.** અઢારમો.

**પ્રશ્ન–૫ : પુદ્ગલ સંસ્થાનોમાં ચરમાચરમતા કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** પુદ્ગલોમાં સંસ્થાન પાંચ છે– (૧) પરિમંડલ (૨) વૃત્ત (૩) ત્રિકોણ (૪) ચતુષ્કોણ(ચોરસ) (૫) આયત. તેના ફરી પાંચ પેટા પ્રકાર પડે છે– (૧) સંખ્યાત પ્રદેશી–સંખ્યાત પ્રદેશાવગાઢ (૨) અસંખ્યાતપ્રદેશી–સંખ્યાત પ્રદેશાવગાઢ (૩) અસંખ્યાતપ્રદેશી–અસંખ્યાત પ્રદેશાવગાઢ (૪) અનંતપ્રદેશી–સંખ્યાત પ્રદેશાવગાઢ (૫) અનંતપ્રદેશી–અસંખ્યાત પ્રદેશાવગાઢ.

આમ કુલ સંસ્થાનના ૫ × ૫ = ૨૫ પ્રકાર છે. આ ૨૫ પ્રકારમાં ચરમાદિ ૬ બોલોની સંપૂર્ણ વક્તવ્યતા રત્નપ્રભા પૃથ્વીની સમાન છે. અર્થાત્ દ્રવ્યાદેશથી છ વિકલ્પોનો નિષેધ છે. વિભાગાદેશના ચાર વિકલ્પ છે અને એનું અલ્પબહુત્વ છે. વિશેષતા એ છે કે સંખ્યાત પ્રદેશાવગાઢમાં અસંખ્યાત ગણાના સ્થાને સંખ્યાતગણા કહેવું. અસંખ્યાત પ્રદેશાવગાઢ પૂર્ણતયા રત્નપ્રભાની સમાન છે. અનંતપ્રદેશી અસંખ્યાત પ્રદેશીની જેમ છે. અર્થાત્ તે ક્ષેત્રાપેક્ષાએ (અવગાહનાની અપેક્ષાએ) સમાન છે. દ્રવ્ય અપેક્ષાએ દ્રવ્ય અનંતગણા કહેવા. જેમ કે– સર્વથી થોડા એક અચરમ, તેનાથી ચરમ અસંખ્યાતગણા (ક્ષેત્રાપેક્ષયા), દ્રવ્યાપેક્ષયા ચરમ દ્રવ્ય અનંતગણા છે. તેનાથી અચરમ અને ચરમ દ્રવ્ય મળીને વિશેષાધિક છે. તેનાથી ચરમાંત પ્રદેશ ક્ષેત્રાપેક્ષયા સંખ્યાતગણા (દ્રવ્યાપેક્ષયા અનંતગુણા) તેનાથી અચરમાંતપ્રદેશ અનંતગણા. તે બંને મળીને વિશેષાધિક છે.

આ પ્રકારે બધા સંસ્થાનોના ચરમાચરમ ભાંગા અને તેનું અલ્પબહુત્વ સમજવું.

**પ્રશ્ન–૬ : ગતિ આદિના સંબંધમાં ચરમાચરમતા કયા પ્રકારે છે ?**

**ઉત્તર– ગતિ આદિમાં ચરમ અચરમ બે પદોની વક્તવ્યતા–** ગતિ આદિના ૧૧ બોલ છે. ૧. ગતિ ૨. સ્થિતિ ૩. ભવ ૪. ભાષા ૫. શ્વાસોશ્વાસ ૬. આહાર ૭. ભાવ ૮. વર્ણ ૯. ગંધ ૧૦. રસ ૧૧.સ્પર્શ.

આ ૧૧ બોલની અપેક્ષાએ નરકાદિ ૨૪ દંડકનો એક જીવ ચરમ હોય કે અચરમ હોય અને અનેક જીવમાં ઘણા ચરમ પણ હોય છે અને ઘણા અચરમ પણ હોય છે. માત્ર પાંચ સ્થાવરમાં ભાષાનો બોલ આવતો નથી. તેથી તે અપેક્ષાએ ૧૯ દંડકમાં ચરમ-અચરમ હોય છે. જેમકે નારકી જીવ ગતિની અપેક્ષાએ ચરમ પણ છે અચરમ પણ છે. સ્પર્શ સુધીની અપેક્ષાએ ચરમ પણ છે અને અચરમ





પણ છે. આ રીતે ભવનપતિ દેવ ગતિની અપેક્ષાએ ચરમ પણ છે અને અચરમ પણ છે યાવત્ તે સ્પર્શ સુધીની અપેક્ષાએ ચરમ પણ છે અને અચરમ પણ છે.

# પદ–૧૧ : ભાષા

**પ્રશ્ન–૧ : આ પદમાં ભાષા સંબંધી પરિચય કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** આ પદની શરૂઆતના ૩૦ સૂત્રો દ્વારા ભાષા સંબંધી સામાન્ય જ્ઞાન પ્રશ્નોત્તર દ્વારા અનેક પ્રકારે કરાવવામાં આવેલ છે. તેના વિષે અહીં પોઈન્ટના રૂપમાં જાણકારી આપી રહ્યા છીએ–

(૧) ભાષા વસ્તુ તત્ત્વનો બોધ કરાવનાર હોય છે. કોઈપણ વ્યક્તિના આશયને સમજવામાં ભાષા અત્યંત ઉપયોગી, સહયોગી અને ઉપકારિણી થાય છે.

(૨) ભાષા જીવને હોય છે, અજીવને હોતી નથી. ક્યારેક ભાષાના પ્રયોગમાં અજીવ માધ્યમ બની જાય છે પરંતુ અજીવ તત્ત્વ ભાષક નથી. તેમને પ્રયોગથી કે વિકારથી ધ્વનિ–શબ્દ, અવાજ નીકળી શકે, હોઈ શકે પરંતુ કંઠ, હોઠ આદિ અવયવોના સંયોગજન્ય વચન વિભક્તિ રૂપ ભાષા તેમને(અજીવ)હોતી નથી.

(૩) જીવોમાં પણ એકેન્દ્રિય જીવ અભાષક છે. તેમને ભાષા હોતી નથી. કારણ કે બોલવાના સાધન મુખ, જીભ, હોઠ તેમને હોતા નથી.

(૪) પાંચ શરીરમાં ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરથી ભાષાની ઉત્પત્તિ થાય છે.

(૫) ભાષા ૪ પ્રકારની હોય છે– ૧.સત્ય ૨. અસત્ય ૩. મિશ્ર અને૪. વ્યવહાર. પર્યાપ્તિની અને અપર્યાપ્તિનીના ભેદથી અહીં બે પ્રકારે ભાષા કહેલ છે. સત્ય, અસત્ય પર્યાપ્તિની ભાષા(પરિપૂર્ણ) અને બીજી મિશ્ર, વ્યવહાર અપર્યાપ્તિની ભાષા કહેલ છે.

(૬) નારકી, દેવતા, મનુષ્યમાં ચારે પ્રકારની ભાષા હોય છે. એકેન્દ્રિયમાં એક પણ નહીં હોય. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચમાં વ્યવહાર ભાષા હોય છે. સંજ્ઞી તિર્યંચમાં જો મનુષ્ય કેળવે, અભ્યાસ કરાવે તો હોંશિયાર પશુ-પક્ષી હોય તેને ચારે ય ભાષા હોઈ શકે છે.

(૭) આ લોક, પરલોકની સાધના, આરાધના કરાવવામાં ભાષા સહાયક હોવાથી, મુક્તિ પ્રાપ્ત કરાવનાર હોવાથી ભાષા **સત્યભાષા** છે. તેનાથી વિપરીત મુક્તિ માર્ગની વિરાધના કરાવે તેવી ભાષા અસત્યભાષા છે. મિશ્રભાષામાં બંને અવસ્થા

હોય છે તેથી તે પણ અશુદ્ધ છે. આજ્ઞા આપે તેવી ભાષા વ્યવહાર ભાષા છે. જેમ કે હે પુત્ર ઉઠો, વાંચો વગેરે.

(૮) અબુધ બાળક, નવજાત બાળક બોલે તોપણ તે નથી જાણતો કે હું આ ભાષા બોલું છું. તે એ પણ નથી જાણતો કે આ માતા છે, આ પિતા છે વગેરે. આ રીતે પશુ પણ આ જાણતા નથી પરંતુ જો કોઈને અવધિજ્ઞાન આદિ વિશેષ જ્ઞાન થયું હોય તો તે બાળક, પશુ વગેરે તે ભાષા બોલવાનું જાણી શકે છે કે હું આ ભાષા બોલી રહ્યો છું.

(૯) સ્ત્રી, પુરુષ આદિને વ્યક્તિગત કે જાતિગત સંબોધન કરતી ભાષાને પ્રજ્ઞાપની ભાષા કહેલ છે. તે વ્યવહાર ભાષા છે.

(૧૦) સ્ત્રી આદિના બે પ્રકાર હોય છે– ૧. વેદમોહના ઉદયરૂપ કે સ્તન આદિ અવયવ વાળી. ૨. ભાષાશાસ્ત્રની અપેક્ષા સ્ત્રીવચન આદિ. જેમકે પૃથ્વી આ સ્ત્રીલિંગ શબ્દ છે. જીવ આ પુલિંગ શબ્દ છે. ધાન્ય એ નપુંસકલિંગ શબ્દ છે.

(૧૧) ભાષાના પુદ્‌ગલસ્કંધોનું સંસ્થાન–આકાર વજ(ડમરૂ) જેવો હોય છે.

(૧૨) ખાસ પ્રયોગ–પ્રયત્નથી બોલાતી ભાષાના ગ્રહણ કરેલ પુદ્‌ગલોના અનેક વિભાગ કરીને કાઢવામાં આવતી ભાષા, ઉત્કૃષ્ટ લોકાંત સુધી છએ દિશામાં જાય છે. સામાન્ય પ્રયત્નથી બોલાતી ભાષા સંખ્યાત, અસંખ્યાત યોજન જઈને નાશ પામે છે. ખાસ પ્રયત્નથી તેમજ પુદ્‌ગલોને ભેદતી છોડવામાં આવતી ભાષા ભાષાના અન્ય પુદ્‌ગલોને પણ ભાવિત(વાસિત)કરે છે. ભાષા રૂપમાં પરિણત કરતી થકી જાય છે.

(૧૩) ભાષાના પુદ્‌ગલો **કાયયોગ**થી ગ્રહણ કરીને **વચનયોગ**થી ભાષા બોલવામાં આવે છે. ભાષાવર્ગણાના પુદ્‌ગલો લેવામાં અને છોડવામાં કુલ બે સમય લાગે છે. સ્થૂળ દષ્ટિએ વચનપ્રયોગમાં ઓછામાં ઓછો અસંખ્ય સમય લાગે છે. ભાષાથી બોલાયેલ શબ્દ એકબીજાને ભાવિત કે વાસિત કરતા થકા પરંપરાથી ઉત્કૃષ્ટ **અસંખ્યાતકાળ**સુધી લોકમાં રહી શકે છે. જઘન્ય અંતર્મુહૂર્ત રહી શકે છે. આ સ્થિતિ પછી આ પુદ્‌ગલો પુનઃ અન્યમાં પરિણમન થઈ જાય છે.

**પ્રશ્ન–૨ : ચાર પ્રકારની ભાષાઓને વિસ્તારથી કયા પ્રકારે સમજવી?**

**ઉત્તર–** આ પદમાં ચારે ય ભાષાઓને અનેક ભેદ પાડીને સમજાવેલ છે, જેમકે–

**સત્ય ભાષાના ૧૦ પ્રકાર :– ૧. જનપદ સત્ય–** યથા કોંકણ દેશમાં 'પય'ને 'પિચ્ચ' કહેવાય તો એ જનપદ સત્ય છે.

**૨. સમ્મત સત્ય–** લોકોમાં પ્રસિદ્ધ હોય જેમ કે– પંકજ = કમળ. હવે શેવાળ,





કીડા આદિ પણ પંકજ–કાદવમાં જન્મતા હોય છે. પરંતુ તે લોકોમાં પ્રસિદ્ધ નથી. તેથી કમળ માટે 'પંકજ' એ લોક સમ્મત શબ્દ છે.

**૩. સ્થાપના સત્ય–** કોઈ વસ્તુ અમુક નામે ઓળખાતી હોય. જેમ કે–મૂર્તિ જે તે ભગવાન તરીકે પ્રસિદ્ધ હોય તે સ્થાપના સત્ય.

**૪. નામસત્ય–** જે કોઈ નામ રાખવામાં આવે તે નામ સત્ય છે. યથા– મહાવીર, લક્ષ્મી આદિ. નામ પ્રમાણે ગુણ ન પણ હોય તોપણ તે નામ સત્ય છે.

**૫. રૂપ સત્ય–** બહુરૂપી વ્યક્તિ જે રૂપમાં હોય તેને તે કહેવું રૂપ સત્ય છે.

**૬. પ્રતીત્ય(અપેક્ષા) સત્ય–** કોઈ પદાર્થને કોઈની અપેક્ષાએ નાનો કહેવો પ્રતીત્ય સત્ય છે. તે જ પદાર્થ બીજાની અપેક્ષાએ મોટો પણ હોઈ શકે છે.

**૭. વ્યવહાર સત્ય–** ગામ આવી ગયું, પહાડ બળી રહ્યો છે ઈત્યાદિ. વાસ્તવમાં ગામ ચાલતું નથી, જીવ ચાલે છે. પહાડ બળતો નથી પરંતુ એની અંદર રહેલા ઘાસ વગેરે બળે છે, તો પણ વ્યવહાર સત્ય ભાષા છે.

**૮. ભાવ સત્ય–** ભાવમાં જે ગુણ પ્રમુખ હોય છે તેનું તે પદાર્થમાં મહત્ત્વ બતાવવું તે ભાવ સત્ય છે. યથા– કાળી ગાય આ ભાવ સત્ય છે. જો કે પાંચે વર્ણ અષ્ટ સ્પર્શીમાં હોય છે. તો પણ પ્રમુખ રંગને કહેવું ભાવ સત્ય છે. આ જ રીતે અન્ય ગુણોની પ્રમુખતાના શબ્દ સમજવા.

**૯. યોગ સત્ય–** દંડ રાખવાવાળાને દંડી વગેરે કહેવું યોગ સત્ય છે.

**૧૦. ઉપમા સત્ય–** ઉપમા આપીને કોઈને કહેવું. યથા– સિંહની સમાન શૌર્ય વાળા માનવને 'કેસરી' કહેવું. મનને ઘોડો કહેવું વગેરે.

**અસત્ય ભાષાના ૧૦ પ્રકાર :– ૧.** ક્રોધ, **૨.** માન, **૩.** માયા, **૪.** લોભ, **૫.** રાગ, **૬.** દ્વેષ, **૭.** હાસ્ય, **૮.** ભય આ આઠને આધિન થઈને જે અસત્ય બોલવામાં આવે છે, તે ક્રમશઃ ક્રોધ અસત્ય, માન અસત્યથી ભય અસત્ય સુધી છે. **૯.** આખ્યાયિક અસત્ય–કથા, ઘટના આદિ વર્ણન કરતી વખતે વાતની જમાવટ કરવા માટે અથવા ભાવ પ્રવાહમાં અતિશયોક્તિ વશ જે અસત્ય કથન કરી દેવાય છે, તે આખ્યાયિક અસત્ય છે. **૧૦.** ઉપઘાત અસત્ય– બીજાના હૃદયને આઘાત લાગે, કોઈના દિલ–દુઃખ થાય તે માટે અસત્ય વચન પ્રયોગ કરવો **ઉપઘાત અસત્ય** છે. અથવા તો તેવા વચન સત્ય હોય તોપણ અસત્ય કહેવાય.

**મિશ્ર ભાષાના ૧૦ પ્રકાર :– (૧–૩)** જન્મ, મરણ અને જન્મ મરણ ઉભયની સંખ્યા સંબંધી કોઈ પણ પ્રકારનું સત્યાસત્ય કથન કહેવું, **(૪–૬)** જીવ, અજીવ

અને જીવાજીવ સંબંધી કોઈપણ પ્રકારનું સત્યાસત્ય કથન કરવું (૭–૮) અનંત અને પ્રત્યેક સંબંધી મિશ્ર ભાષાનો પ્રયોગ કરવો, (૯–૧૦) કાળ સંબંધી અને કાલાંશ અર્થાત્ સૂક્ષ્મ કાળ સંબંધી સત્યાસત્ય કથન કરવું ઇત્યાદિ મિશ્ર ભાષાના પ્રકાર છે. અન્ય પણ અનેક પ્રકાર હોઈ શકે છે. તે બધાનો અપેક્ષાથી આ દસ પ્રકારમાં સમાવેશ કરી લેવો જોઈએ.

**વ્યવહાર ભાષાના ૧૨ પ્રકાર :–** **(૧)** સંબોધન સૂચક વચન, **(૨)** આદેશ વચન, **(૩)** કોઈ વસ્તુના માંગવા રૂપ વચન, **(૪)** પ્રશ્ન પૂછવાના વચન, **(૫)** ઉપદેશ રૂપ વચન કે તત્ત્વજ્ઞાન પ્રદાન કરનારા વચન, **(૬)** વ્રત પ્રત્યાખ્યાનના પ્રેરક વચન, **(૭)** બીજાને સુખપ્રદ, અનુકૂલ, સન્માન સૂચક વચન, **(૮)** અનિશ્ચયકારી ભાષામાં અર્થાત્ વૈકલ્પિક ભાષામાં સલાહ વચન, **(૯)** નિશ્ચયકારી ભાષામાં સલાહ વચન યથા– ૧. આ પદ્ધતિમાંથી કોઈ પણ પદ્ધતિ અપનાવવી જોઈએ ૨. આ પદ્ધતિ જ અપનાવવા યોગ્ય રહેશે, **(૧૦)** અનેકાર્થક સંશયોત્પાદક વચન પ્રયોગ કરવો, **(૧૧)** સ્પષ્ટ અર્થ કરે તેવા વચન, **(૧૨)** ગૂઢાર્થક વચન.

વિવિધ પ્રસંગોપાત અનેક પ્રકારની ભાષાઓ બોલાય છે. ગૂઢાર્થક, અનેકાર્થક (સંશયોત્પાદક) વચન પણ આવશ્યક પ્રસંગ પર બોલાય છે. જેના બોલવામાં કે કથન કરવામાં અસત્યથી બચવાનું કારણ નિહિત હોય છે. તે વચન અસત્ય નથી એવં સત્યના વિષયથી પર પણ છે. અર્થાત્ હે શિષ્ય ! અહીં આવ, નવકારસીના પ્રત્યાખ્યાન કરવા જોઈએ. આ વચન સત્ય અને અસત્યને અવિષયભૂત છે, પરંતુ વ્યવહારોપયોગી વચન છે.એ સિવાય જે પશુ, પક્ષી અને નાના જીવ જંતુ અવ્યક્ત વચન પ્રયોગ કરે છે તે પણ વ્યવહાર ભાષાની અંતર્ગત સમાવિષ્ટ છે. કારણ કે એના આ અવ્યક્ત વચનોનો જૂઠ, સત્ય યા મિશ્ર ભાષા સાથે કોઈ સંબંધ હોતો નથી.

આ પ્રકારે આ વ્યવહાર ભાષાની પરિભાષા એમ સ્થાપિત થાય છે કે જે વચન અવ્યક્ત હોય, વ્યવહારોપયોગી હોય અને જેનો અસત્ય, સત્ય અને મિશ્ર સાથે કોઈ સંબંધ ન હોય તે વ્યવહાર ભાષા છે.

**પ્રશ્ન–૩ : આ ભાષાના પ્રયોગથી આરાધના-વિરાધના કઈ રીતે સંભવી શકે ?**

**ઉત્તર–** દશવૈકાલિક અધ્યયન–૪ અનુસાર જીવ જતનાપૂર્વક ચાલે, બોલે, જમે આદિ પ્રવૃત્તિ કરે છતાં અપેક્ષિત પાપકર્મ બાંધતો નથી. ભગવતીસૂત્ર અનુસાર ઈર્યા સમિતિનું ઉપયોગ પૂર્વક શોધન કરતા અણગારના પગ નીચે સહજ પંચેન્દ્રિય પ્રાણી દબાઈ જાય તોપણ તે અણગારને તે જીવની વિરાધના સંબંધીસાવદ્ય–સપાપ ક્રિયા લાગતી નથી.





આ રીતે આ ભાષા પદમાં પણ સમજાવવામાં આવ્યું છે કે ઉપયોગ રાખીને બોલવામાં જો કોઈ અસત્ય કે મિશ્ર ભાષાનો સહજ પ્રયોગ થઈ જાય (બોલાઈ જવાય)તોપણ તે જીવ વિરાધક બનતો નથી. પરંતુ જે જીવ અસંયત, અવિરત છે અને અસત્ય–ખોટું કે મિશ્ર બોલવાનો ત્યાગ કર્યો નથી અને આવા અસત્ય કે મિશ્ર વચન ન બોલવાનો કોઈ સંકલ્પ પણ કર્યો નથી, આવો જીવ વિવેક રાખ્યા વગર કે જાગૃતિ રાખ્યા વગર સત્ય કે વ્યવહારિક ભાષા બોલે તો પણ તે આરાધક નથી પરંતુ વિરાધક છે. ***આનો અર્થ એમ પણ થાય કે જાગૃતિ સહિત (સજાગપણે)વિવેકપૂર્વકની ભાષા જો કોઈ ઉપયોગવંત વ્યક્તિ બોલે અને તેમાં તેને ચારે ભાષામાંથી કોઈપણ ભાષાનો પ્રયોગ થઈ જાય તો તે આરાધક છે.*** તેમજ લક્ષ્ય રહિત, વિવેક તેમજ ઉપયોગ રહિત, અસત્યના ત્યાગ વિનાનો, વિરતિ રહિત વ્યક્તિ ચારમાંથી કોઈપણ ભાષાનો પ્રયોગ કરે તો તે આરાધક બની જતો નથી પરંતુ વિરાધક જ ગણાય છે. તેનું તાત્પર્ય એ છે કે ભૂલને ક્ષમ્ય ગણી શકાય છે પરંતુ અવિવેક, લાપરવાહી વગેરેને ક્ષમ્ય ગણવામાં આવતી નથી.

આથી વચનપ્રયોગ કરનારી સત્યાર્થી વ્યક્તિએ ભાષા સંબંધી વચન પ્રયોગોનું જ્ઞાન અવશ્ય રાખવું જોઈએ. વક્તા, પ્રવચનકાર, મુમુક્ષુ આત્માઓએ આ ચાર ભાષાઓના ભેદ, પ્રભેદ, અને પરમાર્થનું જ્ઞાન તેમજ અનુભવ મેળવવા જોઈએ. તે ઉપરાંત આગળ કહેલ ૧૬ પ્રકારના વચન પ્રયોગનું જ્ઞાન અને અભ્યાસ કરવો જોઈએ.

**સોળ પ્રકારના વચન–** **(૧)** એક વચનનાપ્રયોગ, **(૨)** દ્વિવચનના પ્રયોગ, **(૩)** બહુવચનના પ્રયોગ, **(૪)** સ્ત્રીવચન, **(૫)** પુઢષવચન, **(૬)** નપુંસક વચન, **(૭)** અધ્યાત્મવચન–વાસ્તવિક અંતરના ભાવોનું વચન, સહજ સ્વાભાવિક સરલતાપૂર્ણ વચન, **(૮)** ગુણ પ્રદર્શક વચન, **(૯)** અવગુણપ્રદર્શક વચન, **(૧૦)** ગુણ બતાવીને અવગુણ પ્રગટ કરવાનું વચન **(૧૧)** અવગુણ બતાવીને ગુણ પ્રગટ કરનારું વચન, **(૧૨)** ભૂતકાલિક વચન પ્રયોગ, **(૧૩)** વર્તમાનકાલિક વચન પ્રયોગ, **(૧૪)** ભવિષ્યકાલિક વચન પ્રયોગ, **(૧૫)** પ્રત્યક્ષીભૂત વિષયના વચન પ્રયોગ, **(૧૬)** પરોક્ષભૂત વિષયના વચન પ્રયોગ.

આવા પ્રકારના વચનોનો પ્રયોગ ક્યારે, ક્યાં અને કેવી રીતે કરવો ? ક્યારે અને કઈ ક્રિયાના વચન–શબ્દોના લિંગનો વચનપ્રયોગ કરવામાં આવે છે ? ***આ વિષયનું ભાષાજ્ઞાન મેળવીને તેનો અનુભવ તેમજ અભ્યાસ મેળવીને ભાષા પ્રયોગના ઇચ્છુક સાધકે તેમજ વક્તાઓએ પછી જ ભાષા પ્રયોગ કરવો, તેને પોતાનું આવશ્યક કર્તવ્ય સમજવું જોઈએ.***

**પ્રશ્ન–૪ : ભાષા દ્રવ્યો સંબંધી, પૌદગલિક તાત્ત્વિક નિરૂપણ કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** ભાષા સંબંધી સામાન્ય પરિચય વિવેકજ્ઞાન કરાવ્યા પછી અહીં તાત્ત્વિક નિરૂપણ વિસ્તારથી અને સૂક્ષ્મતાપૂર્વક કરેલ છે, જેમકે–

**ગ્રહણ યોગ્ય ભાષાદ્રવ્યો સંબંધી તત્ત્વજ્ઞાન :–**

(૧) વચનપ્રયોગ કરવા માટે ભાષા વર્ગણાના પુદ્‍ગલો ગ્રહણ કરવામાં આવે છે, અન્ય વર્ગણાના નહીં.

(૨) સ્થિત–સ્થિર પુદ્‍ગલો લેવામાં આવે છે, ચલાયમાન નહીં.

(૩) અનંતપ્રદેશી પુદ્‍ગલો લેવામાં આવે છે, અસંખ્યાતપ્રદેશી નહીં.

(૪) અસંખ્ય આકાશપ્રદેશી અવગાહનાવાળા પુદ્‍ગલો લેવામાં આવે છે.

(૫) આ પુદ્‍ગલોના સમૂહમાં કોઈ સ્કંધ એક સમયની સ્થિતિવાળા પણ હોઈ શકે છે અને ઉત્કૃષ્ટ અસંખ્ય સમયની સ્થિતિવાળા પણ હોઈ શકે છે.

(૬) આ પુદ્‍ગલો ચૌફર્શી(ચાર સ્પર્શવાળા) હોય છે. અર્થાત્ તેમાં વર્ણાદિ ૧૬ બોલ(૫, વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૪ સ્પર્શ) હોય છે.

(૭) આ પુદ્‍ગલ એક ગુણ કાલા હોઈ શકે છે તેમજ અનંતગુણ કાલા હોઈ શકે છે. આ રીતે વર્ણાદિ ૧૬ બોલ એક ગુણથી લઈને અનંતગુણ સુધી સમજી લેવા.

(૮) જે ભાષા વર્ગણાના પુદ્‍ગલો જીવને સ્પર્શીને રહેલા હોય અર્થાત્ જે શરીરમાં આત્મા છે તે શરીરને સ્પર્શિત તેમજ અવગાહિત હોય તેને જ ગ્રહણ કરવામાં આવે છે. અન્ય અનઅવગાઢ કે અસ્પર્શિત પુદ્‍ગલોને નહીં. કંઠ અને હોઠની તદ્દન નજીક અનંતર છે તેને ગ્રહણ કરવામાં આવે છે, પરંપરને નહીં.

(૯) આ પુદ્‍ગલો નાના પણ હોઈ શકે અને મોટા પણ હોઈ શકે.

(૧૦) અવગાહિત છએ દિશાઓમાંથી ગ્રહણ કરવામાં આવે છે.

(૧૧) ભાષાપ્રયોગ કરવાની શરૂઆતમાં, મધ્યમાં અને અંત સુધી, જ્યાં સુધી બોલવાનું છે ત્યાં સુધી બધા સમયોમાં ભાષા વર્ગણાના પુદ્‍ગલો ગ્રહણ કરવામાં આવે છે. બોલવાનું બંધ કરવાનું હોય તો ગમે ત્યારે પુદ્‍ગલ ગ્રહણ કરવાનું રોકી શકાય છે.

(૧૨) પહેલા સમયે જે ભાષા દ્રવ્ય ગ્રહણ કરવામાં આવે તેના બીજા સમયે તે દ્રવ્ય નિસ્સરણ–છોડવામાં આવે છે. બીજા સમયે જે દ્રવ્ય ગ્રહણ કરવામાં આવે તે ત્રીજા સમયે છોડવામાં આવે છે.





(૧૩) લગાતાર અસંખ્ય સમય સુધી ગ્રહણ નિસ્સરણ થયા વગર સ્વર કે વ્યંજનો અર્થાત્ અક્ષરો બની શકતા નથી.

(૧૪) પ્રથમ સમયમાં માત્ર ગ્રહણ જ થાય છે, નિસ્સરણ નહીં. છેલ્લા સમયમાં માત્ર નિસ્સરણ થાય છે, ગ્રહણ થતું નથી અને વચ્ચેના સમયમાં ગ્રહણ નિસ્સરણ બંને ક્રિયાઓ થતી રહે છે.

***એક સમયમાં યોગ્ય અનેક ક્રિયાઓ થવી જિનાનુમત છે. એક સમયમાં જીવનો ઉપયોગ એક જ હોય છે. મિથ્યાત્વ અને સમ્યક્ત્વ એવી વિરોધી ક્રિયાઓ એક સમયમાં એક સાથે થતી નથી પરંતુ ઘણી પ્રકૃતિઓની બંધ, ઉદય, ઉદીરણા, નિર્જરા આદિ વિભિન્ન ક્રિયાઓ એક સમયમાં થતી રહે છે.***

(૧૫) સત્ય, અસત્ય આદિ જે રૂપમાં ભાષા વર્ગણાના પુદ્‍ગલો ગ્રહણ કરવામાં આવે છે તે રૂપમાં તેનું નિસ્સરણ થાય છે. અન્ય રૂપમાં નથી થતું.

(૧૬) સ્વવિષયના અર્થાત્ ભાષાના યોગ્ય પુદ્‍ગલો ગ્રહણ કરવામાં આવે છે બીજા નહીં. આ પુદ્‍ગલો અનુક્રમે ગ્રહણ થાય છે વ્યુત્ક્રમમાં નહીં.

(૧૭) ભાષાવર્ગણાના પુદ્‍ગલો ભેદાતા(ભેદ થતા થતા) નીકળે છે તો આ પુદ્‍ગલોના ભેદ **પાંચ** પ્રકારે છે– (૧) ખંડાભેદ–લોઢું, તાંબુ, ચાંદી આદિના જે ખંડ હોય તેની જેમ (૨) પ્રતરભેદ–વાંસ, વેંત, કદલી, અભરક આદિના ભેદની જેમ (૩) ચૂર્ણ ભેદ–પીસેલા, દળેલા પદાર્થોના ભૂકા જેવા (૪) અણુતડિયા–જળ સ્થાનોમાં પાણીના સુકાઈ ગયા પછી તેમાં જે તીરાડો પડે છે તેવા (૫) ઉક્કરિયા ભેદ–મગ, અડદ, ડાંગરની સિંગોની ફાટ સમાન. આ સિંગો ફાટે અને દાણા નીકળે તેવી ફાટ સમાન.

ભાષા વર્ગણાના પુદ્‍ગલોના જે પાંચ પ્રકારના ભેદ હોય છે, તેનું અલ્પ-બહુત્વ આ પ્રમાણે છે– (૧) સૌથી થોડા ઉક્કરિયા ભેદવાળા (૨) અણુતડિયા ભેદવાળા અનંતગણા (૩) ચૂર્ણ ભેદવાળા તેનાથી અનંતગણા (૪) તેનાથી પ્રતર ભેદવાળા અનંતગણા (૫) તેનાથી ખંડભેદવાળા અસંખ્ય ગણા.

(૧૮) આ જે કંઈ કથન કરવામાં આવ્યું છે તે સમુચ્ચય જીવની અપેક્ષાએ છે. તેને નરકાદિ ૨૪ દંડકમાં યોગ્ય રીતે સમજી લેવું.અર્થાત્ જે દંડકમાં જેટલી ભાષા હોય તેના આધારે વર્ણન કરી લેવું જોઈએ. એકેન્દ્રિય અભાષક છે તેથી તેને માટે આ ભાષા સંબંધી કોઈ કથન નથી. બાકીના ૧૯ દંડક માટે જ અહીં આ કથન અપેક્ષિત છે તેમ સમજવું.

# પદ–૧૨ : બદ્ધ-મુક્ત શરીર

**પ્રશ્ન–૧ : પાંચ શરીરનું સ્પષ્ટ સ્વરૂપ–પરિચય કયા પ્રકારે છે ? ૨૪ દંડકમાં જીવોના કેટલા શરીર હોય છે ?**

**ઉત્તર–** ચાર ગતિમાં ભ્રમણ કરતા સમસ્ત જીવો, સશરીરી એટલે કે શરીરવાળા હોય છે, શરીર વગરના–અશરીરી જીવ પોતાના આત્મ સ્વરૂપને પ્રાપ્ત કરી સદાને માટે જન્મ-મરણના આ સંસારમાંથી છૂટી ગયેલ હોય છે. સંસારમાં રહેતા જીવોના એક જ શરીર કે એક સરખા શરીર હોતા નથી પરંતુ તે વિભિન્ન અનેક શરીરવાળા હોય છે. આ શરીરના કુલ પાંચ પ્રકાર કહેલ છે– (૧) ઔદારિક (૨) વૈક્રિય (૩) આહારક (૪) તૈજસ (૫) કાર્મણ.

**(૧) ઔદારિક શરીર :–** ઉદાર = પ્રધાન–મુખ્ય શરીર કે સ્થૂલ શરીર અથવા વિશાલ શરીર. આ શરીર સંસારમાં અધિકતમ જીવોને એટલે કે અનંત જીવોને હોય છે. તીર્થંકર, ચક્રવર્તી આદિ મહાપુરૂષોને પણ આ જ શરીર હોય છે, તેથી આ શરીરની પ્રધાનતા કહેવામાં આવી છે. સૌથી મોટી મહત્તા તો આ શરીરની એ છે કે આ શરીરના માધ્યમથી જ જીવ સંસાર સાગર તરીને કે પાર કરીને હંમેશ માટે મુક્ત થઈ શકે છે. માટે દેવો પણ આવા શરીરમય જીવનની ઈચ્છા–ઝંખના કરે છે. એવું આ ઔદારિક શરીર તિર્યંચ, મનુષ્યને હોય છે.

**(૨) વૈક્રિય શરીર :–** જે શરીર વિવિધ અને વિશેષ પ્રકારની ક્રિયા કરી શકે છે અર્થાત્ નવા-નવા રૂપ ધારણ કરી શકે છે, આવી વિશેષ ક્રિયાવાળા શરીરને વૈક્રિય કહે છે. આ શરીર નારક, દેવોને જન્મથી પ્રાપ્ત થાય છે, મનુષ્ય, તિર્યંચોમાં પણ કોઈ કોઈને વિશિષ્ટ ક્ષયોપશમથી આ શરીર પ્રાપ્ત થઈ શકે છે. વાયુકાયના કેટલાક જીવોને પણ આ શરીર સ્વભાવથી પ્રાપ્ત થાય છે.

**(૩) આહારક શરીર :–** જિન પ્રરૂપિત કોઈ સ્થળોને પ્રત્યક્ષ જોવાની જિજ્ઞાસાથી કે કોઈ તત્ત્વમાં ઉત્પન્ન થયેલ શંકાનું સમાધાન મેળવવા માટે આ શરીર બનાવવામાં આવે છે. આહારક લબ્ધિ સંપન્ન અણગારને આ શરીર હોઈ શકે છે. ૧૪ પૂર્વના જ્ઞાનીને આ આહારક લબ્ધિ પ્રાપ્ત હોય છે અને તે લબ્ધિ સંપન્ન અણગાર સર્વજ્ઞ વીતરાગ પ્રભુથી દૂરના ક્ષેત્રમાં હોય ત્યારે તેમના પ્રત્યક્ષ દર્શન કરી તત્ત્વોના સમાધાન પ્રાપ્ત કરવા માટે લબ્ધિનો પ્રયોગ કરી આહારક શરીરનું એક પૂતળું બનાવીને સર્વજ્ઞ પ્રભુ પાસે મોકલે છે. તે પૂતળું જ આહારક શરીર કહેવાય છે. સમાધાન મેળવીને તે પૂતળું પુનઃ પોતાના સ્થાને પાછું આવી જાય છે. આ જ રીતે આગમ વર્ણિત





નંદી✓ર દ્વીપ, મેરૂ પર્વત આદિ સ્થળોને પણ પ્રત્યક્ષ જોઈને તે આહારક શરીરનું પૂતળું ફરી પાછું પોતાના સ્થળે આવી જાય છે. આવવા-જવા, જોવા-પૂછવા વગેરેની સમસ્ત ક્રિયામાં તે આહારક શરીરને અંતર્મુહૂર્તનો સમય લાગે છે. કારણ કે આ આહારક શરીરની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની જ હોય છે, અવગાહના ઉત્કૃષ્ટ એક હાથની હોય છે.

**(૪) તૈજસ શરીર :–** આ શરીર ઔદારિક કે વૈક્રિય શરીરની સાથે રહે છે અને લીધેલા ખોરાકને પચાવવાની ક્રિયા તથા રસ, રક્ત, ધાતુ આદિના નિર્માણનું કાર્ય અને આખા શરીરના સંચાલનનું કાર્ય આ તૈજસ શરીર કરે છે. ઔદારિક કે વૈક્રિય સંપૂર્ણ શરીરમાં આ શરીર વ્યાપ્ત રહે છે, સંસારના સમસ્ત જીવોને અનાદિકાળ થી હોય છે. મોક્ષમાં જતી વખતે આ શરીર આત્માથી છૂટું પડે છે. મૃત્યુ પામીને જીવ જ્યારે ઔદારિક કે વૈક્રિય શરીરને ત્યાં જ છોડીને પરભવમાં જાય છે, ત્યારે પણ આ શરીર આત્માની સાથે રહે છે. એનું શરીરમાં પ્રમુખ સ્થાન અને કાર્ય જઠરાગ્નિનું છે તેથી તેનું નામ તૈજસ શરીર છે.

**(૫) કાર્મણ શરીર :–** કર્મોના ભંડારરૂપ, સંગ્રહરૂપ, પેટીરૂપ જે શરીર છે, તે આ કાર્મણ શરીર છે. અર્થાત્ જે શરીરમાં આત્માના સમસ્ત કર્મોનો તેના બધા પ્રકારના વિભાગો સાથે સંગ્રહ રહે છે તે કાર્મણ શરીર છે. આ શરીર પણ તૈજસ શરીરની સમાન સંસારના સમસ્ત જીવોની સાથે અનાદિથી છે, મુક્ત અવસ્થા પ્રાપ્ત થવાના પૂર્વ સમય સુધી રહે છે. આ રીતે આ શરીર કર્મોનો સંગ્રાહક છે અને આત્માના સંસાર ભ્રમણની કામગીરીમાં મુખ્ય મુનિમ જેવું કામ કરે છે.

**ચોવીસ દંડકમાં શરીર :–** નારકી-દેવતામાં ત્રણ શરીર હોય છે– (૧) વૈક્રિય (૨) તૈજસ (૩) કાર્મણ. વાયુકાય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં ચાર શરીર હોય છે– (૧) ઔદારિક (૨) વૈક્રિય (૩) તૈજસ, (૪) કાર્મણ. સંજ્ઞી મનુષ્યમાં ઔદારિક, તૈજસ, કાર્મણ અને લબ્ધિ પ્રાપ્તને વૈક્રિય તથા આહારક, એમ પાંચેય શરીર હોય છે. બાકીના ચાર સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય આદિમાં ત્રણ શરીર હોય છે– (૧) ઔદારિક (૨) તૈજસ (૩) કાર્મણ.

**પ્રશ્ન–૨ : લોકમાં પાંચે ય શરીરની સંખ્યા રૂપ પરિમાણ શું છે ?**

**ઉત્તર–** પાંચે ય શરીર બે બે પ્રકારના છે. બદ્ધ(જીવની સાથે રહે) અને મુક્ત (જીવથી છૂટા રહે). જીવ સાથે જોડાયેલા બદ્ધ શરીર કહેવાય. જીવ છોડી દીધેલા, મૃત્યુ બાદ રહેલ શરીર મુક્કેલગ કહેવાય.

**ઔદારિક બદ્ધ–મુક્ત શરીર– ૧.** બદ્ધ(બદ્ધેલક) શરીર, સંખ્યા માપથી અસંખ્યાતા

છે. કાળમાપથી અસંખ્ય ઉત્સર્પિણી, અવસર્પિણીના સમય તુલ્ય છે. ક્ષેત્ર માપની અપેક્ષાએ અસંખ્ય લોક જેટલા ક્ષેત્રના આકાશપ્રદેશોની સંખ્યા તુલ્ય છે. **૨.** મુક્કેલગ (જીવથી છૂટા થયેલા) ઔદારિક શરીર અનંત છે. અર્થાત્ આત્માથી છૂટા પડનારા એક શરીરના અનંત વિભાગ થઈ જાય છે, તેથી અસંખ્ય બદ્ધેલક હોવા છતાં પણ મુકકેલગ અનંત કહ્યા છે. આ શરીરના મુકકેલગ જ્યાં સુધી અન્ય પરિણામને પ્રાપ્ત થતા નથી, ત્યાં સુધી પૂર્વ શરીરના મુકકેલગ જ ગણાય છે. એવા ઔદારિકના મુકકેલગ સંખ્યાની અપેક્ષા અનંત છે. કાળ માપની અપેક્ષા અનંત ઉત્સર્પિણી અવસર્પિણીના સમય તુલ્ય છે. ક્ષેત્ર માપની અપેક્ષા લોક જેટલા અનંત લોક હોય તેના જેટલા આકાશપ્રદેશ હોય તેટલા સમય સમજવા. તેમજ દ્રવ્ય માપની અપેક્ષા આ ઔદારિક મુક્કેલગ શરીર અભવીની સંખ્યાથી અનંતગણા અને સિદ્ધની સંખ્યાના અનંતમાં ભાગ જેટલા હોય છે.

**વૈક્રિય બદ્ધમુક્ત શરીર :– ૧.** વૈક્રિય, બદ્ધેલક શરીર સંખ્યાથી અસંખ્ય, કાળથી અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણીના સમય જેટલા; ક્ષેત્રથી ૧૪ રાજુ લાંબો અને અહિં તહિં વિભિન્ન પ્રમાણમાં પહોળો આ લોક છે. એને અગર કલ્પનાથી ઘન બનાવવામાં આવે, ઠોસ એક પિંડ બનાવી દેવાય તો સાત રાજુ લાંબો પહોળો જાડો ઘન પિંડ બની જાય છે. જેનો એક પ્રતર પણ સાત રાજુનો લાંબો પહોળો અને એક પ્રદેશી જાડો થાય છે. તે પ્રતરની એક શ્રેણી સાત રાજુની લાંબી, એક પ્રદેશ પહોળી અને એક પ્રદેશ જાડી હોય છે. એક પ્રતરમાં આવી અસંખ્ય શ્રેણીઓ હોય છે અને તે ઘનમાં એવા અસંખ્ય પ્રતર હોય છે. એ સાત રાજુ પ્રમાણ એક શ્રેણીમાં અસંખ્ય આકાશ પ્રદેશ હોય છે. તે પણ અસંખ્ય ઉત્સર્પિણી, અવસર્પિણીના સમય સમાન હોય છે. વૈક્રિય શરીરના બદ્ધેલક એવી અસંખ્ય શ્રેણીઓના પ્રદેશ તુલ્ય હોય છે. તે અસંખ્ય શ્રેણીઓ તે પ્રતરની શ્રેણીઓના અસંખ્યાતમા ભાગ જેટલી સમજવી જોઈએ. અર્થાત્ સૂચિ(એક પ્રદેશી) પ્રતરના અસંખ્યાતમા ભાગની અસંખ્ય શ્રેણીઓના આકાશપ્રદેશ જેટલા વૈક્રિય શરીરના બદ્ધેલક હોય છે.

**૨.** મુકકેલગ શરીર સંખ્યાથી અનંત છે, જેનું સ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળના કથનની અપેક્ષા ઔદારિકના મુક્કેલગની સમાન છે. અર્થાત્ અનંતનું કથન સર્વે અપેક્ષાઓમાં સમાન હોવા છતાં પણ આ અનંત અનંતમાં પરસ્પર અંતર હોઈ શકે છે. અતઃ ઔદારિકના મુકકેલગથી આ વૈક્રિયના મુક્કેલગ ઓછા હોય છે.

**આહારક બદ્ધ મુક્ત શરીર :– ૧.** ઉપર બતાવેલ છે તેમ લબ્ધિધારી મુનિરાજને જ આ શરીર હોય છે. તેથી આહારકના બદ્ધશરીર ક્યારેક હોય છે, ક્યારેક હોતા





નથી. જ્યારે હોય છે તો જઘન્ય ૧-૨-૩, ઉત્કૃષ્ટ અનેક હજાર હોઈ શકે છે. એટલે કે એકી સાથે ૫ ભરત, ૫ ઐરવત, ૫ મહાવિદેહમાં આહારક શરીર બનાવનારા મુનિરાજો ઉત્કૃષ્ટ ૫-૧૦ હજાર પણ હોઈ શકે છે.

**૨.** મુક્કેલગ અનંત હોય છે. ક્ષેત્રકાળ આદિની કથન પદ્ધતિ ઔદારિકની સમાન છે તો પણ ઔદારિકથી ઘણા ઓછા હોય છે.

**તૈજસ કાર્મણના બદ્ધમુક્ત શરીર :–** તૈજસ કાર્મણ શરીર હંમેશાં સાથે જ રહે છે અને આત્માના મોક્ષ જવા વખતે આ બંને સાથે જ છૂટે છે. **૧.** એના બદ્ધેલક અનંત છે. ક્ષેત્ર આદિના કથન ઔદારિક મુક્કેલગની સમાન છે. દ્રવ્ય માપની અપેક્ષાએ સર્વ સંસારી જીવોની સમાન છે, સિદ્ધોથી અનંતગણા છે અને સર્વ જીવોના અનંતમા ભાગ(સિદ્ધો જેટલા) ન્યૂન છે. **૨.** એના મુકકેલગ પણ અનંત છે. અનંતના ક્ષેત્ર, કાળના માપ તેના જ બદ્ધેલકની સમાન છે. દ્રવ્ય માપની અપેક્ષા સર્વ જીવોની સંખ્યાથી અનંતગણા છે અને સર્વ જીવોની સંખ્યાનો વર્ગ કરવામાં આવે તો એ વર્ગ રાશિથી અનંતમાં ભાગ જેટલા તૈજસ-કાર્મણના મુકકેલગ શરીર છે.

**પ્રશ્ન–૩ : ૨૪ દંડકમાંથી પ્રત્યેક દંડકમાં શરીરની સંખ્યા શું છે ?**

**ઉત્તર– નારકી**–ઔદારિક શરીરના બદ્ધેલક હોય નહીં, મુક્કેલગ પૂર્વ ભવની અપેક્ષાએ અનંત ઔદારિકના મુક્કેલગ છે સમુચ્ચય જીવની જેમ. વૈક્રિય શરીરના બદ્ધેલક અસંખ્યાત છે અર્થાત્ ઘનીકૃત લોકપ્રતરના અસંખ્યાતમા ભાગની, અસંખ્ય શ્રેણીઓના પ્રદેશ જેટલા. આ શ્રેણીઓના માપ આ રીતે છે– એક આંગળની શ્રેણીના ક્ષેત્રમાં જેટલા આકાશપ્રદેશ હોય છે તેનું પ્રથમ વર્ગમૂળ જે થાય તેને તેના બીજા વર્ગમૂળ સાથે ગુણાકાર કરવાથી જે ગુણનફળ આવે તેટલી (અસંખ્ય) શ્રેણીઓ સમજવી. અહીં કલ્પિત સંખ્યા લઈને આ રીતે સમજાવી શકાય કે–માની લેવામાં આવે કે એક આંગળ ક્ષેત્રમાં ૨૫૬ શ્રેણીઓ છે. તેનું પ્રથમ વર્ગમૂળ ૧૬ થાય, બીજું વર્ગમૂળ ૪ થાય. હવે પ્રથમ વર્ગમૂળને બીજા વર્ગમૂળ સાથે ગુણવાથી ૧૬×૪=૬૪ ગુણનફળ આવે છે. આવા અસંખ્ય ગુણનફળ આવે.

વૈક્રિય મુકકેલગ, ઔદારિકના મુક્કેલગ સમાન છે. આહારક શરીરના બદ્ધેલક, મુક્કેલગ તેના ઔદારિક સમાન છે. તૈજસ કાર્મણના બદ્ધેલક મુક્કેલગ વૈક્રિય સમાન છે.

**ભવનપતિ દેવતા**–ઔદારિક અને આહારક શરીર નારકીના સમાન છે. વૈક્રિય શરીરના બદ્ધેલક નારકી સમાન છે પરંતુ શ્રેણીઓનું માપ પ્રથમ વર્ગમૂળના સંખ્યાતમા ભાગનું સમજવું. જેમકે ૨૫૬નું પ્રથમ વર્ગમૂળ ૧૬ છે તેનો સંખ્યાતમો ભાગ

૫–૬ આદિ છે. તેની સમાન અસંખ્યશ્રેણી છે અર્થાત્ નારકીથી અસુરકુમાર ૬૪/૫ એટલા ઓછા છે. મુક્કેલગ નારકીની સમાન. તૈજસ કાર્મણના બદ્ધેલક મુક્કેલગ વૈક્રિયની સમાન છે.

**પાંચ સ્થાવર :–** પાંચે સ્થાવરના ઔદારિક શરીરના બદ્ધેલક મુક્કેલગ સમુચ્ચય ઔદારિક શરીરની સમાન છે. ઔદારિકની સમાન જ તૈજસ કાર્મણ શરીરના બદ્ધેલક મુક્કેલગ શરીર છે. વૈક્રિય અને આહારકના બદ્ધેલક હોતા નથી. મુક્કેલગ એના ઔદારિકના મુકકેલગની સમાન છે.

વાયુકાયના વૈક્રિયના બદ્ધેલક ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય જેટલા અસંખ્ય હોય છે. મુક્કેલગ સમુચ્ચય વૈક્રિયની સમાન છે.

વનસ્પતિકાયના તૈજસ કાર્મણ શરીરના બદ્ધેલક સમુચ્ચય કાર્મણ શરીરની સમાન અનંત છે અને મુક્કેલગ પણ અનંત છે.

**ત્રણ વિકલેન્દ્રિય :–** ઔદારિકના બદ્ધેલક અસંખ્ય છે. ઘનીકૃત લોક પ્રતરના અસંખ્યાતમા ભાગની અસંખ્ય શ્રેણીના પ્રદેશ જેટલા છે. અસંખ્ય શ્રેણીનું માપ– (૧) અસંખ્યાત ક્રોડાક્રોડ યોજનમાં જેટલી શ્રેણીઓ હોય તેટલી શ્રેણીઓના પ્રદેશ તુલ્ય બેઈન્દ્રિય છે. (૨) એક શ્રેણી(એક પ્રદેશી)માં જેટલા આકાશપ્રદેશ છે, તેના વર્ગમૂળનું વર્ગમૂળ કાઢતા જઈએ તો અસંખ્ય વાર વર્ગમૂળ નીકળશે. તે સર્વ વર્ગમૂળની સંખ્યાનો જે યોગ આવે તેટલી શ્રેણીઓ સમજવી (૩) આંગળના અસંખ્યાતમા ભાગ જેટલા લાંબા પહોળા ક્ષેત્રમાં એક એક બેઈન્દ્રિયને રાખવામાં આવે તો સાત રાજુ લાંબો પહોળો પ્રતર ભરાઈ જાય છે.

વિકલેન્દ્રિયના તૈજસ અને કાર્મણ શરીર તેમના ઔદારિકની સમાન છે. વૈક્રિય અને આહારક શરીરના બદ્ધેલક હોતા નથી. મુક્કેલગ સમુચ્ચય ઔદારિકની સમાન છે.

**તિર્યંચ પંચેન્દ્રિય :–** વિકલેન્દ્રિયની સમાન જ તિર્યંચ પંચેન્દ્રિયના બદ્ધેલક છે. મુક્કેલગ પણ પૂર્વની જેમ છે. આહારક શરીર નથી. તૈજસ કાર્મણના બદ્ધેલક મુક્કેલગ એના ઔદારિકની સમાન છે.

એક આંગળ શ્રેણીના પ્રદેશોના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગની શ્રેણીઓના જેટલા આકાશપ્રદેશ હોય એટલા વૈક્રિય શરીરના બદ્ધેલક હોય છે, મુક્કેલગ સમુચ્ચયની સમાન છે.

**મનુષ્ય :–** ઔદારિક શરીરના બદ્ધેલક ક્યારેક સંખ્યાતા હોય છે, ક્યારેક અસંખ્ય હોય છે. સંખ્યાતાનું માપ નીચે પ્રમાણે છે.





(૧) ૨૯ અંક–સંખ્યાતા ક્રોડાક્રોડ અર્થાત્, (૨) ત્રણ યમલ પદથી ઉપર, ચાર યમલ પદથી નીચે, (૩) છટ્ઠા વર્ગને પાંચમા વર્ગથી ગુણવાથી પછી જે રાશિ આવે તે (૪) બેને બે વડે ૯૬ વાર ગુણવાથી જે સંખ્યા આવે, અથવા જે રાશિને ૯૬ વખત બેથી ભાગાકાર કરી શકાય તે રાશિ. આ રાશિ સંજ્ઞી મનુષ્યની અપેક્ષા ઉત્કૃષ્ટ રાશિ છે. જઘન્ય–મધ્યમમાં એનાથી કંઈક ઓછા મનુષ્ય હોય છે.

અસંજ્ઞી મનુષ્યોની અપેક્ષા અસંખ્યાતા બદ્ધેલક હોય છે. જેનું માપ આ પ્રમાણે છે– અંગુલ જેટલા શ્રેણી ક્ષેત્રમાં જેટલા આકાશપ્રદેશ હોય તેના પહેલા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળથી ગુણતાં જે અસંખ્ય રાશિ આવે તેટલી લંબાઈ પહોળાઈના ક્ષેત્રમાં એક અસંજ્ઞી મનુષ્યને રાખવામાં આવે તો એક પ્રદેશી ૭ રાજુની લાંબી શ્રેણી સંપૂર્ણ ભરાઈ જાય, તેટલી રાશિમાં એક ઓછા કરીને જે શેષ રાશિ રહે તેટલા અસંખ્યાત અસંજ્ઞી મનુષ્ય ઉત્કૃષ્ટ હોઈ શકે છે. અર્થાત્ એક પ્રદેશી શ્રેણીના અસંખ્યાતમાં ભાગના પ્રદેશ જેટલા હોય છે. જઘન્ય તો એક, બે, ત્રણ પણ હોઈ શકે છે અને પૂર્ણતયા વિરહ પણ પડી શકે છે.

**યમલ પદ અને વર્ગનું સ્પષ્ટીકરણ :–** બેને બે ગુણ્યા કરીએ તો પ્રથમ વર્ગ ૪ થાય છે. ચાર ને ચાર ગણા કરવાથી દ્વિતીય વર્ગ ૧૬ થાય છે. એ રીતે ત્રીજો વર્ગ ૨૫૬ અને ચોથો વર્ગ ૬૫૫૩૬ છે. પાંચમો વર્ગ ૪૨૯૪૯૬૭૨૯૬ અને **છટ્ઠો વર્ગ** ૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૯૧૬૧૬ છે. બે વર્ગનો એક યમલ થાય છે. જેથી આ છ વર્ગોના ત્રણ યમલ પદ થયા. અર્થાત્ છટ્ઠા વર્ગની સંખ્યા **ત્રીજું યમલ પદ** છે. તે સંખ્યાથી ઉપર અને ચોથા યમલ પદની સંખ્યાથી નીચે મનુષ્યોની સંખ્યા છે. જે પાંચમા વર્ગ અને છટ્ઠા વર્ગને પરસ્પર ગુણવાથી પ્રાપ્ત થાય છે. તે રાશિ ૨૯ અંકોમાં આ પ્રકારે છે–૭૯૨૨૮૧૬૨૫૧૪૨૬૪૩૩૭૫૯૩૫૪૩૯૫
૦૩૩૬. આ રાશિમાં ૯૬ વાર બે ના ભાગ કર્યા બાદ અંતમાં એક પ્રાપ્ત થશે એથી એને **૯૬ છેદનક દાઈ રાશિ** કહે છે.

મનુષ્યમાં વૈક્રિય શરીરના બદ્ધેલક સંખ્યાતા છે અને મુક્કેલગ ઔદારિકના મુક્કેલગની સમાન છે. આહારક શરીરના બદ્ધેલક મુક્કેલગ શરીર સમુચ્ચય આહારકની સમાન છે. તૈજસ કાર્મણના બદ્ધેલક મુક્કેલગ એના ઔદારિક શરીરના બદ્ધ-મુક્તની સમાન હોય છે.

**વ્યંતર દેવ–** ઔદારિક અને આહારકના બદ્ધેલક મુક્કેલગ નારકીની સમાન છે. વૈક્રિય શરીરના બદ્ધેલક, વિકલેન્દ્રિયના ઔદારિક બદ્ધેલક સમાન છે. પરંતુ વિશેષતા એ છે કે અંગુલના અસંખ્યાતમા ભાગમાં એક બે ઈન્દ્રિયને રાખવાનું કહેલ છે

પરંતુ વ્યંતરદેવને સંખ્યાત સો યોજન લાંબા પહોળા ક્ષેત્રમાં એક-એકને રાખવામાં આવે તો સાત રાજુ લાંબો પહોળો પ્રતર ભરાઈ જાય. મુક્કેલગ સમુચ્ચય વૈક્રિય સમાન છે. તૈજસ કાર્મણના બદ્ધેલક મુક્કેલગ શરીર તેના વૈક્રિયની સમાન હોય છે.

**જ્યોતિષી દેવ–** સંપૂર્ણ કથન વ્યંતરની સમાન છે. વિશેષતા એ છે કે ૨૫૬ યોજન લાંબા પહોળા ક્ષેત્ર પ્રતરમાં એક જ્યોતિષી દેવને રાખવામાં આવે તો સાત રાજુનો લાંબો પહોળો પ્રતર પૂર્ણ ભરાઈ જાય છે. એટલા(અસંખ્યાત) જ્યોતિષી દેવના વૈક્રિય શરીરના બદ્ધેલક છે.

**વૈમાનિક દેવ–** વૈક્રિયના અસંખ્યાત બદ્ધેલક છે. તેનું પ્રમાણ આંગળ જેટલા ક્ષેત્રની શ્રેણીમાં જેટલા આકાશપ્રદેશ છે તેના બીજા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળ વડે ગુણવામાં આવે અને જે સંખ્યા આવે તેટલી શ્રેણીના પ્રદેશ સમાન. ત્રીજા વર્ગનો ઘન કરવાથી પણ એ જ શ્રેણી પ્રાપ્ત થાય છે. વૈક્રિયના મુક્કેલગ ઔદારિક સમાન છે, તૈજસ કાર્મણના બદ્ધેલક મુક્કેલગ તેના વૈક્રિય શરીરના બદ્ધેલક મુક્કેલગ સમાન છે. આહારકના બદ્ધેલક મુક્કેલગ નારકી સમાન છે.

આ બધા બદ્ધેલક મુક્કેલગની ઉત્કૃષ્ટ સંખ્યા બતાવેલ છે. મુક્કેલગ શરીર બધા જ દંડકમાં અનંતની અપેક્ષાએ લગભગ સમાન કહેલ છે. છતાં પણ પોત-પોતાના બદ્ધેલકના અનુપાતથી તેમાં અંતર સમજી લેવું જોઈએ.

**પ્રશ્ન–૪ : સંક્ષેપમાં ૨૪ દંડકોના શરીરની સંખ્યા કઈ રીતે સમજી શકાય છે ?**

**ઉત્તર–** શરૂઆતના સામાન્ય સ્વાધ્યાયીઓને સમજવા માટે પ્રશ્ન–૩માં આપેલ સ્પષ્ટીકરણ ધ્યાનથી વાંચી લેવું જોઈએ. સંક્ષેપમાં અથવા તાત્કાલિક કોઈ દંડકની શરીર સંખ્યા જાણવી હોય તો તેને માટે નીચે મુજબનું ટેબલ જોઈ લેવું–

**ચોવીસ દંડકના બદ્ધ–મુક્ત શરીર સંખ્યા :–**

| ક્રમ | જીવ-શરીર-બદ્ધ-મુક્ત | વિશિષ્ટ રાશિ જ્ઞાન |
|---|---|---|
| ૧ | ઔદારિક બદ્ધેલક | અસંખ્ય લોકના પ્રદેશ તુલ્ય. |
| ૨ | ઔદારિક મુક્કેલગ | અનંત લોકના પ્રદેશ તુલ્ય, અભવ્યોથી અનંતગણા, સિદ્ધોથી અનંતમા ભાગે. |
| ૩ | વૈક્રિય બદ્ધેલક | સૂચિ પ્રતરના અસંખ્યાતમા ભાગની અસંખ્ય શ્રેણીઓના પ્રદેશ જેટલા. |
| ૪ | આહારક બદ્ધેલક | જઘન્ય ૧–૨–૩, ઉત્કૃષ્ટ અનેક હજાર |
| ૫ | તૈજસ કાર્મણ બદ્ધેલક | સર્વે સંસારી જીવોની સંખ્યાની સમાન, સિદ્ધોથી અનંતગણા. |





| ક્રમ | જીવ-શરીર-બદ્ધ-મુક્ત | વિશિષ્ટ રાશિ જ્ઞાન |
|---|---|---|
| ૬ | તૈજસ કાર્મણ મુક્કેલગ | સર્વ જીવોના વર્ગના અનંતમા ભાગે, સર્વ જીવોથી અનંતગણા. |
| ૭ | નારકી, વૈક્રિય બદ્ધેલક | અંગુલ પ્રદેશોનું પ્રથમ વર્ગમૂળ × બીજું વર્ગમૂળ = પ્રતરના અસંખ્યાતમા ભાગની અસંખ્ય શ્રેણીઓ, તેના પ્રદેશ જેટલા. |
| ૮ | ભવનપતિ વૈક્રિય બદ્ધેલક | અંગુલ પ્રદેશનું પ્રથમ વર્ગમૂળના સંખ્યાતમા ભાગ જેટલી શ્રેણીઓના પ્રદેશ જેટલા. |
| ૯ | પાંચ સ્થાવર ઔદારિક બદ્ધ | ઔદારિક શરીર સમાન, અસંખ્ય લોકના પ્રદેશ તુલ્ય. |
| ૧૦ | વાયુકાય વૈક્રિય બદ્ધ | ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય તુલ્ય. |
| ૧૧ | વનસ્પતિના કાર્મણ બદ્ધ | સમુચ્ચય કાર્મણની સમાન. |
| ૧૨ | ત્રણ વિકલેન્દ્રિય ઔદારિક બદ્ધ | એક શ્રેણીના સર્વ વર્ગમૂળોના સરવાળા પ્રાપ્ત રાશિ પ્રમાણ અસંખ્યાત શ્રેણીઓના પ્રદેશ તુલ્ય. અંગુલના અસંખ્યાતમાં ભાગની અવગાહનાવાળા બેઈન્દ્રિયોથી એક પ્રતર ભરાઈ જાય તેટલા બદ્ધેલક છે. |
| ૧૩ | તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય બદ્ધ | અંગુલ પ્રથમ વર્ગમૂળનો અસંખ્યાતમો ભાગ |
| ૧૪ | મનુષ્ય ઔદારિક બદ્ધ | (૧) ૨૯ અંક (૨) પાંચમો વર્ગ × છટ્ઠોવર્ગ (૩) $૨^{૯૬}$ (૪) ત્રીજા ચોથા યમલ પદની વચમાં |
| ૧૫ | મનુષ્ય વૈક્રિય બદ્ધ | ૧–૨–૩, ઉત્કૃષ્ટ સંખ્યાતા. |
| ૧૬ | મનુષ્ય આહારક બદ્ધ | ૧–૨–૩, ઉત્કૃષ્ટ અનેક હજાર. |
| ૧૭ | અસંજ્ઞી મનુષ્ય ઔદારિક બદ્ધ | અંગુલ પ્રથમ વર્ગમૂળ ૨ તૃતીય વર્ગમૂળના જે આકાશ–પ્રદેશ હોય છે તેટલી લાંબી-પહોળી અવગાહનાવાળાને ભરવા પર સૂચી શ્રેણી ભરાય અને એમાં એક ઓછું રહે તેટલા છે. |
| ૧૮ | વ્યંતર વૈક્રિય બદ્ધેલક | સંખ્યાત સો યોજન ક્ષેત્રમાં એક એકને રાખવાથી પ્રતર ભરાઈ જાય. |
| ૧૯ | જ્યોતિષી વૈક્રિય બદ્ધેલક | ૨૫૬ યોજન ક્ષેત્રમાં એક એક ને રાખવાથી પ્રતર ભરાઈ જાય. |
| ૨૦ | વૈમાનિક વૈક્રિય બદ્ધેલક | અંગુલ દ્વિતીય વર્ગમૂળ ૨ તૃતીય વર્ગમૂળ પ્રમાણ અસંખ્ય શ્રેણીઓના પ્રદેશ તુલ્ય; ત્રીજા વર્ગના ઘનરૂપ |

**નોંધ :–** વિશેષ સ્પષ્ટીકરણ પહેલાં કરી દીધેલ છે. આ કોષ્ટકમાં સંક્ષિપ્ત સાંકેતિક જાણકારી દીધેલ છે, તેથી કોષ્ટકમાં શંકા થાય તો સ્પષ્ટીકરણમાં જોઈ લેવું.

# પદ–૧૩ : પરિણામ

**પ્રશ્ન–૧ : જીવ પરિણામ કોને કહે છે ? અને તે કેટલા છે ?**

**ઉત્તર–** જીવ પોતાના પુઢષાર્થકૃત કર્મના ફળ સ્વરૂપે ઉદય તેમજ ક્ષયોપશમ રૂપ જે જે અવસ્થાઓ પ્રાપ્ત કરે છે કે ઉપાર્જન કરે છે તે બધી અવસ્થાને જીવના પરિણામ કહે છે. અહીં આ પરિણામ મૂળભૂત રૂપે ૧૦ તેમજ વિભાગથી ૫૦ કહેલ છે, જેમ કે (૧) ગતિ–૪ (૨) ઈન્દ્રિય–૫ (૩) કષાય–૪ (૪) લેશ્યા–૬ (૫) યોગ–૩ (૬) ઉપયોગ–૨ (૭) જ્ઞાન–૫, અજ્ઞાન–૩ (૮) દર્શન–૩ (સમ્યક, મિથ્યા, મિશ્ર) (૯) ચારિત્ર–૫ (૧૦) વેદ–૩(સ્ત્રી, પુઢષ, નપુંસક). આમ કુલ ૪૩ પ્રકાર થયા. જેમાં– (૧) અનિન્દ્રિય (૨) અકષાયી (૩) અલેશી (૪) અયોગી (૫) અચારિત્રી (૬) ચરિત્તાચરિત્ત (૭) અવેદી. આ સાત પ્રકાર મળીને સૂત્રોક્ત પ્રમાણે વિભાજીત ૫૦ પરિણામ હોય છે.

**પ્રશ્ન–૨ : ૨૪ દંડકમાં આ પરિણામ કયા પ્રકારે મળે છે ?**

**ઉત્તર– નારકીમાં ૨૯–** ૧–ગતિ, ૫–ઈન્દ્રિય, ૪–કષાય, ૩–લેશ્યા, ૩–યોગ, ૨–ઉપયોગ, ૩–જ્ઞાન, ૩–અજ્ઞાન, ૩–દર્શન, ૧–અસંયત, ૧–વેદ.

**ભવનપતિ વ્યંતરમાં ૩૧–** ઉપરોક્ત ૨૯માં ૨ વેદ(સ્ત્રી, પુઢષ વેદ) અને ૧ લેશ્યા આમ ત્રણ વધારે હોવાથી ૩૨ અને એક વેદ (નપુંસક) ઓછો હોવાથી ૩૧ થાય. અર્થાત્ નારકીના ૨૯ બોલમાં ૧ વેદ(નપુંસક) છે. જ્યારે અહીં દેવમાં નપુંસક કાઢીને સ્ત્રી અને પુઢષ એમ બે વેદ ઉમેરતા ૩૦ થાય અને તેમાં ૧ લેશ્યા વધુ ઉમેરતા ૩૧ થાય.

**જ્યોતિષી અને બે દેવલોક સુધીમાં ૨૮–** ત્રણ લેશ્યા ઓછી હોવાથી(અહીં લેશ્યા એક જ હોય છે)

**૩ થી ૧૨ દેવલોકમાં ૨૭–** સ્ત્રીવેદ નથી. **નવગ્રૈવેયકમાં–૨૭.**

**પાંચ અનુત્તર વિમાનમાં ૨૨–**મિથ્યાદૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ એમ બે દર્શન અને ત્રણ અજ્ઞાન ઓછા હોવાથી પાચ ઓછા છે.

**ત્રણ સ્થાવરમાં ૧૮–**૧ ગતિ, ૧ ઈન્દ્રિય, ૪ કષાય, ૪ લેશ્યા, ૧ યોગ, ૨ ઉપયોગ, ૨ અજ્ઞાન, ૧ દર્શન, ૧ અસંયત, ૧ વેદ.

**તેઉકાય, વાયુકાયમાં ૧૭–** એક લેશ્યા ઓછી છે.

**ત્રણ વિકલેન્દ્રિયમાં ૨૨, ૨૩, ૨૪–** ૧૭માં ૧ વચનયોગ, ૨ અજ્ઞાન, ૧ દૃષ્ટિ





ઉમેરતા ૨૧ થાય. ફરી તેમાં એક એક ઈન્દ્રિય વધારવાથી ૨૨, ૨૩, ૨૪ થાય.

**તિર્યંચ પંચેન્દ્રિયમાં ૩૫–** ૧ ગતિ, ૫, ઈન્દ્રિય, ૪ કષાય, ૬ લેશ્યા, ૩ યોગ, ૨ ઉપયોગ, ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, ૨ ચારિત્ર(અચરિત્ર, ચારિત્રાચારિત્ર), ૩ વેદ એમ ૩૫ થાય.

**મનુષ્યમાં ૪૭–** કુલ પચાસમાંથી ૩ ગતિ ઓછી થવાથી ૪૭ થાય.

આ પ્રકારે નરક આદિ ૨૪ દંડકોમાં આટલા પરિણામ મળે છે.

**પ્રશ્ન–૩ : અજીવ પરિણામના વિષયમાં અહીં કયા પ્રકારે નિરૂપણ કરવામાં આવેલ છે ?**

**ઉત્તર–** જીવની જેમ અજીવના પરિણામમાં કર્મોનું કારણ હોતું નથી. છતાં પણ વિશ્રસા–સ્વાભાવિક રૂપથી પરિણામો બનતા રહે છે, બદલતા રહે છે અને વિખરાતા રહે છે. અહીં અજીવ રૂપ પુદ્‌ગલના પરિણામ માત્રની વિચારણા કરવામાં આવી છે. કેમ કે બાકીના ધર્માસ્તિકાય આદિ અરૂપી અજીવમાં વિશેષ પરિણામ–પરિવર્તન રૂપ અવસ્થાઓ હોતી નથી. વિવિધ અવસ્થાઓ અને પરિણામ રૂપી દ્રવ્યમાં જ સંભવી શકે છે.

અજીવ પુદ્‌ગલના પરિણમન–પરિણામ ૧૦ પ્રકારે છે– (૧) બંધન (૨) ગતિ(ચલન) (૩) ભેદન (૪) વર્ણ (૫) ગંધ (૬) રસ (૭) સ્પર્શ (૮) સંસ્થાન (૯) અગુઢ–લઘુ (૧૦) શબ્દ.

**(૧) બંધન–** પુદ્‌ગલના બંધનના ૩ પ્રકાર છે. જેમકે–(૧) સ્નિગ્ધ-સ્નિગ્ધ (૨) રૂક્ષ-રૂક્ષ (૩) સ્નિગ્ધ-રૂક્ષ. સ્નિગ્ધ-સ્નિગ્ધમાં સમ–સરખા અને એક અધિકનો બંધ થતો નથી. તેવી જ રીતે રૂક્ષ-રૂક્ષનું સમજવું. સ્નિગ્ધ-રૂક્ષ પુદ્‌ગલોમાં જઘન્યનો (૧ ગુણની સાથે) બંધ થતો નથી. અરસ પરસમાં બે ગુણ અધિક સ્નિગ્ધ-સ્નિગ્ધનો બંધ થાય છે. બે ગુણ અધિક રૂક્ષ-રૂક્ષનો બંધ થાય છે. ૧ ગુણ છોડીને સ્નિગ્ધ કે રૂક્ષનો સમ કે વિષમ કોઈ પણ બંધ થઈ શકે છે.

આ બંધ, પુદ્‌ગલ સ્કંધોના પરમાણુ આદિને જોડવાની અપેક્ષાએ કહેલ છે. તે પરિમાણુ આદિ જોડાઈને એક નવા પુદ્‌ગલ સ્કંધનું નિર્માણ થાય છે.

**(૨) ગતિ–** (ચલન)પુદ્‌ગલોની ગતિ બે પ્રકારે હોય છે– (૧) ફુસમાણ–સ્પર્શ કરતા થકા (૨) અફુસમાણ–વચ્ચેના આકાશ પ્રદેશોનો સ્પર્શ ન કરે અર્થાત્ તેના સ્પર્શનો કોઈ સ્વતંત્ર સમય હોતો નથી. અસંખ્ય સમયમાં જે ગતિ થાય છે તે ફુસમાણ હોય છે. ફુસમાણ ગતિમાં અસંખ્ય સમય લાગે છે અને અફુસમાણ

ગતિ એક–બે આદિ સમયમાં પણ થઈ જાય છે. અથવા દીર્ઘ ગતિ પરિણામ અને હ્રસ્વ–(ઓછી) ગતિ પરિણામ, આ બે ભેદ હોય છે. એનો અર્થ એ છે કે થોડી દૂર સુધી પુદ્‌ગલનું જવું અને અધિક દૂર સુધી જવું.

**(૩) ભેદન–** પુદ્‌ગલોનાં ભેદન પરિણામ પાંચ પ્રકારના હોય છે– (૧) ખંડ (૨) પ્રતર (૩) ચૂર્ણ (૪) અનુતટિકા (૫) ઉત્કારિકા.

**(૪–૮) વર્ણ આદિ** –૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ, ૫ સંસ્થાન=૨૫.

**(૯) અગુઢલઘુ**–કાર્મણ વર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા અને અરૂપી આકાશ આદિ અજીવ દ્રવ્યમાં **અગુઢલઘુ** પરિણામ હોય છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ આદિ દ્રવ્યોમાં **ગુઢ–લઘુ** પરિણામ હોય છે.

**(૧૦) શબ્દ–** મનોજ્ઞ શબ્દ અને અમનોજ્ઞ શબ્દ એમ બે પ્રકારના શબ્દ પરિણામ હોય છે. તે કુલ ૩+૨+૫+૨૫+૧+૨=૩૮(બંધનથી લઈને શબ્દ સુધીના ૧થી૧૦ના) અને એક ગુઢલઘુ=૩૯ પુદ્‌ગલ પરિણામ છે. આમ જીવના ૫૦ અને અજીવના ૩૯ પરિણામની અપેક્ષા વિશેષથી કહેલ છે. અન્ય વિસ્તૃત અપેક્ષાએ તો જીવ, અજીવના અનંત પરિણામ કહી શકાય છે.

# પદ–૧૪ : કષાય

**પ્રશ્ન–૧ : આ પદમાં કષાયોનું સ્વરૂપ કયા કયા પ્રકારે દર્શાવેલ છે ?**

**ઉત્તર–** અહીં ગુણ, ધર્મ, ભેદ, પ્રભેદ, કષાયના નિમિત્ત આદિ અનેક રીતે નિરૂપણ કરીને કષાયોનું સ્વરૂપ બુદ્ધિગમ્ય રીતે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. જેને અહીં છ મુદ્દાઓમાં રજુ કરવામાં આવે છે.

**(૧)** કષાયના ૪ પ્રકાર– ક્રોધ, માન, માયા, લોભ.

**(૨)** ક્રોધાદિ કષાયના ૪ પ્રકાર– (૧) અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ (૨) અપ્રત્યાખ્યાની ક્રોધ આદિ (૩) પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ આદિ (૪) સંજ્વલન ક્રોધ આદિ=૧૬ ભેદ હોય છે.

**(૩)** આ ૧૬ ના ચાર-ચાર ભેદ– (૧) આભોગથી (૨) અનાભોગથી (૩) ઉપશાંત અને (૪) અનુપશાંત. આમ ૧૬×૪=૬૪ ભેદ થાય.

**(૪)** ક્રોધ આદિ કષાયોની ઉત્પતિના ૪ નિમિત્ત– (૧) ક્ષેત્ર (૨) મકાન (૩) શરીર (૪) ઉપકરણ. આમ ૪ નિમિત્ત દરેકના ૬૪×૪=૨૫૬ ભેદ થાય.





**(૫)** આ કષાયોના આધાર ચાર ગણાવેલ છે– (૧) પોતા ઉપર (૨) બીજા ઉપર (૩) બન્ને ઉપર (૪) કોઈ ઉપર નહીં પરંતુ સ્વાભાવિક પ્રકૃતિના ઉદયમાત્રથી કષાય થઈ જાય.૨૫૬×૪=૧૦૨૪ પ્રકાર થાય છે. હવે સમુચ્ચય જીવ અને ૨૪ દંડક આમ ૨૫, તે દરેકના એકવચન અને બહુવચન એમ ૨ ગણતા ૫૦ થાય અને ૧૦૨૪×૫૦=૫૧૨૦૦ ભાંગા થાય છે.

**(૬)** આ ચાર એટલે કે ૧૦૨૪ પ્રકારના કષાયના કારણે જીવ ભૂતકાળમાં ૮ કર્મોનો ચય(સંગ્રહ) કરેલ છે. વર્તમાનમાં કરી રહ્યો છે અને ભવિષ્યમાં પણ આ ૪ કષાયના કારણે ૮ કર્મોનો સંગ્રહ–ચય કરતો રહેશે. કષાયોથી બંધાયેલા કર્મોને ઉદયમાં આવવું પણ જરૂરી છે. તેથી વેદન, ઉદીરણા, નિર્જરા પણ ત્રણ કાળની અપેક્ષાએ કરી છે, કરે છે અને કરતો રહેશે. આ રીતે **આઠ કર્મ, ત્રણ કાળ,** ચય આદિ છ (ચય, ઉપચય, બંધ, વેદન, ઉદીરણા, નિર્જરા) ગણતા ૮×૩×૬= ૧૪૪ વિકલ્પ થાય છે. તેને ઉપરોક્ત ૫૧૨૦૦ ભાંગા સાથે ગુણતા ૭૩,૭૨,૮૦૦ (તોંતેર લાખ, બોંતેર હજાર, આઠસો) વિકલ્પ કષાય સંબંધી પૃચ્છાઓમાં થાય છે. બીજી રીતે જો માત્ર ચાર કષાય ને ચય આદિ ભાંગા કરવામાં આવે તો ૧૪૪×૪ કષાય×૨૫(૧ જીવ+૨૪ દંડક)×૨(એકવચન, બહુવચન)= ૨૮,૮૦૦. આ ચય આદિના સ્વતંત્ર વિકલ્પ થાય છે.

ક્રોધાદિની ઉત્પત્તિનાં દ્રવ્ય નિમિત્ત–ક્ષેત્ર આદિ ચાર કહેલ છે. આમ છતાં નિંદા, પ્રસંશા, ઈર્ષા, સદ્‌વ્યવહાર, અસદ્‌વ્યવહાર આદિ ભાવ કારણોથી પણ ક્રોધાદિની ઉત્પત્તિ સમજી લેવી જોઈએ.

**પ્રશ્ન–૨ : અનંતાનુબંધી આદિ ચાર કષાયનું સ્વરૂપ શું છે ?**

**ઉત્તર– (૧) અનંતાનુબંધી–** જે કષાય સમકિતની ઘાત કરે, જે કષાયનો અંત–સીમા ન હોય, જે કષાયને સમાપ્ત કરવાનું કોઈ લક્ષ્ય કે મર્યાદા ન હોય તેને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ કહેવામાં આવે છે. અનંત સંસાર વધારનાર, મિથ્યાત્વ મોહને પ્રાપ્ત કરાવનાર કષાય અનંતાનુબંધી કષાય છે.

**(૨) અપ્રત્યાખ્યાની–** આ કષાય પ્રત્યાખ્યાનવૃત્તિનો સંપૂર્ણ નાશ કરે છે. જેના ઉદયથી ત્યાગ કે પ્રત્યાખ્યાન કરવાની રૂચિ ઉત્પન્ન થતી નથી. પૂર્વે જો રૂચિ હોય તો તેને નષ્ટ કરી નાખે છે. આ કષાયનો સિલસિલો અંતરહિત હોતો નથી(અંત આવી શકે છે.) ગુઢની નિશ્રા અથવા કોઈ નિમિત્ત મેળવીને સ્વતઃ કાળક્રમે સંવત્સરની(એક વર્ષની)અંદર જ આ શિલશિલો પરિવર્તિત થઈ જાય છે.

**(૩) પ્રત્યાખ્યાનાવરણીય–** જે કષાય સંયમ ભાવમાં બાધક નિવડે કે નાશ

કરનાર બને અર્થાત્ સંયમના ભાવને નવા રૂપથી જામવા ન દે અને જૂના સંયમ ભાવને નષ્ટ કરી નાખે એ આ પ્રત્યાખ્યાનાવરણીય કષાય છે. કોઈક વ્રત, પ્રત્યાખ્યાન કે શ્રાવકવૃતિમાં બાધક ન પણ બને. આ કષાયનો શિલશિલો ૫–૧૦ દિવસ ઉત્કૃષ્ટ ૧૫ દિવસથી વધારે ચાલતો નથી.

**(૪) સંજ્વલન–** ક્ષણભરને માટે એવા કોઈ પ્રસંગો કે પરિસ્થિતિને કારણ કષાય ઉત્પન્ન થાય છે અને તરત જ જ્ઞાન,વૈરાગ્ય, વિવેક અથવા સહજ સ્વભાવથી આપોઆપ નષ્ટ થઈ જાય છે. આ કષાય અપ્રમત્ત અવસ્થા કે વીતરાગ અવસ્થા પ્રાપ્ત કરવામાં બાધક બને છે. આ કષાયથી સંયમોનો સર્વથા નાશ થતો નથી પરંતુ સંયમને થોડી હાનિ તો કરે જ છે. આથી આ કષાય સંજ્વલન કષાય, ચારિત્રને, કષાય કુશીલ સંજ્ઞા દેવડાવે છે. આ કષાયનો શિલશિલો જલ્દીથી જલ્દી પૂરો થઈ જાય છે, નષ્ટ થઈ જાય છે. ઉત્કૃષ્ટ એક દિવસથી વધારે આગળ જઈ શકતો નથી.

સંજ્વલન કષાયનો સ્વભાવ પાણીમાં દોરેલી લીટી જેવો છે જે તુરત જ (મિનીટો કે કલાકોમાં) મટી જાય છે. પ્રત્યાખ્યાનાવરણીય કષાયનો સ્વભાવ રેતીમાં લીટી સમાન છે જે થોડા સમય પછી(દિવસો) પછી મટે છે. અપ્રત્યાખ્યાની કષાયનો સ્વભાવ પાણી વગરના સુકાઈ ગયેલ તળાવની જમીનમાં પડેલી તિરાડ સમાન છે. જે મહિનાઓ પછી મટે છે. અનંતાનુબંધી કષાયનો સ્વભાવ પથ્થર કે ખડકોમાં પડેલી તિરાડ સમાન છે જેને દૂર થવાનો કોઈ સમય જ હોતો નથી.

આ બધા પ્રકારના કષાય, ભેદ, પ્રભેદ, ૨૪ દંડકમાં સૂક્ષ્મ, બાદર, કોઈને કોઈ રૂપે અસ્તિત્વમાં હોય છે. આથી સૂત્રોમાં બધા દંડકોમાં તેની વક્તવ્યતા કહી છે.

**પ્રશ્ન–૩ : આ પદમાં આવેલ ચય, આભોગ આદિ શબ્દોનો સરળ અર્થ શું છે ?**

**ઉત્તર– ચય**–કર્મ યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરનારા. **ઉપચય**– અબાધાકાળ છોડીને કર્મ પુદ્ગલોની વ્યવસ્થિત રચના કરવી. **બંધ**– નિષિક્ત(ઉપચય થયેલા) જ્ઞાનાવરણીય આદિ કર્મોની નિકાચના કરવી– કર્મ બાંધવા. **ઉદીરણા**– કર્મોને ઉદય અવલિકામાં લાવવા. **ઉદય(વેદન)**–કર્મનું ફળ પ્રાપ્ત કરવું, ભોગવવું, અલગ કરવા–કર્મ ખપાવવા.

**આભોગ**– જાણી કરીને ક્રોધ આદિ કષાય કરવા. **અનાભોગ**–અજાણતા કષાય કરવા. **ઉપશાંત**– વચન, કાયામાં બહારથી અપ્રગટ રૂપે ક્રોધાદિ એટલે કષાયો બહારથી શાંત થવા. **અનુપશાંત**– વચન, કાયમાં પ્રગટ રૂપે દેખાતા ક્રોધાદિ.



# પદ–૧૫ : ઇન્દ્રિય

**પ્રશ્ન–૧ : ઈન્દ્રિયોનું સ્વરૂપ કયા કયા પ્રકારે સ્પષ્ટ કરી શકાય ?**

**ઉત્તર–** સંસારના પ્રાણીઓમાં જ્યાં શરીર હોય છે ત્યાં તેના શરીરમાં રહેલા આત્માને, વ્યવહારિક જ્ઞાનના સાધન રૂપ ઈન્દ્રિયો હોય છે. જે એકેન્દ્રિય જીવોને એક, બેઈન્દ્રિય જીવોને બે, એમ પંચેન્દ્રિય જીવોને પાંચ ઈન્દ્રિયો હોય છે. આ અંગેની ખુલાસાવાર વિગત જીવાભિગમ પ્રતિપતિ–૧માં આપેલ છે. અહીં ઈન્દ્રિયો સંબંધી પૌદગલિક પરિચય–સ્વરૂપ દર્શાવેલ છે, તે આ પ્રમાણે છે–

**(૧) સંસ્થાન–** (૧) શ્રોતેન્દ્રિયનું કદંબ પુષ્પ (૨) ચક્ષુન્દ્રિયનું મસુરની દાળ (૩) ઘ્રાણેન્દ્રિયનું અતિમુક્ત(ધમણ) (૪) રસેન્દ્રિયનું ક્ષુરપ્ર–ખુરપા. (૫) સ્પર્શેન્દ્રિયનું જુદુ જુદુ સંસ્થાન શરીર પ્રમાણે હોય છે.

**(૨) લંબાઈ–પહોળાઈ–** જિહ્વેન્દ્રિય(જીભ)ની લંબાઈ ઉત્કૃષ્ટ અનેક આંગળની અને સ્પર્શેન્દ્રિયની લંબાઈ શરીર પ્રમાણ હોય છે. બાકીની બધી ઈન્દ્રિયોની લંબાઈ પહોળાઈ આંગળના અસંખ્યાતમા ભાગની હોય છે.

**(૩) પ્રદેશ–** પાંચે ય ઈન્દ્રિયો અનંતપ્રદેશી હોય છે અને અસંખ્ય આકાશપ્રદેશ ઉપર રહે છે.

**(૪) અલ્પબહુત્વ–** સૌથી નાની અવગાહના ચક્ષુન્દ્રિયની છે. શ્રોતેન્દ્રિય તેનાથી સંખ્યાતગણી, ઘ્રાણેન્દ્રિયની તેનાથી સંખ્યાતગણી, રસેન્દ્રિયની અસંખ્યાતગણી અને સ્પર્શેન્દ્રિયની તેનાથી સંખ્યાતગણી હોય છે. આ જ ક્રમથી પ્રદેશ પણ અલ્પાધિક છે.

**(૫) ચાર સ્પર્શ–** તેના બે વિભાગ છે–કર્કશ અને ભારી(ગુઢ), મૃદુ અને હલ્કો (લઘુ). આ એક ગુણ કર્કશથી અનંતગણા કર્કશ આદિ પાંચે ઈન્દ્રિયોમાં હોય છે. શીત આદિ ચાર સ્પર્શોની અહીં વિચારણા શાસ્ત્રમાં કરી નથી. કારણ કે અષ્ટ-સ્પર્શી પુદ્ગલમાં કર્કશાદિની મુખ્યતા હોય છે.

**અલ્પબહુત્વ–** ચક્ષુઈન્દ્રિયમાં કર્કશ–ગુઢ સૌથી ઓછા છે. તે પછી ક્રમથી શ્રોતેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, સ્પર્શેન્દ્રિયમાં અનંતગણા છે. સ્પર્શેન્દ્રિયમાં મૃદુ-લઘુ સૌથી ઓછા છે. તે પછી ઉલટા ક્રમથી બાકીની ઈન્દ્રિયોમાં અનંતગણા છે. સ્પર્શેન્દ્રિયમાં કર્કશ ગુઢથી મૃદુલઘુ અનંતગણા હોય છે. ચક્ષુ ઈન્દ્રિયમાં મૃદુ લઘુ સૌથી વધુ અનંતગણા છે.

ઉપરોક્ત વર્ણન ૨૪ દંડક માટે પણ સમજી લેવું. વિશેષતા એ છે કે– (૧) જેને જેટલી ઇંન્દ્રિય છે તેટલી સમજવી (૨) શરીરની અવગાહના અને સંસ્થાન જે હોય તે સ્પર્શેન્દ્રિયની અવગાહના અને સંસ્થાન સમજવા.

**સ્પૃષ્ટ પ્રવિષ્ટ–** ચક્ષુન્દ્રિય પોતાના વિષયના પદાર્થોને દૂર હોય તોપણ વિષયભૂત બનાવીને તેનું જ્ઞાન(જાણ)કરી લે છે. અર્થાત્ આ પદાર્થોનો ચક્ષુઇન્દ્રિયમાં પ્રવેશ કે સ્પર્શ થતો નથી. જ્યારે બાકીની ઇંન્દ્રિયો પોતાના વિષયભૂત પદાર્થોનો સ્પર્શ કરે છે અને ગ્રહણ(પ્રવેશ) પણ કરે છે ત્યારે તેનું જ્ઞાન થાય છે.

**વિષયક્ષેત્ર–** જઘન્ય વિષય ચક્ષુન્દ્રિયનો આંગળનો સંખ્યાતમા ભાગનો છે. બાકીની ચાર ઇંન્દ્રિયોનો આંગળના અસંખ્યાતમા ભાગનો છે. ઉત્કૃષ્ટ આ પમાણે છે–

## પાંચ ઇંન્દ્રિયોના ઉત્કૃષ્ટ વિષય :–

| જીવ | શ્રોત્રેન્દ્રિય | ચક્ષુઈન્દ્રિય | ઘ્રાણેન્દ્રિય | રસનેન્દ્રિય | સ્પર્શેન્દ્રિય |
|---|---|---|---|---|---|
| એકેન્દ્રિય | – | – | – | – | ૪૦૦ ધનુષ |
| બેઇન્દ્રિય | – | – | – | ૬૪ ધનુષ | ૮૦૦ ધનુષ |
| તેઇન્દ્રિય | – | – | ૧૦૦ ધનુષ | ૧૨૮ ધનુષ | ૧૬૦૦ ધનુષ |
| ચૌરેન્દ્રિય | – | ૨૯૫૪ યોજન | ૨૦૦ ધનુષ | ૨૫૬ ધનુષ | ૩૨૦૦ ધનુષ |
| અસંજ્ઞી પંચે૦ | ૧ યોજન | ૫૯૦૮ યોજન | ૪૦૦ ધનુષ | ૫૧૨ ધનુષ | ૬૪૦૦ ધનુષ |
| સંજ્ઞી પંચે૦ | ૧૨ યોજન | ૧લાખ યો૦સા૦ | ૯ યોજન | ૯ યોજન | ૯ યોજન |
| ઔઘિક જીવ | ૧૨ યોજન | ૧લાખ યો૦સા૦ | ૯ યોજન | ૯ યોજન | ૯ યોજન |

[**સંક્ષિપ્તાક્ષર સૂચિ :** પંચે૦ = પંચેન્દ્રિય, યો૦ સા૦ = યોજન સાધિક.]

આ ઇંન્દ્રિયના વિષય ઉત્સેધાંગુલથી કહેવામાં આવેલ છે. જઘન્ય વિષય આત્માંગુલથી સમજવું જોઇએ.

**પ્રશ્ન–૨ : બીજા કયા–કયા છુટક વિષયોનું નિરૂપણ અહીં આ પદમાં કરેલ છે ?**

**ઉત્તર–** ઇંન્દ્રિયો સાથે સીધો સંબંધ ન રાખવાવાળા પરંતુ ઇંન્દ્રિય સાપેક્ષ તત્ત્વોનું પણ નિરૂપણ અહીં પ્રથમ ઉદ્દેશકમાં આ પ્રકારે છે–

**નિર્જરા પુદ્ગલ–** મુક્ત થવાવાળા આત્માના અંતિમ નિર્જરા પુદ્ગલ સર્વલોકમાં વ્યાપ્ત હોય છે પરંતુ તેને ઇંન્દ્રિયો ગ્રહણ કરી શકતી નથી અને જાણી દેખી શકતી નથી. તે પછી દેવ હોય કે મનુષ્ય, કારણ કે નિર્જરા પુદ્ગલ અતિ સૂક્ષ્મ હોય છે. વિશિષ્ટ અવધિજ્ઞાની કે કેવળજ્ઞાની જ તેને જોઇ–જાણી શકે છે. તથા આ પુદ્ગલ





અમુક-અમુકના છે, આવી ભિન્નતાથી અને અમુક વર્ણાદિવાળા છે. આવા નાના ભેદોને, ક્ષીણત્વ, તુચ્છત્વ(નિઃસારત્વ)હલ્કા ભારી આદિથી જાણી દેખી શકે છે.

નારકીઓ આ પુદ્ગલને જાણી દેખી શકતા નથી પરંતુ ગ્રહણ કરીને આહારના રૂપમાં પરિણમન કરી શકે છે. સમ્યકદૃષ્ટિ વૈમાનિક દેવ પર્યાપ્ત ઉપયોગવંત હોય તો જાણે, દેખે અને આહારના રૂપમાં ગ્રહણ કરે. બીજા કોઈ જાણે નહીં, દેખે નહીં પરંતુ આહારના રૂપમાં ગ્રહણ કરી પરિણમન કરે છે. આ રીતે મનુષ્ય પણ જો વિશિષ્ટ જ્ઞાની તેમજ ઉપયોગવંત હોય તો તે જાણે, દેખે અને આહરે. બીજા કોઈ મનુષ્ય જાણે નહીં, દેખે નહીં પણ આહાર રૂપમાં ગ્રહણ કરી પરિણમન કરે છે. કેવળજ્ઞાની મનુષ્ય હંમેશાં જાણે દેખે પરંતુ આહાર રૂપમાં ક્યારેક પરિણમન કરે છે અને જ્યારે અણાહારક હોય ત્યારે કરતા નથી. સિદ્ધ ભગવાન જાણે–દેખે છે. તાત્પર્ય એ છે કે ઇંન્દ્રિયોને માટે આ પુદ્ગલ અવિષયભૂત છે પરંતુ વિશિષ્ટ જ્ઞાન ગોચર છે અને ઇંન્દ્રિયો માટે અગોચર છે.

**પ્રતિબિંબ–** દર્પણ, મણિ આદિમાં જોવાવાળા દર્પણ આદિને જુએ છે. પ્રતિબિંબને જુએ છે પરંતુ પોતાને જોતા નથી.

**અવગાહન–**ફેલાયેલું વસ્ત્ર જેટલા આકાશપ્રદેશને અવગાહન કરે છે, સમેટીને (સંકેલીને) રાખી દેવાથી તેટલા જ આકાશપ્રદેશ અવગાહન કરશે. સ્થૂલ દષ્ટિથી ઓછું કે વધારે ક્ષેત્ર અવગાહન કરે છે તેવો આભાસ થાય છે.

**સ્પર્શ–** લોક થિગ્ગલ(થિગડું)– લોકાલોક રૂપી વસ્ત્રમાં લોક, થિગ્ગલના રૂપમાં છે. આ લોક થિગ્ગલ– (૧) ધર્માસ્તિકાય (૨) ધર્માસ્તિકાયના પ્રદેશ (૩) અધર્માસ્તિ-કાય (૪) અધર્માસ્તિકાયના પ્રદેશ (૫) આકાશાસ્તિકાયના દેશ (૬) આકાશાસ્તિ-કાયના પ્રદેશ (૭) પુદ્ગલાસ્તિકાય (૮) જીવાસ્તિકાય (૯–૧૩) પૃથ્વીકાય આદિ પાંચથી સ્પૃષ્ટ(સ્પર્શેલ) છે. (૧૪–૧૫) ત્રસકાય અને અધ્ધસમયથી સ્પૃષ્ટ પણ છે અને અસ્પૃષ્ટ પણ છે. (ક્યાંક લોકમાં ત્રસ તેમજ કાળ છે, ક્યાંક નથી)

**જમ્બૂદ્વીપ–** (૧) ધર્માસ્તિકાયના દેશ (૨) પ્રદેશ (૩) અધર્માસ્તિકાયના દેશ (૪) પ્રદેશ (૫) આકાશાસ્તિકાયના દેશ (૬) પ્રદેશ (૭–૧૧) પૃથ્વી આદિ પાંચથી સ્પૃષ્ટ છે (૧૨) ત્રસકાયથી સ્પૃષ્ટ પણ છે અને અસ્પૃષ્ટ પણ છે (૧૩) કાળથી સ્પૃષ્ટ છે. આ રીતે અન્ય દ્વીપસમુદ્રોનું પણ સમજવું. અઢી દ્વીપની બહાર કાળથી અસ્પૃષ્ટ કહેવું.

**અલોક–** આકાશાસ્તિકાયના દેશથીતેમજ પ્રદેશથી સ્પૃષ્ટ છે. અહીં અન્ય કોઈ દ્રવ્ય આદિ નથી. એક અજીવ દ્રવ્યનો દેશ છે. **॥ ઉદ્દેશક–૧ ॥**

**પ્રશ્ન–૩ : અહીં આ પદના બીજા ઉદ્દેશકમાં વિષય ક્રમ કયા પ્રમાણે છે ?**

**ઉત્તર–** આ પદમાં બે ઉદ્દેશક છે. જેમાંથી પહેલા ઉદ્દેશકમાં ઈન્દ્રિયો સંબંધી પૌદગલિક વિષય મુખ્ય છે તેમજ બીજા ઉદ્દેશકમાં ૨૪ દંડકના જીવો સંબંધી ઈન્દ્રિયનું વર્ણન મુખ્ય છે.

(૧) બીજા ઉદ્દેશકની શરૂઆતમાં દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયનું સ્વરૂપ સ્પષ્ટ કરીને પાંચે ય ભાવેન્દ્રિયના ઉપયોગકાલનું અલ્પબહુત્વ દર્શાવેલ છે. (૨) પાંચે ય ઈન્દ્રિયોથી સંબંધિત અવગ્રહ, ઈહા, અવાય, ધારણાનું કથન છે તેમજ ૨૪ દંડકમાં દ્રવ્યેન્દ્રિય નિષ્પતિ અને ભાવેન્દ્રિયના ઉપયોગ, કાળનું અલ્પબહુત્વ દર્શાવેલ છે. (૩) ૨૪ દંડકના જીવોનું એકવચન અને બહુવચનથી ત્રૈકાલિક ઈન્દ્રિયોની સંખ્યાની દષ્ટિએ કથન છે. (૪) ૨૪ દંડકના જીવોને એક એક દંડકમાં દ્રવ્યેન્દ્રિયો કેટલી છે તેનું ત્રૈકાલિક વર્ણન છે. આ પણ એક જીવની અપેક્ષા અને અનેક જીવની અપેક્ષા અર્થાત્ એકવચન અને બહુવચનથી વર્ણન છે. (૫) દ્રવ્યેન્દ્રિયની જેમ જ ભાવેન્દ્રિયનું વર્ણન એકવચન અને બહુવચનથી ૨૪ દંડકમાં ભૂતકાળ આદિ ત્રણે કાલની અપેક્ષાએ કરેલ છે. આ પ્રકારે દ્રવ્યેન્દ્રિય **૮** અને ભાવેન્દ્રિય **૫** ના સંખ્યામૂલક ત્રૈકાલિક વર્ણન આ બીજા ઉદ્દેશકમાં મુખ્ય છે.

**પ્રશ્ન–૪ : દ્રવ્યેન્દ્રિય ભાવેન્દ્રિયનું સ્વરૂપ તેમજ ઉપયોગકાળ તથા અવગ્રહ ઈહા આદિનું વર્ણન ૨૪ દંડકથી કયા પ્રકારે કરેલ છે ?**

**ઉત્તર–** (૧) ઈન્દ્રિયોને યોગ્ય પુદ્ગલોનો પહેલા ઉપચય–સંગ્રહ કરે છે. (૨) પછી તે ઈન્દ્રિયની નિષ્પતિ થાય છે. (૩) પ્રત્યેક ઈન્દ્રિયને નિષ્પન્ન થવામાં અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત કાલ લાગે છે. તે નિષ્પન્ન થતી **દ્રવ્યેન્દ્રિય** છે. (૪) તેને આવરિત કર્મનો, ક્ષયોપશમ જે થાય છે તે ભાવેન્દ્રિય છે. (૫) તેનો ઉપયોગકાળ જઘન્ય અને ઉત્કૃષ્ટ અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. જઘન્યથી ઉત્કૃષ્ટ કાળ વિશેષાધિક હોય છે. (૬) અલ્પબહુત્વની અપેક્ષા પાંચે ય ઈન્દ્રિયોનો જઘન્ય ઉપયોગ કાળ, ચક્ષુન્દ્રિયનો ઓછો અને બાકીના પૂર્વોક્ત ક્રમથી વિશેષાધિક હોય છે. ઉત્કૃષ્ટમા પણ આ જ પ્રમાણે ક્રમથી અલ્પાધિક હોય છે. જઘન્ય ઉત્કૃષ્ટ બન્નેની સમ્મિલિત અલ્પબહુત્વમાં સ્પર્શેન્દ્રિયના જઘન્ય ઉપયોગકાળથી ચક્ષુન્દ્રિયના ઉત્કૃષ્ટ ઉપયોગકાળ વિશેષાધિક છે. (૭) અવગ્રહ(ગ્રહણ કરવું), ઈહા(વિચારણા, અવાય (નિર્ણય), ધારણા(સ્મૃતિ), પાંચે ય ઈન્દ્રિયોના હોય છે. અર્થાવગ્રહ છ પ્રકારે હોય છે. (પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠું મન)વ્યંજનાવગ્રહ(વિશેષ પુદ્ગલોને દ્રવ્યેન્દ્રિયપણે સ્પર્શ થવા)ચક્ષુ ઈન્દ્રિયને છોડીને બાકીની ચાર ઈન્દ્રિયોને હોય છે.





આ ઈન્દ્રિય નિષ્પત્તિ આદિ ૨૪ દંડકમાં છે. જેની જેટલી ઈન્દ્રિયો હોય, તેની અપેક્ષાએ ઉપરોકત વિષય–ઈન્દ્રિય નિષ્પન્ન આદિ થાય છે. ત્યાં સુધી કે **ઉપયોગદ્ધા** કાળનું અલ્પબહુત્વ તેમજ અવગ્રહ, ઈહા, અવાય, ધારણા પણ ૨૪ દંડકમાં યથાયોગ્ય ઈન્દ્રિય અનુસાર હોય છે.

**પ્રશ્ન–૫ : દ્રવ્યેન્દ્રિયનું ત્રૈકાલિક વર્ણન ૨૪ દંડકમાં કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** દ્રવ્યેન્દ્રિય આઠ છે– ૨ કાન, ૨ નાક, ૨ આંખ, ૧ જીભ અને ૧ સ્પર્શેન્દ્રિય. જીવે ૨૪ દંડકમાં કેટલી દ્રવ્યેન્દ્રિય ભૂતકાળમાં કરી, વર્તમાનમાં કેટલી છે અને ભવિષ્યમાં કેટલી કરશે તે માટેનું વર્ણન નીચેના ટેબલથી જાણવું–

**(૧) ચોવીસ દંડકમાં ત્રૈકાલિક ઈન્દ્રિયો–(એક જીવની અપેક્ષા) :–**

| દંડક જીવ | વર્તમાન | ભૂતકાળ | ભવિષ્યમાં |
|---|---|---|---|
| નારકી ૧ થી ૪ | ૮ | અનંતા | ૮, ૧૬, ૧૭ આદિ અનંત |
| નારકી ૫ થી ૭ | ૮ | " | ૧૬, ૧૭ આદિ અનંત |
| ભવનપતિથી બીજા દેવલોકના દેવ | ૮ | " | ૮, ૯ આદિ અનંત |
| ત્રીજા દેવલોકથી ગ્રૈવેયકનાદેવ | ૮ | " | ૮, ૧૬, ૧૭ આદિ અનંત |
| અનુતર વિમાનના દેવ | ૮ | " | ૮, ૧૬, ૨૪ આદિ સંખ્યાતા |
| પૃથ્વી, પાણી, વનસ્પતિ | ૧ | " | ૮, ૯, ૧૦ આદિ |
| તેઉ, વાયુ | ૧ | " | ૯, ૧૦ આદિ |
| બેઈન્દ્રિય | ૨ | " | ૯, ૧૦ આદિ |
| તેઈન્દ્રિય | ૪ | " | ૯, ૧૦ આદિ |
| ચૌરેન્દ્રિય | ૬ | " | ૯, ૧૦ આદિ |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૮ | " | ૮, ૯ આદિ |
| મનુષ્ય | ૮ | " | ૦, ૮, ૯ આદિ |

**(૨) ૨૪ દંડકમાં ત્રૈકાલિક ઈન્દ્રિયો(બહુવચન)–** ભૂતકાળની અપેક્ષાએ બધા દંડકમાં અનંત, ભવિષ્યની અપેક્ષાએ પણ બધા દંડકમાં અનંત. વર્તમાનકાળમાં વનસ્પતિમાં અનંત, મનુષ્યમાં ક્યારેક સંખ્યાતા તો ક્યારેક અસંખ્યાતા. સર્વાર્થસિદ્ધમાં સંખ્યાતા, બાકી બધા દંડકમાં અસંખ્યાતા ઈન્દ્રિયો છે.

**(૩) એક એક જીવની પ્રત્યેક દંડકમાં ઈન્દ્રિયો :–** ભૂતકાળમાં એક નારકીએ પાંચ અનુત્તર વિમાન સિવાયના બધા દંડકોના રૂપમાં અનંત ઈન્દ્રિયો કરી, આ જ રીતે ૨૨ દંડકના જીવોએ પણ અનુત્તર દેવના રૂપમાં એક પણ ઈન્દ્રિય કરી નથી. મનુષ્યમાં કોઈએ ન કરી, જો કોઈએ કરી, તો તે આઠ અથવા ૧૬. વૈમાનિક દેવો

અનુત્તરદેવ રૂપમાં કોઈએ કરી, કોઈએ નથી કરી, કોઈએ કરી તો કેવળ આઠ જ કરી છે. ભવિષ્યમાં– પંચેન્દ્રિયની અપેક્ષા ૮–૧૬ આમ અષ્ટાધિક હોય છે. આ રીતે ચૌરેન્દ્રિયમાં ૬,૧૨ આદિ, તેઈન્દ્રિયમાં ૪–૮ આદિ, બેઈન્દ્રિયમાં ૨–૪ આદિ, એકેન્દ્રિયમાં ૧,૨,૩ આદિ. મનુષ્યની અપેક્ષા બધાને ભવિષ્યમાં કરવી જરૂરી છે. બાકીની અપેક્ષાએ કોઈ કરે કે ન કરે અને કરે તો ૮–૧૬ આદિ. તેનું વિવરણ આ પ્રમાણે છે–

**એક-એક જીવની સર્વે દંડકોમાં ભવિષ્યકાલીન ઈન્દ્રિયો :–**

| અપેક્ષા | નારકીથી ગ્રૈવેયક સુધી | અનુતર દેવ | મનુષ્ય/તિર્યંચ |
|---|---|---|---|
| મનુષ્યપણે | ૮–૧૬ વ૦ અનંત | ૮–૧૬ વ૦ સં૦ | ૦, ૮, ૧૬ વ૦ અનંત/ ૮, ૧૬ વ૦ અનંત |
| નરક/તિ૦ પંચે૦પણે | ૦, ૮–૧૬ વ૦ અનંત | નહીં | ૦, ૮, ૧૬ વ૦ અનંત |
| ભવ૦ વ્યં૦ જ્યો૦ પણે | ૦, ૮, ૧૬ વ૦ અનંત | નહીં | ૦, ૮, ૧૬ વ૦ અનંત |
| ગ્રૈવેયક સુધી વૈ૦ પણે | ૦, ૮, ૧૬ વ૦ અનંત | ૦, ૮, ૧૬ વ૦ સં૦ | ૦, ૮, ૧૬ વ૦ અનંત |
| ૪ અનુત્તર દેવપણે | ૦, ૮ ઉત્કૃષ્ટ–૧૬ | ૦, ૮ | ૦, ૮, ૧૬ |
| સર્વાર્થસિદ્ધપણે | ૦, ૮ | ૦, ૮ | ૦, ૮ |
| એકેન્દ્રિયપણે | ૦, ૧, ૨ વ૦ અનંત | નહીં | ૦, ૧, ૨ વ૦ અ૦ |
| બેઈન્દ્રિયપણે | ૦ ૨, ૪ વ૦ અનંત | નહીં | ૦ ૨, ૪ વ૦ અ૦ |
| તેઈન્દ્રિયપણે | ૦ ૪, ૮ વ૦ અનંત | નહીં | ૦૪, ૮ વ૦ અ૦ |
| ચૌરેન્દ્રિયપણે | ૦ ૬, ૧૨ વ૦ અનંત | નહીં | ૦૬, ૧૨ વ૦ અ૦ |

**સંક્ષિપ્ત શબ્દ નોંધ :–** પંચે૦ = પંચેન્દ્રિય, વ૦ = વગેરે, આદિ, વૈ૦ = વૈમાનિક, સં૦ = સંખ્યાતા, આ૦ = આદિ, અ૦ = અનંત, વ્યં૦ = વ્યંતર, તિ૦ = તિર્યંચ, ભવ૦ = ભવનપતિ, જ્યો૦ જ્યોતિષી. સર્વાર્થ સિદ્ધ દેવ મનુષ્યપણે દ્રવ્યેન્દ્રિય કરશે. શેષ ક્યાંય પણ કોઈ દ્રવ્યેન્દ્રિય કરશે નહીં.

**(૪) અનેક જીવોની પ્રત્યેક દંડકમાં દ્રવ્યેન્દ્રિયો :–** ભૂતકાળ– બધા દંડકોમાં ભૂતકાળમાં અનંત દ્રવ્યેન્દ્રિયો કરી છે પરંતુ પાંચ અનુત્તર દેવપણામાં ૨૨ દંડકના જીવોએ કરી નથી. મનુષ્યોએ સંખ્યાતા કરી છે અને વૈમાનિકમાં ગ્રૈવેયક સુધીના દેવોએ અસંખ્ય કરી છે. ચાર અનુત્તર વિમાનના દેવોએ અસંખ્ય કરી છે. સર્વાર્થ સિદ્ધ વિમાનના દેવોએ સંખ્યાતા કરી છે.

**વર્તમાનકાળ–** સ્વદંડકમાં વનસ્પતિને અનંત દ્રવ્યેન્દ્રિયો છે. ૨૨ દંડકમાં અસંખ્ય છે. મનુષ્યની સંખ્યાતા કે અસંખ્યાતા દ્રવ્યેન્દ્રિયો છે. સર્વાર્થસિદ્ધના દેવોને સંખ્યાતા છે. પરદંડકની અપેક્ષાએ વર્તમાનમાં કોઈને નથી.





**ભવિષ્યમાં–** અનુત્તર વિમાનના દેવોને છોડીને નારકી આદિ બધા જીવ, બધા દંડકોમાં ભવિષ્યમાં અનંત દ્રવ્યેન્દ્રિયો કરશે.

વનસ્પતિના જીવ, અનુત્તર દેવમાં અનંત દ્રવ્યેન્દ્રિયો કરશે. બાકી બધા દંડકના જીવ અનુત્તર દેવમાં અસંખ્ય દ્રવ્યેન્દ્રિયો કરશે પરંતુ મનુષ્ય સંખ્યાતા કે અસંખ્યાતા કરશે. પાંચ અનુત્તર વિમાનના દેવ, ૨૨ દંડકોમાં દ્રવ્યેન્દ્રિયો કરશે નહીં. ચાર અનુત્તર દેવ મનુષ્યમાં તેમજ વૈમાનિક દેવમાં અસંખ્ય દ્રવ્યેન્દ્રિયો કરશે. ચાર અનુત્તર દેવ, પાંચ અનુત્તર દેવપણામાં અસંખ્ય દ્રવ્યેન્દ્રિયો કરશે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવ, મનુષ્યમાં સંખ્યાતા દ્રવ્યેન્દ્રિયો કરશે. વૈમાનિકમાં કરશે નહીં.

**પ્રશ્ન–૬ : ભાવેન્દ્રિય સંબંધી ત્રૈકાલિક વર્ણન કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** ક્ષયોપશમજન્ય ભાવેન્દ્રિયો પાંચ છે. શ્રોતેન્દ્રિયથી લઈને સ્પર્શેન્દ્રિય સુધીની દ્રવ્યેન્દ્રિયની સમાન તેમનું પણ ચાર દ્વારોથી વર્ણન છે. જેમ કે (૧) એક એક જીવની ત્રૈકાલિક ભાવેન્દ્રિય (૨) બહુવચન(બધા)જીવોમાં ત્રૈકાલિક ભાવેન્દ્રિયો (૩) એક એક જીવની બધા દંડકોમાં ત્રૈકાલિક ભાવેન્દ્રિય (૪) બધા (બહુવચન)જીવોની બધા દંડકોમાં ત્રૈકાલિક ભાવેન્દ્રિય.

ભાવેન્દ્રિયના ચારે ય દ્વારોનું વર્ણન, દ્રવ્યેન્દ્રિયના ચારે દ્વારોના વર્ણન સમાન છે. ઉત્કૃષ્ટ સંખ્યામાં અર્થાત્ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા કહેવામાં કોઈ ફેર નથી પરંતુ જઘન્ય સંખ્યામાં ફેર છે. જેમ કે– ૮ના સ્થાને પાંચ છે, ૯ ના સ્થાને ૬ છે. ૧૬ના સ્થાને ૧૦ છે. ૬,૧૨ના સ્થાને ૪,૮ છે. ૪,૮ના સ્થાને ૩,૬ છે. એકના સ્થાને એક અને બેના સ્થાને બે છે.

આ જઘન્ય સંખ્યાઓ સિવાય બીજો કોઈ ફેર નથી.

**વિશેષ–** આ પ્રકરણમાં એકેન્દ્રિયના દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એક જ કહેવામાં આવેલ છે. તેથી કોઈ ચિંતક કે વ્યાખ્યાકાર વનસ્પતિમાં પાંચ ભાવેન્દ્રિયો કહે તો તે કથન આગમ સમ્મત નથી. અર્થાત્ શ્રદ્ધા પ્રરૂપણાને યોગ્ય નથી.

# પદ–૧૬ : પ્રયોગ

**પ્રશ્ન–૧ : "પ્રયોગ" નો શું આશય છે ? અને તેના ભેદોનું વિશ્લેષણ કયા પ્રકારે કરેલ છે ?**

**ઉત્તર–** આત્મા દ્વારા વિશેષ રૂપથી, પ્રકર્શ રૂપથી કરવામાં આવતો વ્યાપાર, પ્રયોગ કહેવામાં આવે છે. પ્રચલિત ભાષામાં તેને યોગ કહેવામાં આવે છે. અન્યત્ર

આગમોમાં પણ તેને યોગ કહેવામાં આવેલ છે. તેથી શબ્દપ્રયોગના ફેરફાર સિવાય યોગ અને પ્રયોગના અર્થ કે ભાવાર્થમાં કોઈ વિશેષ ફેર નથી. આમ છતાં અહિં આ આગમમાં પ્રયોગ શબ્દના ઉપયોગથી તે જ ૧૫ યોગોનું કથન કરવામાં આવેલ છે.

**પંદર પ્રયોગ–** ૪ મનના, ૪ વચનના, ૭ કાયાના આમ ૧૫ પ્રયોગ છે. આ સૂત્રના ૧૧મા **ભાષા પદ**માં સત્ય આદિ ચાર પ્રકારની ભાષા કહેલ છે. એ જ ચાર પ્રકાર અહિં વચનયોગના છે અને એ જ ચાર પ્રકાર મનયોગના પણ છે. તેથી સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર એમ મન અને વચનનો અર્થ અને ભાવાર્થ એમ જ સમજવો. ભાષામાં બોલવાનું પ્રયોજન છે તો મનમાં એ જ આશયના ભાવોનું, ચિંતન અને મનન કરવાનું છે.

**કાયાના સાત પ્રયોગ–ઔદારિક કાયપ્રયોગ–** ઔદારિક શરીરની જે કોઈ બાહ્ય કે આભ્યંતર હલન, ચલન, સ્પંદન રૂપ પ્રવૃતિઓ છે તે ઔદારિક કાય પ્રયોગ છે. **ઔદારિક મિશ્ર કાયપ્રયોગ–** ઔદારિક શરીર બનતા પહેલાં આત્માનો જે વ્યાપાર હોય છે તે ઔદારિક મિશ્રપ્રયોગ છે. આ કાર્મણ શરીરની સાથે જ્યાં સુધી ઔદારિક શરીર ન બની જાય ત્યાં સુધી હોય છે. વૈક્રિય તેમજ આહારક બંને લબ્ધિપ્રયોગ પછી જ્યારે જીવ ફરીથી ઔદારિક શરીરમાં દાખલ થાય ત્યારે તે વૈક્રિય કે આહારક સાથે ઔદારિક મિશ્ર કાયપ્રયોગ થાય છે. કેવલી સમુદ્‌ઘાતના પ્રારંભમાં અને અંતમાં કાર્મણની સાથે ઔદારિક મિશ્ર કાય પ્રયોગ થાય છે.

**વૈક્રિય કાયપ્રયોગ–**વૈક્રિય શરીરની જે હલન-ચલન-સ્પંદન રૂપ બાહ્ય પ્રવૃતિઓ હોય તે વૈક્રિય કાય પ્રયોગ છે. નારકી, દેવતાના બધા જીવોમાં આ પ્રયોગ હોય છે. ક્યારેક મનુષ્ય, તિર્યંચોમાં પણ આ પ્રયોગ હોય છે. **વૈક્રિય મિશ્ર કાય પ્રયોગ–** વૈક્રિય શરીર બનતા પહેલાં, આત્માની પ્રવૃત્તિ રૂપ જે વ્યાપાર થાય છે તે વૈક્રિય મિશ્ર કાય પ્રયોગ છે. નારકી અને દેવતાઓને આ જન્મ સમયે કાર્મણ શરીરની સાથે થતો હોય છે. અર્થાત્ વૈક્રિય અને કાર્મણ બન્ને શરીરોના સહયોગી મિશ્રિત વ્યાપાર હોય છે. નારકી અને દેવ ઉત્તર વૈક્રિય કરતી સમયે તેમ જ મનુષ્ય, તિર્યંચમાં વૈક્રિય કરતી સમયે ઈચ્છિત રૂપ બનતા પહેલા આ પ્રયોગ થાય છે.

**આહારક કાય પ્રયોગ–** ૧૪ પૂર્વધારી મુનિવરોના આહારક શરીરની બાહ્ય ગમનાગમન આદિ રૂપ પ્રવૃત્તિઓ થતી હોય તે આહારક કાય પ્રયોગ છે. આ





પણ લબ્ધિસંપન્ન મુનિવરોને જ હોય છે. **આહારક મિશ્ર કાય પ્રયોગ–** આહારક શરીર સંપૂર્ણ બનતા પહેલા આત્માનો જે વ્યાપાર હોય છે તે આહારક મિશ્ર કાય પ્રયોગ છે. આ પણ લબ્ધિસંપન્ન મુનિવરોને જ હોય છે.

**કાર્મણ કાય પ્રયોગ–** જન્મ સ્થાને પહોંચતા પહેલા માર્ગમાં ઔદારિક કે વૈક્રિય શરીરના અભાવમાં આ કાર્મણ કાય પ્રયોગ હોય છે. તે સમયે જીવની સાથે તૈજસ અને કાર્મણ એમ બે શરીર જ હોય છે. આ બંનેના મિશ્રપ્રયોગમાં કાર્મણની મુખ્યતા–પ્રધાનતા માનીને આગમમાં કાર્મણ કાય પ્રયોગ કહેવામાં આવે છે. આ ઉપરાંત કેવળી સમુદ્‌ઘાતના આઠ સમયોની વચ્ચેના ત્રણ સમય(ત્રીજો, ચોથો, પાંચમો)માં કાર્મણ કાયપ્રયોગ હોય છે.

પાંચે ય શરીરનું વર્ણન ૧૨મા પદમાં બતાવેલ છે.

**૨૪ દંડકમાં પ્રયોગ :–** નારકી, દેવતા બધામાં ૧૧ પ્રયોગ છે. જેમાં ૪ મનના, ૪ વચનના=૮. ૯મું વૈક્રિય, ૧૦મું વૈક્રિય મિશ્ર, ૧૧મું કાર્મણ. ચાર સ્થાવરમાં ૩ પ્રયોગ જેમાં ૧. ઔદારિક ૨. ઔદારિક મિશ્ર અને ૩. કાર્મણ.

**વાયુકાયના પ્રયોગ–**૧. ઔદારિક ૨. ઔદારિક મિશ્ર ૩. વૈક્રિય, ૪. વૈક્રિયમિશ્ર અને ૫. કાર્મણ.

**ત્રણ વિકલેન્દ્રિયમાં ચાર પ્રયોગ–** ૧. ઔદારિક ૨. ઔદારિક મિશ્ર ૩. કાર્મણ ૪. વ્યવહાર વચન.

**તિર્યંચ પંચેન્દ્રિય ૧૩ પ્રયોગ–**૧૫માંથી બે આહારક અને આહારક મિશ્ર છોડીને તેર.

**મનુષ્યમાં** ૧૫ પ્રયોગ હોય છે.

**પ્રશ્ન–૨ : ૨૪ દંડકના જીવોમાં મળતા પ્રયોગોમાં શાશ્વત કે અશાશ્વત પ્રયોગ કયા છે તથા તે સંબંધી ભાંગા કેટલા બને છે ?**

**ઉત્તર–** સમુચ્ચય જીવમાં આહારક અને આહારક મિશ્ર એમ બે અશાશ્વત છે. નારકી અને દેવતામાં, વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં એક કાર્મણ પ્રયોગ અશાશ્વત હોય છે. મનુષ્યમાં ઔદારિક મિશ્ર, આહારક અને આહારક મિશ્ર તથા કાર્મણ આ ચાર પ્રયોગ અશાશ્વત હોય છે.

**શાશ્વત, અશાશ્વત તથા કુલ પ્રયોગ–**સમુચ્ચયજીવ અને ૨૪ દંડકમાં મળતા પ્રયોગના શાશ્વત અશાશ્વત હોવાથી તેના એકવચન અને બહુવચનના ભાંગા બને છે. તે સંબંધી સંક્ષિપ્ત વિવરણ આ પ્રકારે છે.

## ચોવીસ દંડકમાં પ્રયોગ ભંગ સંખ્યા :–

| ક્રમાંક | જીવ | પ્રયોગ | શા√ત પ્રયોગ | અશા√ત પ્રયોગ | ભંગ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | સમુચ્ચય જીવ | ૧૫ | ૧૩ | ૨ | ૯ |
| ૨ | નારકી દેવતા | ૧૧ | ૧૦ | ૧ | ૩ |
| ૩ | ચાર સ્થાવર | ૩ | ૩ | × | ૧ |
| ૪ | વાયુકાય | ૫ | ૫ | × | ૧ |
| ૫ | વિકલેન્દ્રિય | ૪ | ૩ | ૧ | ૩ |
| ૬ | તિર્યંચ પંચેન્દ્રિય | ૧૩ | ૧૨ | ૧ | ૩ |
| ૭ | મનુષ્ય | ૧૫ | ૧૧ | ૪ | ૮૧ |

**જીવોમાં શાશ્વત, અશાશ્વત પ્રયોગ તેમજ તેના વિકલ્પ(ભાંગા)–** શાશ્વત પ્રયોગોનો એક જ વિકલ્પ(ભાંગો)બને છે.

**એક અશાશ્વત** પ્રયોગના એકવચન, બહુવચનથી બે ભાંગા બને છે.

**બે અશાશ્વત** પ્રયોગના એકવચન, બહુવચનથી અસંયોગી ૪ ભાંગા થાય છે અને દ્વિસંયોગી પણ ૪ ભાંગા થાય છે, જે આ પ્રકારે છે– (૧) પહેલા બંને એકવચન (૨) પહેલું એકવચન, બીજું બહુવચન (૩) પહેલું બહુવચન બીજું એક વચન (૪) બંને બહુવચન. આ રીતે ચૌભંગી બનાવી શકાય. આમ ૨ અશાશ્વતના અસંયોગી ૪+દ્વિસંયોગી ૪ કુલ ૮ ભાંગા થાય.

**ત્રણ અશાશ્વત** પ્રયોગોના એકવચન–બહુવચનથી અસંયોગીના ૬ ભાંગા થાય. દ્વિસંયોગીના ૧૨ ભાંગા થાય છે. જેમ કે, ત્રણ અશાશ્વતની ત્રણ દ્વિક(જોડકું) બને છે તે આ રીતે– (૧) પહેલું–બીજું (૨) પહેલું–ત્રીજું (૩) બીજું–ત્રીજું અર્થાત્ (૧–૨), (૧–૩), (૨–૩). આ દરેક દ્વિક–જોડકાની ઉપર બતાવ્યા પ્રમાણે ચૌભંગી બને છે. તેથી જોડકા ૩×૪=૧૨ ભાંગા દ્વિસંયોગીના થાય છે.

**ત્રિસંયોગીના આઠ** ભાંગા થાય છે, તે આ પ્રમાણે થાય– પહેલાને એકવચન **એક** રાખી, બીજા, ત્રીજાથી ચૌભંગી કરવી, ત્યાર પછી પહેલાને **અનેક** રાખીને ફરીથી એ જ ચૌભંગી કરવી. આ રીતે બે ચૌભંગી થવાથી આઠ ભાંગા થાય છે. આમ ત્રણ અશાશ્વતના કુલ– અસંયોગીના ૬+દ્વિસંયોગીના ૧૨ + ત્રિસંયોગીના ૮(૬+૧૨+૮)=૨૬ ભાંગા થાય છે.

**ચાર અશાશ્વત** પ્રયોગના ૮૦ ભાંગા થાય છે. **અસંયોગીના ૮ ભાંગા.**





દ્વિસંયોગીના ભાંગા માટે ૬ દ્વિક(બબ્બેના ૬ જોડકા) બનાવી તેની દરેકની ચૌભંગી કરતા ૬×૪=૨૪ ભાંગા થાય. ૬ દ્વિક આ રીતે બને– (૧–૨), (૧–૩), (૧–૪), (૨–૩), (૨–૪), (૩–૪) આમ દ્વિસંયોગીના ૨૪ ભાંગા થાય.

ત્રણ સંયોગીની ચાર ત્રિક(ત્રણના જોડકા) થાય છે. તે આ રીતે (૧–૨–૩) (૧–૨–૪) (૧–૩–૪) (૨–૩–૪). દરેક ત્રિકના ઉપર બતાવ્યા અનુસાર આઠ ભાંગા થાય છે. તે રીતે ૮×૪=૩૨ ત્રિસંયોગીના ભાંગા થાય છે.

ચાર સંયોગીના ૧૬ ભાંગા થાય. આમાં એક ચતુષ્ક બને છે, જેમાં પહેલાને એકવચન રાખી બાકીના ત્રણના ત્રિકથી ઉપરોક્ત રીત પ્રમાણે આઠ ભાંગા થાય છે. ત્યાર બાદ ફરીથી પહેલાને અનેક રાખી બાકીની ત્રણ ત્રિકથી બીજા ૮ ભાંગા થાય. આમ ૮+૮=૧૬ ભાંગા ૪ સંયોગીના થાય છે. આ રીતે ચાર અશાશ્વતના કુલ (૮+૨૪+૩૨+૧૬)=૮૦ ભાંગા થાય છે.

આ પ્રકારે શાશ્વત પ્રયોગોનો એક અને અશાશ્વતના અનેક ભાંગા થાય છે. બંનેને મેળવીને નીચે પ્રમાણે ભાંગા બને–

(૧) શાશ્વતનો ભાંગો ૧+એકઅશાશ્વતના ૨= ૩
(૨) શાશ્વતનો ભાંગો ૧+ બે અશાશ્વતના ૮= ૯
(૩) શાશ્વતનો ભાંગો ૧+ત્રણઅશાશ્વતના ૨૬= ૨૭
(૪) શાશ્વતનો ભાંગો ૧+ચાર અશાશ્વતના ૮૦= ૮૧
(૫) બધા શાશ્વત હોય તો તેનો ૧ ભાંગો(અભંગ).

**પ્રશ્ન–૨ : ભાંગાના ઉચ્ચાર પ્રયોગોની સાથે કયા પ્રકારે કરી શકાય?**

**ઉત્તર–** સમુચ્ચય જીવના ૯ ભાંગા આ પ્રમાણે છે–

(૧) બધા જીવ ૧૩ પ્રયોગવાળા.
(૨) અનેક ૧૩ પ્રયોગવાળા, એક આહારક પ્રયોગી.
(૩) અનેક ૧૩ પ્રયોગવાળા, અનેક આહારક પ્રયોગી.
(૪) અનેક ૧૩ પ્રયોગવાળા, એક આહારક મિશ્ર પ્રયોગી.
(૫) અનેક ૧૩ પ્રયોગવાળા, અનેક આહારક મિશ્ર પ્રયોગી.
(૬) અનેક ૧૩ પ્રયોગવાળા, આહારક એક, આહારક મિશ્ર એક.
(૭) અનેક ૧૩ પ્રયોગવાળા, આહારક એક, આહારક મિશ્ર અનેક.
(૮) અનેક ૧૩ પ્રયોગવાળા, આહારક અનેક, આહારક મિશ્ર એક.
(૯) અનેક ૧૩ પ્રયોગવાળા, આહારક અનેક, આહારક મિશ્ર અનેક.

**નારકી દેવતાના ૩ ભાંગા–** (૧) બધા ૧૦ પ્રયોગવાળા. (૨) અનેક ૧૦ પ્રયોગી, કાર્મણ પ્રયોગી એક. (૩) અનેક ૧૦ પ્રયોગી, કાર્મણ પ્રયોગી અનેક.

**સ્થાવર–** (૧) ચાર સ્થાવરમાં બધા ૩ પ્રયોગવાળા. એક અભંગ. (૨) વાયુકાયમાં બધા ૫ પ્રયોગી, એક અભંગ.

**ત્રણ વિકલેન્દ્રિયના ૩ ભાંગા–** (૧) બધા શાશ્વત ૩ પ્રયોગી. (૨) ૩ શાશ્વત અનેક, કાર્મણ પ્રયોગી એક. (૩) ૩ શાશ્વત અનેક, કાર્મણ પ્રયોગી અનેક.

**તિર્યંચ પંચેન્દ્રિયના ૩ ભાંગા–** (૧) બધા ૧૨ શાશ્વતના. (૨) ૧૨ શાશ્વત અનેક, કાર્મણ પ્રયોગી એક. (૩) ૧૨ શાશ્વતના અનેક, કાર્મણ પ્રયોગી અનેક.

**મનુષ્યના ૮૦ ભાંગા–** મનુષ્યના ૧૫ પ્રયોગમાંથી ચાર અશાશ્વત હોય છે એટલે ક્યારેક હોય છે, ક્યારેક હોતા નથી તેથી ૪ અશાશ્વતના ૮૦ ભાંગા અને એક ભાંગો ૧૧ શાશ્વતનો સ્વતંત્ર હોય છે.

(૧) કોઈ એક સમયે બધા મનુષ્ય ૧૧ શાશ્વત પ્રયોગી હોય છે.

(૨) ૧૧ શાશ્વત પ્રયોગી અનેક, ઔદારિક મિશ્ર એક

(૩) ૧૧ શાશ્વત પ્રયોગી અનેક, ઔદારિક મિશ્ર અનેક

(૪) ૧૧ શાશ્વત પ્રયોગી અનેક, આહારક એક

(૫) ૧૧ શાશ્વત પ્રયોગી અનેક, આહારક અનેક

(૬) ૧૧ શાશ્વત પ્રયોગી અનેક, આહારક મિશ્ર એક

(૭) ૧૧ શાશ્વત પ્રયોગી અનેક, આહારક મિશ્ર અનેક

(૮) ૧૧ શાશ્વત પ્રયોગી અનેક, કાર્મણ એક

(૯) ૧૧ શાશ્વત પ્રયોગી અનેક, કાર્મણ અનેક

આ રીતે ૨ થી ૯ ભાંગા એક એક અશાશ્વત પ્રયોગીને લઈને (અસંયોગી બનાવીને)૮ ભાંગા થાય. **(૧૦–૧૩)** ક્યારેક ૧૧ શાશ્વત પ્રયોગી અનેક રાખીને ઔદારિક મિશ્ર અને આહારકને એક-અનેકની(દ્વિસંયોગી)ચૌભંગીથી, જેમ કે–

(૧) ઔદારિકમિશ્ર એક, આહારક એક

(૨) ઔદારિકમિશ્ર એક, આહારક અનેક

(૩) ઔદારિકમિશ્ર અનેક, આહારક એક

(૪) ઔદારિકમિશ્ર અનેક, આહારક અનેક

**(૧૪–૧૭)** ૧૧ શાશ્વતપ્રયોગી અનેક રાખીને હવે ઔદારિકમિશ્ર સાથે આહારક મિશ્રની જોડી બનાવી ઉપર પ્રમાણે જ ચૌભંગી બનાવતા ૪ ભાંગા થાય.





**(૧૭–૨૧)** ૧૧ શાશ્વત પ્રયોગી અનેક રાખીને ઔદારિક મિશ્રની સાથે કાર્મણની ચૌભંગી બનાવતા ૪ ભાંગા થાય.

**(૨૨–૨૫)** આહારક અને આહારકમિશ્રની ચૌભંગી–૪.

**(૨૬–૨૯)** આહારક અને કાર્મણની ચૌભંગી–૪.

**(૩૦–૩૩)** આહારકમિશ્ર અને કાર્મણની ચૌભંગી–૪.

આ રીતે ૧૦ થી ૩૩ સુધી ગણતાં ૨૪ ભાંગા બે અશાશ્વત પ્રયોગોના ૬ જોડકાની ૬ ચૌભંગી બનતા દ્વિસંયોગી ૨૪ ભાંગા થયા.

(૩૪)હવે ૧૧ શાશ્વતપ્રયોગને અનેક રાખી, (ત્રિસંયોગી)દરેકમાં
ઔદારિકમિશ્ર એક, આહારક એક, આહારકમિશ્ર એક.

(૩૫) ઔદારિકમિશ્ર એક, આહારક એક, આહારકમિશ્ર અનેક.

(૩૬) ઔદારિકમિશ્ર એક, આહારક અનેક, આહારકમિશ્ર એક.

(૩૭) ઔદારિકમિશ્ર એક, આહારક અનેક, આહારકમિશ્ર અનેક.

(૩૮) ઔદારિકમિશ્ર અનેક, આહારક એક, આહારકમિશ્ર એક.

(૩૯) ઔદારિકમિશ્ર અનેક, આહારક એક, આહારકમિશ્ર અનેક.

(૪૦) ઔદારિકમિશ્ર અનેક, આહારક અનેક, આહારકમિશ્ર એક.

(૪૧) ઔદારિકમિશ્ર અનેક, આહારક અનેક, આહારકમિશ્ર અનેક.

આ રીતે પ્રથમ ત્રિક(ત્રણનું જોડકું બનાવી)એક અનેકથી બે ચૌભંગી બનાવતા ૮ ભાંગા**(૩૪ થી ૪૧)** થયા. હવે **(૪૨–૪૯)** એ જ રીતે બીજી ત્રિક જેમાં ઔદારિક મિશ્રને એક, અનેકથી, આહારક અને કાર્મણ સાથે બે ચૌભંગી કરતા ૮ ભાંગા થાય. **(૫૦–૫૭)** ત્રીજી ત્રિક–ઔદારિકમિશ્રને એક, અનેકથી આહારક મિશ્ર અને કાર્મણ સાથેની બે ચૌભંગીથી ૮ ભાંગા થાય. **(૫૮–૬૫)** ચોથી ત્રિક–આહારકને એક, અનેકથી આહારકમિશ્ર અને કાર્મણ પ્રયોગી સાથેની બે ચૌભંગીથી ૮ ભાંગા થાય છે. આ રીતે ૩૪ થી ૬૫ સુધી **૩૨** ભાંગા ત્રણ અશાશ્વત પ્રયોગી(ત્રિસંયોગી)ની ચાર ત્રિકથી ૮–૮ ભાંગા થવાથી બને છે.

**(૬૬)** હવે ૧૧ શાશ્વત પ્રયોગી અનેક અને ચારે ય અશાશ્વત પ્રયોગીને એક-એક રાખવા. **(૬૭–૮૧)** ચારે ય અશાશ્વત પ્રયોગોને એક–અનેક કરીને ૧૬ ભાંગા થાય છે. તેનું કારણ એ છે કે કોઈ બે અશાશ્વત પ્રયોગને એક, અનેકથી ચાર ભાંગા (ચૌભંગી) થાય. તેની સાથે જ ત્રીજા અશાશ્વતને જોડી તેને એક રાખવાથી એ ચાર ભાંગા થાય, તેને અનેક રાખવાથી બીજા ચાર ભાંગા. આમ કુલ આઠ

ભાંગા ત્રણ અશાશ્વતના થાય. હવે આ ત્રણની સાથે જ ચોથા અશાશ્વતને જોડીને તેને એક રાખવાથી એ જ આઠ ભાંગા અને અનેક રાખવાથી બીજા આઠ ભાંગા થવાથી ચારેયને એક, અનેક રૂપથી પરિવર્તન કરવામાં ૧૬ ભાંગા બને છે. પ્રથમ આઠ ભાંગા આ પ્રકારે બને–

**(૧)** ૧૧ પ્રયોગીના અનેક ઔદા૦મિ૦**એક**,આહા૦એક, આહા૦મિ૦એક, કાર્મણ એક

**(૨)** ૧૧ પ્રયોગીના અનેક ઔદા૦મિ૦**એક**,આહા૦એક, આહા૦મિ૦એક, કાર્મણ અનેક

**(૩)** ૧૧ પ્રયોગીના અનેક ઔદા૦મિ૦**એક**,આહા૦એક, આહા૦મિ૦અનેક, કાર્મણ એક

**(૪)** ૧૧ પ્રયોગીના અનેક ઔદા૦મિ૦**એક**,આહા૦એક, આહા૦મિ૦અનેક, કાર્મણ અનેક

**(૫)** ૧૧ પ્રયોગીના અનેક ઔદા૦મિ૦**એક**,આહા૦અનેક, આહા૦મિ૦એક, કાર્મણ એક

**(૬)** ૧૧ પ્રયોગીના અનેક ઔદા૦મિ૦**એક**,આહા૦અનેક, આહા૦મિ૦એક, કાર્મણ અનેક

**(૭)** ૧૧ પ્રયોગીના અનેક ઔદા૦મિ૦**એક**,આહા૦અનેક, આહા૦મિ૦અનેક, કાર્મણ એક

**(૮)** ૧૧ પ્રયોગીના અનેક ઔદા૦મિ૦**એક**,આહા૦અનેક, આહા૦મિ૦અનેક, કાર્મણ અનેક

આ આઠ ભાંગા ઔદારિક મિશ્રને એક રાખીને થયા તેવી જ રીતે ઔદારિક મિશ્રને અનેક રાખી આઠ ભાંગા બને છે.

(૧) આ રીતે ૧૧ શાશ્વત માત્ર ભાંગો–૧

(૨) ૧૧ શાશ્વત સાથે એક–એક અશાશ્વતના ભાંગા–૮

(૩) ૧૧ શાશ્વત સાથે બે–બે અશાશ્વતના ભાંગા–૨૪

(૪) ૧૧ શાશ્વત સાથે ત્રણ–ત્રણ અશાશ્વતના ભાંગા–૩૨

(૫) ૧૧ શાશ્વત સાથે ચાર–ચાર અશાશ્વતના ભાંગા–૧૬

**મનુષ્યના કુલ ભાંગા–૮૧**

**પ્રશ્ન–૪ : ગતિપ્રવાહનો શું અર્થ છે ? અને તેના ભેદ–પ્રભેદ કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** જીવ અને પુદ્ગલના હલન, ચલન, સ્પંદન રૂપ પ્રવૃત્તિ ગતિપ્રવાહ છે. તેમાં બધા પ્રકારના જીવાજીવની ગતિનો સમાવેશ થઈ જાય છે. ગતિ પ્રવાહના મુખ્ય પાંચ ભેદ છે. (૧) **પ્રયોગ ગતિપ્રવાહ–** ઉપર બતાવ્યા મુજબના ૧૫ પ્રયોગ (યોગો)થી પ્રવૃત્ત મન, વચન, કાયાના પુદ્ગલોનું હલન, ચલન, સ્પંદન. (૨) **તત ગતિપ્રવાહ–**રસ્તે ચાલીને નિર્ધારિત સ્થળે પહોંચતાં જે મંદ ગતિ હોય છે તે જીવની, સામાન્ય ગતિ એ જ તત ગતિપ્રવાહ છે. (૩) **બંધન છેદ ગતિ પ્રવાહ–** જીવના નીકળવાથી શરીરની ગતિ કે શરીરથી છૂટા પડેલા જીવની





ગતિ અર્થાત્ મૃત્યુ થયા પછી જીવ કે શરીરની જે ગતિ હોય છે તે બંધનછેદ ગતિપ્રવાહ છે. (૪) **ઉપપાત ગતિ–**તેના ત્રણ પ્રકાર છે– ક્ષેત્રોપપાત, ભવોપપાત અને નોભવોપપાત. ૧. નરકગતિ આદિ ક્ષેત્રગત આકાશમાં જીવ આદિનું રહેવું તે ક્ષેત્રોપપાત ગતિ છે. ૨. કોઈપણ જન્મસ્થાનમાં જન્મ ધારણ કરીને તે ભવમાં રહી ક્રિયા કરતા રહેવી તે ભવોપપાત ગતિ છે. ૩. સિદ્ધ બનતા પહેલાની ગમન (જવાની)ક્રિયા તે નોભવોપપાતગતિ છે.

(૫) **વિહાયોગતિ–** આકાશમાં થતી ગતિને વિહાયોગતિ કહે છે. તેના ૧૭ પ્રકાર છે– (૧) સ્પર્શદગતિ (૨) અસ્પર્શદ્ગતિ (૩) ઉપસંપદ્યમાન (આશ્રય યુક્ત)ગતિ (૪) અનુપસંપદ્યમાન ગતિ (૫) પુદ્ગલયુક્ત ગતિ (૬) મંડુક ગતિ (ઉછળતી ગતિ) (૭) નાવની ગતિ (૮) નયગતિ(નયોનું ઘટન થવું) (૯) છાયા ગતિ (૧૦) છાયાનુપાત ગતિ (૧૧) લેશ્યાની ગતિ (૧૨) લેશ્યાને અનુરૂપ ગતિ (૧૩) ઉદ્દેશ્ય ગતિ–(પ્રમુખતા સ્વીકારીને રહેવું) (૧૪) ચાર પુઢષોની સમવિષમ ગતિ. અર્થાત્ સાથે રવાના થવું, સાથે પહોંચવું આદિ ૪ ભાંગા (૧૫) વક્રગતિ (વાંકીચૂંકી) (૧૬) પંક ગતિ (૧૭) બંધન–વિમોચન ગતિ. કેરી આદિ ફળો સ્વાભાવિક રીતે ઝાડથી છૂટીને પડે તે ગતિ. આ પાંચ પ્રકારની તેમજ વિવિધ પ્રકારની ગતિઓ જીવોની પ્રમુખતાથી કહેવામાં આવેલ છે. છતાં પણ અનેક ગતિઓ અજીવમાં પણ મળે છે. જેમાં જે મળે તે યથાયોગ્ય સમજી લેવી જોઈએ.

ગતિપ્રવાહ, હલન-ચલન પ્રવાહ, ગમન પ્રવાહ, સ્પંદન પ્રવાહ આ બધા વિશેષ-વિશેષ ગતિ માટે પ્રવાહ શબ્દ પ્રયોજવામાં આવેલ છે. તેથી અહીં ગતિની સાથે પ્રવાહ શબ્દ વધારે યોગ્ય છે તેમ સમજીને સ્વીકારવામાં આવેલ છે. અન્યત્ર **પ્રપાત** શબ્દપ્રયોગ જોવા મળે છે.

# પદ–૧૭ : લેશ્યા

**પ્રશ્ન–૧ : આ પદમાં વિષય ક્રમ કે વિષય વિભાજન કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** આ પદમાં લેશ્યા સંબંધી અનેકાનેક નિરૂપણ છે. તેને ૬ ઉદ્દેશકોમાં વિભાજિત કરવામાં આવેલ છે, જેમાં–

**પ્રથમ ઉદ્દેશકમાં–** સલેશી જીવોના આહાર, શ્વાસ, શરીર, વેદના, ક્રિયા, આયુ વગેરેનું સમાન, અસમાન હોવાનું નિરૂપણ છે અને પછી કૃષ્ણ આદિ છ લેશ્યાવાળા જીવોમાં આ જ કથન કરવામાં આવેલ છે.

**બીજા ઉદ્દેશકમાં–** ૨૪ દંડકમાં મળતી લેશ્યાઓવાળા જીવોનું અલ્પબહુત્વ કહેવામાં આવેલ છે.

**ત્રીજા ઉદ્દેશકમાં–** કૃષ્ણ આદિ લેશ્યા યુક્ત જીવોની ઉત્પતિ, મરણ (ઉદ્‌વર્તના), સંબંધી નિરૂપણ છે. તથા લેશ્યા સંબંધિત અવધિજ્ઞાનનું તુલનાત્મક કથન છે.

**ચોથા ઉદ્દેશકમાં–** લેશ્યાઓનું પરસ્પર પરિણમન તેમજ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પ્રદેશ આદિનું કથન છે.

**પાંચમા ઉદ્દેશકમાં–** લેશ્યાઓના પરસ્પર અપરિણમનનું કથન છે.

**છટ્ઠા ઉદ્દેશકમાં–** ભરત આદિ ક્ષેત્રમાં મનુષ્ય–મનુષ્યાણીની તેમજ માતા તથા ગર્ભમાં રહેલા જીવની લેશ્યા સંબંધી વિચારણા છે.

**પ્રશ્ન–૨ : લેશ્યાનું સ્વરૂપ શું છે અને તે કેટલા પ્રકારની કહી છે ?**

**ઉત્તર–** લેશ્યા દ્રવ્ય અને ભાવ એમ બે ભેદથી બે પ્રકારની હોય છે. જીવના પરિણામ એ ભાવલેશ્યા છે. તે અરૂપી છે. ભાવલેશ્યાને અનુરૂપ કૃષ્ણ આદિ દ્રવ્યોને જે ગ્રહણ કરવામાં આવે છે તે દ્રવ્યલેશ્યા છે અને તે રૂપી છે. યોગ અને કષાયથી ગ્રહણ કરવામાં આવતા કર્મોને આત્મા સાથે ચોંટાડવાનું કામ કૃષ્ણાદિ લેશ્યાઓનું છે. તે કષાયાનુરંજિત પણ હોય છે અને યોગાનુરંજિત પણ હોય છે, તેના દ્રવ્ય, યોગાંતવર્તી છે.

દ્રવ્ય અને ભાવ બે પ્રકારની લેશ્યાઓના છ–છ પ્રકાર છે. ૧. કૃષ્ણ ૨. નીલ ૩. કાપોત. ૪. તેજો ૫. પદ્મ ૬. શુક્લ.

ભાવલેશ્યાને અધ્યવસાય કે આત્મપરિણામ પણ કહેવામાં આવે છે. સ્થૂળ દષ્ટિથી આ ત્રણેય પર્યાય શબ્દ સમજવા જોઈએ. સૂક્ષ્મદષ્ટિથી અલગ-અલગ પ્રયોગ પણ શાસ્ત્રમાં (કેવળજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાનના ઉત્પત્તિ સમયના વર્ણનમાં) જોવામાં આવે છે.

નરકમાં ત્રણ લેશ્યા ક્રમશઃ, ભવનપતિ વ્યંતરમાં ૪ ક્રમશઃ, જ્યોતિષીમાં એક જ તેજોલેશ્યા, વૈમાનિકમાં ત્રણ શુભ, પૃથ્વી, પાણી, વનસ્પતિમાં ચાર ક્રમશઃ, તેઉ અને વાયુ અને ત્રણ વિકલેન્દ્રિયમાં ત્રણ અશુભ, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યમાં ૬ લેશ્યા હોય છે.

**પ્રશ્ન–૩ : જીવોના આહાર શરીર આદિની વિભિન્નતા–અસમાનતા કયા પ્રકારે હોય છે ?**

**ઉત્તર–** અહીં લેશ્યા પદ હોવાથી આહાર આદિ સમસ્ત પ્રકારની તુલના સમુચ્ચય





સલેશી જીવોમાં કહેવામાં આવેલ છે પછી તેને જ કૃષ્ણ આદિ છએ લેશ્યાઓથી સંબંધિત કરીને કહેલ છે.

**(૧)** સલેશી નારકીમાં આહાર, શરીર, ઉચ્છવાસ સરખા હોતા નથી. કેમકે શરીરની અવગાહના નાની મોટી હોય છે. નાની અવગાહનામાં આહાર આદિ ઓછા હોય છે, મોટી અવગાહનામાં વધારે હોય છે.

આ રીતે ભવનપતિ આદિ ૨૩ દંડકોમાં જાણવું. પરંતુ મનુષ્ય, યુગલિયા મોટી અવગાહનાવાળા હોવા છતાં આહારના પુદ્‌ગલો વધારે ગ્રહણ તો કરે છે પરંતુ વારંવાર નથી કરતા, એમાં આ ફેર છે. બાકીમાં મોટી અવગાહનાવાળા વારંવાર ગ્રહણ કરે છે અર્થાત્ ઓછા સમયને અંતરે વારંવાર ગ્રહણ કરે છે.

**(૨)** સલેશી નારકીમાં કર્મ, વર્ણ, લેશ્યા સમાન હોતા નથી. કારણ કે પૂર્વોત્પન્નમાં તે વિશુદ્ધ હોય છે, નૂતનોત્પન્નમાં એ અવિશુદ્ધ હોય છે.

દેવતાઓમાં **પૂર્વોત્પન્ન** તે અવિશુદ્ધ હોય છે, નૂતનોત્પન્નમાં એ વિશુદ્ધ હોય છે, બાકીના દંડકોમાં નરક સમાન હોય છે.

**(૩)** સલેશી નારકીઓમાં વેદના સમાન હોતી નથી. સંજ્ઞીભૂતમાં અને સમ્યક દૃષ્ટિમાં વેદના વધારે હોય છે. જ્યારે અસંજ્ઞીભૂત અને મિથ્યાદૃષ્ટિમાં અલ્પ વેદના હોય છે. દેવતાઓમાં આ જ રીતે કથન છે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિયમાં વેદના સમાન છે કારણ કે બધા અસંજ્ઞીભૂત છે. સંજ્ઞી તિર્યંચ, મનુષ્યમાં વેદનાનું કથન નરક સમાન છે.

**(૪)** સલેશી નારકીઓમાં ક્રિયા સમાન હોતી નથી. કારણ કે સમ્યગ્દૃષ્ટિમાં આરંભિકી આદિ ચાર ક્રિયાઓ હોય છે. મિથ્યાદૃષ્ટિમાં પાંચે ય ક્રિયાઓ હોય છે. દેવોમાં અને તિર્યંચ પંચેન્દ્રિયમાં આ જ પ્રકારે હોય છે. પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયમાં પાંચે ય ક્રિયાઓ હોય છે, માટે સંખ્યાથી સમાન છે. મનુષ્યમાં મિથ્યા દૃષ્ટિમાં પાંચ ક્રિયા, સમ્યગ્દૃષ્ટિમાં ૪ ક્રિયા, દેશ વિરતિમાં ત્રણ ક્રિયા સર્વવિરતિમાં ૨ ક્રિયા, અપ્રમત સંયતમાં એક ક્રિયા, વીતરાગમાં અક્રિયા હોય છે.

**(૫)** સલેશી નારકીમાં આયુષ્ય બધાના સમાન હોતા નથી. કારણ કે અલ્પાધિક આયુષ્યવાળા હોય છે, પૂર્વોત્પન્ન, નૂતનોત્પન્ન પણ હોય છે. તેથી બધા નારકીમાં આયુના સમ-વિષમના ચાર ભંગ હોય છે– (૧) કોઈ સમાન આયુવાળા સાથે ઉત્પન્ન થયેલા (૨) કોઈ સમાન આયુવાળા અલગ ઉત્પન્ન થયેલા (૩) કોઈ અસમાન આયુવાળા સાથે ઉત્પન્ન થયેલા (૪) કોઈ અસમાન આયુવાળા અલગ સમયમાં ઉત્પન્ન થયેલા. આ રીતે બધા દંડકમાં નરકની જેમ આયુષ્યનું કથન કરવું.

**કૃષ્ણલેશ્યાવાળા** નારકીઓમાં સંજ્ઞી, અસંજ્ઞી નો વિકલ્પ કરવો નહીં. મનુષ્યમાં અપ્રમત્ત આદિ આગળના વિકલ્પો કૃષ્ણલેશ્યામાં કરવા નહીં. જ્યોતિષી અને વૈમાનિકમાં આ કથન આવે જ નહીં કેમ કે આ લેશ્યા તેઓમાં છે નહીં. નીલલેશ્યાવાળાનું કૃષ્ણલેશ્યાની જેમ જ કથન છે. કાપોતલેશ્યાનું પણ કૃષ્ણલેશ્યાની જેમ જ કથન છે, પરંતુ નરકમાં સંજ્ઞી, અસંજ્ઞીનો વિકલ્પ કહેવો.

**તેજોલેશ્યામાં** નારકી, તેઉ, વાયુ, ત્રણ વિકલેન્દ્રિયનું કથન પણ કરવું નહીં. દેવતાઓમાં સંજ્ઞીભૂત, અસંજ્ઞીભૂત વિકલ્પ લેવો નહીં, બાકીમાં સલેશી સમાન કથન છે પરંતુ મનુષ્યમાં અપ્રમત્ત સુધી જ કથન કરવું. આગળ કથન કરવું નહીં. **પદ્મ, શુક્લ લેશ્યાવાળા** મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય તેમજ વૈમાનિકનું કથન કરવું. બાકીમાં બંને લેશ્યા નથી. બાકી સંપૂર્ણ કથન સલેશી સમાન છે. **॥ઉદ્દેશક–૧॥**

**પ્રશ્ન–૪ : સમુચ્ચય જીવ, નારકી આદિમાં મળતી લેશ્યાઓનું અલ્પબહુત્વ કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** કોઈ પણ દંડકમાં જેટલી લેશ્યાઓ મળતી હોય તેમાંથી કોઈ લેશ્યામાં તે જીવ ઓછા હોય છે તો કોઈ લેશ્યામાં વધારે હોય છે. એક સમાન હોતા નથી. તેથી પ્રત્યેક દંડકમાં રહેલા જીવોમાં કોઈ લેશ્યાવાળા અધિક મળે છે, કોઈ લેશ્યાવાળા ઓછા મળે છે. આવી હીનાધિકતા(વધતા ઓછાપણું) સ્વાભાવિક જ તે જીવોમાં સંખ્યાની અપેક્ષાએ હમેશા રહે છે. એ માટે અહીં ટેબલમાં સંક્ષિપ્તમાં જુઓ–

**લેશ્યાઓનું અલ્પબહુત્વ :–**

| જીવનામ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | અલેશી |
|---|---|---|---|---|---|---|---|
| સમુચ્ચય જીવ | ૭ વિશે∘ | ૬ વિશે. | ૫ અનં. | ૩ સં. | ૨ સં. | ૧ અલ્પ | ૪ અનં. |
| નારકી | ૧ અલ્પ | ૨ અસં. | ૩ અસં. | – | – | – | – |
| તિર્યંચ | ૬ વિશે∘ | ૫ વિશે. | ૪ અનં. | ૩ સં. | ૨ સં. | ૧ અલ્પ | – |
| એકેન્દ્રિય | ૪ વિશે. | ૩ વિશે. | ૨ અનં. | ૧ અલ્પ | – | – | – |
| પૃથ્વી, પાણી | ૪ વિશે. | ૩ વિશે. | ૨ અસં. | ૧ અલ્પ | – | – | – |
| વનસ્પતિ | ૪ વિશે. | ૩ વિશે. | ૨ અનં. | ૧ અલ્પ | – | – | – |
| તેઉ, વાયુ | ૩ વિશે. | ૨ વિશે. | ૧ અલ્પ | – | – | – | – |
| વિકલેન્દ્રિય | ૩ વિશે. | ૨ વિશે. | ૧ અલ્પ | – | – | – | – |
| અસંજ્ઞી તિર્યંચ | ૩ વિશે. | ૨ વિશે. | ૧ અલ્પ | – | – | – | – |
| પંચેન્દ્રિય તિર્યંચ | ૬ વિશે. | ૫ વિશે. | ૪ અસં. | ૩ સં. | ૨ સં. | ૧ અલ્પ | – |





| જીવનામ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | અલેશી |
|---|---|---|---|---|---|---|---|
| સંજ્ઞી પંચેન્દ્રિય | ૬ વિશે. | ૫ વિશે. | ૪ સં. | ૩ સં. | ૨ સં. | ૧ અલ્પ | – |
| તિર્યંચાણી | ૬ વિશે. | ૫ વિશે. | ૪ સં. | ૩ સં. | ૨ સં. | ૧ અલ્પ | – |
| મનુષ્ય | ૭ વિશે. | ૬ વિશે. | ૫ અસં. | ૪ સં. | ૩ સં. | ૨ સં. | ૧ અલ્પ |
| સંજ્ઞી મનુષ્ય | ૭ વિશે. | ૬ વિશે. | ૫ સં. | ૪ સં. | ૩ સં. | ૨ સં. | ૧ અલ્પ |
| દેવ | ૫ વિશે. | ૪ વિશે. | ૩ અસં. | ૬ સં. | ૨ અસં. | ૧ અલ્પ | – |
| દેવી | ૩ વિશે. | ૨ વિશે. | ૧ અલ્પ | ૪ સં. | – | – | – |
| ભવન∘ દેવદેવી | ૪ વિશે. | ૩ વિશે. | ૨ અસં. | ૧ અલ્પ | – | – | – |
| વ્યંતર દેવદેવી | ૪ વિશે. | ૩ વિશે. | ૨ અસં. | ૧ અલ્પ | – | – | – |
| વૈમાનિક દેવ | – | – | – | ૩ અસં. | ૨ અસં. | ૧ અલ્પ | – |
| જ્યોતિષી | – | – | – | બધા | – | – | – |

[**સંક્ષિપ્ત શબ્દ સૂચિ :–** ભવન∘=ભવનપતિ, વિશે∘=વિશેષાધિક, અસં∘=અસંખ્યાતગુણા, સં∘= સંખ્યાત ગુણા, અનં∘=અનંતગુણા. ચાર્ટમાં આપેલા આંકડા અલ્પબહુત્વના ક્રમને સૂચવે છે.]

**પ્રશ્ન–૫ : તિર્યંચ–તિર્યંચાણી, દેવ–દેવીનું લેશ્યા સંબંધી એક સાથે અલ્પબહુત્વ કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** ગર્ભજ તિર્યંચ–તિર્યંચાણીનું એક સાથે અલ્પબહુત્વ–(૧) સૌથી થોડા શુક્લલેશી તિર્યંચ (૨) શુક્લલેશી તિર્યંચાણી સંખ્યાતગણી (૩) પદ્મલેશી તિર્યંચ સંખ્યાતગણા (૪) પદ્મલેશી તિર્યંચાણી સંખ્યાતગણી (૫) તેજોલેશી તિર્યંચ સંખ્યાતગણા (૬) તેજોલેશી તિર્યંચાણી સંખ્યાતગણી (૭) કાપોતલેશી તિર્યંચ સંખ્યાતગણા (૮) નીલલેશી તિર્યંચ વિશેષાધિક (૯) કૃષ્ણલેશી તિર્યંચ વિશેષાધિક (૧૦) કાપોતલેશી તિર્યંચાણી સંખ્યાતગણી(૧૧) નીલલેશી તિર્યંચાણી વિશેષાધિક (૧૨) કૃષ્ણલેશી તિર્યંચાણી વિશેષાધિક. મનુષ્ય-મનુષ્યાણી બધી લેશ્યાવાળા પરસ્પર સંખ્યાતગણા હોય છે.

**દેવ–દેવીઓનું એકઠું(ભેગું) અલ્પબહુત્વ–** (૧) સૌથી થોડા શુક્લલેશી દેવ (૨) પદ્મલેશી અસંખ્યગણા (૩) કાપોતલેશી દેવ અસંખ્યાતગણા (૪) નીલલેશી વિશેષાધિક (૫) કૃષ્ણલેશી દેવ વિશેષાધિક (૬) કાપોતલેશી દેવીઓ સંખ્યાતગણી (૭) નીલલેશી દેવીઓ વિશેષાધિક (૮) કૃષ્ણલેશી દેવીઓ વિશેષાધિક (૯) તેજોલેશી દેવ સંખ્યાતગણા (૧૦) તેજોલેશી દેવીઓ સંખ્યાતગણી.

**ભવનપતિ દેવ–દેવીઓનું ભેગું અલ્પબહુત્વ–**(૧) સૌથી થોડા તેજોલેશી દેવ (૨) તેજોલેશી દેવીઓ સંખ્યાતગણી (૩) કાપોતલેશી દેવ અસંખ્યાતગણા

(૪) નીલલેશી દેવ વિશેષાધિક (૫) કૃષ્ણલેશી દેવ વિશેષાધિક (૬) કાપોતલેશી દેવી અસંખ્યાતગણી (૭) નીલલેશી દેવી વિશેષાધિક (૮) કૃષ્ણલેશી દેવી વિશેષાધિક.

આ જ રીતે વ્યંતર દેવ-દેવીનું અલ્પબહુત્વ છે. જ્યોતિષી દેવ-દેવીમાં એક તેજોલેશ્યા જ હોય છે તેથી અલ્પબહુત્વ નથી.

અલ્પઋદ્ધિ-મહાઋદ્ધિ– જ્યાં જેટલી લેશ્યા છે તેમાં પૂર્વની કૃષ્ણ આદિ અલ્પ ઋદ્ધિવાળી, પછીની ક્રમશઃ મહાઋદ્ધિવાળી છે. ॥ **ઉદ્દેશક–૨** ॥

**પ્રશ્ન–૬ : જીવમાં ઉત્પન્ન થવા સંબંધી તથા જન્મ-મરણ સમયની લેશ્યાના સંબંધમાં શું સમજવું ?**

**ઉત્તર–** કોણ શેમાં ઉત્પન્ન થાય છે તે પ્રશ્નના ઉત્તરમાં અહીં પૂર્વભવનો નિર્દેશ ન કરતા અપેક્ષા વિશેષથી કથન કરવામાં આવેલ છે. તે અનુસાર–

(૧) નારકી જ નરકમાં ઉત્પન્ન થાય છે. બીજા–નારકી સિવાયના જીવો નરકમાં ઉત્પન્ન થતા નથી કારણ કે નરકના આયુનો પ્રારંભ થયા પછી જ જીવ ત્યાં જાય છે. તેથી ઉત્પત્તિ સ્થાનની અપેક્ષા આ જ ઉત્તર ૨૪ દંડક માટે પણ સમજવો અર્થાત્ મનુષ્ય જ મનુષ્યમાં કે દેવતા જ દેવયોનિ સ્થાનમાં ઉત્પન્ન થાય છે.

(૨) આ પ્રકારે કૃષ્ણ આદિ લેશ્યાવાળા જ કૃષ્ણ આદિ લેશ્યામાં ઉત્પન્ન થાય છે. જે લેશ્યામાં જીવ ઉત્પન્ન થાય છે નારકી દેવતામાં એ જ લેશ્યામાં મરે છે. તિર્યંચ, મનુષ્યમાં એ જ લેશ્યામાં અથવા અન્ય કોઈપણ લેશ્યામાં મરે છે પરંતુ જે લેશ્યામાં જીવ મરે છે એ જ લેશ્યામાં ઉત્પન્ન થાય છે. આ નિયમ ૨૪ દંડકમાં છે.

(૩) જે દંડકમાં જેટલી લેશ્યા છે તેની અપેક્ષા ઉપરનું કથન સમજી લેવું. પૃથ્વી, પાણી, વનસ્પતિ, તેજોલેશ્યામાં ઉત્પન્ન થવાવાળા તેજોલેશ્યામાં મરતા નથી. અન્ય ત્રણ કૃષ્ણ આદિ કોઈ પણ લેશ્યામાં મરે છે.

(૪) જ્યોતિષી, વૈમાનિકમાં મરનારના મૃત્યુને ચ્યવન કહેવામાં આવે છે. એ બધી જગ્યાએ ધ્યાનમાં રાખવું. અર્થાત્ જે લેશ્યામાં જન્મે છે એ લેશ્યામાં ચ્યવે.

**નોંધ–** નારકી, દેવતા દરેકમાં જીવનભર એક જ લેશ્યા હોય છે. તે દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ સમજવું.

**પ્રશ્ન–૭ : લેશ્યાથી અવધિજ્ઞાનવાળાની સરખામણી કયા પ્રકારે કરવામાં આવે છે તથા પાંચ જ્ઞાનનો લેશ્યા સાથે શું સંબંધ છે ?**

**ઉત્તર–** કૃષ્ણલેશી નારકીઓના અવધિજ્ઞાનમાં ક્ષેત્ર આદિની અપેક્ષા થોડું અંતર





હોય છે. કૃષ્ણ અને નીલ લેશ્યાવાળાના અવધિજ્ઞાનમાં ક્ષેત્ર તેમજ વિશુદ્ધિમાં થોડું વિશેષ અંતર હોય છે.આ ત્રણે ય અંતર વિશે ત્રણ દૃષ્ટાંત નીચે મુજબ છે–

(૧) સમભૂમિ ઉપર બે વ્યક્તિ ઊભા રહીને જુએ તો તેમની દૃષ્ટિમાં અતિ અલ્પ અંતર(ફેર) હોય છે. (૨) એક વ્યક્તિ સમભૂમિ ઉપર અને બીજી પહાડ ઉપર ઊભા રહીને જુએ (૩) એક સમભૂમિ ઉપર અને બીજી પર્વતના શિખર ઉપર ઊભા રહીને જુએ. આ પ્રકારે ત્રણે લેશ્યાવાળામાં અરસપરસ અવધિજ્ઞાનનું અંતર સમજવું.

નારકીનું અવધિક્ષેત્ર જઘન્ય અર્ધો કોષ, ઉત્કૃષ્ટ ૪ કોષ હોય છે. અવધિ-ક્ષેત્રના અનુપાતથી દ્રવ્ય, કાળ તેમજ વિશુદ્ધિ, અવિશુદ્ધિમાં અંતર(ફેર) હોય છે.

પાંચ લેશ્યામાં ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન હોઈ શકે છે. શુક્લલેશ્યામાં પાંચ જ્ઞાન ત્રણ અજ્ઞાન હોઈ શકે છે અર્થાત્ કૃષ્ણ આદિ પાંચ લેશ્યામાં બે જ્ઞાન, ત્રણ જ્ઞાન કે ચાર જ્ઞાન હોઈ શકે છે. તેમજ શુક્લલેશ્યામાં બે, ત્રણ, ચાર તેમજ એક જ કેવળજ્ઞાન હોઈ શકે છે. ॥ **ઉદ્દેશક–૩** ॥

**પ્રશ્ન–૮ : લેશ્યાઓના વર્ણ આદિ કયા પ્રકારે હોય છે ?**

**ઉત્તર–** દ્રવ્યલેશ્યા રૂપી પુદ્ગલમય હોવાથી તેમાં વર્ણ આદિ મળે છે પરંતુ લેશ્યાના પુદ્ગલો સામાન્ય રીતે ચક્ષુગ્રાહ્ય હોતા નથી તેથી છદ્મસ્થ પ્રાણી તેના અસ્તિત્વને આગમ આધારેજ સમજી શકે છે. કેમ કે રૂપી પદાર્થ પણ બે પ્રકારના હોય છે. છદ્મસ્થો જોઈ શકે તેવા અને ન જોઈ શકે તેવા. બાદર વાયુકાયના જીવ ત્રણ શરીરવાળા હોવા છતાં ચર્મચક્ષુથી જોઈ શકાતા નથી. અન્ય બાદર પૃથ્વી આદિ પણ અનેક જીવોના શરીર પિંડ રૂપ હોવાથી જોઈ શકાય છે. તથા ત્રસ જીવ એક એક પણ દેખાય છે. સમુચ્છિંમ મનુષ્ય, પંચેન્દ્રિય હોવા છતાં જોઈ શકાતા નથી.

આથી લેશ્યાના વિષયમાં તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિના અસ્તિત્વ આગમ પ્રમાણથી જાણવા એ યોગ્ય છે. કારણ કે તેનું પ્રત્યક્ષીકરણ આપણે ચર્મચક્ષુથી કરી શકતા નથી. આગમ કથિત લેશ્યાના વર્ણ આદિ આ પ્રકારે છે–

**વર્ણ–કૃષ્ણલેશ્યાનો** વર્ણ કાળો હોય છે. જેમ કે અંજન, ખંજન, ભેંસના શિંગડા, જાંબુ, અરીઠા, ઘટાટોપ વાદળા, કોયલ, કાગડા, હાથીનું બચ્ચુ, માથાના વાળ, કાળા અશોક, કાળા કનેર વગેરે.

**નીલલેશ્યાનો વર્ણ** નીલો હોય છે. જેમ કે પોપટ, ચાસ પક્ષી, કબુતરની ડોક, મોરલાની ડોક, અળશીના ફૂલ, નીલકમલ, નીલો અશોક, નીલા કનેર આદિ.

**કાપોતલેશ્યાનો વર્ણ**–તાંબાજેવો હોય છે જેમ કે તાંબુ, ખૈરસાર, અગ્નિ, રીંગણાના ફૂલ, જવાસાના ફૂલ આદિ.

**તેજોલેશ્યાનો વર્ણ** લાલ હોય છે. જેમ કે સસલા આદિ પશુઓનું લોહી, મનુષ્યોનું લોહી, વરસાદમાં થતા મખમલી કીડા, બાળસૂર્ય, લાલ દિશા, ચિરમી, હિંગળો, ભૃંગા, લાખનો રસ, લોહિતાક્ષ મણિ, કિરમજી રંગનો કાંબળો, હાથીનું તાળવું, જબાકુસુમ, કિંશુકના ફૂલ, લાલ અશોક, લાલ કનેર, લાલ બંધુજીવક.

**પદ્મલેશ્યાનો વર્ણ** પીળો હોય છે. જેમ કે હળદર, ચંપકની છાલ, હરતાલ, સુવર્ણસુક્તિ, સુવર્ણલીટી–રેખા, ચમ્પાનું ફૂલ, કનેરનું ફૂલ, કુષ્માંડ લતા, જુહી, કોરંટ ફૂલ, પીળો અશોક, પીળો કનેર, પીળો બંધુજીવક.

**શુક્લલેશ્યાનો વર્ણ** સફેદ હોય છે. જેમ કે અંકરત્ન, શંખ, ચંદ્રમા, ચોખ્ખુ પાણી, ફીણ, દૂધ, દહીં, ચાંદી, શરદઋતુના વાદળો, પુંડરીક કમળ, ચોખાનો લોટ, સફેદ અશોક, સફેદ કનેર, સફેદ બંધુજીવક.

આ છ લેશ્યામાં કાપોત લેશ્યાનો વર્ણ મિશ્ર છે. બાકીના વર્ણ સ્વતંત્ર છે. મિશ્રમાં લાલની સાથે લીલો કે લાલની સાથે નીલો હોય છે.

**રસ–કૃષ્ણલેશ્યાનો રસ** કડવો હોય છે. જેમ કે– કડવો લીમડો, કડવી તુંબડી, રોહિણી, કૂટજ, કડવી કાકડી વગેરે. **નીલલેશ્યાનો રસ** તિક્ત–તીખો હોય છે. જેમકે સૂંઠ, લાલ મરચુ, કાળુ મરચુ, પીપર, પીપળાના મૂળ, ચિત્રમૂલક, પાઠાની વનસ્પતિ આદિ. **કાપોતલેશ્યાનો રસ** પાકા ફળોની જેમ ઓછો ખાટો હોય છે–કેરી, બોર, કવીઠ, બીજોરા, દાડમ, ફણશ આદિ. **તેજોલેશ્યાનો રસ** પાકા ફળોના રસ જેવો ઓછો ખાટો અને વધારે મીઠો હોય છે. **પદ્મલેશ્યાનો રસ**આસવ, અરિષ્ટ, અવલેહ, મદ્ય(દારૂ)ના જેવો હોય છે. **શુક્લલેશ્યાનો રસ** મીઠો હોય છે. જેમકે ગોળ, ખાંડ, સાકર, મિષ્ટાન્ન આદિ. અહીં બતાવેલ પદાર્થોથી પણ કંઈક અધિક રસ આ લેશ્યાનો હોય છે.

**ગંધ–કૃષ્ણ આદિ ત્રણ લેશ્યાઓ** દુર્ગંધમય હોય છે. **તેજો આદિ ત્રણ લેશ્યાઓ** સુગંધમય હોય છે અર્થાત્ મૃતકલેવરની દુર્ગંધ જેવી અને ફૂલોની ખુશ્બુ જેવી સુગંધવાળી હોય છે.

ત્રણ લેશ્યા પ્રશસ્ત છે, ત્રણ અપ્રશસ્ત છે, ત્રણ સંકલિષ્ઠ પરિણામી, ત્રણ અસંકલિષ્ટ પરિણામી છે. ત્રણ દુર્ગતિગામી છે, ત્રણ સદ્ગતિ ગામી છે, ત્રણ શીતરૂક્ષ છે, ત્રણ ઉષ્ણ સ્નિગ્ધ છે.

**પરિણામ**–જઘન્ય, ઉત્કૃષ્ટ, મધ્યમના ભેદથી લેશ્યાઓના પરિણામ ત્રણ પ્રકારના





હોય છે. તેના ફરીથી જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ભેદ થાય છે. આમ ક્રમશઃ ફરી ફરી ત્રણ-ત્રણ ભેદ થવાથી ૩, ૯, ૨૭, ૮૧, ૨૪૩ પ્રકારના થાય છે.

**પ્રદેશ આદિ**–લેશ્યાઓના અનંતપ્રદેશી સ્કંધ હોય છે. અસંખ્ય આકાશ પ્રદેશની અવગાહના હોય છે. પ્રત્યેક લેશ્યાની અનંત વર્ગણાઓ હોય છે. પ્રત્યેક લેશ્યાના અસંખ્ય સ્થાન એટલે અસંખ્ય ધોરણ હોય છે. તેનું **અલ્પબહુત્વ** સૌથી ઓછા કાપોતલેશ્યાનું સ્થાન, દ્રવ્યથી તેમજ પ્રદેશથી છે. તેનાથી નીલ, કૃષ્ણ, તેજો, પદ્મ તેમજ શુક્લ લેશ્યાના સ્થાન ઉત્તરોત્તર અસંખ્યગણા હોય છે. દ્રવ્યથી પ્રદેશ અનંતગણા હોય છે. ॥ **ઉદ્દેશક–૪** ॥

**પ્રશ્ન–૯ : લેશ્યાનું પરસ્પર પરિણમન થવું અને ન થવું એમ બે પ્રકારે નિરૂપણ કેમ કરેલ છે ?**

**ઉત્તર–** ઉદ્દેશક–૪માં મનુષ્ય, તિર્યંચની દ્રવ્યલેશ્યાઓમાં પરિણામાંતર થવાનું દષ્ટાંત સાથે બતાવેલ છે અને ઉદ્દેશક–પમા નારક દેવોની લેશ્યાઓનું પરિણામાંતર ન થવાનું સમજાવવામાં આવેલ છે.

**તિર્યંચ–મનુષ્યમાં**– જેમ દૂધ, છાશના સંયોગમાં પરિણામાંતરિત થાય છે. તે રીતે તિર્યંચ, મનુષ્યની દ્રવ્યલેશ્યા સંયોગવશાત્ પૂર્ણતયા બદલી જાય છે.

**દેવ–નારકીમાં**–જે રીતે વૈડૂર્યમણિમાં જે રંગનો દોરો પરોવવામાં આવે છે તે રંગનો તે મણિ દેખાવા લાગે છે પરંતુ દોરો કાઢી લેવાથી ફરી પાછો તે પહેલા જેવો જ દેખાય છે. આ પ્રકારે દેવોની મૂળ લેશ્યામાં સામાન્ય વિશેષ પ્રભાવ ક્ષણિક હોય છે. જેથી તેની મૂળ લેશ્યામાં ઉત્કર્ષ કે અપકર્ષ થાય છે એટલે કે પોતાનાથી નીચી લેશ્યા દ્વારા અપકર્ષ અને પોતાનાથી ઉંચી લેશ્યા દ્વારા ઉત્કર્ષ રૂપ કંઈક ક્ષણિક પરિણમન થાય છે પરંતુ આમૂલ કંઈ પરિવર્તન હોતું નથી. જેથી નારકી અને દેવોની મૂળ લેશ્યા એકની એક જ રહે છે. ભાવલેશ્યાના પરિવર્તનથી તે લેશ્યાના પુદ્ગલ આવવાથી મૂળ લેશ્યા ઉપર ઉત્કર્ષ કે અપકર્ષ રૂપ પ્રભાવ પડે છે, તે ક્ષણિક રહીને નાશ પામી જાય છે. સ્થાયી રૂપથી તો મૂળ એક જ દ્રવ્યલેશ્યા નારકી અને દેવોની રહે છે અને ભાવલેશ્યા પરિવર્તિત હોઈ શકે છે. તેથી જ નારકી શુભગતિના આયુષ્યનો બંધ કરી શકે છે અને દેવો અશુભ ગતિનો બંધ કરી શકે છે.

આ પ્રકારે લેશ્યા પરિણમન સંબંધી અંતર સ્પષ્ટ છે કે તિર્યંચ, મનુષ્યમાં પૂર્ણ પરિણામાંતર થઈ જાય છે અને દેવ નારકીમાં છાયામાત્ર, આકારમાત્ર, પ્રતિબિંબ માત્ર જેવું પરિણમન થાય છે પરંતુ વાસ્તવમાં સ્વરૂપની અપેક્ષાએ તે

લેશ્યા બીજી લેશ્યા બની જતી નથી. એવું આ છ લેશ્યામાં સમજી લેવું. નારકીમાં ત્રણ લેશ્યા અને દેવોમાં છ લેશ્યા છે. આ બધાનું અપેક્ષાથી પરિણમન ક્ષણિક હોય છે. મૌલિક એક લેશ્યા તે જ રહે છે. આ કારણથી જ ચોથા ઉદ્દેશક અને પાંચમાં ઉદ્દેશકના નિરૂપણમાં ભિન્નતા દેખાય છે.

**પ્રશ્ન–૧૦ : મનુષ્યોમાં અને માતા–પુત્રમાં લેશ્યાઓનો શો સંબંધ છે?**

**ઉત્તર–** (૧) પંદર કર્મભૂમિના મનુષ્યમાં ૬ લેશ્યા હોય છે. અકર્મભૂમિજ તેમજ અંતરદ્વીપના મનુષ્ય, મનુષ્યાણીમાં ચાર લેશ્યા હોય છે. પદ્મ અને શુક્લ લેશ્યા હોતી નથી. (૨) કોઈપણ લેશ્યાવાળા મનુષ્ય હોય કે મનુષ્યાણી તે છએ લેશ્યાવાળા પુત્ર કે પુત્રીના માતા કે પિતા હોઈ શકે છે. કર્મભૂમિ કે અકર્મભૂમિ બંનેમાં આ રીતે સમજવું. લેશ્યા સંબંધી પ્રતિબંધ માતા-પિતા, પુત્ર-પુત્રીમાં હોતું નથી.

**નોંધ–** લેશ્યાઓના લક્ષણ ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૩૪મા કહેલ છે. તેની જાણકારી માટે પ્રશ્નોત્તર ભાગ ૯મો જુઓ.

# પદ–૧૮ : કાયસ્થિતિ

**પ્રશ્ન–૧ : કાયસ્થિતિ કોને કહે છે ? અને આ પદમાં કોની કાયસ્થિતિ કહેવામાં આવેલ છે ?**

**ઉત્તર–** સામાન્ય રૂપ અથવા વિશેષ રૂપ પર્યાયમાં જીવના નિરંતર રહેવાના કાળને કાયસ્થિતિ કહે છે. સ્થિતિ એક ભવના આયુષ્યને કહેવામાં આવે છે. કાયસ્થિતિમાં અનેક અનંતા ભવ પણ ગણવામાં આવે છે અને પૂરો એક ભવ પણ હોતો નથી. દંડક, ગતિ આદિની તેમજ જીવના ભાવ પર્યાય, જ્ઞાનદર્શન, યોગ, ઉપયોગ, કષાય, લેશ્યા આદિની કાયસ્થિતિ હોય છે. એવા અહીં ૨૨ દ્વારોથી કાયસ્થિતિ કહેવામાં આવી છે. પ્રત્યેક દ્વારમાં અનેકાનેક પ્રકાર છે, જેમકે–

| ક્રમ | દ્વાર | ભેદ |
|---|---|---|
| ૧ | જીવ | ૧. સમુચ્ચય જીવ |
| ૨ | ગતિ | ૧. નરક ૨. તિર્યંચ ૩. તિર્યંચાણી ૪. મનુષ્ય ૫. મનુષ્યાણી ૬. દેવ ૭. દેવી + ૭ અપર્યાપ્ત + ૭ પર્યાપ્ત ૨૧ અને ૨૨મા સિદ્ધ |
| ૩ | ઇન્દ્રિય | ૧ સઇન્દ્રિય, ૫ એકેન્દ્રિયાદિ+૬ અપર્યાપ્ત+૬ પર્યાપ્ત=૧૮, ૧૯ અનિંદ્રિય |
| ૪ | કાય | ૧ સકાય ૬ પૃથ્વી આદિ + ૭ અપર્યાપ્ત + ૭ પર્યાપ્ત = ૨૧ અને ૨૨મા અકાય. સૂક્ષ્મના ૨૧ બાદરના ૩૦ કુલ ૨૨ + ૨૧ + ૩૦ = ૭૩ |





| ક્રમ | દ્વાર | ભેદ |
|---|---|---|
| ૫ | યોગ | ૧ સયોગી ૩ યોગ ૧ અયોગી = ૫ |
| ૬ | વેદ | ૧ સવેદી ૩ વેદ ૧ અવેદી = ૫ |
| ૭ | કષાય | ૧ સકષાયી ૪ કષાય ૧ અકષાયી = ૬ |
| ૮ | લેશ્યા | ૧ સલેશી ૬ લેશ્યા ૧ અલેશી = ૮ |
| ૯ | સમ્યક્ત્વ | ૩ દષ્ટિ |
| ૧૦ | જ્ઞાન | ૧ સજ્ઞાની ૫ જ્ઞાની ૧ અજ્ઞાની ૩ અજ્ઞાન = ૧૦ |
| ૧૧ | દર્શન | ૪ દર્શન |
| ૧૨ | સંયત | ૧ સંયત ૨ અસંયત ૩ સંયતાસંયત ૪ નોસંયત નોઅસંયત |
| ૧૩ | ઉપયોગ | ૧ સાકારોપયોગ ૨ અનાકારોપયોગ |
| ૧૪ | આહાર | ૧ છદ્મસ્થ આહારક ૨ કેવલી આહારક ૩ છદ્મસ્થ અનાહારક ૪ સિદ્ધ કેવલી અણાહારક ૫ સજોગી ભવસ્થકેવલી અણાહારક ૬ અજોગી ભવસ્થ કેવલી અણાહારક |
| ૧૫ | ભાષક | ૧ ભાષક ૨ અભાષક |
| ૧૬ | પરિત્ત | ૧ સંસાર પરિત્ત ૨ સંસાર અપરિત્ત ૩ કાય પરિત્ત ૪ કાય અપરિત્ત ૫ નોઅપરિત્ત નોપરિત્ત |
| ૧૭ | પર્યાપ્ત | ૧ પર્યાપ્ત ૨ અપર્યાપ્ત ૩ નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત |
| ૧૮ | સૂક્ષ્મ | ૧ સૂક્ષ્મ ૨ બાદર ૩ નોસૂક્ષ્મ નોબાદર |
| ૧૯ | સંજ્ઞી | ૧ સંજ્ઞી ૨ અસંજ્ઞી ૩ નોસંજ્ઞી નોઅસંજ્ઞી |
| ૨૦ | ભવી | ૧ ભવી ૨ અભવી ૩ નોભવી નોઅભવી |
| ૨૧ | અસ્તિકાય | ધર્માસ્તિકાય આદિ ૬ દ્રવ્ય |
| ૨૨ | ચરિમ | ૧ ચરિમ ૨ અચરિમ |

આ ૨૨ દ્વાર છે. તેના ૧૯૫ ભેદોની કાયસ્થિતિ અહીં કહેવામાં આવી છે.

**પ્રશ્ન–૨ : જીવાભિગમ સૂત્રમાં પણ કાયસ્થિતિ કહેવામાં આવેલ છે તો પછી અહીં શું વિશેષતા છે ?**

**ઉત્તર–** જીવાભિગમ પ્રશ્નોત્તર ભાગ–૬માં અહીં કહેવામાં આવેલ ૧૯૫ બોલોમાંથી અધિકાંશ(૧૯૩ બોલોની) કાયસ્થિતિ કોઈને કોઈ રૂપે કહી દીધેલ છે. અહીં ૧૯૫ બોલોની કાયસ્થિતિ એક સાથે એક જ પદમાં છે. જ્યારે જીવાભિગમ સૂત્રમાં અલગ-અલગ અધ્યાયોમાં સંખ્યાના મેળમાં કહેલ છે. ક્યાંક ગતિ, ક્યાંક

જાતિ, ક્યાંક યોગ, ક્યાંક ઉપયોગ, ક્યાંક છ કાયા, ક્યાંક આહારક આદિ છૂટક છૂટક રૂપમાં કાયસ્થિતિ તેમજ અંતર બંને કહેવામાં આવેલ છે. જ્યારે અહીં અંતર કોઈનું બતાવવામાં આવેલ નથી.

આ શાસ્ત્રની આ વિશેષતા રહી છે કે એક જ વિષયને પ્રાયઃ દરેક પદમાં પૂર્ણતયા કહેવાની પદ્ધતિ અપનાવવામાં આવી છે. આથી આ પદમાં પણ સમસ્ત ૧૯૫ બોલોની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ૨૨ દ્વારના ક્રમમાં વ્યવસ્થિત કહેવામાં આવેલ છે. પાઠકોને કાયસ્થિતિ સંબંધી સમસ્ત જાણકારી જીવાભિગમ સૂત્રમાં મળી જાય છે. છતાં પણ સંક્ષિપ્તમાં અહીં કોષ્ટકના રૂપમાં પાઠકોની સગવડતા અને સંતોષ માટે પુનઃ આપવામાં આવી છે.

પરંપરામાં આ વિગતને **કાયસ્થિતિનો થોકડો** પણ કહેવામાં આવે છે.

## ૨૨ દ્વારના ૧૯૫ બોલોની કાયસ્થિતિ–

| ક્રમ | દ્વારના બોલ | જઘન્ય | ઉત્કૃષ્ટ કાયસ્થિતિ |
|---|---|---|---|
| ૧ | સમુચ્ચય જીવ | × | શાશ્વત |
| **ગતિ** | | | |
| ૨–૩ | નારકી–દેવ | ૧૦૦૦૦વર્ષ | ૩૩ સાગરોપમ |
| ૪ | દેવી | ૧૦૦૦૦વર્ષ | ૫૫ પલ્યોપમ |
| ૫ | તિર્યંચ | અંતર્મુહૂર્ત | અનંતકાલ(વનસ્પિતકાલ) |
| ૬ થી ૮ | તિર્યંચાણી મનુષ્ય–મનુષ્યાણી | અંતર્મુહૂર્ત | ૭ ક્રોડપૂર્વ અધિક ત્રણ પલ્યોપમ |
| ૯ થી ૧૫ | ૭ બોલ અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૬–૧૭ | પર્યાપ્તા નારકી–દેવ | અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦૦૦૦વર્ષ | અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩ સાગરોપમ |
| ૧૮ | પર્યાપ્તા દેવી | અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦૦૦૦વર્ષ | અંતર્મુહૂર્ત ન્યૂન ૫૫ પલ્યોપમ |
| ૧૯ થી ૨૨ | પર્યા.તિર્યંચ–તિર્યંચાણી પર્યા. મનુષ્ય–મનુષ્યાણી | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્તન્યૂન ૩ પલ્યોપમ |
| ૨૩ | સિદ્ધ | ૧ ભંગ | સાદિ અનંત |
| **ઇન્દ્રિય** | | | |
| ૨૪ | સઇન્દ્રિય | ૨ ભંગ | અનાદિઅનંત, અનાદિ સાંત |
| ૨૫ | એકેન્દ્રિય | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |





| ક્રમ | દ્વારના બોલ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| ૨૬ થી ૨૮ | ત્રણ વિકલેન્દ્રિય | અંતર્મુહૂર્ત | સંખ્યાતકાલ |
| ૨૯ | પંચેન્દ્રિય | અંતર્મુહૂર્ત | સાધિક હજાર સાગરોપમ |
| ૩૦થી૩૫ | આ ૬ના અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૩૬ | સઇન્દ્રિય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અનેક સો સાગરોપમ |
| ૩૭ | એકેન્દ્રિય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| ૩૮ | બેઇન્દ્રિય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા વર્ષ |
| ૩૯ | તેઇન્દ્રિય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા અહોરાત્ર |
| ૪૦ | ચૌરેન્દ્રિય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાત માસ |
| ૪૧ | પંચેન્દ્રિય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અનેક સો સાગરોપમ |
| ૪૨ | અનિન્દ્રિય | ૧ ભંગ | સાદિ અનંત |
| **કાયા** | | | |
| ૪૩ | સકાયિક | ૨ ભંગ | અનાદિ અનંત, અનાદિ સાંત |
| ૪૪થી૪૭ | પૃથ્વીકાયિક આદિ–૪ | અંતર્મુહૂર્ત | પુઢવીકાલ(પૃથ્વીકાલ) |
| ૪૮ | વનસ્પતિકાયિક | અંતર્મુહૂર્ત | વનસ્પતિ કાલ |
| ૪૯ | ત્રસકાય | અંતર્મુહૂર્ત | સાધિક ૨ હજાર સાગરો૦ |
| ૫૦થી૫૬ | આ સાતના અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૫૭ | સકાયિક પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અધિક અનેક સો સાગરો૦ |
| ૫૮થી૬૧ | ચાર સ્થાવર પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| ૬૨ | તેઉકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા અહોરાત્ર |
| ૬૩ | ત્રસકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સાધિક અનેક સો સાગરો૦ |
| ૬૪ | અકાયિક | ૧ ભંગ | સાદિ અનંત |
| ૬૫થી૭૧ | સાત સૂક્ષ્મ | અંતર્મુહૂર્ત | પુઢવીકાલ(પૃથ્વીકાલ) |
| ૭૨થી૭૮ | સાત સૂક્ષ્મના અપર્યા૦ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૭૯થી૮૫ | સાત સૂક્ષ્મ પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૮૬ | સમુચ્ચય બાદર | અંતર્મુહૂર્ત | બાદરકાલ |
| ૮૭થી૯૦ | પૃથ્વી આદિ–૪ બાદર | અંતર્મુહૂર્ત | ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૯૧ | બાદર વનસ્પતિ | અંતર્મુહૂર્ત | બાદરકાલ |
| ૯૨ | પ્રત્યેક શરીરી બા૦વન૦ | અંતર્મુહૂર્ત | ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૯૩ | સમુચ્ચય નિગોદ | અંતર્મુહૂર્ત | અઢી પુદ્ગલ પરાવર્તન |

| ક્રમ | દ્વારના બોલ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| ૯૪ | બાદર નિગોદ | અંતર્મુહૂર્ત | ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૯૫ | ત્રસકાય | અંતર્મુહૂર્ત | સાધિક ૨૦૦૦ સાગરોપમ |
| ૯૬–૧૦૫ | ૧૦બાદર ના અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૦૬ | સમુચ્ચય બાદર પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સાધિક અનેક સો સાગરો૦ |
| ૧૦૭–૧૦૯ | પૃથ્વી આદિ ૩ પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| ૧૧૦ | બાદર તેઉકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા અહોરાત્રિ |
| ૧૧૧ | બાદર વનસ્પતિ પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| ૧૧૨ | પ્રત્યેક વન.ના પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| ૧૧૩ | સમુ.નિગોદ પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૧૪ | બાદરનિગોદ પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૧૫ | ત્રસ પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સાધિક અનેક સો સાગરો૦ |
| **યોગ** | | | |
| ૧૧૬ | સયોગી | ૨ ભંગ | અનાદિ અનંત–અનાદિ સાંત |
| ૧૧૭ | મનયોગી | એકસમય | અંતર્મુહૂર્ત |
| ૧૧૮ | વચનયોગી | એકસમય | અંતર્મુહૂર્ત |
| ૧૧૯ | કાયયોગી | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| ૧૨૦ | અયોગી | ૧ ભંગ | સાદિ અનંત |
| **વેદ** | | | |
| ૧૨૧ | સવેદી<br>સાદિ સાંત(૩) | ૩ ભંગ<br>અંતર્મુહૂર્ત | અનાદિ અનંત, અનાદિ સાંત<br>દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તન |
| ૧૨૨ | સ્ત્રીવેદી | એકસમય | ૧૧૦ પલ્યોપમ સાધિક |
| ૧૨૩ | પુરુષવેદી | અંતર્મુહૂર્ત | સાધિક અનેક સો સાગરો૦ |
| ૧૨૪ | નપુંસકવેદી | એક સમય | વનસ્પતિકાલ |
| ૧૨૫ | અવેદી<br>(૨)સાદિ સાંત(ઉપશાંત) | ૨ ભંગ<br>એકસમય | સાદિ અનંત, સાદિ સાંત<br>અંતર્મુહૂર્ત |
| **કષાય** | | | |
| ૧૨૬ | સકષાયી<br>(૩)સાદિ સાંત | ૩ ભંગ<br>અંતર્મુહૂર્ત | અનાદિ અનંત, અનાદિ સાંત<br>અર્ધપુદ્ગલ પરાવર્તન |
| ૧૨૭થી૧૨૯ | ૩ કષાયી | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |





| ક્રમ | દ્વારના બોલ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| ૧૩૦ | લોભકષાયી | એક સમય | અંતર્મુહૂર્ત |
| ૧૩૧ | અકષાયી(ક્ષીણ)<br>અકષાયી(ઉપશાંત) | ૧ ભંગ<br>એક સમય | સાદિ અનંત<br>અંતર્મુહૂર્ત |
| **લેશ્યા** | | | |
| ૧૩૨ | સલેશી | ૨ ભંગ | અનાદિ અનંત–અનાદિ સાંત |
| ૧૩૩ | કૃષ્ણલેશી | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્તઅધિક ૩૩ સાગરો૦ |
| ૧૩૪ | નીલલેશી | અંતર્મુહૂર્ત | સાધિક ૧૦ સાગરોપમ |
| ૧૩૫ | કાપોતલેશી | અંતર્મુહૂર્ત | સાધિક ૩ સાગરોપમ |
| ૧૩૬ | તેજોલેશી | અંતર્મુહૂર્ત | સાધિક ૨ સાગરોપમ |
| ૧૩૭ | પદ્મલેશી | અંતર્મુહૂર્ત | સાધિક ૧૦ સાગરોપમ |
| ૧૩૮ | શુક્લલેશી | અંતર્મુહૂર્ત | સાધિક ૩૩ સાગરોપમ |
| ૧૩૯ | અલેશી | ૧ ભંગ | સાદિ અનંત |
| **દૃષ્ટિ** | | | |
| ૧૪૦ | સમ્યગ્દૃષ્ટિ | અંતર્મુહૂર્ત | સાધિક ૬૬ સાગરોપમ |
| ૧૪૧ | મિથ્યાદૃષ્ટિ<br>(૩) સાદિ સાંત | ૩ ભંગ<br>અંતર્મુહૂર્ત | અનાદિ અનંત, અનાદિ સાંત<br>દેશોન અર્ધપુદ્ગલ પરા૦ |
| ૧૪૨ | મિશ્રદૃષ્ટિ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| **જ્ઞાન** | | | |
| ૧૪૩–૪૫ | સમુચ્ચય જ્ઞાની<br>સાદિસાંત વ મતિ–શ્રુતજ્ઞાની | ૨ ભંગ<br>અંતર્મુહૂર્ત | સાદિ અનંત, સાદિ સાંત<br>સાધિક ૬૬ સાગરોપમ |
| ૧૪૬ | અવધિજ્ઞાની | એક સમય | સાધિક ૬૬ સાગરોપમ |
| ૧૪૭ | મનઃપર્યવજ્ઞાની | અંતર્મુહૂર્ત | દેશોન પૂર્વક્રોડ વર્ષ |
| ૧૪૮ | કેવલજ્ઞાની | ૧ ભંગ | સાદિ અનંત |
| ૧૪૯–૫૧ | સમુચ્ચય અજ્ઞાની<br>મતિશ્રુત–અજ્ઞાની | ૩ ભંગ<br>સાદિસાંત(૩) | અનાદિ અનંત–અનાદિસાંત<br>દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તન |
| ૧૫૨ | વિભંગ જ્ઞાન | એક સમય | સાધિક ૩૩ સાગરોપમ |
| **દર્શન** | | | |
| ૧૫૩ | ચક્ષુદર્શની | અંતર્મુહૂર્ત | સાધિક ૧૦૦૦ સાગરોપમ |
| ૧૫૪ | અચક્ષુદર્શની | ૨ ભંગ | અનાદિ અનંત, અનાદિસાંત |
| ૧૫૫ | અવધિદર્શની | એકસમય | સાધિક ૧૩૨ સાગરોપમ |

| ક્રમ | દ્વારના બોલ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| ૧૫૬ | કેવલદર્શની | ૧ ભંગ | સાદિ અનંત ભંગ |
| **સંયત** | | | |
| ૧૫૭ | સંયત | એક સમય | દેશોન ક્રોડપૂર્વ વર્ષ |
| ૧૫૮ | અસંયત<br>સાદિસાંત(૩) | ૩ ભંગ<br>અંતર્મુહૂર્ત | અનાદિ અનંત,અનાદિસાંત<br>દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્તન |
| ૧૫૯ | સંયતાસંયત | અંતર્મુહૂર્ત | દેશોન ક્રોડપૂર્વ |
| ૧૬૦ | નોસંયત નોઅસંયત૦ | ૧ ભંગ | સાદિઅનંત |
| **ઉપયોગ** | | | |
| ૧૬૧–૬૨ | ૨ ઉપયોગ(છદ્મસ્થ)<br>કેવલી | અંતર્મુહૂર્ત<br>એક સમય | અંતર્મુહૂર્ત<br>એક સમય |
| **આહાર** | | | |
| ૧૬૩ | છદ્મસ્થ આહારક | ૨ સમય ન્યૂન<br>ક્ષુલ્લકભવ | બાદરકાલ |
| ૧૬૪ | કેવલી આહારક | અંતર્મુહૂર્ત | દેશોન ક્રોડપૂર્વ |
| ૧૬૫ | છદ્મસ્થ અનાહારક | એક સમય | બે સમય |
| ૧૬૬ | સિદ્ધકેવલી અનાહારક | ૧ ભંગ | સાદિ અનંત |
| ૧૬૭ | ભવસ્થ સયોગી અના૦ | ત્રણ સમય | ત્રણ સમય |
| ૧૬૮ | ભવસ્થ અયોગી અના૦ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| **ભાષા** | | | |
| ૧૬૯ | ભાષક | એક સમય | અંતર્મુહૂર્ત |
| ૧૭૦ | અભાષક(સિદ્ધ)<br>અભાષક(સંસારી) | ૧ ભંગ<br>અંતર્મુહૂર્ત | સાદિ અનંત<br>વનસ્પતિકાલ |
| **પરિત્ત** | | | |
| ૧૭૧ | કાયપરિત્ત | અંતર્મુહૂર્ત | પૃથ્વીકાલ |
| ૧૭૨ | સંસારપરિત્ત | અંતર્મુહૂર્ત | દેશોન અર્ધપુદ્‌ગલ પરા૦ |
| ૧૭૩ | કાય અપરિત્ત | અંતર્મુહૂર્ત | અનંતકાલ |
| ૧૭૪ | સંસાર અપરિત્ત | ૨ ભંગ | અનાદિ અનંત,અનાદિસાંત |
| ૧૭૫ | નોપરિત્ત૦ | ૧ ભંગ | સાદિઅનંત |
| **પર્યાપ્ત** | | | |
| ૧૭૬ | પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સાધિક અનેક સો સાગર૦ |





| ક્રમ | દ્વારના બોલ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| ૧૭૭ | અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૭૮ | નોપર્યાપ્ત૦ | ૧ ભંગ | સાદિ અનંત |
| **સૂક્ષ્મ** | | | |
| ૧૭૯ | સૂક્ષ્મ | અંતર્મુહૂર્ત | પૃથ્વીકાલ |
| ૧૮૦ | બાદર | અંતર્મુહૂર્ત | બાદરકાલ |
| ૧૮૧ | નોસૂક્ષ્મ૦ | ૧ ભંગ | સાદિ અનંત |
| **સંજ્ઞી** | | | |
| ૧૮૨ | સંજ્ઞી | અંતર્મુહૂર્ત | સાધિક અનેક સો સાગર૦ |
| ૧૮૩ | અસંજ્ઞી | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| ૧૮૪ | નોસંજ્ઞી નોઅસંજ્ઞી | ૧ ભંગ | સાદિઅનંત |
| **ભવી** | | | |
| ૧૮૫ | ભવી | ૧ ભંગ | અનાદિ સાંત |
| ૧૮૬ | અભવી | ૧ ભંગ | અનાદિ અનંત |
| ૧૮૭ | નોભવી૦ | ૧ ભંગ | સાદિ અનંત |
| **ચરમ** | | | |
| ૧૮૮ | ચરમ જીવ | ૧ ભંગ | અનાદિ સાંત |
| ૧૮૯ | અચરમ જીવ | ૨ ભંગ | અનાદિ અનંત, સાદિ અનંત |
| ૧૯૦–૯૫ | છ દ્રવ્ય | – | સર્વ અદ્ધાકાલ |

**પ્રશ્ન–૩ : પ્રચલિત થોકડામાં ૧૯૫ બોલો ઉપરાંત પણ કોઈ કાયસ્થિતિ છે ?**

**ઉત્તર–** પ્રચલિત થોકડામાં **પાંચ સમકિત** અને પાંચ ચારિત્રની કાયસ્થિતિ વિશેષ છે, જે આ પ્રમાણે છે–

| નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ક્ષાયક સમકિત | × | સાદિ અનંત |
| ક્ષયોપશમ સમકિત | અંતર્મુહૂર્ત | ૬૬ સાગર સાધિક |
| સાસ્વાદન સમકિત | ૧ સમય | ૬ આવલિકા |
| ઉપશમ સમકિત | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ક્ષયોપશમ વેદક સમકિત | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ક્ષાયક વેદક સમકિત | ૧ સમય | ૧ સમય |

| નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| સામાયિક ચારિત્ર | ૧ સમય | દેશોન ક્રોડપૂર્વ |
| છેદોપસ્થાપનીય ચારિત્ર | અંતર્મુહૂર્ત | દેશોન ક્રોડપૂર્વ |
| પરિહાર વિશુદ્ધ ચારિત્ર | અંતર્મુહૂર્ત/૧૮ માસ | દેશોન ક્રોડપૂર્વ |
| સૂક્ષ્મ સંપરાય ચારિત્ર | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| યથાખ્યાત ચારિત્ર | ૧ સમય | દેશોન ક્રોડપૂર્વ |

**નોંધ**–ક્ષયોપશમ સમકિતની સ્થિતિ ૬૬ સાગરોપમની કહેલ છે છતાં ચોથા ગુણસ્થાનની સ્થિતિ સાધિક ૩૩ સાગરોપમની ઉત્કૃષ્ટ હોય છે. ગુણસ્થાનક ૪ થી ૬ સુધી મળીને ક્ષયોપશમ સમકિતની સ્થિતિ બને છે, એકલા ચોથા ગુણસ્થાનકથી બનતી નથી.

**પ્રશ્ન–૪ : ઉપરોક્ત કોષ્ટકમાં વનસ્પતિકાલ આદિ અનેક સૈદ્ધાંતિક કઠિન શબ્દો છે, તેના અર્થ અને તાત્પર્ય શું છે ?**

**ઉત્તર–** કોષ્ટકમાં આપેલા કઠિન પારિભાષિક શબ્દોના અર્થ આ પ્રમાણે છે–

**(૧) વનસ્પતિકાલ**–આ એક ઉત્કૃષ્ટ અનંતકાલની સંજ્ઞા છે. જે વનસ્પતિકાયમાં જ વ્યતીત થાય છે અને તેથી તેને વનસ્પતિકાલ કહે છે. આ કાલમાં અનંત ઉત્પસર્પિણી–અવસર્પિણીનો સમાવેશ થઈ જાય છે. લોક જેટલા અનંતલોકની કલ્પના કરીએ તો તેના જેટલા અનંત આકાશપ્રદેશ હોય તેના પ્રમાણ **વનસ્પતિકાલ** સમજવો. આ કાલમાં અસંખ્ય પુદ્‌ગલ પરાવર્તન હોય છે. કેમ કે અનંતકાળ ચક્રનો એક પુદ્‌ગલ પરાવર્તન હોય છે. આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા અસંખ્યાતા સમય હોય છે તેટલા પુદ્‌ગલ પરાવર્તન સમજવા. પુદ્‌ગલ પરાવર્તન પણ સાત પ્રકારના હોય છે. તેમાં સૌથી મોટું વૈક્રિય પુદ્‌ગલ પરાવર્તન છે. કાળ માપની ગણત્રીમાં તે જ લેવામાં આવે છે. બાકીના ૬ પુદ્‌ગલ પરાવર્તનનો કાળમાપમાં ઉપયોગ થતો નથી. સાત પુદ્‌ગલ પરાવર્તન કાળનું વર્ણન ભગવતી સૂત્રમાં છે. જુઓ ભગવતી પ્રશ્નોત્તર શતક–૧૨, પૃષ્ટ–૨૨૫.

**(૨) પુઢવીકાલ(પૃથ્વીકાલ)–** આ ઉત્કૃષ્ટ અસંખ્ય કાળની ઉપમા છે. અહીં અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી જેટલો કાળ હોય છે. ક્ષેત્ર માપથી અસંખ્ય લોકના આકાશપ્રદેશ જેટલો સમયગાળો સમજવો.

**(૩) બાદરકાળ**–આ કાળ પૃથ્વીકાળથી નાનો અને અસંખ્ય ઉત્સર્પિણી–અવસર્પિણી પ્રમાણ હોય છે. ક્ષેત્ર માપથી આંગળના અસંખ્યાતમા ભાગમાં આવતા આકાશ પ્રદેશ જેટલો સમય સમજવો.

**(૪) અઢી પુદ્‌ગલ પરાવર્તન–** આમાં અનંતકાળ હોય છે. વનસ્પતિકાળથી





આ નાનો છે. કારણ કે તેમાં તો અસંખ્ય પુદ્‌ગલ પરાવર્તન હોય છે. જ્યારે અહીં અઢી પુદ્‌ગલ પરાવર્તન હોય છે.

**(૫) દેશોન અર્ધ પુદ્‌ગલ પરાવર્તન–** અર્ધા વૈક્રિય પુદ્‌ગલ પરાવર્તનમાં થોડા ઓછા અર્થાત્ શુક્લપક્ષી થયા બાદ જેટલા ભવ થઈ ગયા હોય તેટલો સમય ઓછો સમજવો.

**(૬) દેશોન સાધિક–** આ શબ્દનો અર્થ છે કંઈક ઓછું, કંઈક અધિક. નીલ, કાપોત અને તેજોલેશ્યાની કાયસ્થિતિના સાધિકમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક હોય છે. કૃષ્ણ, પદ્મ, શુક્લલેશ્યામાં અંતર્મુહૂર્ત અધિક હોય છે. ત્રસ જીવોની કાયસ્થિતિના સાધિકમાં સંખ્યાતા વર્ષ અધિક હોય છે. આ રીતે સાધિકમાં અંતર્મુહૂર્તથી લઈને સંખ્યાતાવર્ષ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પણ યથાયોગ્ય સમજી લેવો જોઈએ.

**(૭) ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ–** ૧ ક્રોડ સાગરોપમ × ૧ ક્રોડ સાગરોપમ × ૭૦=૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ.

**(૮) ભાંગા ૨,૩,૪**–અનાદિ અનંત, અનાદિ સાંત, સાદિ સાંત અને સાદિ અનંત આમાં ત્રણ ભંગની કાયસ્થિતિ હોતી નથી. એક માત્ર સાદિ સાંતની સ્થિતિ હોય છે. ત્રણ ભાંગા ભવી, અભવી અને સિદ્ધની અપેક્ષાએ બને છે.

**(૯) સંખ્યાતા–અનેક–** સંખ્યાતા હજાર વર્ષ, સંખ્યાતા અહોરાત્રિ, સંખ્યાતા માસ આદિમાં આઠ ભવની ઉત્કૃષ્ટ સ્થિતિઓ જોડવામાં આવે છે. અનેક શબ્દમાં પ્રસંગો અનુસાર બેથી અધિક અનેક સંખ્યાઓનો સમાવેશ થાય છે.

**(૧૦) સાત સૂક્ષ્મ**–સમુચ્ચય સૂક્ષ્મ, પાંચ સ્થાવર સૂક્ષ્મ અને સૂક્ષ્મ નિગોદ એમ **સાત** સૂક્ષ્મ થાય.

**(૧૧) પર્યાપ્ત–અપર્યાપ્ત–** નારકી અને દેવતામાં કોઈ અપર્યાપ્ત અવસ્થામાં મરતા નથી. તોપણ અહીં **કરણ અપર્યાપ્તાની** અપેક્ષા અંતર્મુહૂર્તની કાયસ્થિતિ કહી છે અને પર્યાપ્ત કાયસ્થિતિમાં કરણ અપર્યાપ્તાનું અંતર્મુહૂર્ત ઘટાડીને કરણ પર્યાપ્તની કાયસ્થિતિ કહેલ છે. તિર્યંચ, મનુષ્યના અપર્યાપ્તામાં, લબ્ધિ અપર્યાપ્ત અને કરણ અપર્યાપ્ત બંને અપેક્ષાએ અંતર્મુહૂર્તની કાયસ્થિતિ થાય છે અને તેના પર્યાપ્તાની કાયસ્થિતિમાં, સંજ્ઞી તિર્યંચ અને મનુષ્યમાં દેવોની જેમ અંતર્મુહૂર્ત ઓછું અને ઉત્કૃષ્ટ ૩ પલ્યની સ્થિતિ કહી છે. બાકી બધામાં(પૃથ્વી આદિમાં) અનેક ભવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ (લબ્ધિ પર્યાપ્તની અપેક્ષાએ)કહેલ છે. જેમકે પૃથ્વીકાયમાં અનેક હજારો વર્ષ, તેઉકાયમાં અનેક અહોરાત્રિ આદિ.

**કરણપર્યાપ્ત**–પોતાના ભવ યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ થઈ ગયા પછી મૃત્યુ પર્યંત સુધીના જીવ કરણ પર્યાપ્ત કહેવાય. **લબ્ધિપર્યાપ્ત**– પર્યાપ્ત અવસ્થાનું આયુષ્ય લઈને આવનારા લબ્ધિ પર્યાપ્ત કહેવાય. **લબ્ધિ અપર્યાપ્તા**– અપર્યાપ્તાની અવસ્થામાં જ મરવાનું આયુષ્ય લઈને આવવાવાળા. **કરણ અપર્યાપ્ત**– પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી.

**(૧૨) અપર્યાપ્તાના ઉત્કૃષ્ટ ભવ**– એકલા અપર્યાપ્તાના જ ૬૫૫૩૬ ભવ એકી સાથે થઈ જાય તોપણ અંતર્મુહૂર્તકાળ જ થાય છે. અંતર્મુહૂર્તની જઘન્ય, સ્થિતિના પર્યાપ્તા જીવના ભવ સાથે મેળવીએ ત્યારે જ અસંખ્યકાળ કે અનંતકાળની કાયસ્થિતિ બને છે. આ રીતે એકલા સૂક્ષ્મની જ કાયસ્થિતિ અનંતકાળની હોતી નથી કે એકલા બાદરની પણ કાયસ્થિતિ અનંતકાળની હોતી નથી. બંને ભવ સંયુક્ત થાય ત્યારે અનંતકાલ થાય છે. સાર એ છે કે એકલા અપર્યાપ્તાની કાયસ્થિતિ અંતર્મુહૂર્તથી વધારે હોતી નથી અને એકલા સૂક્ષ્મની અસંખ્યાતા કાળની કાયસ્થિતિ હોય છે. અનંતકાળની હોઈ શકતી નથી. સૂક્ષ્મ અને બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત બંનેના ભવ મેળવીએ ત્યારે અનંતકાળ થાય છે.

**(૧૩) પલ્યોપમ–સાગરોપમ**– પ્રશ્નોત્તર ભાગ–૬, પૃષ્ટ–૧૧૪, પ્રશ્ન–૫ જુઓ. તથા આ જ પુસ્તકના ચોથા પદનો પ્રશ્ન–૩ જુઓ.

**(૧૪) ક્રોડપૂર્વ**– ૮૪ લાખ વર્ષ×૮૪ લાખ વર્ષ×૧ ક્રોડ=૧ ક્રોડપૂર્વ વર્ષ. કર્મભૂમિના સંજ્ઞી તિર્યંચ, મનુષ્યની ઉત્કૃષ્ટ ઉંમર એક ક્રોડ પૂર્વની હોય છે. આવા ૭ કે ૮ ભવ લગાતાર થઈ શકે છે.

**(૧૫) હજાર સાગરોપમ**–એકલા પંચેન્દ્રિય(૪ ગતિ)માં સાધિક હજાર સાગરોપમની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ હોઈ શકે છે. ત્રસમાં બે હજાર સાગરોપમ સાધિક હોય છે. પંચેન્દ્રિય પર્યાપ્તામાં કાયસ્થિતિ અનેક સો સાગરોપમની તેમજ ત્રસના પર્યાપ્તામાં કાયસ્થિતિ સાધિક અનેક સો સાગરની ઉત્કૃષ્ટ હોઈ શકે છે. અહીં અપર્યાપ્ત ન હોવાથી કાયસ્થિતિ ઓછી કહેલ છે.

**(૧૬) પલ–સાગર**–પલ=પલ્ય, પલ્યોપમ. સાગર=સાગરોપમ. આ બંને શબ્દો પ્રચલિત શબ્દો છે.

## પદ–૧૯ : સમ્યક્ત્વ

**પ્રશ્ન–૧ : આ સમ્યક્ત્વ પદમાં દૃષ્ટિ સંબંધી વિચારણા કયા પ્રકારે કરવામાં આવી છે ?**





**ઉત્તર**– જિનેશ્વર ભગવંતો દ્વારા પ્રણીત જીવાદિ તત્વોના વિષયમાં જેની દૃષ્ટિ અવિપરિત(સીધી)હોય, સમ્યગ્ હોય તે સમ્યક્દૃષ્ટિ છે.

જિનેશ્વર પ્રણીત તત્વોના વિષયમાં જરા પણ વિપરીત દૃષ્ટિ(ઉલ્ટી)હોય, સમજણ, શ્રદ્ધા ઉંધી હોય તે **મિથ્યાદૃષ્ટિ** છે. જિન પ્રજ્ઞપ્ત તત્ત્વોના વિષયમાં વિપરીત તેમજ અવિપરીત કે અસ્થિર દૃષ્ટિ, બુદ્ધિ, સમજ કે શ્રદ્ધા તેમજ વિપરીત અવિપરીત બંનેમાં બુદ્ધિવાળાનું અનુસરણ કરનારા તથા બંનેને સત્ય સમજનારા હોય તે **મિશ્રદૃષ્ટિવાળા હોય છે.**

આ રીતે ત્રણ દૃષ્ટિઓ– ૧. સમ્યક્દૃષ્ટિ ૨. મિથ્યાદૃષ્ટિ, ૩. મિશ્રદૃષ્ટિ.

**૨૪ દંડકમાં દૃષ્ટિ વિચાર**– નારકી, દેવતામાં નવગ્રૈવેયક સુધી ત્રણ દૃષ્ટિ, લોકાંતિકમાં સમ્યક્દૃષ્ટિ, અનુત્તર વિમાનમાં સમ્યગ્દૃષ્ટિ. પંદર પરમાધામી તેમજ ત્રણ કિલ્વીષીમાં એક મિથ્યાદૃષ્ટિ.

પાંચ સ્થાવરમાં મિથ્યાદૃષ્ટિ, ત્રણ વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં બે દૃષ્ટિ, સંજ્ઞી તિર્યંચમાં ત્રણ દૃષ્ટિ, ખેચર યુગલિયા તિર્યંચમાં એક મિથ્યાદૃષ્ટિ અને સ્થળચર યુગલિયા તિર્યંચમાં બે દૃષ્ટિ.

૧૫ કર્મભૂમિમાં ત્રણ દૃષ્ટિ, ૩૦ અકર્મભૂમિમાં બે દૃષ્ટિ, અંતરદ્વીપોમાં એક મિથ્યાદૃષ્ટિ, સમુચ્છિંમ મનુષ્યમાં એક મિથ્યાદૃષ્ટિ.

સિદ્ધોમાં એક (ક્ષાયિક) સમ્યકદૃષ્ટિ.

**નોંધ**– એક સમયમાં એક જીવને એક જ દૃષ્ટિ હોય છે.

## પદ–૨૦ : અંતક્રિયા

**પ્રશ્ન–૧ : અંતક્રિયાનો અહીં શું તાત્પર્યાર્થ છે અને અહીં તેનું કયા ક્રમથી વિષય વર્ણન છે ?**

**ઉત્તર**– અંત=સંસારનો અંત, મોક્ષ. મોક્ષ હોવા સંબંધી અને મોક્ષે જનાર સંબંધી અનેકવિધ વર્ણન હોવાથી આ પદનું નામ **અંતક્રિયા** સાર્થક રીતે રાખવામાં આવેલ છે. તેમાં (૧) અનંતર કે પરંપર મનુષ્ય બનીને મોક્ષ જાવાની યોગ્યતા-વાળાનો (૨) મોક્ષ મૂલક ધર્મ, જ્ઞાનાદિની પ્રાપ્તિનો (૩) શીઘ્ર મોક્ષગામી પદવીવાળા (૪) ચક્રવર્તીના ૧૪ રત્નો (૫) દેવોમાં ઉત્પન્ન થનારા તેમજ અંતમાં અસંજ્ઞીથી સંજ્ઞી થવાવાળાનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

**પ્રશ્ન–૨ : અનંતર પરસ્પર મોક્ષગામી સંબંધી નિરૂપણ કયા પ્રકારે છે?**

**ઉત્તર–** ૨૪ દંડકોમાંથી એક મનુષ્યમાં જ મોક્ષે જાવાની યોગ્યતા છે. અન્ય કોઈ પણ ભવમાંથી જીવ મુક્તિ પામી શકતો નથી. ભવિષ્યમાં મુક્ત થવાની યોગ્યતા બધા જ દંડકોના જીવોમાં હોય છે. તેઉકાય, વાયુકાય, ત્રણ વિકલેન્દ્રિય, પાંચમી, છઠ્ઠી, સાતમી નરકના જીવ સીધા મનુષ્ય બનીને મોક્ષે જઈ શકતા નથી. પરંપરાથી અર્થાત્ એક, બે ભવ ક્યાંક કરીને પછી મનુષ્ય બનીને મોક્ષે જઈ શકે છે. તેને પરંપર અંતક્રિયા કહે છે.

૧ થી ૪ નરક, પૃથ્વી, પાણી, વનસ્પતિ; તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને ભવનપતિ દેવ આદિ ૧૩ દંડકોના જીવ અનંતર મનુષ્ય ભવથી મુક્ત થઈ શકે છે. અનંતરાગતોની મુક્ત સંખ્યા–જઘન્ય ૧–૨–૩ છે અને ઉત્કૃષ્ટ આ પ્રમાણે છે–

| | |
|---|---|
| એક સમયમાં **દશ** | ત્રણનારકી, ભવનપતિ–વ્યંતર– જ્યોતિષીદેવ તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય. |
| એક સમયમાં **વીશ** | મનુષ્યાણી, વૈમાનિકદેવી, જ્યોતિષી દેવી. |
| એક સમયમાં **૧૦૮** | વૈમાનિક દેવ. |
| એક સમયમાં **પાંચ** | ભવનપતિદેવી–વ્યંતર દેવી. |
| એક સમયમાં **છ** | વનસ્પતિ. |
| એક સમયમાં **ચાર** | ચોથી નરકના નારકી, પૃથ્વી, પાણી. |

**પ્રશ્ન–૩ : ધર્મ આદિની પ્રાપ્તિ કયો જીવ કયા પ્રમાણમાં કરે છે ?**

**ઉત્તર–** (૧) કોઈ નારકીનો જીવ, તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં કોઈકને ધર્મ શ્રવણ, બોધિ, શ્રદ્ધા, મતિ–શ્રુતજ્ઞાન, વ્રતપ્રત્યાખ્યાન, અવધિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સંયમ અને મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. કોઈ નારકીનો જીવ મનુષ્યમાં ઉત્પન્ન થાય છે ત્યાં તેને ઉપરોક્ત ધર્મશ્રવણ આદિ તથા સંયમ, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, અંતે મુક્તિની પ્રાપ્તિ થાય છે.

(૨) નરકની જેમ પૃથ્વી, પાણી, વનસ્પતિ તેમજ બધા દેવોનું તિર્યંચમાં અવધિજ્ઞાન સુધી અને મનુષ્યમાં મુક્તિ પ્રાપ્ત થવા સુધી સમજવું.

(૩) તેઉ, વાયુના કોઈ જીવ તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. ધર્મશ્રવણ આદિની પ્રાપ્તિ થાય છે પરંતુ બોધિ આદિની પ્રાપ્તિ થતી નથી. મનુષ્યમાં તે બંને ઉત્પન્ન થતા નથી.





(૪) કોઈ ત્રણ વિકલેન્દ્રિયો, મનુષ્યમાં ઉત્પન્ન થાય તો તેને ધર્મશ્રવણ આદિ મનઃપર્યવ જ્ઞાન સુધીની પ્રાપ્તિ થાય છે પરંતુ કેવળજ્ઞાન થતું નથી. જો તે તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય તો અવધિજ્ઞાન સુધીની પ્રાપ્તિ થાય છે.

(૫) કોઈ તિર્યંચ પંચેન્દ્રિય જીવ, નારકી, દેવતામાં ઉત્પન્ન થાય તો ત્યાં તેને ધર્મશ્રવણ, બોધિ, શ્રદ્ધા, મતિ આદિ ૩ જ્ઞાન પ્રાપ્ત થાય છે. વ્રત-પ્રત્યાખ્યાન કરતા નથી. કોઈ તિર્યંચ પંચેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય તો ત્યાં નારકીના જીવની જેમ તિર્યંચમાં અવધિજ્ઞાન સુધી તેમજ મનુષ્યમાં મોક્ષ સુધીની ઉપલબ્ધિ–પ્રાપ્તિ કરે છે.

(૬) મનુષ્યનું કથન પણ તિર્યંચની જેમ જ કહેવું યાવત્ (ત્યાં સુધી કે)કોઈ જીવ મુક્તિ પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન–૪ : અહીં તીર્થંકરો આદિ વિશિષ્ટ પુઢષો તેમજ રત્ન સંબંધી શું કથન છે ?**

**ઉત્તર– તીર્થંકર પદ આદિની ઉપલબ્ધિ–** પહેલી, બીજી, ત્રીજી નરક તેમજ વૈમાનિક દેવો, મનુષ્ય ભવમાં ઉત્પન્ન થઈને તીર્થંકર બની શકે છે. આ સિવાય કોઈ પણ જીવ તીર્થંકર બની શકતા નથી પરંતુ ધર્મશ્રવણ આદિની પ્રાપ્તિ ઉપર કહ્યા મુજબ કરી શકે છે.

**ચક્રવર્તી–** પહેલી નરક, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવ, મનુષ્ય ભવમાં આવીને ચક્રવર્તી બની શકે છે.

**બળદેવ–** પહેલી, બીજી નરક અને ચારે ય જાતિના દેવો મનુષ્ય ભવમાં આવી **બલદેવ** બની શકે છે.

**વાસુદેવ–** દેવોમાં અનુત્તર વિમાનના દેવોને છોડીને બાકીના વૈમાનિક દેવ તથા પહેલી નરકના જીવ મનુષ્ય ભવમાં આવી વાસુદેવ બની શકે છે.

**માંડલિક રાજા–** સાતમી નરક અને તેઉકાય, વાયુકાયને છોડીને બાકીના બધા જીવો મનુષ્ય ભવમાં આવી, માંડલિક રાજા બની શકે છે.

**સેનાપતિ, ગાથાપતિ, બઢઈ–મિસ્ત્રી, પુરોહિત** તેમજ **સ્ત્રીરત્ન** આ પાંચ, ચક્રવર્તીના પંચેન્દ્રિય રત્ન. તેઉ-વાયુ, સાતમીનરક, પાંચ અનુત્તર દેવને છોડીને બાકીના બધા સ્થાનોમાંથી આવીને મનુષ્ય ભવમાં સેનાપતિ આદિ પાંચે ય બની શકે છે.

**હસ્તીરત્ન** તેમજ અશ્વરત્ન નવમા દેવલોકથી ઉપરના દેવો સિવાયના બધા સ્થાનોમાંથી તિર્યંચમાં આવીને હસ્તિરત્ન તેમજ અશ્વરત્ન બની શકે છે.

**સાત એકેન્દ્રિય** રત્ન–સાત નરક તેમજ ત્રીજા દેવલોકથી ઉપરના દેવોને છોડીને બધા સ્થાનોમાંથી આવી પૃથ્વીકાયમાં ઉત્પન્ન થનારા જીવ સાતે ય એકેન્દ્રિય રત્ન બની શકે છે. તે સાત એકેન્દ્રિય રત્ન આ પ્રમાણે છે– (૧) ચક્રરત્ન (૨) છત્રરત્ન (૩) ચર્મરત્ન (૪) દંડરત્ન (૫) અસિરત્ન (૬) મણિરત્ન (૭) કાંગિણિ રત્ન. આ રીતે સાત પંચેન્દ્રિય રત્ન અને સાત એકેન્દ્રિય રત્ન એમ ૧૪ રત્ન ચક્રવર્તીની સંપદામાં હોય છે.

**પ્રશ્ન–૫ : દેવોમાં ઉત્પન્ન થવા સંબંધી કોનું-કોનું વર્ણન છે ?**

**ઉત્તર–** સંયમના આરાધક, વિરાધક, સંયમાસંયમના આરાધક, વિરાધક, અસંયત, અકામ નિર્જરાવાળા, તાપસ, કાંદર્પિક, પરિવ્રાજક તેમજ સમકિતનું વમન થયું હોય તેઓ પણ દેવગતિમાં જઈ શકે છે. તેનો ફલિતાર્થ એ છે કે આંતરિક યોગ્યતા, શુદ્ધિથી તો દેવત્વ તેમજ મુક્તિની પ્રાપ્તિ થાય છે પરંતુ કેવળ બાહ્ય આચરણોથી પણ (જો સંકલિષ્ટ પરિણામ ન હોય તો) દેવત્વની પ્રાપ્તિ થઈ શકે છે.

**દેવોત્પત્તિના ચૌદ બોલ :–**

| ક્રમાંક | નામ | જઘન્ય ગતિ | ઉત્કૃષ્ટ ગતિ |
|---|---|---|---|
| ૧ | અસંયત ભવ્ય દ્રવ્ય દેવ | ભવનપતિ | ગ્રૈવેયક દેવ |
| ૨ | સંયમ આરાધક | પહેલો દેવલોક | અનુત્તર વિમાન |
| ૩ | સંયમ વિરાધક | ભવનપતિ | પહેલો દેવલોક |
| ૪ | દેશવિરત આરાધક | પહેલો દેવલોક | બારમો દેવલોક |
| ૫ | દેશવિરત વિરાધક | ભવનપતિ | જ્યોતિષી |
| ૬ | અકામનિર્જરાવાળા તેમજ અસંજ્ઞીતિર્યંચ | ભવનપતિ | વાણવ્યંતર |
| ૭ | તાપસ | ભવનપતિ | જ્યોતિષી |
| ૮ | કાન્દર્પિક | ભવનપતિ | પહેલો દેવલોક |
| ૯ | પરિવ્રાજક | ભવનપતિ | પાંચમો દેવલોક |
| ૧૦ | કિલ્વિષી | પહેલો દેવલોક | છટ્ઠો દેવલોક |
| ૧૧ | સંજ્ઞી તિર્યંચ | ભવનપતિ | આઠમો દેવલોક |
| ૧૨ | ગોશાલા પંથી(આજીવિક) | ભવનપતિ | બારમો દેવલોક |
| ૧૩ | આભિયોગિક | ભવનપતિ | બારમો દેવલોક |
| ૧૪ | સ્વલિંગી સમકિત રહિત | ભવનપતિ | ગ્રૈવેયક દેવ |





આ સાધકોનું વિસ્તૃત વર્ણન ઔપપાતિક સૂત્રમાં છે. જેના માટે પ્રશ્નોત્તર ભાગ–૬ જુઓ તથા ભગવતી સૂત્ર શતક–૧, ઉદ્દેશક–૨માં પણ સંક્ષિપ્ત કથન છે. ઉપરના ૧૪ બોલના જીવોમાંથી પહેલા, બીજા અને ચોથા નિયમા દેવગતિમાં જ જાય છે. બાકીના બોલ દેવગતિમાં જ જાય એવું નથી.અર્થાત્ ચારે ય ગતિમાં જઈ શકે છે. દેવગતિમાં જાય તો ઉપરોક્ત દેવલોકમાં જઈ શકે છે, એવું સમજવું જોઈએ.

ભવ્યદ્રવ્ય દેવના બોલમાં દેવનું આયુષ્ય બાંધેલ હોય તેવા બધા પ્રકારના જીવોનો સમાવેશ થઈ જાય છે પરંતુ અહીં પ્રથમ બોલમાં અસંયત વિશેષણ લાગેલ છે તેથી દેશવિરતિ અને સર્વવિરતિ સિવાયના અન્ય દેવ આયુષ્ય બાંધેલ હોય તેનો સમાવેશ સમજવો. અર્થાત્ બીજા, ચોથા બોલને છોડીને બાકીના **૧૧** બોલોનો સમાવેશ અસંયત ભવ્ય દ્રવ્ય દેવમાં થાય છે. તેથી અહીં એવો નિષ્કર્ષ નીકળે છે કે પહેલા ગુણસ્થાનકેથી ચોથા ગુણસ્થાનક સુધીના જીવ કે જેમણે દેવ આયુષ્યનો બંધ કરી દીધેલ છે તે અસંયત ભવ્ય દ્રવ્ય દેવ છે.

**પ્રશ્ન–૬ : અસંજ્ઞી જીવોની આયુષ્યબંધ સંબંધી યોગ્યતા શું છે ?**

**ઉત્તર–** અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, ચારે ય ગતિનું આયુષ્ય બાંધે છે.

**નરકમાં–** પ્રથમ નરકમાં, દેવમાં ભવનપતિ, વ્યંતરનું તથા તિર્યંચમાં યુગલિયા તિર્યંચ સુધી તેમજ મનુષ્યમાં અંતરદ્વીપજ યુગલિક મનુષ્યનું આયુષ્ય બાંધે છે.

ચારે ય ગતિના પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું ઉત્કૃષ્ટ આયુષ્યનો બંધ કરે છે, પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સર્વત્ર સમાન હોતો નથી. તેમાં અંતર છે, તેનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે– (૧) સહુથી થોડા દેવ અસંજ્ઞી આયુષ્ય(અસંજ્ઞીએ બાંધેલું), (૨) તેનાથી મનુષ્ય અસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગણા, (૩) તેનાથી તિર્યંચ અસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગણા, (૪) તેનાથી નારકી અસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગણા. તાત્પર્ય એ છે કે અસંજ્ઞી તિર્યંચ, દેવતાનું આયુષ્ય અતિ અલ્પ ઉપાર્જન કરે છે અને નરકનું આયુ સર્વાધિક ઉપાર્જન કરે છે.

# પદ–૨૧ : અવગાહના-સંસ્થાન

**પ્રશ્ન–૧ : આ પદનો વિષય પરિચય શું છે ?**

**ઉત્તર–** બદ્ધેલક–મુક્કેલગ પાંચ શરીરોની સંખ્યા સંબંધી નિરૂપણ ૧૨ મા પદમાં કરેલ છે. (૧) અહીં પણ પાંચ શરીર સાથે સંબંધિત અવગાહના–લંબાઈ અને

સંસ્થાન(આકાર)નું વર્ણન છે. સાથે સાથે તે શરીરોના જીવોની અપેક્ષાએ ભેદ પણ દર્શાવેલ છે. (૨) આ વર્ણનમાં તૈજસ કાર્મણના શરીરની અવગાહના સંબંધી મહત્ત્વપૂર્ણ વિશ્લેષણ કરેલ છે. (૩) શરીરોના પુદ્ગલોનું ચય, ઉપચયનું કથન દિશાઓની સાથે કરવામાં આવેલ છે. (૪) પાંચ શરીરની અરસપરસ સહચર્યતા દર્શાવેલ છે. (૫) વિવિધ અપેક્ષાઓથી શરીરનું અલ્પબહુત્વ કહેલ છે.

**પ્રશ્ન–૨ : કયા જીવોને ઔદારિક શરીર આદિ હોય છે અને તેમની અવગાહના–લંબાઈ કેટલી હોય છે ?**

**ઉત્તર**– મનુષ્ય અને તિર્યંચને ઔદારિક શરીર હોય છે. તેથી તિર્યંચની અપેક્ષાએ ૪૬ ભેદ તેમજ મનુષ્યના ત્રણ ભેદ આમ ઔદારિક શરીરના કુલ ૪૯ ભેદ કહેવામાં આવેલ છે.

આ ૪૯ પ્રકારના ઔદારિક શરીરની અવગાહના અને તેના સંસ્થાન (આકાર) ભિન્ન-ભિન્ન છે. તેનું વર્ણન જીવાભિગમ સૂત્રની પ્રથમ પ્રતિપત્તિના પ્રશ્નોત્તર ભાગ–૬મા કરી દેવામાં આવેલ છે.

**વૈક્રિય શરીર**–એકેન્દ્રિય તેમજ પંચેન્દ્રિય આમ વૈક્રિય શરીરના મૂળ બે ભેદ છે. વાયુકાયમાં કેવળ બાદરના પર્યાપ્તાનો એક જ પ્રકાર છે. દેવતા અને નારકીમાં જેટલા પ્રકાર છે તેટલા વૈક્રિય શરીરના ભેદ છે. **મનુષ્યમાં**–એક પર્યાપ્ત અને સંજ્ઞી તિર્યંચમાં એક પર્યાપ્ત આમ કુલ ૧૧૯ પ્રકાર થાય છે. જેમ કે નારકીના ૧૪, દેવતાના ૯૮, તિર્યંચના ૫, મનુષ્યનો ૧, વાયુકાયનો ૧=૧૧૯.

આ ૧૧૯ના વિભિન્ન સંસ્થાન તેમજ અવગાહના અહીં સૂત્રમાં વર્ણન કરેલ છે. જેના માટે જીવાભિગમ સૂત્ર પ્રશ્નોત્તર પ્રથમ પ્રતિપત્તિમાં વર્ણન જુઓ.

**આહારક શરીર**–આ શરીરનો કેવળ એક જ પ્રકાર છે. સંજ્ઞી મનુષ્યના પર્યાપ્ત એટલે કર્મભૂમિ ઋદ્ધિપ્રાપ્ત, પ્રમત્ત સંયતને જ આ શરીર હોય છે.

**તૈજસ–કાર્મણ શરીર**–ચાર ગતિના જીવોના જેટલા ભેદ થાય છે તેટલા તૈજસ, કાર્મણ શરીરના પ્રકાર થાય છે. એટલે કે તેના ૫૬૩ ભેદ છે. પ્રસ્તુત પ્રકરણ અનુસાર તેના **૧૬૭–૧૬૭** ભેદ થાય છે. મનુષ્યના **૯ ભેદ** મુખ્ય છે. (કર્મભૂમિ, અકર્મભૂમિ, અંતર્દ્વીપ આ ત્રણેયના પયાપ્ત-અપર્યાપ્ત અને સંમુચ્છિંમ ત્રણ-ત્રણ ભેદ કરતાં ૯ ભેદ થાય છે.) સમસ્ત સંસારી જીવોને આ બંને શરીર હોય છે. તેથી આ બંનેની અવગાહના અને સંસ્થાન એક સરખા હોય છે. આ ઔદારિક, વૈક્રિય અને આહારક ત્રણે શરીરોની સાથે અવશ્ય હોય છે. મારણાંતિક સમુદ્ઘાત સમયે કે ભવાંતરમાં જતા સમયે વાટેવહેતા જીવમાં આ ત્રણે ય શરીરોના અભાવમાં





પણ આ બંને શરીર સ્વતંત્રપણે રહે છે. તેથી તેની અવગાહના બંને અપેક્ષાથી છે– (૧) ત્રણે ય શરીરની અવગાહના જેટલી (૨) ત્રણે શરીરથી સ્વતંત્ર મારણાંતિક સમુદ્ઘાતમાં. ઔદારિક આદિ ત્રણે શરીરોની અવગાહના તેના વર્ણનમાં કહ્યા અનુસાર છે. આ બંનેની સ્વતંત્ર અવગાહના–લંબાઈ નીચે બતાવેલ કોષ્ટકમાં (ટેબલમાં)છે. જેમાં આયામ–વિષ્કંભ જે તે ભવના ઔદારિક, વૈક્રિય શરીર પ્રમાણ છે.

| તૈજસ કાર્મણ શરીર | જઘન્ય ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|
| સમુચ્ચય જીવ | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ બધી દિશાઓમાં લોકાન્તથી લોકાન્ત સુધી. |
| એકેન્દ્રિય | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ બધી દિશાઓમાં લોકાન્તથી લોકાન્ત સુધી. |
| વિકલેન્દ્રિય[1] | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ તિરછા લોકથી લોકાન્ત સુધી ચારે ય બાજુ. |
| નારકી[2] | જઘન્ય ૧૦૦૦ યો. સાધિક, ઉત્કૃષ્ટ નીચે સાતમી નરક સુધી, ઉપર પંડક વનની વાવડીઓ સુધી, તિરછા સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા સુધી. |
| તિર્યંચ પંચેન્દ્રિય | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ તિરછાલોકથી લોકાન્ત સુધી ચારે ય બાજુ. |
| મનુષ્ય | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ મનુષ્ય ક્ષેત્રથી લોકાન્ત સુધી ચારે ય બાજુ. |
| ભવનપતિથી[3] બીજો | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ નીચે |
| દેવલોક | ત્રીજી નરકના ચરમાંત સુધી, ઉપર સિદ્ધ શિલા સુધી, તિરછા સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા સુધી. |
| ૩ થી ૮ દેવલોક[4] | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ નીચે મહાપાતાલ કળશના $\frac{૨}{૩}$ ભાગ સુધી, ઉપર ૧૨મા દેવલોક સુધી, તિરછા સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા સુધી. |
| ૯ થી ૧૨ દેવલોક[5] | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ તિરછા મનુષ્ય ક્ષેત્ર, નીચે વપ્રા-સલિલાવતી વિજય, ઉપર ૧૨મા દેવલોક સુધી. |
| ગ્રૈવેયક, અનુત્તર દેવ[6] | જઘન્ય વિદ્યાધરની શ્રેણી સુધી, ઉત્કૃષ્ટ નીચે સલિલાવતી-વપ્રાવિજય, ઉપર પોતાના વિમાન સુધી, તિરછા મનુષ્યક્ષેત્ર સુધી. |

**વિશેષ**–(૧) વિકલેન્દ્રિય, તિરછાલોકમાં રહેલા ૧૦૦૦ યોજન ઉંડા સમુદ્રમાં તેમજ મેઢપર્વત આદિ વાવડિયોમાં હોય છે. તિરછા–સ્વયંભૂરમણ સમુદ્રની

વેદિકા સુધી હોય છે. આ તિરછાલોકના સ્થાનોથી લોકાંત સુધી છ દિશાઓમાં બેઇન્દ્રિયના તૈજસ કાર્મણ શરીરની અવગાહના મારણાંતિક સમુદ્‌ઘાતના સમયે હોય છે.

(૨) પાતાળ કળશોમાં ભીંત ૧૦૦૦ યોજન જાડી છે. તેની નજીક રહેતા નારકી, અંદર રહેલા પાણીમાં પંચેન્દ્રિય રૂપ ઉત્પન્ન થાય ત્યારે જઘન્ય તૈજસ કાર્મણની અવગાહના હોય છે.

(૩) ભવનપતિ આદિની જઘન્ય તેમજ ઉત્કૃષ્ટ અવગાહના પૃથ્વી, પાણીમાં ઉત્પન્ન થવાની અપેક્ષાએ બને છે. દેવતાઓની આ કહેલ ઉત્કૃષ્ટ અવગાહના નીચે, ઉપર, તિરછા સ્વસ્થાનથી સમજવી.

(૪) પોતાના મિત્ર દેવોની સાથે ઉપર ૧૨મા દેવલોક સુધી જઈ શકે છે ત્યાંથી મારણાંતિક સમુદ્‌ઘાત કરે તો તે અપેક્ષાએ ઉપર ૧૨મું દેવલોક કહેલ છે.

(૫) આ દેવ, મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. વપ્રા–સલિલાવતી વિજય નીચા લોકમાં છે. તેમાં મનુષ્ય રૂપે ઉત્પન્ન થાય છે. ત્યાં મારણાંતિક સમુદ્‌ઘાત કરવાથી નીચે સુધીની અવગાહના થાય છે. આ દેવોની જઘન્ય, આંગળના અસંખ્યાતમા ભાગની અવગાહના મનુષ્યાણીની યોનિથી અતિ નજીક હોવાથી જ થઈ શકે છે. તે કોઈ કારણવશ અહીં પ્રવિષ્ટ થયેલા દેવનું આયુષ્ય પૂર્ણ થવાની અપેક્ષાએ સમજવું જોઈએ. ધ્યાનમાં રહે કે આ દેવોને કાય પ્રવિચારણા હોતી નથી. તેથી ક્ષેત્ર શુદ્ધિ કરવા આદિ કારણ જ સમજવું જોઈએ. આ દેવ કેવળ મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે, તિર્યંચ કે એકેન્દ્રિયમાં નહીં.

(૬) ગ્રૈવેયક તેમજ અનુત્તર દેવો ઉત્તર વૈક્રિય કરતા નથી. તેથી તેમની જઘન્ય અવગાહના પણ સ્વસ્થાનથી જ હોય છે, મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. સ્વસ્થાનથી નિકટતમ મનુષ્ય ક્ષેત્ર, વિદ્યાધરોની શ્રેણી હોય છે તેથી તેને જઘન્યમાં કહેલ છે.

**પ્રશ્ન–૩ : શરીરોમાં પુદ્‌ગલ ચય આદિ કેટલી દિશાઓથી થાય છે ?**

**ઉત્તર–** ઔદારિક આદિ પાંચે ય શરીરોમાં પુદ્‌ગલોની જરૂરિયાત હોય છે. તેના નિર્માણમાં પુદ્‌ગલોનું ચય થાય છે. વૃદ્ધિંગત થવા માટે પુદ્‌ગલોનું ઉપચય થાય છે અને ક્ષય થવાથી પુદ્‌ગલોનો અપચય–હ્રાસ થાય છે.

આ ચય, ઉપચય, અપચય રૂપ પુદ્‌ગલોનું આગમન અને નિર્ગમન છએ દિશાઓથી થાય છે. લોકાંતમાં રહેલા જીવોના એક તરફ, બે તરફ કે ત્રણ તરફ લોકાંત હોઈ શકે છે. અલોકમાં પુદ્‌ગલો નથી તેથી ત્યાંથી પુદ્‌ગલોનું આગમન, નિર્ગમન થતું નથી. આ અપેક્ષાએ ઔદારિક, તૈજસ, કાર્મણ શરીરમાં અલોકના





વ્યાઘાત(અડચણ)ને કારણે ક્યારેક ત્રણ, ચાર કે પાંચ દિશાઓમાંથી પુદ્‌ગલોનું ચય આદિ થાય છે. લોકાંત સિવાય ક્યાંય પણ રહેલા જીવના ઔદારિક, તૈજસ, કાર્મણ શરીરમાં નિયમા છએ દિશાઓના પુદ્‌ગલોનું આગમન નિર્ગમન થાય છે.

**પ્રશ્ન–૪ : કયા શરીરની સાથે કેટલા શરીર હોય છે ?**

**ઉત્તર–** એક શરીરમાં બીજું શરીર કોઈ નિયમા હોય જ છે, તો કોઈ ભજનાથી (હોય પણ અને ન પણ હોય)હોય છે. આ રીતે બે જાતના અર્થાત્ નિયમા-ભજનાથી શરીરોમાં શરીરની ઉપલબ્ધિ આ પ્રમાણે હોય છે–

## શરીરમાં શરીરની નિયમા–ભજના :–

| શરીર | નિયમા | ભજના | નાસ્તિ |
|---|---|---|---|
| ઔદારિકમાં | તૈજસ, કાર્મણ | વૈક્રિય, આહારક | × |
| વૈક્રિયમાં | તૈજસ, કાર્મણ | ઔદારિક | આહારક |
| આહારકમાં | ઔદારિક, તૈજસ, કાર્મણ | × | વૈક્રિય |
| તૈજસમાં | કાર્મણ | ઔદારિક, વૈક્રિય આહારક | × |
| કાર્મણમાં | તૈજસ | ઔદારિક, વૈક્રિય આહારક | × |

**પ્રશ્ન–૫ : શરીરો સાથે સંબંધિત કયા કયા પ્રકારનું અલ્પબહુત્વ બને છે ?**

**ઉત્તર–** અહીં શરીરોને દ્રવ્ય, પ્રદેશ, અવગાહનાની અપેક્ષાએ તુલના–સરખામણી કરવામાં આવી છે.

**દ્રવ્યની અપેક્ષા–**(૧) સૌથી ઓછા આહારક શરીર (૨) વૈક્રિય અસંખ્યગણા (૩) ઔદારિક અસંખ્યગણા (૪) તૈજસ કાર્મણ(બંને પરસ્પર સમાન) અનંતગણા.

**પ્રદેશની અપેક્ષા–**(૧થી૩) ઉપર મુજબ (૪) તૈજસપ્રદેશ (૫) કાર્મણપ્રદેશ.

**દ્રવ્યપ્રદેશની અપેક્ષા–**(૧થી૩) ઉપર મુજબ (૪) આહારક પ્રદેશ અનંતગણા (૫) વૈક્રિય પ્રદેશ અસંખ્યગણા (૬) ઔદારિકપ્રદેશ અસંખ્યગણા (૭) તૈજસ, કાર્મણ દ્રવ્ય અનંતગણા (૮) તૈજસપ્રદેશ અનંતગણા (૯) કાર્મણ પ્રદેશ અનંતગણા.

**જઘન્ય અવગાહનાની અપેક્ષા–** (૧) સૌથી ઓછી ઔદારિકની (૨) તૈજસ, કાર્મણની વિશેષાધિક (૩) વૈક્રિયની અસંખ્યગણી (૪) આહારકની અસંખ્યગણી (દેશોન એક હાથ).

**ઉત્કૃષ્ટ અવગાહનાની અપેક્ષા–** (૧) સૌથી ઓછી આહારકની(૧ હાથ) (૨) ઔદારિકની સંખ્યાતગણી(સાધિક ૧૦૦૦ યોજન) (૩) વૈક્રિયની સંખ્યાતગણી (૪) તૈજસ કાર્મણની અસંખ્યાતગણી.

**સમ્મિલિત અપેક્ષા–** આહારકની જઘન્યથી આહારકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક. બાકીનો ક્રમ પૂર્વવત્.

# પદ–૨૨ : ક્રિયા

**પ્રશ્ન–૧ : ક્રિયાનો અહીં શો આશય છે અને કયા કયા શાસ્ત્રોમાં તે સંબંધી નિરૂપણ છે ?**

**ઉત્તર–** કષાય તેમજ યોગજન્ય પાપ પ્રવૃત્તિઓથી ક્રિયા લાગે છે અને ક્રિયાઓથી કર્મોનો બંધ થાય છે.(કર્મો બંધાય છે.) કર્મ એ જ સંસાર છે તેમજ સંસાર છે તો મુક્તિ હોતી નથી. આત્મસુખ કે આત્મઆનંદ પણ નથી. તેથી આત્મવિકાસ માટે અવરોધક આ ક્રિયાઓનું જ્ઞાન મેળવવું અને ત્યાગ કરવો આવશ્યક છે ત્યારે જ આત્મા મુક્ત અને સ્વતંત્ર થઈ શકે છે.

સર્વ ત્યાગી શ્રમણોને પણ જ્યાં સુધી પ્રમાદ અને યોગ છે ત્યાં સુધી ક્રિયા લાગે છે અને જ્યાં સુધી ક્રિયા છે ત્યાં સુધી કર્મબંધ પણ થયા કરે છે. આગમોમાં ક્રિયાઓના પ્રકાર વિવિધ રૂપે મળે છે. વધારેમાં વધારે ૨૫ ક્રિયાઓ ઠાણાંગસૂત્રના પાંચમા ઠાણે બતાવવામાં આવી છે. સૂયગડાંગ સૂત્રની અપેક્ષાએ ૧૩ ક્રિયાઓ વર્ણિત છે. ભગવતી સૂત્રમાં સંક્ષિપ્તીકરણ કરીને બધી જ ક્રિયાઓને બે પ્રકારમાં સમાવિષ્ટ કરી લેવામાં આવી છે. જેમકે (૧) સાંપરાયિક (૨) ઈરિયાવહિ.

પ્રસ્તુત પ્રકરણમાં પાંચ–પાંચ કરીને કુલ ૧૦ ક્રિયાઓનું વર્ણન છે. આ દશે ક્રિયાઓ અન્ય આગમોમાં પણ ક્યાંક-ક્યાંક વર્ણવેલ છે, જેનો સમાવેશ ઠાણાંગસૂત્રમાં કહેલ ૨૫ માં થઈ જાય છે.

ભગવતી સૂત્રમાં બતાવવામાં આવેલ છે કે કાયિકી આદિ પાંચ ક્રિયાઓ એવી છે કે મરણ પામેલ જીવના શરીરથી થતી ક્રિયા તેના પરભવમાં પણ પહોંચી જાય છે. સાથે જ તેને(ક્રિયાઓને) ન લગાડવાના ઉપાય પણ બતાવવામાં આવ્યા છે. મરણનો સમય નજીકનો જાણીને આ શરીરનો ત્યાગ કરી દેવો જોઈએ તેના ઉપરનું મમત્વ દૂર કરીને વોસિરાવી દેવું જોઈએ.

**પ્રશ્ન–૨ : કાયિકી આદિ પાંચ ક્રિયાઓનું સ્વરૂપ શું છે ? તે સંબંધી સૂક્ષ્મતમ જ્ઞાન શું છે ?**

**ઉત્તર– (૧) કાયિકી**–શરીરની સૂક્ષ્મ–બાદર પ્રવૃત્તિઓથી થતી ક્રિયા. તેના બે પ્રકાર છે. જેમકે અનુપરત(પ્રવૃત્તિનો અત્યાગ) અને દુષ્પ્રવૃત્ત.





**(૨) અધિકારિણિકી–** દૂષિત અનુષ્ઠાનોથી, જીવોના શસ્ત્રભૂત અનુષ્ઠાનોથી થતી ક્રિયા. આ ક્રિયા બે પ્રકારની છે. (૧) શસ્ત્રભૂત મન કે પદાર્થોના સંયોજન રૂપ. (૨) શસ્ત્રભૂત મન કે પદાર્થોની નિષ્પત્તિ રૂપ.

**(૩) પ્રદ્વેષિકી**–અકુશળ–કષાય યુક્ત પરિણામથી થતી ક્રિયા. તેના ત્રણ પ્રકાર છે– (૧) પોતા ઉપર (૨) બીજા ઉપર (૩) બંને ઉપર(અશુભ મનની ક્રિયા).

**(૪) પરિતાપનિકી–** કષ્ટ પહોંચાડવાથી કે અશાતા ઉત્પન્ન કરવાથી થતી ક્રિયા. આ પણ સ્વ, પર, ઉભયની અપેક્ષાએ ત્રણ પ્રકારની છે.

**(૫) પ્રાણાતિપાતિકી–** કષ્ટ પહોંચાડવાની મર્યાદા ઓળંગીને જીવોના પ્રાણ નાશ પામે અર્થાત્ તેમનું મૃત્યુ થઈ જાય તે ક્રિયા. આ પણ સ્વ, પર, ઉભયની અપેક્ષાએ ત્રણ પ્રકારની છે.

**ક્રિયાઓ પર અનુપ્રેક્ષા–** પ્રથમ ત્રણ ક્રિયાઓ સ્વરૂપમાં એટલી સૂક્ષ્મતમ છે કે સંસારના સમસ્ત જીવોને પ્રતિસમય નિરંતર લાગતી રહે છે. અપ્રમત્તાવસ્થા પછી દશમા ગુણસ્થાનક સુધી આ ત્રણ ક્રિયાઓનું અસ્તિત્વ માનવામાં આવેલ છે.

પાછલી બે ક્રિયાઓ તે જાતની પ્રવૃત્તિ કરવાથી જ લાગે છે, અન્ય સમયે અથવા અન્ય જીવોથી આ બે ક્રિયાઓ લાગતી નથી.

પોતાને જ મારવા–પીડવાથી કે પ્રહાર આદિ કરવાથી સ્વનિમિત્તક પરિતાપનિકી ક્રિયા લાગે છે તેમજ આત્મઘાત કરવાથી સ્વનિમિત્તક પ્રાણાતિપાતિકી ક્રિયા લાગે છે.

પાછળની બંને ક્રિયાઓ છદ્મસ્થોને આભોગ(મન સહિત)તેમજ અનાભોગ (મન વિનાની)બંને પ્રકારે લાગી જાય છે. અર્થાત્ ઈરાદા વગર કોઈ જીવને કષ્ટ પડે અથવા તે મરી જાય, તોપણ ચોથી, પાંચમી ક્રિયા લાગે છે.

વીતરાગ અવસ્થામાં આ પાંચે ય ક્રિયાઓ કહેવામાં આવેલ નથી પરંતુ એક ઈરિયાવહિ ક્રિયા કહી છે. જેનો સમાવેશ પ્રથમ કાયિકી ક્રિયામાં એક અપેક્ષાથી થઈ જાય છે. કેમ કે ઈરિયાવહિકી ક્રિયા પણ કાયાની સૂક્ષ્મ બાદર પ્રવૃત્તિથી સંબંધિત છે. છતાં પણ તેનો અલગાવ એટલા માટે આવશ્યક છે કે. ઈરિયાવહિ ક્રિયામાં કાયિકી ક્રિયા સમાન અનુપરત અને દુષ્પ્રવૃત એમ બે વિભાગ પાડી શકાતા નથી. આ બંનેથી સ્વતંત્ર(જુદી) જ અવસ્થા ઈરિયાવહિ ક્રિયાની વીતરાગ આત્માર્થીઓને હોય છે.

વીતરાગ છદ્મસ્થ આત્માઓને, પંચેન્દ્રિય પ્રાણી પગ નીચે સ્વાભાવિક રીતે દબાઈ જાય તોપણ પરિતાપનિકી કે પ્રાણાતિપાતિકી ક્રિયા લાગતી નથી.

માત્ર ઈરિયાવહિ ક્રિયા જ લાગે છે. તેમજ પરિતાપ કે હિંસાજન્ય કર્મનો બંધ પણ પડતો નથી, માત્ર ઈરિયાવહિ ક્રિયા નિમિત્તક અતિ અલ્પ બે સમયનો બંધ પડે છે.

**પ્રશ્ન–૩ : અઢાર પાપો અને ક્રિયાઓનો સંબંધ કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** પાપ ૧૮ છે– પ્રાણાતિપાતથી લઈને ૧૮ મિથ્યાદર્શન શલ્ય સુધીના.

છ જીવનિકાયના જીવ પ્રાણાતિપાતનો વિષય છે. ગ્રહણ-ધારણ, અદત્તાદાનના વિષય રૂપ છે. રૂપ અને રૂપની સાથેના, દ્રવ્ય મૈથુન-કુશીલ(વ્યભિચાર) ના વિષયભૂત છે. અર્થાત્ મૈથુન ક્રિયાના કારણભૂત અધ્યવસાય, ચિત્ર, કાષ્ટની મૂર્તિ, પૂતળા આદિ રૂપોમાં અથવા પ્રત્યક્ષ સ્ત્રી આદિના વિષયમાં થાય છે. બાકીના ૧૫ પાપ સર્વ દ્રવ્ય(છ દ્રવ્યો)ના વિષયને લગતા છે.

**૨૪ દંડકમાં ક્રિયા–** આ ૧૮ પાપસ્થાનોથી ૨૪ દંડકના જીવોને ક્રિયાઓ લાગે છે. અહીં ભલાવણ(સંક્ષિપ્ત) પાઠ છે. જેથી એકેન્દ્રિય આદિમાં પણ ૧૮ પાપ ગણાવેલ છે. આ અવ્યક્ત ભાવની અપેક્ષા તેમજ અવિરત ભાવની અપેક્ષાએ સમજી શકાય છે. વ્યક્ત ભાવની અપેક્ષા તો જેને મન અને વચન નથી, ચક્ષુ તેમજ ચક્ષુના વિષય નથી તેને મૃષાવાદ, મૈથુન આદિ પાપ દૃષ્ટિગત થતા નથી.

**સક્રિય–અક્રિય–**જીવ અને મનુષ્ય સક્રિય પણ હોય છે અને અક્રિય પણ હોય છે. બાકીના ૨૩ દંડકના જીવ સક્રિય જ હોય છે, અક્રિય હોતા નથી. જીવ પણ મનુષ્યની અપેક્ષા અને મનુષ્ય પણ ૧૪મા ગુણસ્થાનની અપેક્ષા અક્રિય હોય છે. સિદ્ધ બધા અક્રિય છે.

**પ્રશ્ન–૪ : ૨૪ દંડકમાં તથા પરસ્પર જીવોમાં ક્રિયાઓ કેટલી હોય છે ?**

**ઉત્તર–** ૨૪ (બધા)દંડકોમાં કાયિકી આદિ પાંચે ય ક્રિયાઓ હોય છે. એક જીવમાં એક સમયે ક્યારેક ત્રણ, ક્યારેક ચાર, ક્યારેક પાંચ તેમજ ક્યારેક અક્રિય પણ હોય છે.

નારકી દેવતાથી કોઈને પણ પ્રાણાતિપાતની ક્રિયા લાગતી નથી. તેથી તેની અપેક્ષાએ ૨૩ દંડકના જીવોને ક્યારેક ત્રણ તો ક્યારેક ચાર ક્રિયાઓ લાગે છે. મનુષ્યમાં ક્યારેક ત્રણ તો ક્યારેક ચાર ક્રિયાઓ લાગે છે તેમજ અક્રિય પણ હોય છે. ઔદારિકના ૧૦ દંડકોની અપેક્ષા, ૨૩ દંડકના જીવોને ક્યારેક ત્રણ, ક્યારેક ચાર, ક્યારેક પાંચ ક્રિયા લાગે છે. મનુષ્યમાં અક્રિયાનો વિકલ્પ વધારે હોય છે.

એક જીવને, એક જીવની અપેક્ષા, એક જીવને અનેક જીવની અપેક્ષા, અનેક જીવને એક જીવની અપેક્ષા અને અનેક જીવને અનેક જીવની અપેક્ષાએ





૩–૪–૫ ક્રિયાનું કથન સમજી લેવું. અનેક જીવના ચોથા ભાંગામાં(વિકલ્પ) ક્યારેક ત્રણ, ક્યારેક ચાર એમ ન કહેતાં ત્રણ પણ અને ચાર પણ ક્રિયા લાગે એવું કથન કરવું જોઈએ. કારણ કે ઘણા જીવ હોવાથી તેમાં બધા વિકલ્પ એકી સાથે મળે છે. 'ક્યારેક' એમ કહેવાની જરૂર નથી.

**ક્રિયામાં ક્રિયાની ભજના :–**

| ક્રમ | ક્રિયા | નિયમા | ભજના |
|---|---|---|---|
| ૧ | કાયિકી | બીજી, ત્રીજી | ચોથી, પાંચમી |
| ૨ | અધિકરણિકી | પહેલી, ત્રીજી | ચોથી, પાંચમી |
| ૩ | પ્રાદ્વેષિકી | પહેલી, બીજી | ચોથી, પાંચમી |
| ૪ | પરિતાપનિકી | પ્રથમ ત્રણ | પાંચમી |
| ૫ | પ્રાણાતિપાતિકી | પ્રથમ ચારે | – |
| ૬ | અક્રિયા | નહીં | નહીં |

આ ક્રિયાઓના નિયમા–ભજના સંબંધિત સંપૂર્ણ જીવોના ચાર વિભાગ હોય છે. (૧) ક્રમશઃ ત્રણ ક્રિયાવાળા (૨) ક્રમથી ચાર ક્રિયાવાળા (૩) પાંચે ય ક્રિયાવાળા (૪) પાંચે ય ક્રિયા રહિત(અક્રિય).

૧. જે જીવમાં ૨. જે સમયે ૩. જે દેશમાં તેમજ ૪. જે પ્રદેશમાં આ ચારે ય અપેક્ષાથી પણ પાંચે ય ક્રિયાઓ ઉપર મુજબ નિયમા–ભજનામાં હોય છે.

**પ્રશ્ન–૫ : આયોજિતા ક્રિયાનો શું અર્થ છે ? પાપ ક્રિયા અને કર્મબંધનો સંબંધ કયા પ્રકારે છે ?**

**ઉત્તર– આયોજિતા–** આ પાંચે ય ક્રિયાઓને આયોજિતા ક્રિયા પણ કહેવામાં આવે છે. અર્થાત્ જીવોને સંસારમાં જોડવાની, સંસારમાં લગાડવાવાળી આ ક્રિયાઓ છે.

**ક્રિયા અને કર્મબંધ–**પ્રત્યેક જીવ પ્રાણાતિપાત આદિ પાપક્રિયાઓ કરતાં સાત કે આઠ કર્મનો બંધ કરે છે. **અનેક જીવોની અપેક્ષાએ ત્રણ ભાંગા–** (૧) બધા સાત કર્મ બાંધનારા (૨) સાત કર્મ બાંધનારા અધિક અને આઠકર્મ બાંધનારા એક (૩) સાત કર્મ બાંધનારા ઘણા અને આઠ કર્મ બાંધનારા પણ ઘણા.

આયુષ્ય કર્મ, જીવ એક ભવમાં એક જ વાર બાંધે છે, બાકીના સાત કર્મ હંમેશાં બાંધતો રહે છે. તેથી ઉપરના વિકલ્પ બને છે.

દંડકની અપેક્ષાએ ૧૯ દંડકમાં ત્રણ ભાંગા બને છે. સમુચ્ચય જીવ અને

એકેન્દ્રિયમાં ત્રણ ભાંગા (વિકલ્પ) હોતા નથી. કારણ કે તેમાં જીવોની સંખ્યા અધિક હોવાથી આયુષ્યના બંધક સદા મળતા હોય છે.

અઢાર પાપનું સેવન કરવાથી જ્ઞાનાવરણીય આદિ કર્મના બંધ કરતા થકા જીવને કાયિકી આદિ ક્રિયાઓ ૩–૪ કે ૫ હોય છે. અક્રિય હોતા નથી.

અઢાર પાપનું સેવન ન કરતા વિરત જીવને જ્ઞાનાવરણીય આદિ સાત કર્મોનો બંધ કરતાં ૩–૪ કે ૫ ક્રિયાઓ લાગે છે અને વેદનીય કર્મનો બંધ કરતા ૩–૪–૫ ક્રિયાઓ લાગે છે. અથવા અક્રિય પણ હોય છે.

**પ્રશ્ન–૬ : આરંભિકી આદિ પાંચ ક્રિયાઓનું સ્વરૂપ શું છે ? અને તે જીવોમાં કયા પ્રકારે મળે છે ?**

**ઉત્તર–** પાંચ ક્રિયાઓ આ રીતે છે– (૧) આરંભિકી (૨) પરિગ્રહિકી (૩) માયા-પ્રત્યયિકી (૪) અપ્રત્યાખ્યાનપ્રત્યયિકી (૫) મિથ્યાદર્શન પ્રત્યયિકી.

**(૧) આરંભિકી–** જીવને, હિંસાનો સંકલ્પ કે પ્રવૃત્તિ કરવાથી તથા અહિંસામાં પુરુષાર્થ સહિતનો ઉપયોગ ન રાખવાથી આ ક્રિયા લાગે છે. સંસારમાં રહેલા જીવોને તેમજ પ્રમત્ત સંયત સુધીના મનુષ્યોને આ ક્રિયા લાગે છે. અપ્રમત્ત સંયતને આ ક્રિયા હોતી નથી.

**(૨) પરિગ્રહિકી–** પદાર્થો ઉપરનો મૂર્છાભાવ હોય તેને મેળવવામાં આસક્તિ ભાવ હોય તો આ ક્રિયા લાગે છે. અથવા ધાર્મિક આવશ્યક ઉપકરણો ઉપરાંત વધારે પદાર્થોનો સંગ્રહ કરનારા તેમજ ગામ, ઘર કે શિષ્યો, ભક્તોમાં મમત્વભાવ, મારાપણું એવી આસક્તિના પરિણામ રાખનારાને આ પરિગ્રહિકી ક્રિયા લાગે છે. પાંચમા દેશવિરતિ ગુણસ્થાનક સુધી આ ક્રિયા લાગે છે.

**(૩) માયાપ્રત્યયિકી–**સૂક્ષ્મ કે સ્થૂલ કષાયના અસ્તિત્વ–સદ્ભાવમાં આ ક્રિયા લાગે છે. પ્રથમ ગુણસ્થાનકથી દશમા ગુણસ્થાનક સુધી આ ક્રિયા લાગે છે. માયા શબ્દમાં અહીં ચારે ય કષાયોને લીધા છે તેમ સમજવું જોઈએ.

**(૪) અપ્રત્યાખ્યાની પ્રત્યયિકી–**પ્રત્યાખ્યાન નહીં કરનારા બધા અવિરત જીવોને આ ક્રિયા લાગે છે. અપ્રત્યાખ્યાન જ તેનું નિમિત્ત કારણ છે તથા પ્રથમ ગુણસ્થાનથી ચોથા ગુણસ્થાન સુધી આ ક્રિયા છે. દેશવિરતિ શ્રાવકમાં આ ક્રિયા હોતી નથી.

**(૫) મિથ્યાદર્શનપ્રત્યયિકી–**મિથ્યાત્વના પ્રથમ ગુણસ્થાનવર્તી મિથ્યાદૃષ્ટિ જીવોને આ ક્રિયા લાગે છે. તેમનું મિથ્યાત્વ કે અસમ્યક્ત્વ જ આ ક્રિયાનું કારણ છે. સંજ્ઞી જીવોની અપેક્ષા, મિથ્યા સમજ, મિથ્યા માન્યતા, વિપરીત તત્ત્વોની





શ્રદ્ધા જ આ ક્રિયાનું કારણ છે. જિનેશ્વર કથિત તત્ત્વો ઉપરની અશ્રદ્ધા આ ક્રિયાનું કારણ છે, મિશ્રદૃષ્ટિને પણ આ ક્રિયા લાગે છે.

**૨૪ દંડકમાં આરંભિકી આદિ ક્રિયાઓ–**બધા દંડકોમાં ઉપરની પાંચ ક્રિયાઓ હોય છે. નિયમા ભજનાની અપેક્ષા– નારકી અને દેવતાઓમાં શરૂઆતની ચાર ક્રિયાઓ નિયમા હોય છે. પાંચમી મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા, મિથ્યાદૃષ્ટિને હોય છે. સમ્યક્દૃષ્ટિને હોતી નથી. પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયમાં પાંચે ય ક્રિયા નિયમા હોય છે.

તિર્યંચ પંચેન્દ્રિયમાં શરૂની ત્રણ ક્રિયા નિયમા હોય છે. ચોથી, પાંચમી ક્રિયા ભજનાથી હોય છે અર્થાત્ સમ્યક્દૃષ્ટિ જીવોને પાંચમી ક્રિયા હોતી નથી, ચાર નિયમા હોય છે. દેશવિરતી શ્રાવકને અર્થાત્ કંઈક પણ વ્રત પ્રત્યાખ્યાન કરનારાને ચોથી કે પાંચમી ક્રિયા હોતી નથી, ત્રણ ક્રિયાઓ હોય છે. મનુષ્ય અને સમુચ્ચય જીવમાં પાંચે ય ક્રિયા ભજનાથી હોય છે અર્થાત્ ૧–૨–૩–૪ કે પાંચ અથવા અક્રિય પણ હોય છે.

## ક્રિયામાં ક્રિયાની નિયમા–ભજના :–

| ક્રમ | ક્રિયા | નિયમા | ભજના |
|---|---|---|---|
| ૧ | આરંભિકી | ત્રીજી | બીજી, ચોથી, પાંચમી |
| ૨ | પરિગ્રહિકી | પહેલી, ત્રીજી | ચોથી, પાંચમી |
| ૩ | માયાપ્રત્યયિકી | × | ચારે |
| ૪ | અપ્રત્યાખ્યાન | પહેલી, બીજી, ત્રીજી | પાંચમી |
| ૫ | મિથ્યાદર્શન | ચારે | × |
| ૬ | અક્રિયા | નહીં | નહીં |

**પ્રશ્ન–૭ : પાપસ્થાનકની વિરતિ, કર્મ અને ક્રિયા સંબંધી નિરૂપણ કયા પ્રકારે છે ?**

**ઉત્તર– વિરતિ–**છ(ષડ્) જીવનિકાય આદિમાં કે જે દ્રવ્યોમાં પાપ કરવામાં આવે છે, તો પાપની વિરતિ પણ તે અપેક્ષાએ જ થાય છે. અર્થાત્ ૧૫ પાપોની વિરતિ સર્વ દ્રવ્યોની અપેક્ષાએ થાય છે. જ્યારે હિંસા, ચોરી(અદત્ત) અને મૈથુનની વિરતિ ક્રમશઃ ૬ કાયા, ગ્રહણ-ધારણ યોગ્ય દ્રવ્ય તેમજ રૂપ અને રૂપ સહગત દ્રવ્યોની અપેક્ષાએ હોય છે.

અહીં વિરતિભાવ, સર્વવિરતીની અપેક્ષાએ છે. તેથી મનુષ્ય સિવાય

૨૩ દંડકમાં ૧૭ પાપથી વિરતિ નથી. ૧૮મા મિથ્યાત્વ પાપથી વિરતિ પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિયમાં નથી, બાકીના ૧૬ દંડકમાં છે અર્થાત્ નારકી, દેવતા, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં મિથ્યાત્વની વિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે. ૧૭ પાપથી વિરતિ સંયત મનુષ્યને જ હોય છે.

**કર્મબંધ**–મિથ્યાદર્શનથી વિરત ૨૩ દંડકના જીવો આઠ કર્મ બાંધનારા હોય છે. કોઈ સાત કર્મ બાંધનારા હોય છે.

૧૮ પાપનો ત્યાગ કરનારા મનુષ્ય (૧) સાત કર્મ બાંધનારા (૨) આઠ કર્મ બાંધનારા (૩) છ કર્મ બાંધનારા (૪) એક કર્મ બાંધનારા (૫) અબંધક પણ હોય છે.

**સાતકર્મબંધક**– એક આયુષ્ય કર્મ બાંધતા નથી.

**આઠ કર્મબંધક**–બધા કર્મ બાંધતા હોય છે.

**છ કર્મબંધક**–આયુષ્ય કર્મ અને મોહનીય કર્મ ન બાંધે(૧૦મા ગુણસ્થાનવાળા).

**એક કર્મબંધક**–માત્ર વેદનીય કર્મ બાંધે છે.(૧૧, ૧૨ અને ૧૩મા ગુણસ્થાનવાળા).

**અબંધક**– કોઈ કર્મ બાંધતા નથી(૧૪મા ગુણસ્થાનકવાળા).

અહીં સાતના બંધક અને એકના બંધક એમ બે બોલ શાશ્વત છે, બાકીના ત્રણ અશાશ્વત છે અર્થાત્ ક્યારેક હોય છે ક્યારેક હોતા નથી.

(૧) બંને શાશ્વતનો એક ભાંગો (૨) **ત્રણ અશાશ્વતના**–એક અને અનેકની અપેક્ષાએ અસંયોગી ૬ ભાંગા (૩) દ્વિસંયોગી–ત્રણ દ્વિક(બેના જોડકા)ની ત્રણ ચૌભંગી થવાથી ૧૨ ભાંગા (૪) ત્રિસંયોગી– એક ત્રિક થવાથી ૮ ભાંગા. આમ કુલ (૧+૬+૧૨+૮)૨૭ ભાંગા થાય છે. ભાંગાની આ વિધિ ૧૬મા 'પ્રયોગ' પદમાં બતાવેલ છે.

**પાપસ્થાનકોની વિરતિ તેમજ ક્રિયા**– ૧૭ પાપની વિરતિમાં જીવ અને મનુષ્યમાં બે ક્રિયા–આરંભિકી અને માયાપ્રત્યયિકી, આ બેની ભજના. પરિગ્રહીકી આદિ ત્રણ ક્રિયાઓ હોતી નથી.

૧૮મા મિથ્યાત્વ પાપથી વિરતિ પામેલા જીવ મનુષ્યમાં ૪ ક્રિયાની ભજના તેમજ મિથ્યાત્વિકી ક્રિયા હોતી નથી. બાકીના ૧૫ દંડકના જીવોમાં ચાર ક્રિયા નિયમા હોય છે. મિથ્યાત્વિકી ક્રિયા હોતી નથી. આઠ દંડકમાં એક પણ પાપની વિરતિ નથી, મિથ્યાદર્શન છે. અલ્પબહુત્વ–(૧) સૌથી થોડા મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયાવાળા (૨) તેનાથી અપ્રત્યાખ્યાની ક્રિયાવાળા વિશેષાધિક (૩) તેનાથી





પરિગ્રહિકી ક્રિયાવાળા વિશેષાધિક (૪) તેનાથી આરંભિકી ક્રિયાવાળા વિશેષાધિક (૫) તેનાથી માયાપ્રત્યયિકી ક્રિયાવાળા વિશેષાધિક.

# પદ–૨૩ : કર્મપ્રકૃતિ

**પ્રશ્ન–૧ : કર્મોના સંબંધમાં અહીં કયા કયા વિષયોનું નિરૂપણ કરેલ છે ?**

**ઉત્તર**– કર્મો સંબંધી વિવિધ નિરૂપણ અહીં બે ઉદ્દેશકોમાં કરેલ છે. જેમાં **પ્રથમ ઉદ્દેશકમાં**– કર્મબંધનું સ્વરૂપ, કર્મબંધના ચાર પ્રકાર, આઠ કર્મ પ્રકૃતિ, કર્મોની પરંપરા તેમજ તેનાથી મુક્તિ, આઠે ય કર્મ પ્રકૃતિઓનો વિપાક(ફળ) અર્થાત્ ફળ દેવાના પ્રકાર, સંખ્યા સાથે દર્શાવવામાં આવેલ છે. **બીજા ઉદ્દેશકમાં**– આઠ કર્મની ૧૪૮ ઉત્તર કર્મ પ્રકૃતિની જઘન્ય, ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ, અબાધાકાળ અને એકેન્દ્રિય આદિને આ પ્રકૃતિઓનો જઘન્ય-ઉત્કૃષ્ટ બંધ દર્શાવેલ છે. અંતમાં આઠે કર્મોના જઘન્ય સ્થિતિબંધક(બાંધનારા) અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધકનું સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે.

**પ્રશ્ન–૨ : કર્મબંધનું સ્વરૂપ શું છે, તેમજ તે કેટલા પ્રકારે હોય છે ?**

**ઉત્તર**– મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચમાંથી કોઈ પણના નિમિત્તથી આત્મામાં જે અચેતન દ્રવ્ય આવે છે તે જ કર્મ દ્રવ્ય છે. રાગદ્વેષના સંયોગથી તે આત્મા સાથે બંધાઈ જાય છે અને સમય પાકયે એ કર્મ પોતાના સ્વભાવ અનુસાર ફળ આપે છે.

રાગદ્વેષ જનિત(રાગદ્વેષથી ઉત્પન્ન)માનસિક પ્રવૃત્તિ અનુસાર ક્રોધાદિ કષાયવશ શરીરની અને વાચાની ક્રિયા થાય છે તે દ્રવ્યકર્મ ઉપાર્જન કરવાનું કારણ બને છે. હકીકતમાં કષાય પ્રેરિત અથવા કષાય રહિત મન, વચન, કાયાની પ્રવૃત્તિથી જ આત્મામાં કર્મોનું આગમન થાય છે. આ કર્મ પરમાણુઓના ચાર પ્રકારના બંધ હોય છે.

**(૧) પ્રકૃતિ બંધ**–આત્માના જ્ઞાન આદિ ગુણોને આવૃત્ત કરવા(ઢાંકવા) કે સુખ, દુઃખ દેવા રૂપ મુખ્ય આઠ પ્રકારના સ્વભાવોનો બંધ તે **'પ્રકૃતિ બંધ'** છે.

**(૨) સ્થિતિ બંધ**– કર્મોના વિપાકની ફળ દેવાની અવધિ–મુદત નક્કી કરે, બંધ કરે તે **'સ્થિતિબંધ'** છે.

**(૩) અનુભાગ બંધ**–કર્મના રૂપમાં ગ્રહણ કરેલા પુદ્ગલોની ફળ આપવાની શક્તિની તીવ્ર, મંદતા તે **'અનુભાગબંધ'** છે.

**(૪) પ્રદેશ બંધ–** ભિન્ન ભિન્ન સ્વભાવવાળા કર્મપ્રદેશોની સંખ્યાને નિર્ધારિત કરવી, આત્મા સાથે તેનો બંધ થવો તે **'પ્રદેશબંધ'** છે.

**પ્રશ્ન–૩ : કર્મોનું મૌલિક વિભાજન કેટલા પ્રકારથી હોય છે ?**

**ઉત્તર–** લોકમાં કાર્મણ વર્ગણાના સામાન્ય પુદ્ગલો હોય છે તેને આત્મા ગ્રહણ કરે છે. ત્યાર બાદ **આત્મપરિણામોના આધારે** તેનું મૌલિક આઠ કર્મ પ્રકૃતિના રૂપમાં વિભાજન થાય છે. તે પ્રકૃતિબંધના રૂપમાં હોય છે. તેથી પ્રકૃતિની અપેક્ષા કર્મોના મુખ્ય આઠ પ્રકાર છે. આમ આ વર્ગીકરણથી કર્મોની મૂળ પ્રકૃતિ આઠ કહેવામાં આવેલ છે. ઉત્તર પ્રકૃતિ અર્થાત્ આ આઠ કર્મોના અવાંતર ભેદ ૧૪૮ થાય છે. આ અવાંતર ભેદોની અપેક્ષા કર્મબંધનું વિભાજન, વર્ગીકરણ ૧૪૮ પ્રકારે થાય છે. પ્રથમ ઉદ્દેશકમાં આઠ મૌલિક કર્મની પ્રકૃતિની વિચારણા કરવામાં આવી છે. તેમજ બીજા ઉદ્દેશકમાં અવાંતર ૧૪૮ કર્મ પ્રકૃતિઓની વિચારણા છે.

**આઠ કર્મ પ્રકૃતિ– (૧)** જ્ઞાનાવરણીય–આત્માના જ્ઞાન ગુણને ઢાંકે તે **(૨)** દર્શનાવરણીય–દર્શનગુણ તેમજ જાગૃતિને ઢાંકે, આવરણ કરે તે **(૩)** વેદનીય– સુખ, દુઃખની વિભિન્ન અવસ્થાઓ આપે તે **(૪)** મોહનીય– આત્માને મોહિત મતિ બનાવીને કુશ્રદ્ધા, કુમાન્યતા, અસદ્ આચરણોમાં કષાયો તેમજ વિકારોમાં લપેટી લે તે **(૫)** આયુષ્ય–કોઈને કોઈ સાંસારિક ગતિઓની ભવસ્થિતિમાં રોકી રાખે તે **(૬)** નામકર્મ– દેહ(શરીર)ની વિચિત્ર અવસ્થાઓને પ્રાપ્ત કરાવે તે સુંદર, ખરાબ, શક્તિશાળી, નિર્બળ શરીર તેમજ વિભિન્ન સંયોગો પ્રાપ્ત કરાવે તે **(૭)** ગોત્રકર્મ– ઉંચ-નીચ જાતિ, કુળ તેમજ વધતું ઓછું બળ, રૂપ આદિ પ્રાપ્ત કરાવે તે **(૮)** અંતરાયકર્મ–દાન, લાભ, ભોગ, ઉપભોગમાં બાધક અવસ્થાઓ પેદા કરે તે.

**પ્રશ્ન–૪ : કર્મબંધની આ પરંપરા ક્યાં સુધી ચાલે છે, તેનાથી મુક્તિ ક્યારે થાય છે ?**

**ઉત્તર–** એક કર્મના ઉદયથી બીજા કર્મનો ઉદય થતો રહે છે. કર્મના ઉદયથી જીવની મતિ અને પરિણતિ ઉદયાધીન થતી રહે છે, અર્થાત્ કર્મોનો ઉદય, બીજા ઉદયને પ્રેરિત કરે છે અને ઉદયથી આત્માની પરિણતિ પ્રભાવિત થાય છે. પરિણતિની તારતમ્યતાથી પુનઃ કર્મનો બંધ થતો રહે છે. આ પ્રકારે આઠ કર્મના બંધથી અને ઉદયથી આ સંસારચક્ર ચાલતું રહે છે.

પરંતુ જ્યારે આત્મા પોતાની વિશિષ્ટ જ્ઞાન–વિવેક શક્તિથી સશક્ત બની જાય છે ત્યારે તેને કર્મના ઉદયથી પ્રેરિત બુદ્ધિ તેમજ તેવી પરિણતિ થતી નથી અને જીવ જાગૃત રહે છે. તેમજ પૂર્ણ વિવેકની સાથે કર્મ પ્રભાવની પરંપરાને રોકવામાં





સફળ થાય છે ત્યારે ક્રમશઃ કર્મોથી મુક્ત થતો જાય છે, નવા કર્મબંધ ઓછા થાય છે તેનું ફળ પણ ઓછું થવા લાગે છે ત્યારે એક દિવસ કર્મોનો પ્રભાવ પૂર્ણ રૂપથી નષ્ટ થઈ જાય છે અને આત્મા સદાને માટે કર્મોથી તેમજ કર્મબંધનથી અને તેના ફળના ભોગવટાથી દૂર થઈ જાય છે અર્થાત્ પૂર્ણપણે મુક્ત બની જાય છે. તે શાશ્વત સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરી લે છે.

**પ્રશ્ન–૫ : આઠ કર્મનું વેદન–તેનું ફળ જીવને કેટલા પ્રકારે ભોગવવું પડે છે ?**

**ઉત્તર–** ચોવીસે ય દંડકના સમસ્ત જીવો જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોનું વેદન કરે છે. આ કર્મ જીવે પોતે જ સંચિત કરેલા, પોતે જ બાંધેલા હોય છે. સ્વતઃ વિપાક પ્રાપ્ત, ઉદય પ્રાપ્ત હોય છે. આ પ્રકારે એ કર્મ જીવે જ કરેલા તેમજ પરિણામમાં લાવેલા હોય છે. સ્વતઃ ઉદયમાં આવે છે કે પરતઃ(બીજા બાહ્ય પદાર્થોથી)પણ ઉદયમાં આવે છે. તેમજ યોગ્ય ગતિ, સ્થિતિ, ભવને પ્રાપ્ત કરીને આ કર્મ પોતાના વિશિષ્ટ ફળ પ્રગટ કરે છે. જેમ કે નરકગતિને પ્રાપ્ત કરીને વિશિષ્ટ અશાતા વેદનીય, મનુષ્ય તિર્યંચ ગતિ પ્રાપ્ત કરીને વિશિષ્ટ નિદ્રા, દેવ ભવમાં વિશિષ્ટ સુખ આદિ ફળ પ્રગટ કરે છે. આઠે ય કર્મોના વિપાકના અનેક પ્રકાર છે. જેમ કે–

**(૧) જ્ઞાનાવરણીય કર્મનો ૧૦ પ્રકારે વિપાક–** જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી મતિ, શ્રુત, અવધિ,મનઃપર્યવ અને કેવળ એમ પાંચ પ્રકારના જ્ઞાનને આવરણ હોય છે. પરંતુ અહીં મતિજ્ઞાનાવરણીયના પરિણામ રૂપ ૧૦ પ્રકાર કહેલ છે કે જે પાંચ ઈન્દ્રિયો સાથે સંબંધિત છે. આમ છતાં દ્રવ્યેન્દ્રિય નામકર્મથી સબંધિત છે, તેમજ ભાવેન્દ્રિયનો સંબંધ જ્ઞાનાવરણીયથી સંબંધિત છે. સાધન રૂપ જે બાહ્ય-આભ્યંતર શ્રોતેન્દ્રિય(કાન) છે તે નામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. તેમજ લબ્ધિ અને ઉપયોગ ભાવેન્દ્રિય છે તે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. આ ભાવેન્દ્રિયનું આવરણ હોવું તે જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી છે. તેના ક્ષયોપશમથી જે પ્રાપ્તિ થાય તે લબ્ધિ રૂપ છે અને તે પ્રાપ્ત વિષયમાં ઉપયુક્ત થવું તે વિષયને સારી રીતે ગ્રહણ કરવું, સમજવું તે ઉપયોગ રૂપ છે.

૧ થી ૫– ઈન્દ્રિયોના ક્ષયોપશમને આવરિત કરે. ૬ થી ૧૦– પાંચે ય ઈન્દ્રિયોના ઉપયોગ અર્થાત્ તેનાથી થતા જ્ઞાનમાં બાધક બને છે. આ દશ પ્રકારનો વિપાક જ્ઞાનાવરણીય કર્મના ઉદયનો બતાવેલ છે. આ કર્મના ઉદયથી જીવ જાણવા યોગ્ય પણ જાણી શકતો નથી, જાણવાની ઈચ્છા હોય તોપણ જાણી શકતો નથી અને જાણીને પણ ફરી જાણતો નથી અર્થાત્ તેનું પૂર્વમાં થયેલું જ્ઞાન–જાણપણું નાશ પામી જાય છે.

**(૨) દર્શનાવરણીય કર્મનો ૯ પ્રકારે વિપાક**–(૧–૪) ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળ આ ચાર દર્શનને આવરિત કરે(ઢાંકે) (૫) નિદ્રા–સામાન્ય સહજ નિદ્રા આવે. (૬) નિદ્રા-નિદ્રા–પ્રગાઢ નિદ્રા આવે. (૭) પ્રચલા– બેઠા બેઠા નિદ્રા આવે (૮) પ્રચલા-પ્રચલા– ચાલતા ચાલતા નિદ્રા આવે (૯) સ્ત્યાનર્ધિ(થીણદ્ધિ) નિદ્રા–મહાનિદ્રા આવે. દિવસમાં વિચારેલા અસાધારણ કાર્યો રાત્રે ઉઠીને નિદ્રામાં જ કરી લે અને પાછો પુનઃ તે વ્યક્તિ સૂઈ જાય.

આ ૯ પ્રકારના દર્શનાવરણીય કર્મના ઉદયજન્ય વિપાક છે. આ કર્મના ઉદયથી જીવ જોવા જેવા પદાર્થોને જોઈ શકતો નથી. જોવા ઈચ્છતો હોય તોપણ જોઈ શકતો નથી. જોઈ લીધા પછી પણ જોઈ શકતો નથી, જોયેલું ભૂલી જાય છે.

**(૩) વેદનીય કર્મનો ૧૬ પ્રકારે વિપાક**–સાતાવેદનીય– (૧ થી ૫) મનોજ્ઞ શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શના પદાર્થોનો સંયોગ થવો (૬) મન પ્રસન્ન રહે તેવા સંયોગો મળે (૭) બોલવામાં પણ આનંદ અને શાંતિ મળે તેવા સંયોગો પ્રાપ્ત થાય (૮) શરીરને સુખ કે સેવાના સંયોગો મળે. અશાતાવેદનીય– ઉપરના આઠે ય સંયોગોથી વિપરીત સંયોગો પ્રાપ્ત થાય.

**(૪) મોહનીય કર્મોનો પાંચ પ્રકારે વિપાક–** (૧) મિથ્યાત્વ– મિથ્યામતિ થવું. મિથ્યા(ખોટી) શ્રદ્ધા, માન્યતા હોવી (૨) મિશ્ર– મિશ્રમતિ, મિશ્ર શ્રદ્ધા, માન્યતા હોવી (૩) સમકિત મોહનીય–ક્ષાયિક સમકિત પ્રાપ્તિમાં બાધક હોવું (૪) કષાય–૧૬ પ્રકારના કષાયના ભાવોમાં, પરિણામોમાં ભળવું (૫) નોકષાય– વેદ, હાસ્ય, ભય આદિ ૯ નોકષાય રૂપ વિકૃત અવસ્થાઓમાં સંલગ્ન થવું. આ રીતે પાંચ પ્રકારે મોહનીયકર્મનો વિપાક છે.

**(૫) આયુષ્ય કર્મનો ૪ પ્રકારે વિપાક–** (૧) નરકાયુ (૨) તિર્યંચ આયુ (૩) મનુષ્ય આયુ (૪) દેવાયુ રૂપે આયુષ્ય કર્મના ચાર વિપાક છે.

**(૬) નામકર્મના ૨૮ પ્રકારે વિપાક–શુભનામકર્મ**–(૧ થી ૫) પોતાના શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચ શુભ–સારા હોવા (૬) ગતિ(ચાલ) (૭) સ્થિતિ (અવસ્થાન) (૮) લાવણ્ય (૯) યશ (૧૦) ઉત્થાન કર્મ, બળ, વીર્ય, પુઢષાકાર, પરાક્રમ આદિમાં મનપસંદ હોવું (૧૧–૧૪) ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ સ્વર હોવો. **અશુભનામકર્મ**–ઉપરોકત ૧૪ થી વિપરીત હોવું.

**(૭) ગોત્રકર્મનો ૧૬ પ્રકારે વિપાક–ઉચ્ચગોત્ર**–(૧) જાતિ (૨) કુળ (૩) બળ (૪) રૂપ (૫) તપ (૬) શ્રુત (૭) લાભ (૮) ઐશ્વર્ય. આ આઠ શ્રેષ્ઠતમ મળે. **નીચગોત્ર**–ઉપરોક્ત ૮ થી વિપરીત મળે.





**(૮) અંતરાય કર્મનો ૫ પ્રકારે વિપાક–** (૧) દાન (૨) લાભ (૩) ભોગ (૪) ઉપભોગ (૫) વીર્ય–પુઢષાર્થ. આ બધામાં અવરોધ કરે, વિઘ્ન કરે અથવા સંયોગ ન થાય. ઈચ્છા હોવા છતાં, સંયોગ મળવા છતાં પણ ન થઈ શકે. એ બધા અંતરાય કર્મના વિપાક–ફળ છે.

**પ્રશ્ન–૬ : કર્મોના ઉદયમાં શક્ય વિરોધ કે સહયોગ કયા પ્રકારે સંભવ છે તથા બીજા વિશિષ્ટ જાણવા જેવા તત્ત્વ કયા છે ?**

**ઉત્તર– (૧)** મદિરા આદિ સેવનથી જ્ઞાન નાશ પામે, બ્રાહ્મી(દેશી ઔષધ)નું સેવન કરવાથી સ્મૃતિ વિકાસ પામે, ભોજનના પદાર્થોથી નિદ્રા-અનિદ્રા, રોગ-નિરોગી, ઔષધ કે ચશ્માના ઉપયોગથી દષ્ટિ તેજ થાય આદિ પુદ્ગલજન્ય પર(બીજાને) નિમિત્ત કર્મવિપાક પણ હોય છે તેમજ સ્વતઃ અવધિ આદિ જ્ઞાનનું ઉત્પન્ન ન થવું, સ્વતઃ રોગનું આવવું કે જવું ઈત્યાદિ સ્વતઃ કર્મ વિપાક છે.

**(૨)** બેઈન્દ્રિયને કાન, નાક, આંખની લબ્ધિ અને ઉપયોગનો અભાવ હોય છે અર્થાત્ બે ઈન્દ્રિય જીવોને કાન, નાક, આંખ હોતા નથી. તે જ રીતે તેઈન્દ્રિય આદિનું સમજી લેવું. કુષ્ટરોગ(રક્તપીત)થી ઘેરાયેલું શરીર કે લકવાથી(પક્ષઘાત) થી ઘેરાયેલું શરીર હોય તેને સ્પર્શેન્દ્રિયનો લબ્ધિ ઉપયોગ આવરિત થયેલ હોય છે. જન્મથી આંધળા–મૂંગા છે કે પછીથી થયા તેને સાંભળવું (કાન), આંખ(જોવું), સુંઘવું(નાક) આદિ ઈન્દ્રિયોની લબ્ધિ–ઉપયોગને આવરણ છે તેમ સમજવું.

**(૩)** ચક્ષુ–અચક્ષુ દર્શનાવરણીયમાં સામાન્ય ઉપયોગમાં બાધા હોય છે તેમજ જ્ઞાનાવરણીયમાં વિશેષ ઉપયોગ, વિશિષ્ટ અવબોધ આવરિત હોય છે.

**(૪)** કર્મોનો ઉદય, ક્ષયોપશમ આદિથી તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ, ભવથી પણ પ્રભાવિત હોય છે. જેમ કે ઠંડીમાં કે પ્રાતઃકાળે અધ્યયન સ્મૃતિમાં તીવ્રતા મળવી, શાંત એકાંત સ્થાનમાં તત્વજ્ઞાન, ધ્યાન, અનુપ્રેક્ષા વિશેષ ગુણવર્ધક હોય છે. નિદ્રા આવવાથી કે એકાગ્રચિત થવાથી વેદનીય કર્મ સુશુપ્ત(શાંત) થઈ જાય છે. આ રીતે જુદા જુદા ઉદાહરણથી સમજી લેવું જોઈએ.

**(૫)** ઉત્થાન=શરીર સંબંધી ચેષ્ટા, કર્મ=ભ્રમણ–જવું આદિ, બલ=શારીરિક શક્તિ, વીર્ય=આત્મામાં ઉત્પન્ન થતું સામર્થ્ય, પુઢષકાર=આત્મજન્ય સ્વાભિમાન વિશેષ, પરાક્રમ=પોતાના કાર્ય, લક્ષ્યમાં સફળતા મેળવવી. આ ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુઢષકારનો અર્થ છે.

**(૬)** નામકર્મમાં ઈચ્છિત (મનપસંદ) શબ્દાદિનું હોવું ઈષ્ટ શબ્દ આદિ છે. ઈષ્ટ,

કાંત આદિ સ્વરનો અર્થ છે– વીણાની સમાન વલ્લભ પોતાનો સ્વર હોવો, કોયલની સમાન કમનીય સ્વર હોવો, આ જ રીતે બીજાને પણ ગમે, તેવો પ્રિય સ્વર હોવો. આ રીતે ઈષ્ટ શબ્દ અને ઈષ્ટ સ્વર આદિમાં તફાવત સમજવો.

**(૭)** વેદનીય કર્મમાં આપણને ગમતા કે અણગમતા બીજાના શબ્દોનો સંયોગ થાય અને નામકર્મમાં પોતાના શરીરથી સંબંધિત શબ્દાદિ હોય છે. આ બંને કર્મના મનોજ્ઞ અને ઈષ્ટ શબ્દોનો તફાવત છે.

**(૮)** ગધેડા, ઉંટ, કુતરા આદિના શબ્દ અનિષ્ટ હોય છે. કોયલ, પોપટ, મોર આદિના શબ્દો ઈષ્ટ હોય છે.

આ પ્રકારે આ પ્રથમ ઉદ્દેશકમાં આઠ મૂળકર્મ પ્રકૃતિ, તેનું સ્વરૂપ, બંધ સ્વરૂપ તેમજ ઉદયના પ્રકાર અર્થાત્ ફળ દેવાના પ્રકાર બતાવવામાં આવેલ છે. આગળના બીજા ઉદ્દેશકમાં આઠ મૂળ કર્મપ્રકૃતિની ઉત્તર પ્રકૃતિઓ અને તેના ભેદાનુભેદનું વર્ણન કરેલ છે. સાથે જ એ બધી પ્રકૃતિઓનો જઘન્ય અને ઉત્કૃષ્ટ બંધકાલ–સ્થિતિઓ બતાવેલ છે. ॥ **ઉદ્દેશક–૧ સમાપ્ત** ॥

**પ્રશ્ન–૭ : આઠ કર્મપ્રકૃતિઓના ઉત્તરભેદ કયા પ્રકારે છે અને સ્થિતિની અપેક્ષા તેમનો બંધ જઘન્ય–ઉત્કૃષ્ટ કેટલો હોય છે ?**

**ઉત્તર–** આઠ કર્મમાં જ્ઞાનાવરણીય, આયુષ્ય અને અંતરાયકર્મની માત્ર ઉત્તર પ્રકૃતિઓ કહેલ છે. તેના પુનઃ ભેદ કરેલ નથી. બાકીના પાંચ કર્મોની ઉત્તર પ્રકૃતિઓના પુનઃ અનેક ભેદ કરવામાં આવેલ છે.

(૧) જ્ઞાનાવરણીય–ઉત્તર પ્રકૃતિ પાંચ છે. (૨) દર્શના વરણીય–ઉત્તર પ્રકૃતિ બે તેમજ તેના ભેદ ૯ છે. (૩) વેદનીય–ઉત્તર પ્રકૃતિ બે, તેના ઉત્તરભેદ ૧૬ છે. (૪) મોહનીય–ઉત્તરપ્રકૃતિ બે તેના ભેદ પાંચ છે અને તેના કુલ ૨૮ ભેદાનુભેદ છે. (૫) આયુષ્ય–ઉત્તર પ્રકૃતિ ચાર છે. (૬) નામકર્મ–ઉત્તરપ્રકૃતિ ૪૨ છે અને તેના ભેદ ૯૩ છે. (૭) ગોત્રકર્મ–ઉત્તર પ્રકૃતિ બે અને તેના ભેદ ૧૬ છે. (૮) અંતરાયકર્મ–ઉત્તરપ્રકૃતિ પાંચ છે. આમ કુલ ૧૭૬ ભેદ થાય છે.

તેમાંથી ૧૪૮ ઉત્તરપ્રકૃતિની બંધ, સ્થિતિ બતાવવામાં આવેલ છે. ૨૮ ભેદોને ઓછા કરી દીધેલ છે. વેદનીય અને ગોત્રકર્મના ૧૬–૧૬ ભેદ કહેલ છે પરંતુ બંધસ્થિતિ માત્ર બે–બે ભેદોની જ કહી છે. તેથી બંનેના ૧૪+૧૪=૨૮ ઓછા થવાથી ૧૭૬–૨૮=૧૪૮ થાય છે.





## ૧૪૮ કર્મ પ્રકૃતિની બંધ સ્થિતિ–

| ક્રમ | કર્મ પ્રકૃતિ નામ | જઘન્ય બંધ સ્થિતિ | ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ |
|---|---|---|---|
| ૧-૫ | મતિ જ્ઞાનાવરણીય આદિ પાંચ | અંતર્મુહૂર્ત | ૩૦ ક્રોડાક્રોડી સાગર. |
| ૬-૯ | ચક્ષુદર્શનાવરણીય આદિ ચાર | અંતર્મુહૂર્ત | ૩૦ ક્રોડાક્રોડી સાગર. |
| ૧૦-૧૪ | નિદ્રા આદિ પાંચ | ૩/૭ સાગર. સાધિક | ૩૦ ક્રોડાક્રોડી સાગર. |
| ૧૫ | ઈર્યાવહિ શાતા વેદનીય<br>સાંપરાયિકશાતા વેદનીય | બે સમય<br>૧૨ મુહૂર્ત | બે સમય<br>૧૫ ક્રોડાક્રોડી સાગર |
| ૧૬ | અશાતા વેદનીય | ૩/૭ સાગરોપમ દેશોન | ૩૦ ક્રોડાક્રોડી સાગર |
| ૧૭ | સમ્યક્ત્વ મોહનીય | અંતર્મુહૂર્ત | ૬૬ સાગર સાધિક |
| ૧૮ | મિથ્યાત્વ મોહનીય | ૧ સાગર. દેશોન | ૭૦ ક્રોડાક્રોડી સાગર |
| ૧૯ | મિશ્ર મોહનીય | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૨૦-૩૧ | ત્રણ કષાય ચોક (૧૨) | ૪/૭ સાગર. દેશોન | ૪૦ ક્રોડાક્રોડી સાગર. |
| ૩૨-૩૫ | સંજ્વલન કષાય ચોક | ૨ માસ / ૧ માસ/<br>અર્ધમાસ/અંતર્મુહૂર્ત | ૪૦ ક્રોડાક્રોડી<br>સાગરોપમ |
| ૩૬ | સ્ત્રી વેદ | સાતિયા દોઢ ભાગ<br>સાગરોપમ દેશોન | ૧૫ ક્રોડાક્રોડી<br>સાગરોપમ |
| ૩૭ | પુઢષ વેદ | ૮ વર્ષ | ૧૦ ક્રોડાક્રોડી સાગર |
| ૩૮ | નપુંસક વેદ | ૨/૭ સાગર. દેશોન | ૨૦ ક્રોડાક્રોડી સાગર |
| ૩૯-૪૦ | હાસ્ય, રતિ | ૧/૭ સાગર દેશોન | ૧૦ ક્રોડાક્રોડી સાગર |
| ૪૧-૪૪ | અરતિ, ભય શોક, દુગંછા | ૨/૭ સાગર દેશોન | ૨૦ ક્રોડાક્રોડી સાગર |
| ૪૫-૪૬ | નરકાયુ, દેવાયુ | ૧૦૦૦૦ વર્ષ<br>સા. અંતર્મુહૂર્ત | ૩૩ સાગર + ૧/૩<br>કરોડ પૂર્વ |
| ૪૭-૪૮ | તિર્યંચાયુ મનુષ્યાયુ | અંતર્મુહૂર્ત | ૩ પલ્ય+૧/૩ કરોડ પૂર્વ |
| ૪૯ | નરક ગતિ | ૨/૭ હજાર સાગર દેશોન | ૨૦ ક્રોડાક્રોડી સાગર |
| ૫૦ | તિર્યંચ ગતિ | ૨/૭ સાગરોપમ દેશોન | ૨૦ ક્રોડાક્રોડી સાગર |
| ૫૧ | મનુષ્ય ગતિ | સાતિયા દોઢ ભાગ<br>સાગરોપમ દેશોન | ૧૫ ક્રોડાક્રોડીસાગર<br>સાગરોપમ |
| ૫૨ | દેવ ગતિ | ૧/૭ હજાર સાગર દેશોન | ૧૦ ક્રોડાક્રોડી સાગર |
| ૫૩ | એકેન્દ્રિય જાતિ | ૨/૭ સાગર સાગર દેશોન | ૨૦ ક્રોડાક્રોડી સાગર |
| ૫૪-૫૬ | બેઈન્દ્રિયાદિ ત્રણ જાતિ | ૯/૩૫ સાગર દેશોન | ૧૮ ક્રોડાક્રોડી સાગર |

| | | | |
|---|---|---|---|
| ૫૭ | પંચેન્દ્રિય જાતિ | ૨/૭ સાગર. દેશોન | ૨૦ ક્રોડાક્રોડી સાગર |
| ૫૮ | ઔદારિક શરીર | ૨/૭ સાગર. દેશોન | ૨૦ ક્રોડાક્રોડી સાગર. |
| ૫૯ | વૈક્રિય શરીર | ૨/૭ હજાર સાગર. દેશોન | ૨૦ ક્રોડાક્રોડી સાગર |
| ૬૦ | આહારક શરીર | અંતઃ ક્રોડાક્રોડી સાગર | અંતઃક્રોડાક્રોડી સાગર |
| ૬૧-૬૨ | તૈજસ કાર્મણ શરીર | ૨/૭ સાગર દેશોન | ૨૦ ક્રોડાક્રોડી સાગર |
| ૬૩-૭૨ | ૫ બંધન, ૫ સંઘાતન | સ્વ શરીર સમાન | સ્વ શરીર સમાન |
| ૭૩-૭૫ | અંગોપાંગ ત્રણ | સ્વ શરીર સમાન | સ્વ શરીર સમાન |
| ૭૬ | વજ્ર ઋષભ નારાચ સંઘયણ | ૫/૩૫ (૧/૭) સાગર દેશોન | ૧૦ ક્રોડાક્રોડી સાગર |
| ૭૭ | ઋષભ નારાચ સંઘયણ | ૬/૩૫ સાગર દેશોન | ૧૨ ક્રોડાક્રોડી સાગર |
| ૭૮ | નારાચ સંઘયણ | ૭/૩૫ (૧/૫) સાગર. દેશોન | ૧૪ ક્રોડાક્રોડી સાગર |
| ૭૯ | અર્ધનારાચ | ૮/૩૫ સાગર. દેશોન | ૧૬ ક્રોડાક્રોડી સાગર. |
| ૮૦ | કીલિકા સંઘયણ | ૯/૩૫ સાગર. દેશોન | ૧૮ ક્રોડાક્રોડી સાગર. |
| ૮૧ | સેવાર્ત સંઘયણ | ૧૦/૩૫ (૨/૭)સાગર. દેશોન. | ૨૦ ક્રોડાક્રોડી સાગર. |
| ૮૨-૮૭ | સંસ્થાન ૬ | સંઘયણની સમાન | |
| ૮૮ | સફેદ વર્ણ | ૪/૨૮ (૧/૭)સાગર. દેશોન | ૧૦ ક્રોડાક્રોડી સાગર |
| ૮૯ | પીળો વર્ણ | ૫/૨૮ સાગર. દેશોન | ૧૨-૧/૨ ક્રોડાક્રોડી સાગર |
| ૯૦ | લાલ વર્ણ | ૬/૨૮ સાગર. દેશોન | ૧૫ ક્રોડાક્રોડી સાગરો. |
| ૯૧ | નીલો વર્ણ | ૭/૨૮ (૧/૪) સાગર. દેશોન | ૧૭–૧/૨ ક્રો.ક્રો. સાગર. |
| ૯૨ | કાળો વર્ણ | ૮/૨૮ (૨/૭)સાગર. દેશોન. | ૨૦ ક્રોડાક્રોડી સાગર. |
| ૯૩ | સુગંધ | ૧/૭ સાગર. | ૧૦ ક્રોડાક્રોડી સાગર. |
| ૯૪ | દુર્ગંધ | ૨/૭ સાગર. દેશોન | ૨૦ ક્રોડાક્રોડી સાગર |
| ૯૫-૯૯ | પાંચ રસ | પાંચ વર્ણની સમાન | |
| ૧૦૦-૧૦૩ | કર્કશ, ગુઢ | ૨/૭ સાગર. દેશોન | ૨૦ ક્રોડાક્રોડી સાગર. |
| ૧૦૪-૧૦૭ | મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ | ૧/૭ સાગર દેશોન | ૧૦ ક્રોડાક્રોડી સાગર |
| ૧૦૮-૧૧૦ | અગુઢ લઘુ, ઉપઘાત, પરાઘાત | ૨/૭ સાગર. દેશોન | ૨૦ ક્રોડાક્રોડી સાગર |
| ૧૧૧-૧૧૪ | ચાર આનુપૂર્વી | ૪ ગતિની સમાન | |
| ૧૧૫-૧૧૮ | ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, નિર્માણ નામકર્મ | ૨/૭ સાગરોપમ (થોડું ઓછું) | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૧૯ | તીર્થંકર નામકર્મ | અંતઃ ક્રો.કો. સાગર. | અંતઃ ક્રો.કો. સાગર. |
| ૧૨૦ | શુભ વિહાયોગતિ | ૧/૭ સાગર. દેશોન | ૧૦ ક્રોડાક્રોડી સાગર |
| ૧૨૧ | અશુભ વિહાયોગતિ | ૨/૭ સાગર. દેશોન | ૨૦ ક્રોડાક્રોડી સાગર. |





| | | | |
|---|---|---|---|
| ૧૨૨-૧૨૬ | ત્રસ, સ્થાવર, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક | ૨/૭ સાગરોપમ (થોડું ઓછું) | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૨૭-૧૨૯ | સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ | ૯/૩૫ સાગર. દેશોન | ૧૮ ક્રોડાક્રોડિ સાગર. |
| ૧૩૦-૧૩૪ | સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય નામકર્મ | ૧/૭ સાગરોપમ (થોડું ઓછું) | ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૩૫-૧૪૦ | અસ્થિર, અશુભ, દુર્ભગ, દુશ્વર, અનાદેય, અયશ. | ૨/૭ સાગરોપમ (થોડું ઓછું) | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૪૧ | યશકીર્તિ નામકર્મ | આઠ મુહૂર્ત | ૧૦ ક્રોડાક્રોડી સાગર |
| ૧૪૨ | ઉચ્ચ ગોત્ર | આઠ મુહૂર્ત | ૧૦ ક્રોડાક્રોડી સાગર |
| ૧૪૩ | નીચ ગોત્ર | ૨/૭ સાગર. દેશોન | ૨૦ ક્રોડાક્રોડી દેશોન |
| ૧૪૪–૧૪૮ | દાનાંતરાયાદિ પાંચ | અંતમુહૂર્ત | ૩૦ ક્રોડાક્રોડી સાગર. |

**પ્રશ્ન–૮ : ૧૪૮ પ્રકૃતિ બંધ સંબંધી વિશેષ જાણવા યોગ્ય તત્ત્વ કયા-કયા છે ?**

**ઉત્તર–** (૧) ૧/૭ સાગર, ૨/૭ સાગર આદિ જે જઘન્ય બંધસ્થિતિ છે તે એકેન્દ્રિયની અપેક્ષાએ હોય છે. આયુષ્યને છોડીને જે આઠ મુહૂર્ત, અંતર્મુહૂર્તનો જઘન્ય બંધ છે તે અપ્રમત્ત ગુણસ્થાનકોની અપેક્ષાએ છે.

(૨) જ્યાં ઉત્કૃષ્ટ બંધ ૧૦ ક્રોડાક્રોડી સાગરનો હોય છે ત્યાં જઘન્ય ૧/૭ સાગર હોય છે. તે જ રીતે ૨૦ સાગરનો ૨/૭, ૩૦ સાગરનો ૩/૭ હોય છે.

(૩) જઘન્ય ઉત્કૃષ્ટ બે સમયનો બંધ વીતરાગ અવસ્થાનો છે.

(૪) જઘન્ય–ઉત્કૃષ્ટ અંતઃ ક્રોડાક્રોડી બંધ સમ્યક્દૃષ્ટિ, શ્રાવક તેમજ સાધુની અપેક્ષાએ છે.

(૫) નામકર્મમાં ૧૪ પિંડ પ્રકૃતિ છે અનેઆઠ પ્રત્યેક પ્રકૃતિ છે અર્થાત્ આઠ એક ભેદવાળી અને ૧૪ અનેક ભેદવાળી પ્રકૃતિઓ છે.

(૬) આઠ પ્રત્યેક પ્રકૃતિ– ૧. અગુઢ–લઘુ ૨. ઉપઘાત ૩. પરાઘાત ૪. ઉચ્છ્વાસ ૫. આતપ ૬. ઉદ્યોત ૭. તીર્થંકર ૮. નિર્માણ.

(૭) ૧૪ પિંડ પ્રકૃતિ–(૧) ગતિ–૪ (૨) જાતિ–૫ (૩) શરીર–૫ (૪) અંગોપાંગ–૩ (૫) બંધન–૫ (૬) સંઘાતન–૫ (૭) સંહનન–૬ (૮) સંસ્થાન–૬ (૯) વર્ણ–૫ (૧૦) ગંધ–૨ (૧૧) રસ–૫ (૧૨) સ્પર્શ–૮ (૧૩) આનુપૂર્વી–૪ (૧૪) વિહાયોગતિ–૨.

(૮) બે દશક–**૧. ત્રસદશક–**ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, શુભગ,

સુસ્વર, આદેય, યશકીર્તિ, **૨. સ્થાવર દશક**–સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશઃકીર્તિ.

**પ્રશ્ન–૯ : અબાધાકાળ શું છે ? સમુચ્ચય અબાધાકાળ કેટલો હોય છે ?**

**ઉત્તર–** પ્રત્યેક કર્મ પ્રકૃતિની બંધસ્થિતિના અનુપાતથી અબાધાકાળ હોય છે. જે કર્મપ્રકૃતિની જેટલા ક્રોડાક્રોડીની બંધસ્થિતિ હોય તેટલા જ સો વર્ષનો અબાધાકાળ જાણવો જોઈએ. અબાધાકાળ=છૂટ. અબાધાકાળ જેટલા સમયમાં પ્રદેશ બંધ પણ હોતો નથી. તેથી તેટલા સમય સુધી પ્રદેશ ઉદય પણ થતો નથી.

| ઉત્કૃષ્ટ બંધ | ઉત્કૃષ્ટ અબાધાકાલ |
|---|---|
| ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમના | ૭૦૦૦ વર્ષ |
| ૩૦ ક્રોડાક્રોડ સાગરોપમના | ૩૦૦૦ વર્ષ |
| ૨૦ ક્રોડાક્રોડ સાગરોપમના | ૨૦૦૦ વર્ષ |
| ૧૫ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૫૦૦ વર્ષ |
| ૧૦ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૦૦૦ વર્ષ |
| ૧૨ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૨૦૦ વર્ષ |
| ૧૮ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૮૦૦ વર્ષ |
| ૧૭$\frac{૧}{૨}$ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૭૫૦ વર્ષ |
| ૧૪ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૪૦૦ વર્ષ |
| ૧૬ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૬૦૦ વર્ષ |
| ૧૨$\frac{૧}{૨}$ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૨૫૦ વર્ષ |

**પ્રશ્ન–૧૦ : એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના બંધકાળનું વર્ગીકરણ કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ બંધ એક સાગરોપમ છે. બેઈન્દ્રિયનો ૨૫ સાગરોપમ, તેઈન્દ્રિયનો ૫૦ સાગરોપમ, ચૌરેન્દ્રિયનો ૧૦૦ સાગરોપમ, અસંજ્ઞી પંચેન્દ્રિયનો ૧૦૦૦ સાગરોપમનો ઉત્કૃષ્ટ બંધ છે. આ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમવાળા મિથ્યાત્વ મોહકર્મની અપેક્ષાએ છે, અન્ય જે પ્રકૃતિનો જેટલો ઉત્કૃષ્ટ બંધ હોય તેનો તેના અનુપાતથી સમજી લેવો જોઈએ. અર્થાત્ સંજ્ઞી પંચેન્દ્રિયના ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ બરાબર એકેન્દ્રિયનો એક સાગરોપમ.

એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીનો જઘન્ય બંધકાળ તેના પોતાના ઉત્કૃષ્ટ બંધકાળથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો હોય છે.





**એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ બંધકાલ વિવરણ :–**

| પ્રકૃતિ | ઉત્કૃષ્ટ બંધસમુચ્ચય | એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ બંધ |
|---|---|---|
| જ્ઞાનાવરણીયાદિ | ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ | $\frac{૩}{૭}$સાગરોપમ |
| સાતાવેદનીય | ૧૫ ક્રોડાક્રોડી સાગરોપમ | સાતિયા દોઢ સાગરોપમ |
| મિથ્યાત્વ મોહ | ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ | ૧ સાગરોપમ |
| ૧૬ કષાય | ૪૦ ક્રોડાક્રોડી સાગરોપમ | $\frac{૪}{૭}$ સાગરોપમ |
| પુરુષ વેદ | ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ | $\frac{૧}{૭}$ સાગરોપમ |
| બેઈન્દ્રિય જાતિ | ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમ | $\frac{૯}{૩૫}$ સાગરોપમ |
| ૠષભ નારાચ | ૧૨ ક્રોડાક્રોડી સાગરોપમ | $\frac{૬}{૩૫}$ સાગરોપમ |
| નીલાવર્ણ | ૧૭$\frac{૧}{૨}$ ક્રોડાક્રોડી સાગરોપમ | $\frac{૭}{૨૮}$ સાગરોપમ |

આ જ રીતે બધી પ્રકૃતિઓમાં પણ એકેન્દ્રિયનો બંધ જાણી લેવા.૧૩ પ્રકૃતિનો બંધ એકેન્દ્રિયને હોતો નથી. તેથી ૧૪૮–૧૩=૧૩૫ પ્રકૃતિનો બંધ હોય છે. **આયુષ્ય કર્મબંધ** જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ એક કરોડપૂર્વ અને ૨૨ હજાર વર્ષનો ૩જો ભાગ અધિક ગણવો.

**તેર પ્રકૃતિ–** નરક ત્રિક, દેવ ત્રિક, વૈક્રિય દ્વિક, આહારક દ્વિક અને તીર્થંકર નામકર્મ, મિશ્ર મોહ, સમકિત મોહ.

**વિકલેન્દ્રિય આદિનો બંધ–** બેઈન્દ્રિયમાં પણ આ ૧૩૫ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ બંધ ૨૫ ગણો અર્થાત્ ૨૫ સાગરોપમનો ઉપરોક્ત ભાગ સમજી લેવો. જઘન્યબંધ, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો સમજવો. આ પ્રકારે તેઈન્દ્રિયની ૧૩૫ પ્રકૃતિનો બંધ ૫૦ ગણો, ચૌરેન્દ્રિયનો ૧૦૦ ગણો અને અસંજ્ઞી પંચેન્દ્રિયનો ૧૦૦૦ ગણો સમજી લેવો.

**આયુષ્યનો બંધ**, એકેન્દ્રિયની સમાન જ વિકલેન્દ્રિયનો હોય છે. અસંજ્ઞી પંચેન્દ્રિયનો આયુષ્ય બંધ જઘન્ય અંતર્મુહૂર્ત(મનુષ્ય, તિર્યંચ આયુ) તેમજ જઘન્ય અંતર્મુહૂર્ત સાધિક ૧૦,૦૦૦ વર્ષ(દેવ, નરકનું આયુ)નું હોય છે, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને ૧/૩ કરોડપૂર્વ અધિક.

અસંજ્ઞી પંચેન્દ્રિય પાંચ પ્રકૃતિનો બંધ કરતા નથી. જેમ કે તીર્થંકર નામ, આહારક દ્વિક, મિશ્રમોહ અને સમકિતમોહ. બાકીના ૧૪૮–૫=૧૪૩ પ્રકૃતિનો બંધ ઉપરોક્ત રીતથી જાણવો.

સંજ્ઞી પંચેન્દ્રિયમાં ત્રણ ગતિમાં બધી પ્રકૃતિનો જઘન્ય અંતો ક્રોડાક્રોડી સાગરોપમનો બંધ થાય છે. ઉત્કૃષ્ટ સમુચ્ચયની સમાન બંધ હોય છે.

જેનો સમુચ્ચયમાં જઘન્ય બંધ અંતર્મુહૂર્ત આદિ છે તે મનુષ્યમાં પણ તેટલો જ છે. જેનો જઘન્ય બંધ સાગરોપમમાં છે. તેનો મનુષ્યમાં અંત ક્રોડાક્રોડી સાગરોપમ છે. **આયુબંધ** સંજ્ઞીમાં–નારકી દેવતામાં તિર્યંચાયુ બંધ જઘન્ય અંતર્મુહૂર્ત+૬ માસ, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ +૬ માસ, મનુષ્ય આયુ બંધ– જઘન્ય અનેક માસ(અથવા અનેક વર્ષ)+૬ માસ, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ+૬ માસ. તિર્યંચમાં ત્રણ ગતિનું આયુષ્ય સમુચ્ચયની સમાન તેમજ દેવાયુ બંધ ઉત્કૃષ્ટ ૧૮ સાગરોપમ+ ૧/૩ કરોડપૂર્વ છે. મનુષ્યમાં–ચારે ય ગતિનું આયુષ્ય સમુચ્ચયની સમાન છે.

**પ્રશ્ન–૧૧ : કર્મોનો જઘન્ય બંધ ક્યારે, ક્યાં થાય છે તેમજ ઉત્કૃષ્ટ બંધ ક્યારે અને ક્યાં થાય છે ?**

**ઉત્તર– જઘન્ય કર્મબંધક**–આયુકર્મ–અસંક્ષેપદ્ધા(અંતિમ અંતર્મુહૂર્ત)માં પ્રવિષ્ટ (પ્રવેશેલો)જીવ સર્વ, જઘન્ય આયુબંધ કરે છે. મોહકર્મ–૮–૯માં ગુણસ્થાનવાળો મનુષ્ય સર્વ જઘન્ય મોહનીય કર્મનો બંધ કરે છે. બાકીના ૬ કર્મ ૧૦મા ગુણસ્થાન-વાળા સર્વ જઘન્ય બંધ કરે છે.

**ઉત્કૃષ્ટ કર્મ બંધક**– ૭ કર્મ–સંજ્ઞી પંચેન્દ્રિય, પર્યાપ્ત, જાગૃત, સાકારોપયુક્ત, મિથ્યાદૃષ્ટિ, કૃષ્ણલેશી, ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી અને કંઈક ન્યૂન(મધ્યમ) સંકલિષ્ટ પરિણામી નારકી, દેવતા, દેવી, કર્મભૂમિ તિર્યંચ-તિર્યંચાણી, મનુષ્ય-મનુષ્યાણી ઉત્કૃષ્ટ સાતે ય કર્મોનો બંધ કરે છે. આયુષ્યકર્મ (૧) કર્મભૂમિ સંજ્ઞી તિર્યંચ અને મનુષ્ય(પુરુષ) પર્યાપ્ત, જાગૃત, સાકારોપયુક્ત, મિથ્યાદૃષ્ટિ, પરમ-કૃષ્ણલેશી, ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી જ ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમનું નારકીનું આયુષ્ય બંધ કરે છે. (૨) તથા સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય, શુક્લલેશી, અપ્રમત્ત, સંયત, વિશુદ્ધ પરિણામી પણ તેત્રીસ સાગરોપમનું સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનના દેવનું આયુષ્ય બાંધે છે. અર્થાત્ મનુષ્ય, નરક અને દેવતા બંનેનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાંધે છે. (૩) મનુષ્યાણી, પર્યાપ્ત, જાગૃત, સમ્યગ્દૃષ્ટિ, શુક્લલેશી, અપ્રમત્ત. સંયત ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમનું સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનના દેવનું આયુષ્ય બાંધે છે. નારકીનું નહીં. ॥ **ઉદ્દેશક–૨ સમાપ્ત** ॥

# પદ–૨૪ : કર્મબંધ
## (બાંધતો બાંધે)

**પ્રશ્ન–૧ : કર્મોના સંબંધમાં અહીં કયા કયા વિષયોનું નિરૂપણ છે ?**

**ઉત્તર–** જીવ જ્ઞાનાવરણીય આદિ કોઈ કર્મની મુખ્યતાએ કર્મબંધ કરે છે ત્યારે





સાથે આઠે ય કર્મોમાંથી અનેક કર્મોનો બંધ કરે છે. ગુણસ્થાનકની અપેક્ષાએ આ કર્મોની સંખ્યામાં વધતા ઓછાપણું હોઈ શકે છે. તથા આઠ કર્મોમાં એક આયુષ્ય કર્મ એવું છે જેનો જીવનમાં માત્ર એક જ વાર બંધ થાય છે. અન્ય સાતે ય કર્મ પ્રાયઃ બધા જીવો દરેક સમયે બાંધતા રહે છે. તોપણ ગુણસ્થાનોના વિકાસથી તેમાં ઘટાડો થાય છે. જેમકે છટ્ઠા, સાતમા ગુણસ્થાનકવાળા જીવને, જીવનમાં એકવાર આઠ કર્મોનો અને અન્ય સમયે સાતે ય કર્મોનો બંધ નિરંતર થતો રહે છે. આઠમા, નવમા, ગુણસ્થાનકમાં આયુષ્યકર્મનો બંધ ન હોવાથી માત્ર સાત કર્મ નિરંતર બાંધે છે. ત્યાં આઠ કર્મના બંધનો વિકલ્પ હોતો નથી. દશમા ગુણસ્થાનકે મોહનીયકર્મનો બંધ પણ ન હોવાથી ૬ કર્મોનો બંધ થાય છે. આગળના ગુણસ્થાનક ૧૧,૧૨,૧૩ માં માત્ર વેદનીય કર્મનો જ બંધ હોય છે. તેની સાથે બીજા કોઈ પણ કર્મબંધ તે ગુણસ્થાનવર્તી જીવોને હોતો નથી. ૧૪મા ગુણસ્થાનમાં સર્વ કર્મનો અબંધ થઈ જાય છે. આ રીતે સંખ્યાની અપેક્ષા કર્મબંધ પાંચ પ્રકારથી બને છે–

(૧) સપ્તવિધ બંધક આયુષ્યકર્મ છોડીને બાકીના સાત કર્મ બાંધનારા (૨) અષ્ટવિધ બંધક– બધા જ કર્મ બાંધનારા (૩) છ વિધ બંધક– આયુષ્ય અને મોહનીયકર્મ છોડીને બાકીના ૬ કર્મબંધ બાંધનારા (૪) એકવિધ બંધક– વેદનીય કર્મ બાંધનારા (૫) અબંધક–૧૪મા ગુણસ્થાનવર્તી તેમજ સિદ્ધ.

**પ્રશ્ન–૨ : ૨૪ દંડકની અપેક્ષા એક કર્મ બાંધતો થકો જીવ કેટલા કર્મ બાંધે ?**

**ઉત્તર– નારકી, દેવતા**–(બાંધતો બાંધે)જ્ઞાનાવરણીય કર્મ બાંધતો એક નારકી કે એક દેવતા સપ્તવિધ બંધક છે કે અષ્ટવિધ બંધક છે. અનેક નારકી કે દેવની અપેક્ષા. (૧) બધા સપ્તવિધ બંધક અથવા (૨) વધુ સપ્તવિધ બંધક અને એક અષ્ટવિધ બંધક અથવા (૩) વધુ સપ્તવિધ બંધક અને વધુ અષ્ટવિધ બંધક. આ રીતે ત્રણ ભાંગા બને છે. આ જ રીતે દર્શનાવરણીય આદિ છ કર્મને બાંધતો બાંધેનું કથન છે. નારકી દેવતામાં આયુષ્યકર્મ બાંધતા નિયમા આઠ કર્મનો બંધ હોય છે.

**પાંચ સ્થાવર**–બાંધતોબાંધે– જ્ઞાનાવરણીય કર્મ બાંધતા એક સ્થાવર જીવ સપ્તવિધ બંધક કે અષ્ટવિધ બંધક છે. અનેકની અપેક્ષાએ સપ્તવિધ બંધક પણ વધુ અને અષ્ટવિધ બંધક પણ વધુ હોય છે. દર્શનાવરણીય આદિ છ કર્મ પણ આ જ રીતે કહેવા. આયુ બાંધતા એક કે અનેક જીવ નિયમા અષ્ટવિધ બંધક છે.

**મનુષ્ય**–બાંધતોબાંધે–જ્ઞાનાવરણીય બાંધતો થકો એક મનુષ્ય સપ્તવિધ બંધક કે અષ્ટવિધ બંધક અથવા છવિધ બંધક હોય છે અનેક મનુષ્યની અપેક્ષાએ ૯ ભાંગા થાય છે. કેમકે એક શાશ્વત અને બે અશાશ્વતના ૯ ભાંગા બને તે ૧૬મા પદ

**પ્રયોગ**માં બતાવ્યા અનુસાર સમજવા. જ્ઞાનાવરણીયની જેમ દર્શનાવરણીય, નામકર્મ, ગોત્રકર્મ અને અંતરાયકર્મનું કથન છે. **વેદનીય** બાંધતો થકો એક મનુષ્ય, સપ્તવિધ બંધક, અષ્ટવિધબંધક, છવિધબંધક કે એકવિધબંધક હોય છે. અનેક મનુષ્યની અપેક્ષાએ ૯ ભાંગા થાય છે. કેમકે અષ્ટવિધ બંધક અને છવિધ બંધક એ બે અશાશ્વત છે.

મોહનીયકર્મ બાંધતો થકો એક મનુષ્ય સપ્તવિધ બંધક કે અષ્ટવિધ બંધક હોય છે. અનેક મનુષ્યની અપેક્ષા એ ત્રણ ભાંગા નારકીમાં કહ્યા અનુસાર બને છે. આયુષ્યકર્મની સાથે નિયમા આઠ કર્મ બાંધે છે.

**સમુચ્ચય જીવ**–જ્ઞાનાવરણીય આદિ કર્મ બાંધતા ત્રણ ભાંગા બને છે. બાકી મનુષ્યની સમાન છે. કેમકે સમુચ્ચયમાં અષ્ટવિધ બંધક એકેન્દ્રિયની અપેક્ષાએ શાશ્વત હોય છે. તેથી એક છ વિધ બંધક જ અશાશ્વત હોય છે. એક અશાશ્વતથી ત્રણ ભાંગા બને છે. **મોહનીય કર્મ** બાંધતો થકો સમુચ્ચય એક જીવ સપ્તબંધક કે અષ્ટવિધ બંધક હોય છે. અનેક જીવની અપેક્ષાએ સપ્તવિધબંધક પણ વધુ અને અષ્ટવિધ બંધક પણ વધુ હોય છે.(એકેન્દ્રિયની અપેક્ષાએ). **આયુષ્ય કર્મ** બાંધતો થકો નિયમા અષ્ટવિધ બંધક હોય છે.

**શેષ દંડક–** ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, ભવનપતિ આદિ ચારે ય જાતિના દેવ આ બધા આઠે ય કર્મ બાંધતો બાંધે નારકીની સમાન છે. મનુષ્ય સિવાયના ૨૩ દંડકમાં આઠમા કે તેની ઉપરના ગુણસ્થાનકો હોતા નથી. તેથી તેમાં ૭ કે આઠ એમ બે વિકલ્પથી જ કર્મ બંધ થાય છે.

**પ્રશ્ન–૩ : સાત, આઠ, છ અને એક કર્મબંધક જીવોમાં શાશ્વત-અશાશ્વતનું વિશ્લેષણ કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** છ વિધ બંધક ૧૦ મા ગુણસ્થાનવાળા હોય છે. આ ગુણસ્થાન અશાશ્વત છે. ૧ વિધ બંધકમાં ગુણસ્થાન ૧૧, ૧૨, ૧૩ આમ ત્રણ ગુણસ્થાનો છે. તેમાં ૧૩મું ગુણસ્થાન શાશ્વત છે. તેથી એક વિધ બંધક શાશ્વત મળે છે.

અષ્ટવિધ બંધક આયુષ્ય બાંધવાવાળા હોય છે. જે ૧૯ દંડકમાં અશાશ્વત છે તેથી તેના ત્રણ ભાંગા થાય છે. પાંચ સ્થાવરમાં અષ્ટવિધ બંધક પણ શાશ્વત હોવાથી ત્રણ ભાંગા બનતા નથી, એક અભંગ હોય છે.

બે બોલ અશાશ્વત હોવાથી શાશ્વતનો એક ભાંગો અને બંને અશાશ્વતના અસંયોગી ચાર ભાંગા તથા દ્વિસંયોગી ચાર ભાંગા; આમ કુલ ૧+૪+૪=૯ ભાંગા હોય છે. જેમ કે–





**મનુષ્યના ૯ ભાંગા–** (૧) બધા સપ્તવિધ બંધક (૨) સપ્તવિધબંધક વધુ(અનેક), અષ્ટવિધ બંધક એક (૩) સપ્તવિધ બંધક અનેક, અષ્ટવિધબંધક અનેક (૪) સપ્તવિધબંધક અનેક, છવિધ બંધક એક (૫) સપ્તવિધબંધક અનેક છ વિધબંધક અનેક. (૬) સપ્તવિધબંધક અનેક અષ્ટવિધ બંધક એક, છવિધબંધક એક. (૭) સપ્તવિધબંધક અનેક, અષ્ટવિધબંધક એક છવિધ બંધક અનેક. (૮) સપ્તવિધ બંધક અનેક, અષ્ટવિધબંધક અનેક છવિધ બંધક એક. (૯) સપ્તવિધબંધક અનેક, અષ્ટવિધબંધક અનેક, છવિધબંધક અનેક.

# પદ–૨૫ : કર્મબંધ-વેદ (બાંધતો વેદે)

**પ્રશ્ન–૧ : જ્ઞાનાવરણીય આદિ એક એક કર્મ બાંધતો થકો જીવ કેટલા કર્મોનું વેદન કરે ?**

**ઉત્તર–** વેદન એટલે ઉદયમાં આવેલા કર્મફળનું વેદન.મનુષ્ય સિવાયના ૨૩ દંડકમાં આઠે ય કર્મોનું નિરંતર વેદન બધા જીવોને હોય છે. તેથી કોઈપણ કર્મ બાંધતો થકો તે જીવ આઠે ય કર્મોનું વેદન કરે છે. તેમાં બીજો કોઈ વિકલ્પ(ભાંગો) બનતો નથી. મનુષ્યમાં ઉપરના ગુણસ્થાનક હોવાથી ત્રણ વિકલ્પ બને છે. (૧) દશમા ગુણસ્થાનક સુધી આઠ કર્મોનું વેદન છે. (૨) ૧૧મા અને ૧૨મા ગુણસ્થાનમાં સાત કર્મોનું વેદન છે. (૩) ૧૩મા અને ૧૪ મા ગુણસ્થાનકમાં ચાર કર્મોનું વેદન છે. તેથી મનુષ્યમાં અને સમુચ્ચય જીવમાં જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ બાંધતો થકો જીવ આઠે ય કર્મનું વેદન કરે છે. કારણ કે જ્ઞાનાવરણીય આદિ સાત કર્મોનો બંધ ૧૦ મા ગુણસ્થાનક સુધી જ હોય છે. ત્યાં સુધી જીવને આઠે ય કર્મોનો ઉદય ચાલુ રહે છે. ૧૧મા અને ૧૨ મા ગુણસ્થાનકમાં જીવ અને મનુષ્ય શાતાવેદનીય એક જ કર્મનો બંધ કરે છે તે સમયે સાતે ય કર્મોનો ઉદય હોય છે(મોહનીય કર્મ છોડીને) ૧૩મા ગુણસ્થાનકે જીવ અને મનુષ્ય એક શાતાવેદનીય કર્મનો જ બંધ કરતો થકો ચાર અઘાતી કર્મોનું વેદન કરે છે. આ રીતે– (૧) જ્ઞાનાવરણીય આદિ સાત કર્મ બાંધતો થકો જીવ અષ્ટકર્મવેદક જ હોય છે. (૨) વેદનીય કર્મ બાંધતો થકો જીવ સાત કર્મવેદક અને ચાર કર્મવેદક પણ હોય છે.

**શાશ્વત–અશાશ્વત**–સાતકર્મવેદક જીવ ૧૧મા અને ૧૨મા અશાશ્વત ગુણસ્થાનમાં હોવાથી અશાશ્વત હોય છે. અર્થાત્ ક્યારેક હોય છે ક્યારેક હોતા નથી. તેથી

તેના(સાત કર્મવેદકના)ત્રણ ભાંગા થાય છે. જેમકે–(૧) ક્યારેક લોકમાં બધા જીવ આઠ કર્મવેદક અને ચાર કર્મવેદક મળે છે. (ર) ક્યારેક આઠ કર્મવેદક અને ચાર કર્મવેદક અનેક તેમજ સાત કર્મવેદક એક જીવ હોય છે. (૩) ક્યારેક આઠ અને ચાર કર્મવેદક જીવ અનેક અને સાત કર્મવેદક જીવ પણ અનેક હોય છે.

આઠ કર્મવેદક સર્વ સંસારી જીવ છે, જે શાશ્વત છે અને ચાર કર્મવેદક કેવળી હોય છે તે પણ શાશ્વત હોય છે.

# પદ–ર૬ : કર્મવેદ-બંધ (વેદતો બાંધે)

**પ્રશ્ન–૧ : જ્ઞાનાવરણીય આદિ કર્મોનું વેદન કરતો થકો જીવ કેટલા કર્મોનો બંધ કરે છે ?**

**ઉત્તર–** મોહનીય કર્મનું વેદન ૧૦મા ગુણસ્થાનક સુધી છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનું વેદન ૧રમા ગુણસ્થાનક સુધી છે તથા વેદનીય, આયુ, નામ અને ગોત્ર કર્મનું વેદન ૧૪મા ગુણસ્થાનક સુધી છે.

દશમા ગુણસ્થાનની અપેક્ષા છ વિધ બંધ થાય છે. ૧૧મા અને ૧રમા ગુણસ્થાનની અપેક્ષા એકવિધ બંધ થાય છે. ૧૩મા ગુણસ્થાનની અપેક્ષા એકવિધ બંધ અને ૧૪ મા ગુણસ્થાનની અપેક્ષા અબંધ હોય છે.

**નારકી આદિ ૧૮ દંડક–** આઠેય કર્મનું વેદન કરતો થકો નારકી આદિનો એક જીવ સપ્તવિધ બંધક હોય છે કે અષ્ટવિધ બંધક હોય છે, અનેક જીવની અપેક્ષા અષ્ટવિધ બંધક અશાશ્વત હોવાથી ત્રણ-ત્રણ ભાંગા બને છે.

**પાંચ સ્થાવર–**આઠે ય કર્મ વેદતો થકો એક જીવ સપ્તવિધ બંધક કે અષ્ટવિધ બંધક હોય છે. અનેક જીવની અપેક્ષા અનેક સપ્તવિધબંધક અને અનેક અષ્ટવિધ બંધક હોય છે.

**મનુષ્ય–**જ્ઞાનાવરણીય કર્મ વેદતો થકો એક મનુષ્ય સપ્તવિધ બંધક, અષ્ટવિધબંધક કે છવિધ બંધક અથવા એકવિધ બંધક હોય છે. અનેક મનુષ્યોની અપેક્ષા સપ્તવિધ બંધક શાશ્વત છે. બાકીના ત્રણ બંધક અશાશ્વત છે. ત્રણ અશાશ્વતના ર૭ ભાંગા થાય છે. ભાંગાની વિધિ ૧૬મા પદમાંથી જાણી લેવી. આ જ રીતે દર્શનાવરણીય અને અંતરાય કર્મને વેદતો બાંધે તેનું વર્ણન છે.





**વેદનીયકર્મ** વેદતો થકો મનુષ્ય સપ્તવિધ બંધક કે અષ્ટવિધ બંધક કે છવિધ બંધક, એકવિધ બંધક કે અબંધક હોય છે. અનેક મનુષ્યની અપેક્ષા ત્રણ બંધક અશાશ્વત છે. સપ્તવિધબંધક અને એકવિધબંધક શાશ્વત છે. ત્રણ અશાશ્વત હોવાથી ર૭ ભાંગા બને છે. આવી જ રીતે આયુ, નામ, ગોત્ર કર્મનું કથન છે. **મોહનીય કર્મ** વેદતો થકો એક મનુષ્ય સપ્તવિધ કે અષ્ટવિધ બંધક અથવા છ વિધ બંધક હોય છે. અનેક મનુષ્યની અપેક્ષાએ ૯ ભાંગા હોય છે. કેમકે અષ્ટવિધ બંધક અને છવિધ બંધક એમ બે બોલ અશાશ્વત છે. **સમુચ્ચય જીવ–** મનુષ્યના જ્યાં ર૭ ભાંગા કહ્યા ત્યાં ૯ ભાંગા કહેવા કેમ કે સમુચ્ચય જીવમાં અષ્ટવિધ બંધક એકેન્દ્રિયની અપેક્ષાએ શાશ્વત છે. આ રીતે મનુષ્યમાં ૯ ભાંગા કહ્યા ત્યાં ત્રણ ભાંગા થાય છે.

# પદ–ર૭ : કર્મવેદ-વેદક (વેદતો વેદે)

**પ્રશ્ન–૧ : જ્ઞાનાવરણીય આદિ કર્મોનું વેદન કરતો જીવ તેની સાથે કુલ કેટલા કર્મોનું વેદન કરે છે ?**

**ઉત્તર–** ર૩ દંડકના જીવ આઠે ય કર્મનું વેદન કરતો થકો આઠે ય કર્મનું વેદન કરે છે. કેમકે ૧૦મા ગુણસ્થાનક સુધી બધા જીવોને આઠ કર્મનો ઉદય હોય છે. ૧૧મા અને ૧રમા ગુણસ્થાનકમાં મોહનીયકર્મનો ઉદય રહેતો નથી. આ સિવાય સાત કર્મોનો ઉદય ત્યાં રહે છે. પછી ૧૩મા અને ૧૪મા ગુણસ્થાનકમાં, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો ઉદય પણ રહેતો નથી. માત્ર ચાર અઘાતી કર્મ–આયુ,નામ,ગોત્ર અને વેદનીય કર્મનો ઉદય ત્યાં અંતિમ સમય સુધી રહે છે. ર૩ દંડકમાં તે ઉપરના ગુણસ્થાનકો હોતા નથી તેથી આઠે ય કર્મનું વેદનનો એક જ વિકલ્પ નિયમતઃ હોય છે.

**સમુચ્ચય જીવ** તેમજ **મનુષ્યમાં** ઉપરના બધા ગુણસ્થાનકો હોય છે. તેથી જ્ઞાનાવરણીયકર્મ વેદતો થકો સમુચ્ચય જીવ અને મનુષ્ય આઠ વેદે કે સાત વેદે. જેમાં સાત કર્મવેદક અશાશ્વત હોવાથી બહુવચન(અનેક)ની અપેક્ષા ત્રણ ભાંગા બને છે. દર્શનાવરણીય અને અંતરાય કર્મ પણ આ જ રીતે છે.

વેદનીય કર્મવેદતો થકો સમુચ્ચય જીવ અને મનુષ્ય, આઠ વેદે, સાત વેદે કે ચાર વેદે. બહુવચનની અપેક્ષા એક સાત કર્મવેદક અશાશ્વત હોવાથી ત્રણ ભાંગા હોય છે. આયુ, નામ, ગોત્ર પણ આ જ રીતે છે.

**પ્રશ્ન–૨ : કર્મ સંબંધી ચાર પદોનો પારસ્પરિક સંબંધ કે અંતર(તફાવત) શું છે ?**

**ઉત્તર–** પદ–૨૪ થી ૨૭, આ ચાર પદમાં કર્મબંધ અને વેદનની ચૌભંગીના એક-એક ભંગના આધારથી એક એક પદમાં તે સંબંધી વિષયનું વિશ્લેષણ કરવામાં આવેલ છે અનેતેના આધારે જ તે પદના નામ પણ રાખવામાં આવેલ છે.

| ક્રમ | વિષયના ભંગ | નામ |
|---|---|---|
| ૨૪ | પ્રત્યેક કર્મ બાંધતી વખતે અન્ય કર્મબંધ | બાંધતો બાંધે |
| ૨૫ | પ્રત્યેક કર્મ બાંધતી વખતે અન્ય કર્મવેદન | બાંધતો વેદે |
| ૨૬ | પ્રત્યેક કર્મ વેદન કરતી વખતે અન્ય કર્મબંધ | વેદતો બાંધે |
| ૨૭ | પ્રત્યેક કર્મ વેદન કરતી વખતે અન્ય કર્મવેદન | વેદતો વેદે |

# પદ–૨૮ : આહાર

**પ્રશ્ન–૧ : આ પદમાં વિષય નિરૂપણ કયા પ્રકારે કરેલ છે ?**

**ઉત્તર–** આ પદમાં બે ઉદ્દેશકોમાં વિષયનું વિભાજન આ પ્રકારે છે–

**પ્રથમ ઉદ્દેશકમાં**–જીવોનો આહાર, જીવોમાં આહારના પ્રકાર, આહારનો સમય કે અંતરકાલ, આહારના પુદ્‌ગલોની શુભાશુભતા, સાંતર-નિરંતર આહાર, આહારનું પરિણમન સ્વરૂપ, કોના શરીરનો આહાર, રોમાહાર આદિ. આ રીતે આહાર સંબંધી વિવિધ સમાન્ય અને વિશેષ જાણકારી આ ઉદ્દેશકમાં આપવામાં આવી છે.

**બીજા ઉદ્દેશકમાં**–૧૩ દ્વારોના આધારથી જીવ અને ૨૪ દંડકની વિચારણા કરવામાં આવી છે. સાથે જ એકવચન-બહુવચનથી આ બોલોમાં આહારક, અનાહારક સંબંધી થતા ભાંગા બતાવવામાં આવેલ છે. આમ પૂરા ઉદ્દેશકમાં મૌલિક વિષય એક જ છે.

**પ્રશ્ન–૨ : જીવોના આહારના પ્રકાર તેમજ આહારનો સમય અથવા અંતરકાલ સંબંધી નિરૂપણ કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** જીવાભિગમ સૂત્રની પ્રથમ પ્રતિપતિમાં ૨૪ દંડકના જીવોના આહાર સંબંધી થોડુંક વર્ણન છે ત્યાં આહારના પુદ્‌ગલોના પ્રદેશ, અવગાહના, સ્થિતિ, વર્ણાદિ છ દિશાઓ સંબંધી તેમજ આત્માવગાઢ આદિ ૨૮૮ પ્રશ્નો વડે આહારનું સ્વરૂપ બતાવેલ છે. અહીં આહાર સંબંધી બીજા અનેક વિષયોનું વર્ણન છે. (૧)





૨૪ દંડકના જીવો આહારક-અણાહારક બંને પ્રકારના હોય છે. (૨) નારકી દેવતા અચેત આહારી હોય છે. મનુષ્ય, તિર્યંચ સચેત અચેત મિશ્ર ત્રણે પ્રકારનો આહાર કરે છે. (૩) ૨૪ દંડકમાં આભોગ, અનાભોગ બંને પ્રકારનો આહાર છે. અણાભોગ આહાર સ્વતઃ હોવાથી જીવોને પૂરા ભવ સુધી નિરંતર ચાલ્યા કરે છે. (૪) આભોગ આહાર ઈચ્છા થવાથી હોય છે. તેથી તેની કાલમર્યાદા છે. તે આ પ્રમાણે છે. જેમ કે– **નારકીમાં** અસંખ્ય સમયના અંતર્મુહૂર્તે આહારની ઈચ્છા થાય છે. **પાંચ સ્થાવરમાં–** આભોગ આહાર પણ નિરંતર થતો રહે છે. **ત્રણ વિકલેન્દ્રિમાં** નરકની જેમ જ અસંખ્ય સમયના અંતર્મુહૂર્તે આહારની ઈચ્છા થાય છે પરંતુ વિમાત્રાથી ઉત્પન્ન થાય છે. અર્થાત્ અંતર્મુહૂર્ત નાનુ-મોટુ નકકી નથી રહેતું તેમજ કેટલીવાર થાય છે, કેટલો સમય રહે છે આદિ કોઈ નિશ્ચિત મર્યાદા હોતી નથી.

**સંજ્ઞી તિર્યંચમાં**–જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ બે દિવસે(યુગલિકની અપેક્ષા), **સંજ્ઞી મનુષ્યમાં–** જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ત્રણ દિવસના અંતરે, **અસુરકુમારમાં–** જઘન્ય એક દિવસ, ઉત્કૃષ્ટ સાધિક ૧૦૦૦ વર્ષ, **નવનિકાય અને વ્યંતરમાં** જઘન્ય એક દિવસે, ઉત્કૃષ્ટ અનેક દિવસે. **જ્યોતિષીમાં–** જઘન્ય અનેક દિવસે, ઉત્કૃષ્ટ અનેક દિવસે. **વૈમાનિકમાં–** જઘન્ય અનેક દિવસે, ઉત્કૃષ્ટ હજારો વરસે, અર્થાત્ જેટલા સાગરોપમની સ્થિતિ હોય તેટલા હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. જે રીતે સાતમા શ્વાસોશ્વાસના પદમાં પક્ષ કહેલ છે. તે જ રીતે અહીં તેટલા હજાર વર્ષ સમજવા જોઈએ.

નારકીઓનો આહાર, શ્વાસોશ્વાસ વારંવાર તેમજ ક્યારેક ક્યારેક એમ બંને રીતે હોય છે અર્થાત્ સાંતર, નિરંતર એમ બંને પ્રકારના(અપર્યાપ્તાની અપેક્ષા) હોય છે. આ જ રીતે ઔદારિકના બધા દંડકોમાં સમજવું. દેવતાઓમાં ઘણા સમયે, ક્યારેક ક્યારેક આહાર હોય છે.

**પ્રશ્ન–૩ : આહારના પુદ્‌ગલોમાં શુભાશુભતા ક્યાં અને કેવા પ્રકારે હોય છે ?**

**ઉત્તર– નારકીઓ** લગભગ અશુભ વર્ણાદિના અર્થાત્ કાળા, નીલા, દુર્ગંધવાળા, તીખા, કડવા, ખરબચડા, ભારે, ઠંડા(લુખા) પુદ્‌ગલોને આહારના રૂપમાં ગ્રહણ કરે છે. તેનું વિપરિણામિત કરીને સર્વાત્મના આહાર કરે છે. **દેવતા** પ્રાયઃ શુભ વર્ણાદિનો અર્થાત્ પીળા, સફેદ, સુગંધમય, ખાટા, મીઠા, કોમળ, હલકા, ચીકણા, ગરમ પુદ્‌ગલોને ગ્રહણ કરી ઈચ્છિત મનોજ્ઞ રૂપમાં પરિણમન કરી આહાર કરે છે જે તેને સુખરૂપ હોય છે. **ઔદારિક** દંડકોમાં સામાન્ય રૂપથી અશુભ, શુભ આદિ બધા વર્ણાદિવાળા પુદ્‌ગલોનો આહાર હોય છે.

**પ્રશ્ન–૪ : આહારના પરિણમન સંબંધી નિરૂપણ કયા પ્રકારે છે અને તેનો સ્પષ્ટ આશય શું છે ?**

**ઉત્તર–** જે આહારના પુદ્ગલો લેવામાં આવે છે તેનો સંખ્યાતમા(અસંખ્યાતમા) ભાગનો આહાર–રસ રૂપમાં પરિણત કરી ગ્રહણ કરવામાં આવે છે અને એ પુદ્ગલોનો આસ્વાદ તો દ્રવ્ય તેમજ ગુણોની અપેક્ષાએ અનંતમા ભાગનો હોય છે. ૨૪ દંડકોમાં આ જ રીતે છે.

નારકીઓ આહારના હેતુથી જેટલા પુદ્ગલો લે છે તે અપરિશેષ ગ્રહણ કરે છે અર્થાત્ પાડવા, વિખેરવા, બચાવવું અથવા તો ખલ ભાગ રૂપથી છોડી દેવું આદિ કાંઈ હોતું નથી. આ રીતે બધા દેવ તેમજ એકેન્દ્રિયને અપરિશેષ આહાર હોય છે કેમકે કોળિયા આહાર નથી. વિકલેન્દ્રિય તેમજ તિર્યંચ પંચેન્દ્રિય તેમજ મનુષ્યના રોમાહારથી તો અપરિશેષ આહાર જ હોય છે પરંતુ કવલાહારમાં ગ્રહણ કરેલા આહારમાંથી સંખ્યાતમા ભાગનો આહાર રસ રૂપમાં પરિણત થાય છે તેમજ અનેક હજારો ભાગ એમ જ નાશ પામે છે અર્થાત્ તેનો શરીરમાં કોઈ ઉપયોગ હોતો નથી. તેમાંથી કેટલાકનો તો આસ્વાદન કે સ્પર્શ પણ થતો નથી અર્થાત્ અનંતા અનંત પ્રદેશી સ્થૂલ પુદ્ગલોમાં અનેક પુદ્ગલસ્કંધ સૂક્ષ્મ, બાદર અવગાહનામાં અવગાહિત હોય છે. તેની અપેક્ષાએ આસ્વાદન કે સ્પર્શ હોતો નથી. જેમ કે ચક્રવર્તીની દાસી પૂર્ણ શક્તિથી નિરંતર ખર પૃથ્વીકાયને પીસે તોપણ કોઈ જીવોને શસ્ત્રનો સ્પર્શ પણ થતો નથી. એ જ કારણે અહીં કવલ આહારના પુદ્ગલોના અનંતમા ભાગ આસ્વાદનમાં અને સ્પર્શમાં સમજવા.

**પ્રશ્ન–૫ : ગ્રહણ કરેલ આહારનો સંખ્યાતમો ભાગ પરિણમન થાય છે કે અસંખ્યાતમો ભાગ પરિણમન થાય છે ?**

**ઉત્તર–** અહીં પરિશેષ કવલ આહારના પ્રસંગમાં પરિશેષ પુદ્ગલોને માટે સંખ્યાત (અનેક)હજારો ભાગ કહેલ છે. તેથી જે ગ્રહણ કરેલ છે તે પણ સંખ્યાતમો ભાગ જ સંભવે. કેમ કે અસંખ્યાતમા ભાગના પ્રક્ષેપ આહારને ગ્રહણ કરવાનું કહેવામાં આવે તો પરિશેષ અનેક અસંખ્યાતમો ભાગ થાય, જ્યારે અનેક અસંખ્યાતમો ભાગ પરિશેષ ન કહેતા, અનેક હજારો ભાગ પરિશેષ રાખવાનું બતાવેલ છે. આથી એ સ્પષ્ટ થાય છે કે પ્રક્ષેપ આહારથી ગ્રહણ કરેલ પુદ્ગલોનો સંખ્યાતમો ભાગ આહાર હોય છે પછી તે હજારમો ભાગ પણ હોય પરંતુ અસંખ્યાતમો ભાગ સંભવી શકે નહીં. તેમજ બુદ્ધિગમ્ય પણ નથી. તેથી અહીં **અ** વધારે છે તે લિપિદોષ કે ભ્રમણાથી પ્રક્ષિપ્ત સમજવું જોઈએ.





વ્યવહારથી પણ વિશેષ કોઈ સમજવા ઈચ્છે તો પ્રક્ષેપ આહારનો સંખ્યાતમો ભાગ શરીરમાં આહારના રૂપમાં કામ આવે તે યોગ્ય લાગે છે. અસંખ્યાતમો ભાગ કદાચ શરીરમાં કામ આવે તો ઔદારિક શરીરની વૃદ્ધિ જે પ્રત્યક્ષ દેખાય છે તે હોવાનું સંભવતું નથી. કેમ કે અસંખ્યાતમા ભાગનો આહાર એક મહિનામા ૩૦૦ વાર શરીરમાં આવે તો તે આહાર, શરીરની વૃદ્ધિ એક ગ્રામ જેટલી પણ કરી શકે નહીં તેથી અસંખ્યાતમા ભાગના પાઠને અહીં અશુદ્ધ સમજવો જોઈએ. તેમજ સંખ્યાતમો ભાગ એવો પાઠ સુધારીને અર્થ પરમાર્થ સમજવો જોઈએ. આ આશયથી, અનુપ્રેક્ષણથી અહીં ચોથા, પાંચમા પ્રશ્નમાં સંખ્યાતમો ભાગ જ કહેલ છે.

**પ્રશ્ન–૬ : આ ઉદ્દેશકમાં આહારના સંબંધમાં બીજી કઈ–કઈ જાણકારી આપવામાં આવેલ છે ?**

**ઉત્તર–** આ પરિશેષ હજારો ભાગવાળા પુદ્ગલોમાં ઘ્રાણ(સુંઘવું)ના અવિષયભૂત અલ્પ હોય છે. તેનાથી રસનાના(સ્વાદના)અવિષયભૂત હોવાવાળા અનંતગણા અને તેનાથી સ્પર્શના અવિષયભૂત હોવાવાળા અનંત ગણા હોય છે. બેઈન્દ્રિયમાં ઘ્રાણ (નાક)નો વિષય ન કહેતા, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિયમાં સમજવો.

આ આહાર રૂપ ગ્રહણ કરેલા પુદ્ગલો શરીર રૂપે અર્થાત્ અંગ, ઉપાંગ, ઈન્દ્રિઓના રૂપમાં પરિણત થઈ જાય છે. નારકીમાં અશુભ અને દુઃખ રૂપમાં, દેવતાઓમાં શુભ અને સુખ રૂપમાં તથા મનુષ્ય-તિર્યંચમાં સુખ-દુઃખ વિભિન્ન રૂપમાં વિમાત્રાથી પરિણત થઈ જાય છે.

બધા જીવ પૂર્વ ભવની અપેક્ષા એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિયના શરીરના ત્યાગેલા પુદ્ગલોનો આહાર કરે છે. અને વર્તમાન ભવની અપેક્ષા સ્વયંના પરિણામિત આહાર કરવાથી એકેન્દ્રિય એકેન્દ્રિયના શરીરનો જ આહાર કરે છે ત્યાં સુધી કે પંચેન્દ્રિય, પંચેન્દ્રિયના શરીરનો જ આહાર કરે છે.

નારકીઓને અને એકેન્દ્રિઓને રોમ આહાર તેમજ ઓજ આહાર હોય છે. દેવોમાં રોમાહાર, ઓજ આહાર તેમજ મણભક્ખી–મન ઈચ્છિત(મનને અનુકૂળ)આહાર હોય છે. વિકલેન્દ્રિય આદિ શેષ બધાને રોમઆહાર, ઓજઆહાર અને પ્રક્ષેપ આહાર(કંવલ આહાર)હોય છે. ॥ **ઉદ્દેશક–૧ સમાપ્ત** ॥

**પ્રશ્ન–૭ : ૧૩ દ્વારોથી આહારક-અનાહારકનું નિરૂપણ કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** ૨૪ દંડકના જીવ તો આહારક અને અણાહારક બંને પ્રકારના હોય છે. છતાં પણ દૃષ્ટિ, કષાય, સંયત, ભવી, વેદ આદિના આહારક અનાહારકનો બોધ કરાવવાના હેતુથી અહીં ૧૩ દ્વારોથી આહારક, અનાહારકની વિચારણા કરવામાં

આવેલ છે. સાથે જ ૨૪ દંડક ઉપર પણ એકવચન-બહુવચનથી વર્ણન કરવામાં આવ્યું છે.

**(૧) જીવ–** સમુચ્ચયજીવ અને એકેન્દ્રિય જીવ, આહારક પણ ઘણા હોય છે અને અનાહારક પણ ઘણા હોય છે. બાકીના ૨૩ દંડકમાં ત્રણ ભાંગા બને છે કારણ કે અણઆહારક અશાશ્વત હોવાથી. સિદ્ધ બધા અણઆહારક જહોય છે એકવચનમાં બધી જગ્યાએ સ્વતઃ સમજી લેવું કે આહારક છે અથવા અનાહારક છે.

**(૨) ભવી–** ભવી, અભવી બંનેમાં સમુચ્ચય જીવ અને એકેન્દ્રિય પ્રથમ દ્વારની સમાન એક ભાંગો અને ૨૩ દંડકમાં ત્રણ ભાંગા આહારક, અનાહારકના થાય છે. નોભવી, નોઅભવી નિયમા અણઆહારક હોય છે.

**(૩) સંજ્ઞી–** સમુચ્ચય જીવ અને ૧૬ દંડક(એકેન્દ્રિયના–૫ અને વિકલેન્દ્રિયના–૩ એમ ૮ દંડક છોડીને) આહારક અનાહારકના ત્રણ ભાંગા બને છે.

**અસંજ્ઞી**–જીવ અને એકેન્દ્રિયમાં એક ભાંગો; વિકલેન્દ્રિય, પંચેન્દ્રિયમાં ત્રણ ભાંગા; નારકી, ભવનપતિ, વ્યંતર તેમજ મનુષ્યમાં અસંજ્ઞીનો બોલ અશાશ્વત છે તેથી ૬ ભાંગા થાય છે. અનેક અસંજ્ઞીની પૃચ્છા(પ્રશ્ન)હોવાથી અસંયોગી ભાંગામાં તે અનેક અસંજ્ઞી કાં તો (૧) આહારક હોય છે, કાં તો (૨) અનાહારક હોય છે. દ્વિસંયોગીમાં ચાર ભાંગા એક, અનેકથી બને છે. આમ અસંયોગી–૨ અને દ્વિસંયોગી–૪ ભાંગા થાય છે. તે ૬ ભાંગા આ પ્રમાણે છે– (૧) બધા આહારક (૨) બધા અનાહારક (૩) આહારક એક, અનાહારક એક (૪) આહારક એક, અનાહારક અનેક (૫) આહારક અનેક, અનાહારક એક (૬) આહારક અનેક, અનાહારક અનેક. નો સંજ્ઞી, નોઅસંજ્ઞી મનુષ્યમાં ત્રણ ભાંગા બને છે, સિદ્ધમાં બધા અણાહારક.

**(૪) લેશ્યા–** જે લેશ્યામાં એકેન્દ્રિય સિવાયના જેટલા દંડક હોય છે તેમાં બહુ-વચનની અપેક્ષા ત્રણ ભાંગા બને છે. જીવ અને એકેન્દ્રિયમાં, સલેશી તેમજ કૃષ્ણાદિ ત્રણ લેશ્યામાં એક ભાંગો હોય છે. તેજોલેશ્યામાં એકેન્દ્રિય(પૃથ્વી,પાણી, વનસ્પતિમાં) છ ભાંગા(અસંજ્ઞી) જેવા. તેજોલેશ્યા આદિ શુભ લેશ્યામાં સમુચ્ચય જીવમાં પણ ત્રણ ભાંગા હોય છે. કારણ કે પાંચ સ્થાવરમાં આ લેશ્યાઓ હોતી નથી. અલેશી બધા અનાહારક જ હોય છે.

**(૫) દૃષ્ટિ**–સમ્યક્દૃષ્ટિ જીવ અને ૧૬ દંડકમાં ત્રણ ભાંગા. વિકલેન્દ્રિયમાં છ ભાંગા, મિથ્યાદૃષ્ટિ જીવ એકેન્દ્રિયમાં એક ભાંગો, બાકી બધામાં ત્રણ ભાંગા. મિશ્રદૃષ્ટિના ૧૬ દંડક બધા નિયમા આહારક હોય છે.





**(૬) સંયત–** અસંયત જીવ અને એકેન્દ્રિયમાં એક ભાંગો. ૧૯ દંડકમાં ત્રણ ભાંગા, સંયતાસંયત જીવ, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય આહારક જ હોય છે. સંયતજીવ અને મનુષ્ય આહારક, અનાહારક બંને હોય છે. (કેવળીની અપેક્ષાએ) તેથી તેમાં ત્રણ ભાંગા બને છે. નોસંયત, નોઅસંયત, નોસંયતાસંયત જીવ અને સિદ્ધ ભગવાન અનાહારક જ હોય છે.

**(૭) કષાય–** સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયમાં સકષાયી તેમજ ક્રોધી, માની, માયાવી, લોભી બધામાં એક ભાંગો. બાકી બધા દંડકમાં ત્રણ ત્રણ ભાંગા છે પરંતુ નારકીમાં માન, માયા, લોભના છ ભાંગા હોય છે. દેવતામાં ક્રોધ, માન, માયામાં છ ભાંગા હોય છે અર્થાત્ દેવતા, નારકીમાં ત્રણ-ત્રણ કષાય અશાશ્વત છે. અકષાયી સમુચ્ચય જીવમાં એક ભાંગો, મનુષ્યમાં ત્રણ ભાંગા, સિદ્ધ અનાહારક જ હોય છે.

**(૮) જ્ઞાન–** સજ્ઞાની, મતિ, શ્રુત, અવધિજ્ઞાનીમાં જેટલા દંડક છે તેમાં ત્રણ ભાંગા હોય છે પરંતુ વિકલેન્દ્રિયમાં છ ભાંગા હોય છે. સજ્ઞાની સમુચ્ચય જીવમાં એક ભાંગો હોય છે (કેવળજ્ઞાનની(સિદ્ધની)અપેક્ષા) આહારક, અનાહારક બંને હંમેશાં વધુ હોય છે. મનઃપર્યવજ્ઞાની નિયમા આહારક હોય છે. કેવળજ્ઞાની મનુષ્યમાં આહારક, અનાહારકના ત્રણ ભાંગા, જીવમાં આહારક અનાહારકનો એક ભાંગો કારણ કે સિદ્ધ અનાહારક જ હોય છે.

**અજ્ઞાન**–અજ્ઞાની, મતિશ્રુત અજ્ઞાની જીવ એકેન્દ્રિયમાં એક ભાંગો. બાકીના બધામાં ત્રણ ભાંગા. વિભંગજ્ઞાનીમાં મનુષ્ય, તિર્યંચ આહારક જ હોય છે. નારકી દેવતામાં ૧૪ દંડકમાં ત્રણ ભાંગા.

**(૯) યોગ–** સયોગી, કાયયોગીમાં જીવ એકેન્દ્રિયમાં એક ભાંગો, બાકી બધામાં ત્રણ ભાંગા. વચનયોગી, મનયોગી આહારક જ હોય છે. અયોગી અનાહારક જ હોય છે.

**(૧૦) ઉપયોગ–** બંને ઉપયોગમાં જીવ અને એકેન્દ્રિયનો એક ભાંગો, બાકીના બધામાં ત્રણ ભાંગા હોય છે. સિદ્ધ અનાહારક જ હોય છે.

**(૧૧) વેદ–** સવેદી અને નપુંસકવેદી જીવ એકેન્દ્રિયમાં એક ભાંગો, બાકી બધામાં ત્રણ ભાંગા. સ્ત્રીવેદ, પુઢષવેદ બધા દંડકમાં ત્રણ ભાંગા. અવેદી જીવમાં એક ભાંગો, મનુષ્યમાં ત્રણ ભાંગા. સિદ્ધ અનાહારક જ હોય છે.

**(૧૨) શરીર–** સશરીરી તેમજ તૈજસ, કાર્મણ શરીરી જીવ અને એકેન્દ્રિયમાં એક ભાંગો અને બાકી બધા દંડકમાં ત્રણ ભાંગા.

ઔદારિક, વૈક્રિય, આહારક ત્રણેય શરીર આહારક જ હોય છે પરંતુ

ઔદારિક શરીર મનુષ્યમાં કેવલી સમુદ્ઘાતની અપેક્ષાએ આહારક,અનાહારક બંને હોય છે. તેના ત્રણ ભાંગા બને છે.

**(૧૩) પર્યાપ્તિ**–છએ પર્યાપ્તિના પર્યાપ્તા બધા આહારક જ હોય છે. મનુષ્યમાં કેવળી સમુદ્ઘાતની અપેક્ષા આહારક, અનાહારક બંને હોય છે તેમાં ત્રણ ભાંગા છે. જે દંડકમાં જેટલી પર્યાપ્તિ હોય તે સમજવું. આહાર પર્યાપ્તિના અપર્યાપ્ત બધા દંડકમાં અનાહારક હોય છે.

બાકી પાંચ પર્યાપ્તિના અપર્યાપ્તા આહારક અનાહારક બંને હોય છે. તેમાં એકેન્દ્રિયમાં એક ભાંગો; નારકી,દેવતા અને મનુષ્યમાં છ ભાંગા, બાકીમાં ત્રણ ભાંગા હોય છે. સમુચ્ચય જીવને ભાષા, મન પર્યાપ્તિના અપર્યાપ્તામાં ત્રણ ભાંગા હોય છે. ત્રણ પર્યાપ્તિના અપર્યાપ્તામાં એક ભાંગો હોય અને આહાર પર્યાપ્તિના અપર્યાપ્તા અનાહારક જ હોય છે.

**પ્રશ્ન–૮ : ભાંગા બનાવવા સંબંધી વિશેષ જાણકારી શું છે ?**

**ઉત્તર– (૧)** એક જીવમાં કોઈ ભાંગો બનતો નથી અને તેમાં આહારક કે અનાહારક બંનેમાંથી જે પણ હોય તે કહેવામાં આવે છે તેથી અહીં બધા દ્વારોમાં વારંવાર કહેલ નથી, સ્વતઃ સમજવાનો સંકેત કરેલ છે. **(૨)** વધુ જીવની અપેક્ષાએ એકેન્દ્રિય જીવ જે કોઈ બોલમાં હોય છે કે સમુચ્ચય જીવની સાથે હોય તો તેનો એક ભાંગો બને છે. તે જે બોલમાં ન હોય કે જીવની સાથે ન હોય તો પ્રાયઃ ત્રણ ભાંગા બને છે. ક્યારેક તે ક્યાંય બનતા નથી તેને ઉપરોક્ત વર્ણનમાં ધ્યાનથી જોઈ લેવું. **(૩)** તેર દ્વારોના જે ભેદ સ્વયં અશાશ્વત હોય છે ત્યાં છ ભાંગા બને છે. ઉદાહરણ ઉપરોક્ત વર્ણનમાં જુઓ. **(૪)** જે બોલ કેવળ આહારકનો હોય કે માત્ર અણાહારક જ હોય તેના એકવચનમાં કે બહુવચનમાં ભાંગા બનતા નથી. **(૫)** તેર દ્વારના કોઈ પણ ભેદ કેટલા દંડકમાં છે તે જીવાભિગમ સૂત્રની પ્રથમ પ્રતિપતિમાંથી જાણી લેવું.

# પદ–૨૯ : ઉપયોગ

**પ્રશ્ન–૧ : ઉપયોગ કેટલા કહેલ છે અને દંડકોમાં કયા પ્રકારે મળે છે ?**

**ઉત્તર–** ઉપયોગ બે પ્રકારના હોય છે– સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ. સાકાર ઉપયોગના આઠ ભેદ છે– ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન અને અનાકાર ઉપયોગના ચાર ભેદ છે– ૪ દર્શન.





## દંડકોમાં ઉપયોગ :–

| | | | | |
|---|---|---|---|---|
| નારકીમાં– | ૯ | ૩ જ્ઞાન | ૩ અજ્ઞાન | ૩ દર્શન |
| દેવતામાં– | ૯ | ૩ જ્ઞાન | ૩ અજ્ઞાન | ૩ દર્શન |
| પાંચ સ્થાવરમાં– | ૩ | ૨ અજ્ઞાન | ૧ દર્શન | – |
| ત્રણ વિકલેન્દ્રિયમાં– | ૫/૬ | ૨ જ્ઞાન | ૨ અજ્ઞાન | દર્શન ૧/૨ |
| તિર્યંચ પંચેન્દ્રિયમાં– | ૯ | ૩ જ્ઞાન | ૩ અજ્ઞાન | ૩ દર્શન |
| મનુષ્યમાં– | ૧૨ | ૫ જ્ઞાન | ૩ અજ્ઞાન | ૪ દર્શન |

**વિશેષ**–જીવ જ્યારે જ્ઞાન, અજ્ઞાનના ઉપયોગમાં ઉપયુક્ત(જોડાયેલ) હોય ત્યારે સાકાર ઉપયોગવાળો કહેવાય અને જ્યારે દર્શનના ઉપયોગમાં જોડાયેલ હોય ત્યારે અનાકાર ઉપયોગવાળા કહેવાય.

# પદ–૩૦ : પશ્યતા

**પ્રશ્ન–૧ : પશ્યતાનું સ્વરૂપ શું છે ? અને તે ૨૪ દંડકમાં કેટલા મળે છે ?**

**ઉત્તર–** ઉપયોગની જેમ જ પશ્યતાનું વર્ણન છે અર્થાત્ પશ્યતા પણ બે પ્રકારે છે– સાકાર પશ્યતા અને અનાકાર પશ્યતા. સાકાર પશ્યતાના છ ભેદ છે– ૪ જ્ઞાન, ૨ અજ્ઞાન. અનાકાર પશ્યતાના ત્રણ ભેદ છે– ૩ દર્શન.

મતિજ્ઞાન, મતિ અજ્ઞાન અને અચક્ષુદર્શન આ ત્રણ ઉપયોગ, પશ્યતામાં હોતા નથી. આ ત્રણે ય ઉપયોગ બુદ્ધિગ્રાહ્ય છે. તેથી પશ્યતામાં તેનો સમાવેશ થતો નથી. શ્રુતજ્ઞાન, શ્રુત અજ્ઞાન, ચક્ષુદર્શન એ ત્રણ ઇન્દ્રિયગ્રાહ્ય હોવાથી તેમજ ૬ જ્ઞાન–દર્શન આત્મ પ્રત્યક્ષીભૂત હોવાથી તેને પશ્યક કહેવામાં આવેલ છે.

## દંડકોમાં પશ્યતા :–

| | | |
|---|---|---|
| દેવતા, નારકી અને તિર્યંચ પંચેન્દ્રિયમાં | ૬ | ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન. |
| મનુષ્યમાં | ૯ | ૪ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૩ દર્શન. |
| પાંચ સ્થાવરમાં | ૧ | શ્રુત અજ્ઞાન. |
| બેઇન્દ્રિય, તેઇન્દ્રિયમાં | ૨ | શ્રુતજ્ઞાન, શ્રુત અજ્ઞાન. |
| ચૌરેન્દ્રિયમાં | ૩ | શ્રુતજ્ઞાન, શ્રુત અજ્ઞાન, ચક્ષુ દર્શન. |

**વિશેષ–** જ્ઞાનોપયોગવાળા સાકાર પશ્યતા કહેવામાં આવે છે અને દર્શનોપયોગ-વાળા અનાકાર પશ્યતા કહેવામાં આવે છે.

**પ્રશ્ન–૨ : કેવળજ્ઞાની અને છદ્મસ્થના ઉપયોગમાં શું વિશેષતા અને ભિન્નતા હોય છે ?**

**ઉત્તર–** જીવોને જ્યારે જ્ઞાનોપયોગ અર્થાત્ સાકારોપયોગ હોય છે તે સમયે અનાકાર ઉપયોગ હોતો નથી અને જ્યારે અનાકાર ઉપયોગ હોય છે ત્યારે સાકારોપયોગ હોતો નથી અર્થાત્ જીવનમાં જ્ઞાનદર્શન એક સાથે ક્ષયોપશમ ભાવે રહી શકે છે પરંતુ તેનો બંનેનો ઉપયોગ એક સમયે સાથે થતો નથી. બેમાંથી એક જ ઉપયોગ એક સમયે હોય છે.

જ્ઞાનોપયોગ–સાકારોપયોગથી જાણવાનું હોય છે અને દર્શનોપયોગ–અનાકારોપયોગથી જોવાનું હોય છે તેથી જાણવા અને દેખવા(જોવા)રૂપ ઉપયોગ પણ ભિન્ન-ભિન્ન સમયે થતો હોય છે. તેથી છદ્મસ્થ અને કેવળી બધાને એક સમયે એક જ ઉપયોગ હોય છે સાકાર ઉપયોગ અથવા અનાકાર ઉપયોગ.

કેવળજ્ઞાની પ્રત્યેક પદાર્થના સ્વરૂપને તેના નામ, અર્થ, ભાવાર્થ, આકારોથી, યુક્તિપૂર્વક, ઉપમા તેમજ દૃષ્ટાંતપૂર્વક, વર્ણ,ગંધ, રસ, સ્પર્શ તેમજ સંસ્થાનોથી, લંબાઈ, પહોળાઈ આદિ માપોથી કે પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી જાણે છે અને જુએ છે. જે સમયે જેવા રૂપ દર્શનોપયોગ–અનાકારોપયોગમાં હોય છે ત્યારે અનંતર સમયમાં જ્ઞાન ઉપયોગ, સાકાર ઉપયોગમાં હોય છે.

ઉપયોગની જેમ બંને પશ્યતા પણ સમજી લેવા જોઈએ.

છદ્મસ્થોના બંને ઉપયોગ જઘન્ય તેમજ ઉત્કૃષ્ટ અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત-વાળા હોય છે અને કેવળજ્ઞાનીને એક-એક સમયના જ બંને ઉપયોગ હોય છે. બંને ઉપયોગકાળના અંતર્મુહૂર્ત પણ અત્યંત નાનો સમય છે જેને છદ્મસ્થ, બુદ્ધિથી સમજી શકે નહીં અને બંને ઉપયોગ એક સાથે થાય છે તેવો આભાસ થાય છે તો ૧–૧ સમયની કેવળીઓના ઉપયોગની ક્રમિકતાનું આગમ કથન તો પૂર્ણ શ્રદ્ધાનો જ વિષય છે. તેને યુગપત માનવાની મુંઝવણમાં પડવું જોઈએ નહીં.

# પદ–૩૧ : સંજ્ઞી

**પ્રશ્ન–૧ : સંજ્ઞી–અસંજ્ઞીના વિષયમાં અહીં કયું નિરૂપણ છે ?**

**ઉત્તર–** સંજ્ઞી–અસંજ્ઞી આ બે શબ્દોમાં જગતના બધા જીવોનો સમાવેશ થઈ જાય છે. (૧) જે જીવોને મન હોય છે તે સંજ્ઞી હોય છે. (૨) જેને મન હોતું નથી તે અસંજ્ઞી હોય છે અથવા અસંજ્ઞીથી આવીને ઉત્પન્ન થવાવાળા અને મનઃપર્યાપ્તિ





પૂર્ણ નથી કરી તેવા નારકી દેવતા પણ અસંજ્ઞી છે. જે ગર્ભજ અને ઔપપાતિક હોય છે તે સંજ્ઞી છે.

**ચોવીસ દંડકમાં :–**

| | |
|---|---|
| નારકી, ભવનપતિ, વ્યંતર | સંજ્ઞી તેમજ અસંજ્ઞી |
| મનુષ્ય તેમજ તિર્યંચ પંચેન્દ્રિય | સંજ્ઞી તેમજ અસંજ્ઞી |
| જ્યોતિષી, વૈમાનિક | સંજ્ઞી છે, અસંજ્ઞી નથી |
| પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય | અસંજ્ઞી છે, સંજ્ઞી નથી |
| નો સંજ્ઞી નો અસંજ્ઞી | જીવ, મનુષ્ય અને સિદ્ધ |

# પદ–૩૨ : સંયત

**પ્રશ્ન–૧ : સંયત સંબંધી અહીં કયુ કથન કરવામાં આવેલ છે ?**

**ઉત્તર–** શ્રમણ, મુનિને સંયત–સંયમી કહેવામાં આવે છે. શ્રાવક–શ્રમણોપાસકને સંયતાસંયત કહેવાય છે, બાકી બધા અસંયત છે.

૨૪ દંડકમાં–૨૨ દંડકના જીવ અસંયત છે. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અસંયત અને સંયતાસંયત બંને પ્રકારના હોય છે. મનુષ્યમાં કોઈ સંયત હોય છે, કોઈ અસંયત હોય છે, તો કોઈ સંયતાસંયત પણ હોય છે. સિદ્ધ ભગવાન નોસંયત નોઅસંયત, નોસંયતાસંયત હોય છે.

**વિશેષ–** આ જાણવાની, તત્ત્વદૃષ્ટિથી કથન કરવામાં આવેલ છે. પરંતુ કોઈ દેવ, વિશિષ્ટ વ્યક્તિ પ્રત્યક્ષ હોય તેને અથવા તું અસંયત છે તેવા કઠોર વચન કહેવાય નહીં. આવા કઠોર વચન બોલવાનો ભગવતીસૂત્રમાં નિષેધ કરવામાં આવ્યો છે.

સંયતના પાંચ ભેદ–સામાયિક આદિનું વિસ્તૃત વિશ્લેષણ ભગવતી સૂત્ર, શતક–૨૫, ઉદ્દેશક–૭માં કરવામાં આવેલ છે. પ્રશ્નોત્તર ભાગ–૪ જુઓ.

# પદ–૩૩ : અવધિ

**પ્રશ્ન–૧ : અવધિજ્ઞાનના સંબંધમાં આ પદમાં કયા વિષયોનું નિદર્શન કરવામાં આવેલ છે ?**

**ઉત્તર–** નંદીસૂત્રમાં પાંચ જ્ઞાન સંબંધી વિસ્તૃત વર્ણન છે. નારકી તથા દેવતા સંબંધી અવધિજ્ઞાનનો વિષય જીવાભિગમ સૂત્રમાં છે. તે સંબંધી જાણકારી માટે તે અવધિજ્ઞાનનું પ્રકરણ જોવું જોઈએ.

**નારકીમાં**–ભવપ્રત્યયિક અવધિ હોય છે. જઘન્ય અર્ધોકોષ ઉત્કૃષ્ટ ચાર કોષ ક્ષેત્ર સીમાવાળું હોય છે. ત્રિકોણ નાવના આકારવાળું અવધિક્ષેત્ર હોય છે. આભ્યંતર અવધિ હોય છે. બાહ્ય અવધિજ્ઞાન હોતું નથી. દેશ અવધિ હોય છે, સર્વ અવધિજ્ઞાન હોતું નથી. આનુગામિક અવધિ હોય છે, અપડિવાઈ (જીવનભર રહેનાર)અને અવસ્થિત (ન ઘટે ન વધે) અવધિ હોય છે.

**અસુરકુમારમાં**– ભવપ્રત્યયિક અવધિ હોય છે. જઘન્ય ૨૫ યોજન, ઉત્કૃષ્ટ અસંખ્ય દ્વીપસમુદ્ર ક્ષેત્ર સીમાવાળું હોય છે. પલ્લકના આકારે ચતુષ્કોણ થાય છે. બાકીનું વર્ણન નરકની સમાન.

**નવનિકાય** તેમજ **વ્યંતરમાં**–ઉત્કૃષ્ટ અવધિક્ષેત્ર સંખ્યાતા દ્વીપસમુદ્રનું હોય છે. બાકીનું વર્ણન અસુરકુમાર સમાન.

**તિર્યંચ પંચેન્દ્રિયમાં**–જઘન્ય આંગળનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ અસંખ્યદ્વીપ સમુદ્ર પ્રમાણ અવધિજ્ઞાન હોય છે. ક્ષયોપશમિક અવધિ, બાહ્ય અવધિ, વિવિધ આકારે અને દેશઅવધિ તિર્યંચમાં હોય છે. અનુગામિક, અનાનુગામિક, હાયમાન, વર્ધમાન, પડિવાઈ, અપડિવાઈ, અવસ્થિત, અનવસ્થિત વગેરે બંને પ્રકારનું અવધિ તિર્યંચ પંચેન્દ્રિયને હોય છે.

**મનુષ્યમાં**– ક્ષયોપશમિક અવધિ હોય છે. જેમાં જઘન્ય આંગળનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ અસંખ્યાત લોક ખંડ જેટલી સીમા ક્ષેત્ર જાણવાની ક્ષમતા હોય છે. બાકીનું તિર્યંચની સમાન. પરમઅવધિજ્ઞાન મનુષ્યને હોય છે. અર્થાત્ દેશ, સર્વ, આભ્યંતર, બાહ્ય આદિ બંને પ્રકારનું અવધિજ્ઞાન મનુષ્યમાં હોય છે.

**જ્યોતિષીમાં**– જઘન્ય સંખ્યાતા દ્વીપસમુદ્ર, ઉત્કૃષ્ટ પણ સંખ્યાતા દ્વીપસમુદ્રની ક્ષમતાવાળું અવધિજ્ઞાન હોય છે. બાકીનું અસુરકુમારની સમાન.

**વૈમાનિકમાં**–જઘન્ય આંગળનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ લોકનાલ (ત્રસનાલ).

**સંસ્થાન**–વાણવ્યંતરને ઢોલ પડહના આકારે, જ્યોતિષીને ખંજરી–ઝાલરના આકારે અવધિજ્ઞાન હોય છે. ૧૨ દેવલોકને ઉર્ધ્વમૃદંગ. નવગ્રૈવેયકમાં પુષ્પચંગેરી (ફૂલની છાબડી). અનુત્તર વિમાનમાં–જવનાલિકા(લોકનાલિકા) આ અવધિ ક્ષેત્રનો આકાર છે.

**નોંધ**–અવધિજ્ઞાન સંબંધી બાકીની વિશેષ જાણકારી માટે નંદીસૂત્ર તથા જીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપતિનું અધ્યયન કરવું.



# પદ-૩૪ : પરિચારણા

**પ્રશ્ન–૧ : પરિચારણા કોને કહે છે ? તેના કેટલા પ્રકાર દર્શાવવામાં આવ્યા છે ?**

**ઉત્તર**– પરિચારણા શબ્દનો અર્થ– મૈથુન સેવન, કામક્રીડા, રતિ, વિષયભોગ આદિ છે. 'પ્રવિચારણા' પણ તેનો પર્યાય શબ્દ તત્ત્વાર્થ સૂત્રમાં આવેલ છે. આહાર, અધ્યવસાય તેમજ સમ્યક્ત્વ-મિથ્યાત્વની પણ પરિચારણાગત પરિણામોમાં અસર પડે છે. આહારથી શરીર પુષ્ટ થાય છે, શરીરમાં જ વિષય-વાસનાની ઉત્પત્તિ થાય છે. પરિણામોમાં મોહભાવોની વૃદ્ધિ થવાથી કામભોગનો પ્રયત્ન થાય છે. પરિચારણા કરતા થકા પણ મિથ્યાત્વી અને સમ્યક્દૃષ્ટિની આસક્તિમાં ફેર હોય છે.

ઔદારિક દંડકોમાં પરિચારણા પછી વિવિધ ક્રિયાઓ થાય છે અર્થાત્ સાંસારિક કાર્યોની વૃદ્ધિ, ગર્ભાધાન, સંતતિનું સંરક્ષણ આદિ ક્રિયાઓ વધે છે. વૈક્રિય દંડકોમાં પહેલા વિશેષ શરીર હજારો રૂપ આદિ બનાવે છે અને પછી પરિચારણા કરે છે અર્થાત્ પહેલા વિક્રિયા હોય છે. પરિચારણા પછીની તેમને કોઈ ક્રિયા–વિક્રિયા હોતી નથી.

પરિચારણાના પાંચ પ્રકાર છે– (૧) કાય પરિચારણા– સ્ત્રી પુરુષનું મૈથુન સેવન (૨) સ્પર્શ પરિચારણા–બંને લિંગીનું પરસ્પર આલિંગન આદિ (૩) રૂપ પરિચારણા– પરસ્પર નજર મેળવવી, નૃત્ય વગેરેનું અવલોકન કરવું.(૪) શબ્દ પરિચારણા– ગીત, હાસ્ય આદિના શબ્દો સાંભળવા. (૫) મન પરિચારણા– પરસ્પરના મનોભાવોનું આદાન-પ્રદાન કરવું.

સંજ્ઞી તિર્યંચ અને મનુષ્યમાં આ પાંચે ય પરિચારણા છે. નારકીમાં આકાંક્ષા માત્રથી આ પાંચેય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિયમાં પરિચારણા છે પરંતુ આગળ-પાછળની કોઈ વિક્રિયા હોતી નથી. પરિચારણા પણ તેમને અવ્યક્ત સંજ્ઞાથી છે. દેવતાઓમાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી પહેલા બીજા દેવલોકમાં મનુષ્ય જેવી મૈથુન સેવન રૂપ કાય પરિચારણા છે. વીર્ય પુદ્ગલ પણ દેવીના શરીરમાં દાખલ થઈને તેનું ઈન્દ્રિય, શરીર રૂપમાં પરિણમન હોય છે, તેમને ગર્ભાધાન હોતું નથી. દેવને પરિચારણાની ઈચ્છા થાય તો દેવીઓ રૂપ શૃંગાર આદિ કરીને હાજર થઈ જાય છે.

**પ્રશ્ન–૨ : દેવીઓ બીજા દેવલોક સુધી જ હોય છે તો આગળના દેવલોકમાં દેવોને પરિચારણા કયા પ્રકારે હોય છે ?**

**ઉત્તર–** ત્રીજા દેવલોકથી ૧૨ મા દેવલોક સુધી દેવીઓ હોતી નથી. તોપણ ત્રીજા, ચોથા દેવલોકમાં સ્પર્શ પરિચારણા છે. પાંચમા, છઠ્ઠા દેવલોકમાં રૂપ પરિચારણા છે. સાતમા આઠમા દેવલોકમાં શબ્દ પરિચારણા હોય છે.

દેવોને પરિચારણાની ઈચ્છા થવાથી પહેલા બીજા દેવલોકથી અપરિગ્રહિતા દેવીઓ ત્યાં પહોંચી જાય છે, પછી ઉપર કહ્યા મુજબ એ દેવ આસક્તિયુક્ત અંગોથી સ્પર્શ માત્રથી કે શબ્દમાત્રથી કે રૂપ જોવામાં તલ્લીન બની જવાથી મૈથુનભાવોની તૃપ્તિ કરી લે છે. આમ કરવાથી પણ દેવના શરીરના પુદ્ગલો દેવીના શરીરમાં પહોંચી જાય છે અને તે તેના શરીરને પૃષ્ટિ રૂપ બને છે.

મન પરિચારણાવાળા ૯મા, ૧૦મા, ૧૧મા અને ૧૨મા દેવલોકના દેવોને જ્યારે પરિચારણાની ઈચ્છા થાય છે ત્યારે ત્યાં દેવીઓ જતી નથી પરંતુ પોતાના સ્થાન ઉપર જ્યાં હોય ત્યાં રહીને વિક્રિયા, વિભૂષા અને મનો પરિણામોથી તે રૂપમાં પરિણત થઈ જાય છે. આ પ્રકારે તે બંને પરિચારણાનો અનુભવ મનથી જ કરી લઈને ઈચ્છાની પૂર્તિ કરી લે છે. આમ કરવાથી પણ દેવ શરીરના પુદ્ગલોનું દેવીના શરીરમાં સંક્રમણ તેમજ પરિણમન થઈ જાય છે.

આ રીતે વિભિન્ન પ્રકારની પરિચારણઓથી તેના વેદમોહનીયની ઉપશાંતિ થઈ જાય છે. નવ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના દેવોને કોઈ પ્રકારની પરિચારણા કે તેનો સંકલ્પ થતો નથી.

**અલ્પબહુત્વ–**અપરિચારણાવાળા દેવ અલ્પ છે. મન પરિચારણાવાળા અસંખ્ય ગણા, શબ્દ પરિચારણાવાળા અસંખ્યાતગણા, રૂપ પરિચારણાવાળા અસંખ્યાત ગણા, સ્પર્શ પરિચારણાવાળા અસંખ્યાતગણા, કાય પરિચારણાવાળા દેવ અસંખ્ય ગણા હોય છે.

## પદ–૩૫ : વેદના

**પ્રશ્ન–૧ : વેદનાઓનું સ્વરૂપ આ પદમાં કયા પ્રકારે દર્શાવવામાં આવેલ છે ?**

**ઉત્તર–** ઠંડી, ગરમ તેમજ શીતોષ્ણ ત્રણ પ્રકારની વેદના બધા–૨૩ દંડકોમાં વધતી ઓછી હોય છે. નારકીમાં–પહેલી, બીજી, ત્રીજીમાં ઉષ્ણ, ચોથી-પાંચમીમાં બંને, છટ્ઠી-સાતમીમાં શીત વેદના હોય છે.

દ્રવ્ય,ક્ષેત્ર,કાળ,ભાવની વેદના ચોવીશે ય દંડકમાં હોય છે.





શારીરિક, માનસિક અને બંને એમ ત્રણ પ્રકારની વેદના ૧૬ દંડકમાં હોય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિયમાં માત્ર શારીરિક વેદના છે. શાતા-અશાતા, મિશ્ર એમ ત્રણ પ્રકારની વેદના ૨૪ દંડકમાં વધતી ઓછી હોય છે. આ ઉદય પ્રમુખ વેદના છે. દુઃખ, સુખ, અદુઃખાસુખા આ ત્રણ પ્રકારની વેદના પરોદીરિત નિમિત્ત મુખ્ય છે. ત્રણે ય વેદના ૨૪ દંડકમાં હોય છે.

**અભ્યુગમિકી**=સ્વેચ્છાએ સ્વીકારેલી કેશલોચન આદિ, **ઔપક્રમિકી**= અનિચ્છાથી અચાનક આવનારી વેદના જેમકે પડી જવું આદિથી થતી વેદના આ બંને પ્રકારની વેદના તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યમાં હોય છે. બાકી બધા દંડકોમાં માત્ર એક ઔપક્રમિકી વેદના હોય છે.

નિદા–વ્યક્ત વેદના, અનિદા–અવ્યક્ત વેદના. આ બંને પ્રકારની વેદના નારકીમાં હોય છે. કારણ કે ત્યાં સંજ્ઞી, અસંજ્ઞી બંને હોય છે. આ પ્રકારે ભવનપતિ અને વ્યંતરમાં પણ બંને હોય છે. જ્યોતિષી, વૈમાનિકમાં પણ બંને વેદના હોય છે. (સમ્યક્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ). પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિયમાં અનિદા વેદના જ હોય છે. મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં બંને વેદના હોય છે.

## પદ–૩૬ : સમુદ્ઘાત

**પ્રશ્ન–૧ : સમુદ્ઘાત કોને કહે છે અને સમુદ્ઘાતોનું સ્વરૂપ શું છે ?**

**ઉત્તર–** મૂળ શરીરમાંથી કેટલાક આત્મપ્રદેશોનું થોડા સમય માટે બહાર નીકળવું તેને સમુદ્ઘાત કહે છે. આત્મપ્રદેશોની બહાર નીકળવાની આ પ્રક્રિયા સાત પ્રકારના પ્રસંગોએ થાય છે. તેથી સમુદ્ઘાત સાત પ્રકારના કહેલ છે.

**(૧) વેદનીય સમુદ્ઘાત–** અશાતા વેદનીયની તીવ્રતાથી આત્મપ્રદેશ તેના અવગાહિત ક્ષેત્રની બહાર પરિસ્પંદિત થાય છે એ સમયે આત્માની જે પ્રક્રિયા થાય છે તેને વેદનીય સમુદ્ઘાત કહેછે.

**(૨) કષાય સમુદ્ઘાત**– ક્રોધ, માન, માયા કે લોભ એ કોઈપણ કષાયની તીવ્રતાથી આત્મપ્રદેશ શરીરના અવગાહિત ક્ષેત્રમાંથી બહાર પરિસ્પંદિત થાય, તે પ્રક્રિયાને કષાય સમુદ્ઘાત કહે છે.

**(૩) મારણાંતિક સમુદ્ઘાત–**મરણ સમયે, ભાવી જન્મ સ્થાન સુધી આત્મ-પ્રદેશોનું જવું અને પાછા આવવું, એ જ આત્મપ્રક્રિયા, મારણાંતિક સમુદ્ઘાત કહેવાય છે.

**(૪) વૈક્રિય સમુદ્ઘાત–** નારકી, દેવતા, મનુષ્ય અને તિર્યંચ–જે કોઈપણ ઉત્તર વૈક્રિય કરે છે ત્યારે તેને પહેલા સમુદ્ઘાત કરવો પડે છે. તે જ વૈક્રિય સમુદ્ઘાત છે. અર્થાત્ વૈક્રિય શરીર બનાવવા માટે તેને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરવાના હેતુથી આત્મપ્રદેશોની લંબાઈ–ઉંચાઈ હજારો યોજન સુધી બહાર ફેલાવવામાં આવે છે પછી તે શરીર પ્રમાણ પહોળાઈ અને હજારો યોજન લંબાઈવાળા અવગાહિત ક્ષેત્રમાં રહેલા વૈક્રિય વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરવામાં આવે છે. આ રીતે આત્મપ્રદેશોને શરીરની બહાર મોકલવાની આ પ્રક્રિયા તે વૈક્રિય સમુદ્ઘાત છે.

**(૫) તૈજસ સમુદ્ઘાત**–શીત કે ઉષ્ણ તેજોલબ્ધિવાળો, કોઈ ઉપર ઉપકાર કે અપકાર કરવાના હેતુથી ઉપરના બંને પ્રકારના પુદ્ગલો ગ્રહણ કરીને પછી ફેંકે છે–પ્રક્ષેપ કરે છે. આ પુદ્ગલોને વિશેષ માત્રામાં ગ્રહણ કરવાના અને ફેંકવાના હેતુથી આત્મપ્રદેશોનું શરીરના અવગાહિત ક્ષેત્રની બહાર નીકળવા રૂપ જે ક્રિયા થાય છે તે તૈજસ સમુદ્ઘાત છે.

**(૬) આહારક સમુદ્ઘાત**–શંકાનું સમાધાન અને જિજ્ઞાસાને સંતોષવા માટે જે એક નવું પણ નાનું શરીર બનાવી કરોડો માઈલ દૂર મોકલવામાં આવે છે. તે આહારક શરીર હોય છે. આ આહારક શરીર બનાવવા માટે અને મોકલવા માટે થોડાક આત્મ-પ્રદેશો શરીરમાંથી બહાર કાઢવામાં આવે છે અને પછી તે આત્મપ્રદેશો નવા શરીરની સાથે રહીને ઈચ્છિત સ્થાને જાય છે. આત્મ પ્રદેશોનું શરીર અવગાહિત ક્ષેત્રની બહાર નીકળવા રૂપ આ સંપૂર્ણ ક્રિયાને આહારક સમુદ્ઘાત કહે છે. ચૌદપૂર્વી, આહારક લબ્ધિસંપન્ન શ્રમણ જ આ સમુદ્ઘાત કરી શકે છે, અન્ય કોઈ કરી શકતા નથી.

**(૭) કેવલી સમુદ્ઘાત–** મોક્ષે જવાનો સમય નજીક આવે ત્યારે અઘાતીકર્મોની વિષમરૂપતાને(ઓછા વધતા પણાને) સમરૂપ કરવાના હેતુથી, આત્મપ્રદેશો સંપૂર્ણ લોકપ્રમાણ વ્યાપ્ત થઈ જાય છે. આત્મપ્રદેશોની અને લોકપ્રદેશોની સંખ્યા સમાન હોય છે. તેથી જીવની આ આત્મપ્રદેશોની સર્વોત્કૃષ્ટ અવગાહના હોય છે. ઔદારિક શરીર તો આ સમયે પણ પોતાની અવગાહનામાં જ રહે છે, માત્ર આત્મપ્રદેશ જ નીકળે છે. આ રીતે આઠ સમયને માટે આત્મપ્રદેશોને બહાર કાઢવાની આ પ્રક્રિયા છે, આ ક્રિયાને જ કેવળી સમુદ્ઘાત કહેવામાં આવે છે.

**પ્રશ્ન–૨ : સમુદ્ઘાતોમાં સમય કેટલો લાગે છે અને કેવલી સમુદ્ઘાતોના આઠ સમયની પ્રક્રિયા કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** પ્રથમના છ સમુદ્ઘાતમાં અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત રૂપ સમય લાગે છે. કેવલી સમુદ્ઘાતમાં આઠ સમય લાગે છે, જેની પ્રક્રિયા આ પ્રમાણે છે–





કેવલીસમુદ્ઘાતની પ્રક્રિયામાં જીવ પહેલા સમયે શરીરની પહોળાઈ–જાડાઈના પ્રમાણમાં ઉપર-નીચે લોકાંત સુધી આત્મપ્રદેશો ફેલાવે છે. બીજા સમયે શરીરની પહોળાઈ–જાડાઈ પ્રમાણમાં તે દંડ રૂપ પ્રદેશોને પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ એક એક ભીંત(દિવાલ) રૂપે વિસ્તૃત કરે છે(ફેલાવે છે).ત્રીજા સમયે આ ભીંત રૂપમાં રહેલા આત્મપ્રદેશોને બંને બાજુ લોકાંત સુધી વિકસિત કરે છે, જેનાથી આત્મ-પ્રદેશો પૂરા લોકક્ષેત્રમાં અર્થાત્ સમ કિનારાવાળા લોકરૂપમાં વ્યાપ્ત થઈ જાય છે. પરંતુ લોક વિષમ કિનારાવાળો હોવાથી તેના એ નાના ખુણા અવ્યાપ્ત રહી જાય છે. જે ચોથા સમયમાં પૂરાઈ જાય છે. આ રીતે સંપૂર્ણ લોકમાં પૂર્ણ રૂપે આત્મપ્રદેશોને વ્યાપ્ત થવામાં કુલ ચાર સમય લાગે છે અને આ જ ક્રમથી આત્મ-પ્રદેશોને ફરીથી સંકોચવામાં–સંકેલવામાં પણ ચાર સમય લાગે છે.

આ રીતે માત્ર એક સમય(ચોથા સમયે)જ આત્મપ્રદેશોની સંપૂર્ણ લોક-પ્રમાણ અવગાહના કે સર્વોત્કૃષ્ટ અવગાહના થાય છે. તેમજ ખુણાઓ રહી જાય તેને ગૌણ કરવામાં આવે તો એ અપેક્ષાએ ત્રણ સમય(ત્રીજો, ચોથો અને પાંચમો) લોક પ્રમાણ અવગાહના હોય છે. આ ત્રણ સમયમાં આત્મપ્રદેશ શરીરમાં ઓછા અને બહાર વધારે(અત્યાધિક)રહે છે. આ કારણે આ ત્રણ સમયે જીવ અણાહારક હોય છે તેમજ તે સમયે ઔદારિકનો યોગ પણ રહેતો નથી. કાર્મણ કાય યોગ (કાર્મણ, શરીરનો વ્યાપાર)રહે છે. અન્ય પાંચ સમયે આત્મપ્રદેશો શરીરમાં વધુ હોય છે અને બહાર ઓછા હોય છે તેથી ઔદારિક શરીર યોગ કે મિશ્રયોગ અને આહારકતા બની રહે છે.

**આઠ સમયની વિગત :–**

| સમય | સંસ્થાન | યોગ |
|---|---|---|
| ૧ | દંડ રચના–દંડરૂપમાં આત્મપ્રદેશ | ઔદારિક |
| ૨ | કપાટ રચના–કપાટ રૂપ (દિવાલરૂપે) | ઔદારિક મિશ્ર |
| ૩ | પૂરિત મન્થાન–સમાન કિનારાવાળા લોક પ્રમાણ | કાર્મણ |
| ૪ | પૂરિત લોક–વિષમ કિનારાવાળા સંપૂર્ણ લોક પ્રમાણ | કાર્મણ |
| ૫ | લોક સાહરણ–સમરૂપ લોકપ્રમાણ | કાર્મણ |
| ૬ | મન્થાન સાહરણ–કપાટ રૂપ સંસ્થાન | ઔદારિક મિશ્ર |
| ૭ | કપાટ સાહરણ – દંડરૂપ સંસ્થાન | ઔદારિક મિશ્ર |
| ૮ | દંડ સાહરણ – શરીરસ્થ | ઔદારિક |

**પ્રશ્ન–૩ : ૨૪ દંડકોમાં સમુદ્ઘાતો કેટલા મળે છે તથા જીવોના ભૂતકાલીન**

**અને ભવિષ્યકાલીન સમુદ્ઘાતોનું પરિમાણ કયા પ્રકારે છે ?**

**ઉત્તર– દંડકોમાં સમુદ્ઘાત–** નારકીમાં ૪, દેવતામાં ૫, ચાર સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયમાં ૩, વાયુકાયમાં ૪, તિર્યંચ પંચેન્દ્રિયમાં ૫, મનુષ્યમાં ૭. આ સંખ્યા ક્રમથી જ હોય છે, અર્થાત્ પહેલાથી ત્રીજી, પહેલીથી ચોથી આદિ સમુદ્ઘાત.

**ચોવીસ દંડકમાં એક જીવના ઉભય કાલિક સમુદ્ઘાતો :–**

| સમુદ્ઘાત | જીવ | ભૂતકાળમાં | | ભવિષ્યકાળમાં | |
|---|---|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| વેદનીયાદિ પાંચ | ૨૪ દંડકમાં | – | અનંતા | ૦/૧–૨–૩ | અનંતા |
| આહારક | ૨૩ દંડકમાં | ૦/૧–૨–૩ | × | ૦/૧–૨–૩–૪ | × |
| આહારક | મનુષ્યમાં | ૦/૧–૨–૩–૪ | × | ૦/૧–૨–૩–૪ | × |
| કેવલી | ૨૩ દંડકમાં | × | × | ૦/૧ | × |
| કેવલી | મનુષ્યમાં | ૦/૧ | × | ૦/૧ | × |

**બધા જીવોની અપેક્ષા :–**

| સમુદ્ઘાત | જીવ | ભૂતકાળમાં | | ભવિષ્યકાળમાં | |
|---|---|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| વેદનીયાદિ પાંચ | ૨૪ દંડકમાં | અનંતા | અનંતા | અનંતા | અનંતા |
| આહારક | ૨૨ દંડકમાં | અસંખ્યાતા | અસંખ્યાતા | × | અસંખ્યાતા |
| આહારક | વનસ્પતિમાં | અનંતા | અનંતા | × | અનંતા |
| આહારક | મનુષ્યમાં | સંખ્યાતા | અસંખ્યાતા | સંખ્યાતા | અસંખ્યાતા |
| કેવલી | ૨૨ દંડકમાં | × | × | × | અસંખ્યાતા |
| કેવલી | વનસ્પતિમાં | × | × | × | અનંતા |
| કેવલી | મનુષ્યમાં | ૦/૧–૨–૩ | અનેક સો | સંખ્યાતા | અસંખ્યાતા |

**પ્રશ્ન–૪ : ૨૪ દંડકના એક એક જીવ, ૨૪ દંડકમાં ભવિષ્યકાળમાં સાત સમુદ્ઘાતો કેટલા કેટલા કરશે ? અને ભૂતકાળમાં કેટલા કરેલા છે ?**

**ઉત્તર– એક એક જીવના બધા–પ્રત્યેક દંડકમાં સમુદ્ઘાતો :–**

| સમુદ્ઘાત | જીવ | દંડકમાં | ભવિષ્યકાળ | |
|---|---|---|---|---|
| | | | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| વેદનીય | નૈરયિક | ૨૪ દંડકમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| વેદનીય | ૨૩ દંડક | નરકમાં | ૦/સંખ્યાતા | અનંતા |
| વેદનીય | ૨૩ દંડક | ૨૩ દંડકમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| કષાય | નૈરયિક | નરકમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| કષાય | નૈરયિક | ૧૧ દંડક દેવમાં | ૦/સંખ્યાતા | અનંતા |
| કષાય | નૈરયિક | જ્યોતિષી વૈમાનિકમાં | ૦/અસંખ્યાતા | અનંતા |
| કષાય | નૈરયિક | ઔદારિક દંડકોમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| કષાય | ૧૩ દંડકના દેવ | નરકમાં | ૦/સંખ્યાતા | અનંતા |
| કષાય | ૧૩ દંડકના દેવ | ૧૩ દંડક સ્વસ્થાનમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| કષાય | ૧૩ દંડકના દેવ | ૧૧ દંડક પરસ્થાનમાં | ૦/સંખ્યાતા | અનંતા |
| કષાય | ૧૩ દંડકના દેવ | જ્યો. વૈમા. પરસ્થાનમાં | ૦/અસંખ્યાતા | અનંતા |
| કષાય | શેષ દશ દંડક | નરક દેવમાં | ૦/સંખ્યાતા | અનંતા |
| કષાય | શેષ દશ દંડક | જ્યો૦ વૈમા૦માં | ૦/અસંખ્યાતા | અનંતા |
| કષાય | શેષ દશ દંડક | શેષ ૧૦ દંડકમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| મારણાંતિક | ૨૪ દંડક | ૨૪ દંડકમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| આહારક | ૨૪ દંડક | ૨૩ દંડકમાં | નથી | × |
| આહારક | ૨૩ દંડક | મનુષ્યમાં | ૦/૧–૨–૩–૪ | × |
| આહારક | મનુષ્ય | મનુષ્યમાં | ૦/૧–૨–૩–૪ | × |
| કેવલી | ૨૩ દંડક | મનુષ્યમાં | ૦/૧ | × |
| કેવલી | મનુષ્ય | મનુષ્યમાં | ૦/૧ | × |
| કેવલી | ૨૪ દંડક | ૨૩ દંડકમાં | × | × |





**વિશેષ–**વૈક્રિય સમુદ્ઘાત–કષાય સમુદ્ઘાતની જેમ છે. ચાર સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિયમાં નથી. તેથી ૨૪ દંડકવાળા જીવને ૧૭ દંડકમાં વૈક્રિય સમુદ્ઘાત હોવાનું કથન કરવું. તૈજસ સમુદ્ઘાત, મારણાંતિક સમુદ્ઘાતની સમાન છે પરંતુ ૨૪ દંડકવાળા જીવોને ૧૫ દંડક(૧૩ દેવના+૧ મનુષ્ય+૧ તિર્યંચ)માં તૈજસ સમુદ્ઘાત હોવાનું કથન કરવું. **ભૂતકાળની અપેક્ષાએ–** પાંચ સમુદ્ઘાત જ્યાં હોય ત્યાં અનંત છે. (૧) આહારક સમુદ્ઘાત ૨૩ દંડકવાળાના મનુષ્યપણામાં ૦/૧–૨–૩ છે. મનુષ્યના મનુષ્યપણામાં ૦/૧–૨–૩–૪ છે. ૨૩ દંડકપણામાં તો હોતી જ નથી. (૨) કેવલી ૦/૧ ભૂતકાળમાં ૨૩ દંડકવાળાને ૨૪ દંડકમાં નથી. મનુષ્યને મનુષ્યપણામાં ૦/૧ છે. (૩) ૦/૧–૨–૩ આ સંકેત અંકોનો

અર્થ આ છે– જેમ કે ૦=ક્યારેક ન હોય અને હોય તો ૧–૨–૩ના ક્રમમાં હોય.

**પ્રશ્ન–૫ : સમુદ્ઘાત સંબંધી વિશેષ જાણકારી શું શું છે ?**

**ઉત્તર– (૧)** આહારક સમુદ્ઘાત ત્રણવાર કરેલા હોય તેવા જીવો ત્રણ ગતિમાં મળી શકે છે. મનુષ્યમાં ચાર વાર કરેલ હોય તે પણ મળી શકે છે. અર્થાત્ ચોથીવાર આહારક સમુદ્ઘાત કરવાવાળા તે જ ભવમાં મોક્ષે જાય છે. **(૨)** દશ ઔદારિક દંડકમાં કોઈ પણ સમુદ્ઘાત હોવાનું નિયમા નથી અને હોય તો ૧–૨–૩ આદિ હોય. **(૩)** નારકીમાં પ્રત્યેક જીવને વેદનીય સમુદ્ઘાત નિયમિત હોય છે. બાકીના કોઈ પણ દંડકમાં આવો નિયમ નથી. **(૪)** કષાય સમુદ્ઘાત અને વૈક્રિય સમુદ્ઘાત નારકી અને દેવતા બંનેમાં નિયમિત હોય છે. **(૫)** નિયમિત થનારી સમુદ્ઘાતો ૧૦,૦૦૦ આદિ સંખ્યાત વર્ષની ઉંમરવાળાને જઘન્ય સંખ્યાતા વાર હોય છે અને અસંખ્ય વર્ષની ઉંમરવાળાને જઘન્ય અસંખ્યવાર હોય છે. તેથી જ્યોતિષી, વૈમાનિકમાં કષાય સમુદ્ઘાત અસંખ્યવાર કહી છે અને ભવનપતિ આદિમાં જઘન્ય સંખ્યાત કહી છે.

**પ્રશ્ન–૬ : પ્રત્યેક દંડકના બધા જીવોની અન્ય દંડકમાં સમુદ્ઘાત કેવી રીતે છે ?**

**ઉત્તર–** બધા જીવોની પૃચ્છા હોવાથી પ્રત્યેક દંડકમાં પાંચ સમુદ્ઘાતો ભૂત–ભવિષ્યમાં અનંત જ કહેવામાં આવશે. કેમ કે ભવી–અભવી બધાનો સમાવેશ થાય છે જે અનંતકાળ સુધી કરતા જ રહેશે. આહારક અને કેવલી સમુદ્ઘાત માત્ર મનુષ્યમાં જ કરવામાં આવે છે, તે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**દંડકના બધા જીવોની ૨૪ દંડકમાં સમુદ્ઘાતો :–**

| સમુદ્ઘાત | જીવ | દંડકમાં | ભૂતકાળમાં | ભવિષ્યકાળમાં |
|---|---|---|---|---|
| પાંચ સમુદ્ઘાત | ૨૪ દંડક | ૨૪ દંડક | અનંતા | અનંતા |
| આહારક | ૨૪ દંડક | ૨૩ દંડક | × | × |
| આહારક | ૨૨ દંડક | મનુષ્યમાં | અસંખ્યાતા | અસંખ્યાતા |
| આહારક | વનસ્પતિ | મનુષ્યમાં | અનંતા | અનંતા |
| આહારક | મનુષ્ય | મનુષ્યમાં | જ. સંખ્યાતા ઉ. અસંખ્યાતા | જ. સંખ્યાતા ઉ. અસંખ્યાતા |
| કેવલી | ૨૪ દંડક | ૨૩ દંડકમાં | × | × |
| કેવલી | ૨૨ દંડક | મનુષ્યમાં | × | અસંખ્યાતા |
| કેવલી | વનસ્પતિ | મનુષ્યમાં | × | અનંતા |
| કેવલી | મનુષ્ય | મનુષ્યમાં | જ. ૦/૧–૨–૩ ઉ. અનેક સો | જ. સંખ્યાતા ઉ. અસંખ્યાતા |





**પ્રશ્ન–૭ : ૨૪ દંડકમાં મળતી સમુદ્ઘાતોનું અલ્પબહુત્વ કયા પ્રકારે છે ?**

**ઉત્તર– નારકીમાં–**(૧) સૌથી ઓછા મરણ સમુદ્ઘાત (૨) વૈક્રિય સમુદ્ઘાત અસંખ્યાતગણા (૩) કષાય સમુદ્ઘાત સંખ્યાતગણા (૪) વેદના સમુદ્ઘાત સંખ્યાત ગણા (૫) અસમવહત સંખ્યાતગણા. **દેવોના ૧૩ દંડકમાં–** (૧) સૌથી ઓછા તૈજસ સમુદ્ઘાત (૨) મરણ સમુદ્ઘાત અસંખ્યગણા (૩) વેદના અસંખ્યગણા (૪) કષાય સંખ્યાતગણા (૫) વૈક્રિય સંખ્યાતગણા (૬) અસમવહત સંખ્યાત ગણા.**ચાર સ્થાવરમાં–** (૧)મરણ સમુદ્ઘાત સૌથી ઓછા (૨) કષાય સમુદ્ઘાત સંખ્યાતગણા (૩) વેદના સમુદ્ઘાત વિશેષાધિક (૪) અસમવહત અસંખ્યગણા. **વાયુકાયમાં–** (૧)વૈક્રિય સમુદ્ઘાત સૌથી ઓછા (૨) મરણ સમુદ્ઘાત અસંખ્યગણા (૩) કષાય સમુદ્ઘાત સંખ્યાતગણા (૪) વેદના સમુદ્ઘાત વિશેષાધિક (૫) અસમવહત અસંખ્ય ગણા. **વિકલેન્દ્રિયમાં–** (૧) સૌથી ઓછા મરણ સમુદ્ઘાત (૨) વેદના સમુદ્ઘાત અસંખ્યાતગણા (૩) કષાય સમુદ્ઘાત અસંખ્યગણા (૪) અસમવહત અસંખ્યાતગણા.

**તિર્યંચ પંચેન્દ્રિયમાં–**(૧) સૌથી ઓછા તૈજસ સમુદ્ઘાત (૨) વૈક્રિય સમુદ્ઘાત અસંખ્યગણા (૩) મરણ સમુદ્ઘાત અસંખ્યગણા (૪) વેદના સમુદ્ઘાત અસંખ્યગણા (૫) કષાય સમુદ્ઘાત સંખ્યાતગણા (૬)અસમવહત સંખ્યાતગણા. **મનુષ્યમાં–** (૧) સૌથી ઓછા આહારક સમુદ્ઘાત (૨) કેવલી સમુદ્ઘાત સંખ્યાતગણા (૩) તૈજસ સમુદ્ઘાત સંખ્યાતગણા (૪) વૈક્રિય સમુદ્ઘાત સંખ્યાતગણા (૫) મરણ સમુદ્ઘાત અસંખ્યગણા (૬) વેદના સમુદ્ઘાત અસંખ્યાતગણા (૭) કષાય સમુદ્ઘાત સંખ્યાતગણા (૮) અસમવહત અસંખ્યગણા. **સમુચ્ચય જીવમાં–** (૧) સૌથી ઓછા આહારક સમુદ્ઘાત (૨) કેવળી સમુદ્ઘાત સંખ્યાતગણા (૩) તૈજસ સમુદ્ઘાત અસંખ્ય ગણા (૪) વૈક્રિય સમુદ્ઘાત અસંખ્યગણા (૫) મરણ સમુદ્ઘાત અનંતગણા (૬) કષાય સમુદ્ઘાત અસંખ્યગણા (૭) વેદના સમુદ્ઘાત વિશેષાધિક (૮) અસમવહત અસંખ્યગણા.

**સાત સમુદ્ઘાતોનું અલ્પબહુત્વ :–**

| | વેદનીય | કષાય | મારણાંતિક | વૈક્રિય | તૈજસ | આહારક | કેવલી | અસમુ. |
|---|---|---|---|---|---|---|---|---|
| જીવ | ૭ વિશે. | ૬ અસં. | ૫ અનંત | ૪ અસં. | ૩ અસં. | ૧ અલ્પ | ૨ સં. | ૮ અસં. |
| પૃથ્વી આદિ | ૩ વિશે. | ૨ સં. | ૧ અલ્પ | × | × | × | × | ૪ અસં. |
| વાયુ | ૪ વિશે. | ૩ સં. | ૨ અસં. | ૧ અલ્પ | × | × | × | ૫ અસં. |
| વનસ્પતિ | ૩ વિશે. | ૨ સં. | ૧ અલ્પ | × | × | × | × | ૪ અસં. |
| વિકલેન્દ્રિય | ૨ અસં. | ૩ અસં. | ૧ અલ્પ | × | × | × | × | ૪ સં. |

| | વેદનીય | કષાય | મારણાંતિક | વૈક્રિય | તૈજસ | આહારક | કેવલી | અસમુ. |
|---|---|---|---|---|---|---|---|---|
| તિર્યંચ પં. | ૪ અસં. | ૫ સં. | ૩ અસં. | ૨ અસં. | ૧ અલ્પ | × | × | ૬ સં. |
| મનુષ્ય | ૬ અસં. | ૭ સં. | ૫ અસં. | ૪ સં. | ૩ સં. | ૧ અલ્પ | ૨ સં. | ૮ અસં. |
| દેવતા | ૩ અસં. | ૪ સં. | ૨ અસં. | ૫ સં. | ૧ અલ્પ | × | × | ૬ અસં. |
| નારકી | ૪ સં. | ૩ સં. | ૧ અલ્પ | ૨ અસં. | × | × | × | ૫ સં. |

**સંકેત :–** અનંત૦=અનંતગણા, વિશે૦=વિશેષાધિક, અસમુ૦=અસમવહત(અસમોહિયા), સમુ૦= સમુદ્ઘાત, પૃથ્વી આદિ=પૃથ્વી પાણી અગ્નિ, પં૦ =પંચેન્દ્રિય.

**પ્રશ્ન–૮ : કષાય સમુદ્ઘાતોના સંબંધમાં અહીં શું નિરૂપણ કરવામાં આવ્યું છે ?**

**ઉત્તર–** કષાય ચાર છે, તેની સમુદ્ઘાત પણ ચાર છે અર્થાત્ ક્રોધ, માન, માયા, લોભની, ચારેયની અલગ અલગ સમુદ્ઘાત હોય છે. ૨૪ દંડકમાં ચારે ય સમુદ્ઘાત હોય છે.

**(૧)** ૨૪ દંડકના પ્રત્યેક જીવે ચારે ય સમુદ્ઘાત ભૂતકાલમાં અનંત કરેલ છે અને ભવિષ્યકાલમાં જઘન્ય ૦/૧–૨–૩, ઉત્કૃષ્ટ અનંત કરશે. **(૨)** પ્રત્યેક દંડકના બધા જીવ ચારે ય સમુદ્ઘાત ભૂતકાળમાં અનંત કરી છે અને ભવિષ્યકાળમાં અનંત કરશે. **(૩)** પ્રત્યેક દંડકના એક એક જીવના પ્રત્યેક દંડકમાં ક્રોધ સમુદ્ઘાતનું સંપૂર્ણ કથન, વેદના સમુદ્ઘાત સમાન છે. માન–માયા સમુદ્ઘાતનું સંપૂર્ણ કથન, મરણ સમુદ્ઘાત સમાન છે. લોભ સમુદ્ઘાતનું વર્ણન કષાય સમુદ્ઘાત સમાન ૨૩ દંડકમાં છે પરંતુ નરકમાં આગામીકાળમાં જઘન્ય ૦/૧–૨–૩ ઉત્કૃષ્ટ અનંત.

| સમુદ્ઘાત | જીવ | દંડકમાં | ભવિષ્યકાલ | |
|---|---|---|---|---|
| | | | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ક્રોધ | નૈરયિક | ૨૪ દંડકમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| ક્રોધ | ૨૩ દંડક | નરકમાં | ૦/સંખ્યાતા | અનંતા |
| ક્રોધ | ૨૩ દંડક | ૨૩ દંડકમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| માન,માયા | ૨૪ દંડક | ૨૪ દંડકમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| લોભ | નૈરયિક | નરકમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| લોભ | નૈરયિક | ૧૧ દંડક દેવમાં | ૦/સંખ્યાતા | અનંતા |
| લોભ | નૈરયિક | જ્યોતિષી વૈમાનિકમાં | ૦/અસંખ્યાતા | અનંતા |
| લોભ | નૈરયિક | ઔદારિક દંડકમાં | ૦/૧–૨–૩ | અનંતા |





| સમુદ્ઘાત | જીવ | દંડકમાં | ભવિષ્યકાલ | |
|---|---|---|---|---|
| | | | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| લોભ | ૧૩દંડકના દેવ | નરકમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| લોભ | ૧૩ દંડકના દેવ | ૧૩ દંડક સ્વસ્થાનમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| લોભ | ૧૩ દંડકના દેવ | ૧૧ દંડક પરસ્થાનમાં | ૦/સંખ્યાતા | અનંતા |
| લોભ | ૧૩દંડકના દેવ | જ્યો. વૈમા.પરસ્થાનમાં | ૦/અસંખ્યાતા | અનંતા |
| લોભ | શેષ દશ દંડક | નરક દેવમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| લોભ | શેષ દશ દંડક | શેષ ૧૦ દંડકમાં | ૦/૧–૨–૩ | અનંતા |

(૪) પ્રત્યેક દંડકના બધા જીવોએ, પ્રત્યેક દંડકમાં ચારે ય સમુદ્ઘાત અનંત કરેલ છે અને અનંત કરશે.

**કષાય સમુદ્ઘાતોનું અલ્પબહુત્વ :–**

(૧) **નારકી–** સૌથી ઓછી લોભ તેનાથી માન, માયા, લોભ ક્રમશઃ સંખ્યાતગણા. તેનાથી અસમવહત સંખ્યાતગણા.

(૨) **દેવતા–**સૌથી ઓછા ક્રોધ સમુદ્ઘાત તેનાથી માન, માયા, લોભ, અસમવહત ક્રમશઃ સંખ્યાતગણા.

(૩) **તિર્યંચ–** સૌથી ઓછા માન સમુદ્ઘાત પછી ક્રોધ, માયા અને લોભ ક્રમશઃ વિશેષાધિક. અસમવહત સંખ્યાતગણા.

(૪) **મનુષ્ય–**(૧) સૌથી ઓછા અકષાય સમુદ્ઘાત(કેવળી સમુદ્ઘાત) (૨) તેનાથી માન સમુદ્ઘાત અસંખ્યાતગણા (૩થી ૫) ક્રોધ, માન, લોભ ક્રમશઃ વિશેષાધિક (૬) અસમવહત સંખ્યાતગણા.

(૫) **સમુચ્ચય જીવ–**મનુષ્યની સમાન પરંતુ માન સમુદ્ઘાત અનંતગણા છે.

| – | ક્રોધ સમુ. | માન સમુ. | માયા સમુ. | લોભ સમુ. | અકષાયી | અસમુ. |
|---|---|---|---|---|---|---|
| જીવ | ૩ વિશે. | ૨ અનંત | ૪ વિશે. | ૫ વિશે. | ૧ અલ્પ | ૬ સં. |
| મનુષ્ય | ૩ વિશે. | ૨ અસંખ્ય | ૪ વિશે. | ૫ વિશે. | ૧ અલ્પ | ૬ સં. |
| નારકી | ૪ સં. | ૨ સં. | ૩ સં. | ૧ અલ્પ | – | ૫ સં. |
| દેવતા | ૧ અલ્પ | ૨ સં. | ૩ સં. | ૪ સં. | – | ૫ સં. |
| તિર્યંચ | ૨ વિશે. | ૧ અલ્પ | ૩ વિશે. | ૪ વિશે. | – | ૫ સં. |

**પ્રશ્ન–૯ : છદ્મસ્થિક સમુદ્ઘાતોનું અલ્પબહુત્વ કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** કેવળી સમુદ્ઘાત સિવાય છએ સમુદ્ઘાત છદ્મસ્થોને હોય છે. કેવળીને

નથી હોતા. તેથી છદ્મસ્થિક સમુદ્ઘાત છ છે. ૨૪ દંડકમાં છદ્મસ્થિક સમુદ્ઘાતો આગળ કહ્યા મુજબ સાત સમુદ્ઘાતોની સમાન સમજવું. મનુષ્યમાં સાતના સ્થાને છ સમજવું.

**પ્રશ્ન–૧૦ : સમુદ્ઘાતોના અલ્પબહુત્વ સંબંધી તુલના તેમજ વિશિષ્ટ વિચારણા શું છે ?**

**ઉત્તર–** (૧) નારકી તેમજ એકેન્દ્રિયમાં વેદના સમુદ્ઘાતવાળા જીવ વધારે છે. કષાય સમુદ્ઘાતવાળા ઓછા છે. બાકી બધામાં વેદનાવાળા ઓછા છે. કષાયવાળા વધુ છે અર્થાત્ વિકલેન્દ્રિય આદિમાં જીવ, દુઃખની અપેક્ષા કષાયોમાં વધારે રહે છે. ચાર કષાયોમાં પણ ત્રણે ગતિમાં લોભ સમુદ્ઘાત વધુ કહેવામાં આવેલ છે, માત્ર નારકીમાં ક્રોધ સમુદ્ઘાત વધુ હોય છે.

**મૌખિક પરંપરામાં** આ પ્રમાણે કહેવામાં આવે છે– (૧) નારકીમાં ક્રોધ વધુ (૨) મનુષ્યમાં માન વધુ (૩) તિર્યંચમાં માયા વધુ (૪) દેવમાં લોભ વધુ. આ કથન આ અલ્પબહુત્વથી સંગત થઈ શકતું નથી પણ સંજ્ઞાપદથી તેની સંગતતા થઈ જાય છે.

**(૨) સમુચ્ચય જીવમાં**–મરણ સમુદ્ઘાતથી કષાય સમુદ્ઘાતવાળા અસંખ્યગણા કહેલ છે જ્યારે પૃથ્વી આદિ વનસ્પતિ સુધી સંખ્યાતગણા છે. આ અસંગત છે. કેમ કે વનસ્પતિમાં પણ સંખ્યાતગણા છે તો સમુચ્ચય જીવમાં અસંખ્યાતગણા હોવા અસંભવ છે. તેથી અહીં લિપિદોષ અવશ્ય છે પરંતુ એ નક્કી થઈ શકતું નથી કે સમુચ્ચય જીવનો પાઠ ખોટો છે કે પાંચ સ્થાવર કે વનસ્પતિનો.

સંભાવના એ લાગે છે કે સમુચ્ચય જીવમાં ક્યારેક સંખ્યાતાનું અસંખ્યાતા બની ગયું હોય. ટીકાકારે આ વિષયમાં કોઈ ચિંતન પ્રગટ કરેલ નથી. જેવો પાઠ મળ્યો તેવું સ્પષ્ટીકરણ કરી દીધું છે. પરંતુ અહીં તો સ્પષ્ટીકરણ પણ કરેલ નથી, સુગમ બતાવીને સ્વયં વિચાર કરવો, એવું કહી દીધું છે. જ્યારે ખરેખર તો અહીં વિશેષ સ્પષ્ટીકરણની જરૂરીયાત હતી.

**(૩)** સાત સમુદ્ઘાતોના અલ્પબહુત્વમાં સમુચ્ચય જીવ, પાંચ સ્થાવર તેમજ મનુષ્ય, દેવમાં અસમવહત અસંખ્યાતગણા કહેલ છે. જ્યારે ચાર કષાયોના અલ્પબહુત્વમાં સર્વત્ર અસમવહતને સંખ્યાતગણા જ કહ્યા છે. આ પણ પરસ્પર અસંગત લાગે છે. જો કષાય સમુદ્ઘાતોના અલ્પબહુત્વમાં સર્વત્ર અસંખ્યાતગણા કહી દેવામાં આવે તોપણ નારકી, વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિયમાં વિરોધ આવે છે. ટીકાકારે અહીં પણ કોઈ ચિંતન પ્રસ્તુત કરેલ નથી.

ત્રીજા પદમાં સમવહતથી અસમવહત સંખ્યાતગણા કહેલ છે.





અસંખ્યાતગણા નથી કહ્યા. તેથી અસમવહત સર્વત્ર સંખ્યાતગણા જ માની શકાય તેમ છે. જ્યારે વિકલેન્દ્રિયમાં અસમવહત સંખ્યાતગણા હોય શકે છે તો મનુષ્ય અને દેવમાં સંખ્યાતગણા કહેવામાં આવે તો કોઈ વાંધો આવતો નથી. આ રીતે સર્વત્ર સંખ્યાતગણા અસમવહત માની લેવાથી **અ** લિપિદોષ માનવું પડે. ત્યારે કષાય સમુદ્ઘાતોની તથા સાતેય સમુદ્ઘાતોની ત્રીજા પદના (૨૫૬ ઢિગલોની) અલ્પબહુત્વમાં પરસ્પર વિરોધ આવશે નહીં.

**(૪)** મનુષ્યમાં અસમવહત અસંખ્યાતગણા કહી દેવામાં આવેલ છે. જ્યારે ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિયમાં સંખ્યાતગણા જ કહેલ છે. આનું કારણ પણ ટીકાકારે સ્પષ્ટ કરેલ નથી.

**(૫)** વેદનીય અને કષાય સમુદ્ઘાતવાળા અસરપરસ પણ ક્યાંય અસંખ્યાત ગણા કહ્યા નથી, માત્ર વિકલેન્દ્રિયમાં જ અસંખ્યાતગણા કહ્યા છે. તેનું તાત્પર્ય પણ જાણી શકાતું નથી. વિકલેન્દ્રિયના સિવાય સર્વત્ર સંખ્યાતગણા કે વિશેષાધિક જ કહ્યા છે. તેથી અહીં પણ **'અ'** લિપિદોષ હોવાનો સંભવ છે.

**(૬)** વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને નારકી બધામાં સમવહતોથી અસમવહત સંખ્યાતગણા હોય છે અને બાકી બધા દંડકોમાં અસમવહત અસંખ્યાતગણા અધિક હોય છે. આમાં નારકી, દેવતા આદિનું તાત્પર્ય સ્પષ્ટ છે પરંતુ વિકલેન્દ્રિયનું કારણ જાણવામાં આવતું નથી અને જ્યારે કષાયોનું અલ્પબહુત્વ ઉપર લક્ષ્ય–ધ્યાન આપવામાં આવે તો દ્વિધા જ પ્રતીત થાય છે અથવા તો આ પાઠોમાં 'અ' સંબંધી લિપિદોષ થયો છે, તત્ત્વ કેવલી ગમ્ય.

**(૭)** જીવ, મનુષ્ય અને તિર્યંચમાં માન સમુદ્ઘાત ઓછો હોવાથી, ક્રોધ, માયા, લોભ સમુદ્ઘાતો ક્રમશઃ વિશેષાધિક છે. જ્યારે નારકી દેવતામાં કષાય સમુદ્ઘાતો ક્રમશઃ સંખ્યાતગણા છે. નારકીમાં લોભ, માન, માયા, ક્રોધ આ ક્રમ છે અને દેવતામાં ક્રોધ, માન, માયા અને લોભ અનુક્રમે સંખ્યાતગણા છે.

**(૮)** અકષાય સમુદ્ઘાત શબ્દથી, કેવલી સમુદ્ઘાત અપેક્ષિત છે અને અસમવહત શબ્દથી સાતે ય સમુદ્ઘાતો રહિત જીવની અપેક્ષા છે.

**(૯)** વાયુકાયમાં વૈક્રિય સમુદ્ઘાતવાળા બાદર પર્યાપ્તાના સંખ્યાતમા ભાગમાં હોય છે છતાં પણ નારકી, દેવતાથી તેની સંખ્યા વધુ હોય છે. કેમ કે ૯૮ બોલના અલ્પબહુત્વમાં બાદર વાયુકાય પર્યાપ્તાનો ૫૭ મો બોલ છે જ્યારે દેવોનો છેવટનો બોલ ૪૧ મો છે. બારમા પદમાં બદ્ધેલકના અનુસાર વાયુકાયના વૈક્રિયબદ્ધ શરીર ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમો ભાગ છે. જ્યારે દેવ અસંખ્ય શ્રેણીઓના પ્રદેશ

સમાન છે. બાદર વાયુકાયના સંખ્યાતમા ભાગ વાળાને વૈક્રિય કરવું કહેવામાં આવે છે પરંતુ તે સંગત લાગતું નથી. અસંખ્યાતમો ભાગ કહેવું યોગ્ય છે. આમ કહેવાથી પણ ક્ષેત્ર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ હોવામાં વાંધો આવતો નથી.

મૂળપાઠમાં પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કહેલ છે. ટીકામાં પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જ સામાન્ય રૂપે કહી દીધેલ છે. ક્ષેત્ર પલ્યોપમ હોવાનું સ્પષ્ટીકરણ ટીકાકારે પણ નથી કર્યું. આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી પ્રકાશિત વિવેચનના ૧૨મા પદમાં પણ ક્ષેત્ર પલ્યોપમ હોવાની ચર્ચા કરેલ નથી. તોપણ વાસ્તવિકતા એ છે કે ક્ષેત્રપલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કહેવો જોઈએ.

**નોંધ–** આ બધી તુલના, વિચારણાનો સાર એ છે કે સમુચ્ચયમાં કષાય સમુદ્ઘાત સંખ્યાતગણા કહેવા જોઈએ. જીવ, એકેન્દ્રિય, મનુષ્ય અને દેવમાં અસમવહત સંખ્યાત ગણા કહેવા જોઈએ તેમજ 'અ' ને લિપિદોષથી આવેલ છે તેમ સમજવું જોઈએ. આવું માનવાથી અનેક શંકાઓ જડમૂળમાંથી આપોઆપ સમાપ્ત થઈ જાય છે.

**પ્રશ્ન–૧૧ : સમુદ્ઘાતો સંબંધી સમય, ક્ષેત્ર સીમા તેમજ ક્રિયા લાગવાનું વિશ્લેષણ કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** સમુદ્ઘાત એ આત્મપ્રદેશોની શરીરની બહાર નીકળવાની ક્રિયા છે એ આત્મપ્રદેશ જેટલા ક્ષેત્રને અવગાહન કરે છે અને તેમાં જેટલો સમય લાગે છે તે આ પ્રકારે છે– **(૧)** વેદનીય અને કષાય સમુદ્ઘાતમાં–શરીરની લંબાઈ-પહોળાઈ જેટલું ક્ષેત્ર છે, તેના અંગઉપાંગના મધ્ય આત્મપ્રદેશોથી જે રિક્ત સ્થાન છે તેને આપૂરિત (વ્યાપ્ત)કરવાથી જે શરીર પ્રમાણ ક્ષેત્ર, ઘન સ્વરૂપમાં, આત્મપ્રદેશોથી વ્યાપ્ત થાય છે તે. **(૨)** આ ક્ષેત્રને આત્મપ્રદેશોથી વ્યાપ્ત કરવામાં એક સમય કે બે સમય, ઉત્કૃષ્ટ ત્રણ સમય લાગે છે. આત્મપ્રદેશોથી વ્યાપ્ત થવાની પ્રક્રિયા સર્વત્ર એક સરખી હોય છે. કેવલી સમુદ્ઘાતના પહેલા, બીજા કે ત્રીજા સમયની પ્રક્રિયા જેવી છે. જેટલું ક્ષેત્ર વ્યાપ્ત કરવાનું હોય તે અનુસાર ક્ષેત્રની લંબાઈ-પહોળાઈમાં અંતર પડે છે. વ્યાપ્ત કરવાનું ક્ષેત્ર એક દિશાગત હોય તો એક સમય લાગે છે. ચાર દિશાગત કે વળાંક હોય તો બે સમય લાગે છે તથા વિદિશાગત હોય કે વિદિશાના વળાંક હોય તો ત્રણ સમય લાગે છે. તેમજ લોકાંત ખુણા હોય કે અન્ય એવું ગમન ક્ષેત્ર હોય તો કદાચ ચાર સમય પણ આત્મપ્રદેશોને જવામાં લાગી જાય છે. **(૩)** આ વિધાન અનુસાર મારણાંતિક સમુદ્ઘાત અને કેવળી સમુદ્ઘાતને છોડીને બાકીના પાંચ સમુદ્ઘાતોમાં ઉત્કૃષ્ટ ત્રણ સમયમાં આત્મપ્રદેશો શરીરની બહાર કાઢીને પોતાના લક્ષિત ક્ષેત્રમાં વ્યાપ્ત હોવાની ક્રિયા પૂર્ણ થઈ જાય છે.





મરણ સમુદ્ઘાતમાં ઉત્કૃષ્ટ કદાચ ચાર સમય પૂર્ણ વ્યાપ્ત થવામાં લાગે છે. કેવળી સમુદ્ઘાતમાં અજઘન્ય, અનુત્કૃષ્ટ ચાર સમય જ આત્મપ્રદેશોને વ્યાપ્ત થવામાં લાગે છે. **(૪)** આ સાત સમુદ્ઘાતોનું પુદ્ગલ ગ્રહણ કરવું, નિસ્સરણ તેમજ કર્મ નિર્જરાનો કુલ કાળ જઘન્ય ઉત્કૃષ્ટ અસંખ્ય સમયોનું અંતર્મુહૂર્ત છે પરંતુ કેવળી સમુદ્ઘાતનો કુલ કાલ આઠ સમયના અંતર્મુહૂર્તનો જ હોય છે. તેમજ આહારક સમુદ્ઘાતનો કુલ કાલ જઘન્ય એક સમયનો છે તેમજ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તનું છે.

**(૫)** તાત્પર્ય એ છે કે આત્મપ્રદેશોને બહાર વ્યાપ્ત હોવાનો કાળ જઘન્ય એક સમય, બે સમય અને ઉત્કૃષ્ટ ત્રણ કે ચાર સમય છે અને એ વ્યાપ્ત ક્ષેત્રમાં ગ્રહણ-નિસ્સરણ આદિ સંપૂર્ણ ક્રિયા પૂરી કરવાનો સમય અંતર્મુહૂર્ત છે તેમજ કેવળી સમુદ્ઘાતનો સંપૂર્ણ કાળ આઠ સમયનો છે. **(૬)** મરણ સમુદ્ઘાતગત આત્મપ્રદેશોની અવગાહના જઘન્ય, આંગળનો અસંખ્યાતમો ભાગ હોય છે અને ઉત્કૃષ્ટ એક દિશામાં અસંખ્ય યોજનની હોય છે. આ સીમા નવા ઉત્પતિ ક્ષેત્ર કેટલું દૂર છે તેની અપેક્ષાએ છે. **(૭)** વૈક્રિય અને તૈજસ સમુદ્ઘાતમાં જઘન્ય આંગળનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ સંખ્યાતા યોજન એક દિશા કે વિદિશામાં. અહીં પુદ્ગલ ગ્રહણ કરવાના હેતુથી દંડાકાર આત્મપ્રદેશો ફેલાવવામાં આવે છે તેની લંબાઈની અપેક્ષા આ સીમા છે. **(૮)** આહારક સમુદ્ઘાતમાં–જઘન્ય આંગળનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ એક દિશામાં સંખ્યાત યોજન હોય છે. આ સીમા પણ દંડ કાઢવાની અપેક્ષા છે. **(૯)** કેવલી સમુદ્ઘાતમાં– આત્મ-પ્રદેશોની અવગાહના સંપૂર્ણ લોક પ્રમાણ હોય છે.

**(૧૦)** આ સમુદ્ઘાતમાં છોડવામાં આવેલા પુદ્ગલો લોકમાં ફેલાય છે અને જે જીવોની વિરાધના થાય છે, કિલામના પહોંચે છે તેની ક્રિયા સમુદ્ઘાત કરનારા જીવને લાગે છે. આ ક્રિયાઓ પાંચ છે–(૧) કાયિકી (૨) અધિકારણિકી (૩) પ્રાદ્વેષિકી (૪) પરિતાપનિકી (૫) પ્રાણાતિપાતિકી. તેનું વિશ્લેષણ ૨૨મા પદમાં ક્રિયામાં કરવામાં આવેલ છે. આ પાંચમાંથી કોઈ જીવને ત્રણ, કોઈ જીવને ચાર તો કોઈ જીવને પાંચ ક્રિયાઓ લાગે છે. તે જીવોને સમુદ્ઘાતગત જીવથી કે અન્ય જીવથી ૩–૪ કે ૫ ક્રિયા પોતાની પ્રવૃતિ અનુસાર લાગી શકે છે. **(૧૧)** નારકીની મરણ સમુદ્ઘાત જઘન્ય સાધિક હજાર યોજન હોય છે અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા યોજન હોય છે. જઘન્ય પાતાળકળશોમાં જન્મની અપેક્ષાએ હોય છે. **(૧૨)** એકેન્દ્રિયમાં મરણ સમુદ્ઘાતમાં ઉત્કૃષ્ટ ચાર સમય(બંને તરફ સ્થાવરની અપેક્ષાએ) આત્મપ્રદેશોને પરિલક્ષિત ક્ષેત્ર વ્યાપ્ત કરવામાં લાગે છે. બાકીના ૧૯ દંડકમાં

ઉત્કૃષ્ટ ત્રણ સમય જ લાગે છે. **(૧૩)** વૈક્રિય સમુદ્ઘાત વાયુકાયમાં જઘન્ય, આંગળનો અસંખ્યાતમો ભાગ છે. બાકી બધામાં જઘન્ય, આંગળનો સંખ્યાતમો ભાગ છે. નારકી અને વાયુકાયની આ એક દિશામાં હોય છે, બાકીની બધી દિશા વિદિશામાં પણ હોય છે. **(૧૪)** તૈજસ સમુદ્ઘાત બધામાં જઘન્ય, આંગળનો અસંખ્યાતમો ભાગ હોય છે. તિર્યંચમાં એક દિશામાં હોય છે. મનુષ્ય અને દેવમાં દિશા-વિદિશામાં પણ હોય છે. **(૧૫)** વૈક્રિય, તૈજસ, આહારક સમુદ્ઘાતમાં ૧–૨–૩ સમયમાં આત્મપ્રદેશોથી જેટલું ક્ષેત્ર વ્યાપ્ત કરીને પુદ્ગલ ગ્રહણ-નિસ્સરણ થાય છે એટલા ક્ષેત્ર પ્રમાણ અવગાહના અને એટલા સમયનો કાળ અહીં આ પ્રકરણમાં બતાવવામાં આવેલ છે. પરંતુ આ પ્રક્રિયા પછી જે રૂપ બનાવવામાં આવે છે કે જે ક્રિયા કરવામાં આવે છે; તે રૂપોની કે તે ક્રિયાની અવગાહના કે સ્થિતિ આદિ બતાવવામાં આવેલ નથી. આનાથી એ સ્પષ્ટ થાય છે કે આત્મ-પ્રદેશોનું અવગાહિત ક્ષેત્રમાંથી બહાર નીકળવાની પ્રક્રિયાને મુખ્ય રૂપથી સમુદ્ઘાત માનવામાં આવેલ છે.

**પ્રશ્ન–૧૨ : સાતે ય સમુદ્ઘાતોનું પ્રતિફલ શું છે ?**

**ઉત્તર– વેદનીય સમુદ્ઘાતમાં–** રોગ આદિ કષ્ટોથી પીડિત અવસ્થામાં આત્મ-પ્રદેશોનું દુઃખજન્ય સ્પંદન હોય છે. જેમાં વેદનીય કર્મનો તીવ્ર ઉદય અને નિર્જરા થાય છે. તેમજ પરિણામ અનુસાર બંધ થાય છે.

**કષાય સમુદ્ઘાતમાં–** ચારે ય કષાયોની તીવ્રતા, પ્રચંડતા, આસક્તિથી પ્રભાવિત આત્મપ્રદેશોમાં સ્પંદન પેદા થાય છે. તેમાં કષાય મોહનીય કર્મનો ઉદય તેમજ નિર્જરા થાય છે. તથા તે નિમિત્તક વિવિધ કર્મનો બંધ પણ થાય છે.

**મરણ સમુદ્ઘાતમાં–**આગામી ઉત્પત્તિ સ્થાનમાં આત્મપ્રદેશોનું ગમન અને આગમન શરૂ થઈ જાય છે. તેમાં આયુકર્મનો વિશેષ ઉદય તેમજ નિર્જરણ પણ થાય છે.

**વૈક્રિય, તૈજસ, આહારક સમુદ્ઘાતમાં–** આ ત્રણે ય સમુદ્ઘાતોમાં જે લબ્ધિ વિશેષ પ્રાપ્ત કરેલ છે તે દ્વારા પોત-પોતાના પ્રયોજનો–હેતુથી જીવ સ્વયં કરે છે અને પોતાના પ્રયોજન કે કુતુહલ–જિજ્ઞાસાની પૂર્તિ કરે છે. આમાં નામકર્મનો ઉદય–નિર્જરણ હોય છે. આ છએ સમુદ્ઘાતોમાં તે નિમિત્તક અલ્પાધિક સાંપરાયિક કર્મનો બંધ પણ થાય છે.

**કેવલી સમુદ્ઘાત–**મોક્ષે જવાના કંઈક સમય પહેલા(મુહૂર્ત પ્રમાણ) આ સમુદ્ઘાત થાય છે. વિષમ માત્રામાં રહેલા વેદનીય નામ અને ગોત્ર કર્મોના અવશેષ આયુની





સાથે સમ કરવાના હેતુથી આ સમુદ્ઘાત કરવામાં આવે છે. સ્થૂલ–વ્યવહાર દષ્ટિથી સ્વતઃ થાય છે. તેમજ સૂક્ષ્મ સૈદ્ધાંતિક દૃષ્ટિથી જીવ, સમુદ્ઘાત કરે છે. તેમાં વેદનીય નામ અને ગોત્ર કર્મનો વિશિષ્ટ ઉદય તેમજ નિર્જરણ થાય છે. વીતરાગી હોવાથી માત્ર ઈરિયાવહિ ક્રિયાનો બંધ થાય છે.

ચારે ય અઘાતી કર્મોમાં જેની સ્થિતિ આદિની અપેક્ષા વિશેષ વિષમતા ન હોય તો તે કેવળી સમુદ્ઘાત કરતા નથી.

કેવળી સમુદ્ઘાતથી નિર્જરિત પુદ્ગલો, સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત થઈ જાય છે પરંતુ તે અત્યંત સૂક્ષ્મ હોવાથી છદ્મસ્થ જીવ તેના વર્ણ,ગંધ, રસ, સ્પર્શને જાણી દેખી શકતા નથી. કોઈ દેવ, તીવ્ર સુગંધનો ડબો ખોલીને હાથમાં લઈને, ત્રણ ચપટી વગાડીએ તેટલા સમયમાં જંબુદ્વીપને ૨૧ ચક્કર લગાવીને આવે, તેનાથી વ્યાપ્ત થયેલી સુગંધના પુદ્ગલો અત્યંત સૂક્ષ્મ રૂપમાં વિખરાય જાય છે કે જે છદ્મસ્થોને તે જાણવા દેખવામાં વિષયભૂત થતા નથી. આ પ્રકારે કેવલી સમુદ્ઘાતના સર્વ લોકમાં વ્યાપ્ત થયેલા પુદ્ગલોના વિષયમાં સમજવું જોઈએ.

**પ્રશ્ન–૧૩ : કેવલી સમુદ્ઘાત અને આયોજીકરણને સ્પષ્ટ રૂપથી કયા પ્રકારે સમજાય ?**

**ઉત્તર–** આયોજીકરણ અંતર્મુહૂર્તનું હોય છે. મોક્ષ નજીક હોવાની પ્રક્રિયા કે મોક્ષે જતા પહેલાની તૈયારીને આયોજીકરણ કહે છે. આ આયોજીકરણમાં મુખ્ય બે પ્રક્રિયા થાય છે. (૧) કેવલી સમુદ્ઘાત (૨) યોગ નિરોધ કરવાની ક્રમિક પ્રક્રિયા.

આમ તો તેરમું ગુણસ્થાનક જેને પ્રાપ્ત થઈ ગયું છે તે મોક્ષની નજીક જ છે. છતાં પણ અંતિમ તૈયારીની પ્રમુખતાને, આયોજીકરણ કહેલ છે. આ આયોજીકરણ કેવલી સમુદ્ઘાતથી શરૂ થઈને યોગ નિરોધની ક્રિયામાં પૂર્ણ થઈ જાય છે. યોગનિરોધની ક્રિયા પૂર્ણ થવા પર પૂર્ણ અયોગી જીવ ૧૪મા ગુણસ્થાનકે પહોંચે છે ત્યાં પણ અતિ અલ્પસમય–પાંચ હ્રસ્વ અક્ષરના ઉચ્ચારણ જેટલા સમય સુધી રહીને બાકીના કર્મ ક્ષય કરી તે આત્મા સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બની જાય છે.

કેવલી સમુદ્ઘાત અને યોગનિરોધની પ્રક્રિયાની વચ્ચે પણ અસંખ્ય સમયનો અંતર્મુહૂર્તકાળ રહે છે, જે કેટલીયે મિનીટોનો હોય છે. આ મધ્યકાળમાં કેવલી દ્વારા ગમનાગમન, શય્યા સંસ્તારક પરત કરવું, કોઈની સાથે અલ્પ વાતચીત કરવી કે દેવોને માનસિક જવાબ આપવા વગેરે પ્રસંગો પણ બની શકે છે.

કોઈ જીવને કેવલી સમુદ્ઘાત હોતો નથી. તેને પણ આ પ્રમાણે મોક્ષે

જતા પૂર્વે અંતર્મુહૂર્ત પ્રક્રિયા રૂપ આયોજીકરણ ચાલુ થઈ જાય છે. યોગનિરોધ પૂર્વે ક્રમિક તૈયારી થાય છે. પછી ક્રમશઃ યોગ નિરોધ થાય છે. કેવલી સમુદ્‌ઘાત અવસ્થામાં મન અને વચનનો યોગ થતો નથી. કાય યોગમાં ઔદારિક, ઔદારિક મિશ્ર કાર્મણ(તૈજસ-કાર્મણ) આ ત્રણે કાય યોગ હોય છે.

**પ્રશ્ન–૧૪ : યોગનિરોધની પ્રક્રિયા અને શૈલેષી અવસ્થા એ શું છે ? તેમજ ૧૪ મા ગુણસ્થાનકે મુક્તિ થવા સંબંધી કઈ પ્રક્રિયા થાય છે ?**

**ઉત્તર– યોગનિરોધની પ્રક્રિયા–** સર્વપ્રથમ મનયોગનો નિરોધ કરવામાં આવે છે. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના પ્રથમ સમયનો જે મનયોગ હોય છે તેનાથી પણ અસંખ્યગણા ઓછા મનોયોગનો પ્રતિ સમયે નિરોધ કરતાં થકાં અસંખ્ય સમયમાં પૂર્ણ રૂપથી મનોયોગનો નિરોધ કરી દેવામાં આવે છે. **તેનાથીપછી**વચનયોગનો નિરોધ કરવામાં આવે છે. બેઈન્દ્રિયના પર્યાપ્તાના જઘન્ય યોગવાળાના વચન યોગથી અસંખ્યગણા ઓછા વચનયોગના પ્રતિ સમયે નિરોધ કરવામાં આવે છે તેમજ અસંખ્ય સમયમાં પૂર્ણ રૂપે વચનયોગનો નિરોધ કરી દેવામાં આવે છે. **તેનાથી પછી** કાયયોગનો નિરોધ કરવામાં આવે છે. સૂક્ષ્મ અપર્યાપ્ત પનક (ફૂલન–અનંતકાય), પ્રથમ સમયમાં ઉત્પન્ન થાય અને જે કાયયોગ હોય તેનાથી અસંખ્યગણા ઓછા કાયયોગનો પ્રતિ સમયે નિરોધ કરવામાં આવે છે. કાયયોગનો પૂર્ણતયા અસંખ્ય સમયમાં નિરોધ થઈ જાય છે.

આ પ્રમાણે ત્રણે યોગોનો નિરોધ કરીને કેવલી શૈલેષી અવસ્થાને પ્રાપ્ત કરે છે. આ શૈલેષી અવસ્થાને પ્રાપ્ત આત્મપ્રદેશ ર/૩ શરીર અવગાહિત ક્ષેત્રમાં રહે છે. કાયયોગના નિરોધની સાથે જ ૧/૩ ભાગના આત્મપ્રદેશો સંકુચિત થઈ જાય છે કારણ કે અયોગી થતા પહેલા જ આત્મપ્રદેશોની સંકુચિત થવાની ક્રિયા ચાલુ થઈ જાય છે. શૈલેષી અવસ્થામાં કે અયોગી અવસ્થામાં આવી પ્રક્રિયા સંભવ નથી અને તેમાં જ તેનું અયોગીપણું અને શૈલેષીપણું સાર્થક છે. ફલિતાર્થ એ છે કે તેરમા ગુણસ્થાનકના અંત સુધીમાં (૧) આત્મપ્રદેશોના ૧/૩ ભાગનો સંકોચ. (ર) અયોગીત્વ (૩) શૈલેષી(નિષ્પ્રકંપ) અવસ્થા, આ ત્રણેયની પ્રાપ્તિ થઈ જાય છે. આ ત્રણે ય અવસ્થાની પ્રાપ્તિ થવાથી જ ૧૪મા ગુણસ્થાનકની શરૂઆત થાય છે એમ સમજવું જોઈએ. ચૌદમા ગુણસ્થાનકમાં અસંખ્યગણી શ્રેણી કરીને, અસંખ્ય કર્મોનો ક્ષય કરીને, ચાર અઘાતીકર્મોનો એક સાથે ક્ષય કરી, ઔદારિક, કાર્મણ, તૈજસ શરીર અને દરેક છોડવા યોગ્ય પદાર્થોનો કેવળી, ત્યાગ કરી દે છે અને ઋજુ શ્રેણીથી, અસ્પર્શ ગતિથી, સાકારોપયોગમાં, એક સમયમાં, અવિગ્રહ ગતિથી





સિદ્ધ થાય છે. તે ઉર્ધ્વલોકના અગ્રભાગે સ્થિર થાય છે. સિદ્ધ અવસ્થામાં જીવ હંમેશને માટે કર્મ રજ રહિત, શાશ્વત આત્મ સુખોમાં લીન રહે છે. તેમનો સંસારમાં પુનઃ જન્મ, મરણ રૂપ આગમન થતું નથી. કેમ કે કર્મ જ સંસારના બીજ રૂપે છે અને એ સંપૂર્ણ કર્મોને મૂળમાંથી જ ક્ષય કરીને જ સિદ્ધ થયા હોય છે. સિદ્ધોના સુખનું સ્વરૂપ આદિ ઔપપાતિક સૂત્રમાં વર્ણવેલ છે.

***આ આગમ પ્રશ્નોત્તરના આયોજનમાં છદ્મસ્થ ભાવે કે ભૂલથી ક્યાંય પણ વિપરીત, ઓછું, અદકું લખાઈ ગયું હોય તેમજ જ્ઞાન કે જ્ઞાનીની અશાતના થઈ ગઈ હોય તો ત્રિવિધ ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્...***

**॥ પદ–૩૬ સંપૂર્ણ ॥**

**॥ પ્રજ્ઞાપના સૂત્ર સંપૂર્ણ ॥**

**॥ જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર ભાગ–૭ સંપૂર્ણ ॥**

# પરિશિષ્ટ પ્રશ્નોત્તર

**પ્રશ્ન–૧ : શૈલેષીકરણના સમયે ૧/૩ આત્મપ્રદેશોનું સંકોચન શા માટે થાય છે ? કેવી રીતે થાય છે ? ઉપરથી ઓછા થાય કે નીચેથી ?**

**ઉત્તર–** આત્મપ્રદેશોને શરીર રહિત થઈને મોક્ષે જવાનું હોય છે અને શરીરની અવગાહનામાં તો કેટલીય જગ્યાએ પોલાણ અંદર બહાર હોય છે. મુક્તાત્માએ સઘન પ્રદેશ બનવાનું હોય છે. બીજી વાત એ પણ છે કે હાથ, પગ, અલગ હોવાથી તેને ઉપર નીચે ફેલાવાથી માનવની પૂર્ણ અવગાહના શાસ્ત્રમાં ગણવામાં આવી છે. શૈલેષીકરણમાં હાથ, પગ જેવું કંઈ અલગ રહેતું નથી અને આત્મપ્રદેશો સઘન થઈ જાય છે. આ અપેક્ષાથી જ આત્મપ્રદેશ ૧/૩ ભાગ ઓછા થઈ જાય છે. માટે ઉપરથી કે નીચેથી ઓછા થવાની વાત નથી.

**પ્રશ્ન–૨ : કાર્મણ શરીર તો આત્મા જ્યાં સુધી સિદ્ધ ન થાય ત્યાં સુધી સાથે જ રહે છે તો પછી કાર્મણ કાયપ્રયોગ 'હોય કે ન હોય' અથવા અશાશ્વત હોય, એમ શા માટે કહેલ છે ?**

**ઉત્તર–** જો કે કાર્મણ શરીર તો શાશ્વત છે. અહીં કાર્મણ શરીર નહીં પણ કાર્મણ શરીર યોગની વાત છે. કાર્મણ યોગ વાટે વહેતા અને કેવલી સમુદ્ઘાતના સમયે જ હોય છે, બાકી સમયે તેનો યોગ ઔદારિક, વૈક્રિય આદિમાં સમાવિષ્ટ રહે છે, સ્વતંત્ર હોતો નથી. કારણ કે કાર્મણ યોગ અનાહારક જ હોય છે, અનાહારક અવસ્થા વાટે વહેતામાં અને કેવલી સમુદ્ઘાતના ત્રણ સમયે જ હોય છે. જીવો વાટે વહેતામાં કે કેવલી સમુદ્ઘાતમાં ક્યારેક જ મળે છે, માટે કાર્મણનો યોગ અશાશ્વત કહેવામાં આવેલ છે.